# Gir No Sinh (Gujarati)

Kumar-Pathan

VISIT...

LANZAROTE Caliente.COM

# ગિરનો સિંહ

સંવેદનાભર્યાં જીવની અમીટ છાપ

ડૉ. સંદિપ કુમાર  મોઈન પઠાણ




આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

eBook

સંવેદનાભર્યા જીવની અમીટ છાપ

# ગિરનો સિંહ

ડૉ. સંદીપ કુમાર
મોઈન પઠાણ

# પુસ્તક વિશે

``મારો સમય હવે પૂરો થયો. મેં મારું જીવન ઘણા પડકારો અને પરિવર્તનો સાથે વિતાવ્યું છે. મેં નીડરતાપૂર્વક લડાઈઓ લડી છે. મારાં બચ્ચાંઓનું પાલનપોષણ કર્યું છે. મારા શાસિત વિસ્તારનું રક્ષણ કર્યું છે, મારા સમૂહનું રક્ષણ કર્યું છે અને `સિંહ'નું ગૌરવ જાળવી રાખ્યું છે. કાલે હું મારા સમૂહનું રક્ષણ કરવા નહીં હોઉં. મારાં બાળકોની જિંદગી હવે તમારા હાથમાં છે."

નાના નાના બાળસિંહોને, સમય જતાં પુખ્તસિંહોમાં પરિવર્તિત થતાં જેમણે એકદમ નજીકથી જોયા છે અને સિંહસૃષ્ટિના જેઓ પરિચિત બની ગયા છે એવા લેખકોની અનુભવ-સમૃદ્ધ કલમે લખાયેલું આ પુસ્તક ગિરનો સિંહ - એ સમગ્ર એશિયાઈ સિંહોની ગૌરવગાથા છે.

સિંહોની કુટુંબકથાનું આ એવું ચિત્ર છે, જેમાં તમને માનવજીવનમાં જીવાતી વેદના-સંવેદનાનું પ્રતિબિંબ જોવા મળશે. આ પુસ્તકમાં રજૂ થયેલા સિંહના સ્કેચિઝથી તમે ચોક્કસ અનુભવશો કે સિંહના સહવાસમાં તમે હરીફરી રહ્યા છો!

લેખકોના વરસોના ઝીણવટભર્યા અવલોકનો અને નક્કર અનુભવોનો બોલતો પુરાવો એટલે ગિરનો સિંહ - જે સમગ્ર એશિયાઈ સિંહની સંવેદનાત્મક કુટુંબકથા કહેતું, અને આજ સુધી ક્યારેય લખાયું ન હોય તેવું, એકમાત્ર અધિકૃત પુસ્તક છે.

# લેખકો વિશે

ડૉ. સંદીપ કુમાર (ભારતીય વન સેવા) એ ગિર અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉધાન ખાતે આવેલા વન્ય પ્રાણી વિભાગ સાસણ ગિર ખાતે નાયબ વનસંરક્ષક તરીકે ફરજ બજાવે છે. જિનેટિક્સ જેવા વિષયમાં ઉચ્ચ ડિગ્રી મેળવ્યા બાદ તેઓ સિવિલ સર્વિસિઝમાં જોડાયા. તેઓ વન્યજીવનના જાણકાર છે એટલું જ નહીં, વાઇલ્ડલાઇફ ઍજ્યુકેશન ક્ષેત્રે તેમજ તે અંગે લોકોમાં જાગૃતિ લાવવા બાબતે પોતાનું અમૂલ્ય યોગદાન આપી શક્યા છે. તેમણે આ વિશે અનેક પુસ્તકો તેમજ લેખો લખ્યાં છે અને સંશોધન પત્રો પણ રજૂ કર્યા છે. એક સૂક્ષ્મ અભ્યાસુને છાજે તેવી રીતે, તેમણે સિંહના જીવનનું અને તેની રહેણીકરણીનું ઝીણવટભર્યું અવલોકન કર્યું છે. જેના કારણે આ પુસ્તક, સિંહ અંગેની આજ સુધી અજાણ રહેલી, ઘણી નવી અને રસપ્રદ વાતો પર પ્રકાશ પાડી શક્યું છે.

હાલમાં તેઓ ગિર ખાતે પત્ની રાજ સંદીપ તેમજ બે બાળકો આહના અને અભિરાજ સાથે રહે છે.



મોઈન પઠાણ એક સફળ બિઝનેસમેન તો છે જ, તે સાથે પ્રકૃતિપ્રેમી તેમજ વન્ય જીવોમાં ખૂબ ઊંડો રસ ધરાવે છે. ખાસ કરીને સિંહ પ્રત્યેના તેમના લગાવને કારણે તેઓ છેલ્લાં પચીસ વર્ષોથી સાસણ ગિર જંગલના નિયમિત અભ્યાસુ રહ્યા છે. સિંહના જીવન પ્રત્યે તેમને વિશેષ લાગણી હોવાથી આ પુસ્તકનું લેખન તેમણે ઉમળકાભેર કરેલ છે. આ પુસ્તકને વધુ લોકભોગ્ય બનાવવાના ઇરાદાથી તેમણે એકદમ સાદી અને સરળ ભાષાનો ઉપયોગ કર્યો છે.

હાલમાં તેઓ પત્ની નુસરત અને બે બાળકો કબીર અને આદિલ સાથે અમદાવાદ ખાતે રહે છે.

नअभिशेकोनसंस्कार: सिम्हस्यक्रियतेवने |
विक्रमार्जितासत्वस्यस्वयमेवमृगेन्द्रता ||

સિંહને જંગલના રાજા તરીકે જાહેર કરવા માટે કોઈપણ પ્રકારનો સમારોહ યોજવામાં આવતો નથી.

એ પોતે પોતાનાં વીરતાપૂર્ણ કાર્યો અને પાત્રતાને લીધે જ રાજા બને છે.

# આભારવચન

આજે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે તે આનંદની ઘડીએ સૌ પ્રથમ તો અમે ઈશ્વરનો આભાર માનીશું, જેણે અમને આ પુસ્તક લખવાના અમારાં સપનાંને સિદ્ધ કરવાનું સામર્થ્ય અને જોશ આપ્યાં. તેની કૃપા વિના આ કાર્ય બિલકુલ શક્ય નહોતું.

અમારાં કુટુંબીજનોનો તો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. અમે જ્યારે આ પુસ્તક પર કામ કરતા હતા, ત્યારે અમારી આ સર્જનપ્રક્રિયા માટે તેમણે પણ હસતા મુખે ઘણો ભોગ આપ્યો છે. આ ઉપરાંત અમારા વડીલોના આશીર્વાદનો ઋણસ્વીકાર ન કરીએ તે કેમ ચાલે?

અહીં મિત્ર શ્રીનાથ શાહને યાદ કર્યા વગર ચાલશે નહીં. તેમના સતત પ્રોત્સાહનના કારણે આ પુસ્તકને યોગ્ય રૂપ આપવામાં અમને ઘણો સધિયારો રહ્યો છે.

પુસ્તકના આ પ્રોજેક્ટ પર કામ કરતી વખતે અમારી આખી ટીમે સહકારનું ખૂબ સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે. પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં અમારી મદદ કરવા માટે અવની, એજાઝ, પ્રતાપસિંહ અને કરસનએ તેમનો અમૂલ્ય સમય આપ્યો છે.

અમારી આ મહેનત આજે પુસ્તકના રૂપમાં વાચક સુધી પહોંચી રહી છે, તે માટે પુસ્તકના પ્રકાશક આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.ના અમે ખૂબ ખૂબ આભારી છીએ. વળી, આ કથાવસ્તુની કદર કરવા માટે અને અમારાં સપનાંને હકીકતનું રૂપ આપવા બદલ અમે તેમના સદૈવ ઋણી રહીશું.

-- ડૉ. સંદીપ કુમાર
-- મોઈન પઠાણ

# નીડર બનો, ઠરેલ બનો,
# સાથે જ આક્રમકતા પણ જાળવી રાખો

"સિંહ એ ચોપગું જંગલી પ્રાણી છે. તે ગુજરાતના ગિરના જંગલમાં જોવા મળે છે. સિંહને કેશવાળી હોય છે."

માફ કરજો, આ પુસ્તક એ સિંહ વિશે માત્ર આવી પ્રાથમિક જાણકારીઓ આપીને અટકી જનારું કોઈ સામાન્ય પુસ્તક નથી. વળી, ગિર વિશે માત્ર આંકડાકીય માહિતી આપનારું તદ્દન શુષ્ક પુસ્તક પણ નથી અને ગિર પહોંચવાનો નકશો બતાવતી કોઈ ટૂરિસ્ટ ગાઇડ પણ નથી. આ પુસ્તક તે બધાંથી ઘણું અનોખું છે, અને તેથી જ આ પુસ્તક `કંઈક વિશેષ' છે.

ગિરનો સિંહ , એ એશિયાઈ સિંહ પર લખાયેલું, એકમાત્ર અધિકૃત પુસ્તક છે. જેમાં એશિયાઈ સિંહની શક્ય તેટલી જૂનામાં જૂની માહિતીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રીતે અમે સિંહ અંગેના આખા ઇતિહાસને તદ્દન સરળ અને રસાળ શૈલીમાં આપની સમક્ષ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. તે સાથે જ જંગલના આ રાજાનું ભવિષ્ય શું હોઈ શકે છે, તેનો સંભવિત ચિતાર પણ રજૂ કર્યો છે. આ પુસ્તકમાં અમે વનરાજની કેટલીક એવી અજાણી લાક્ષણિકતાઓ અંગે માહિતી આપી છે, જે તમે જાણશો તો અચંબામાં પડી જશો અને આ પુસ્તકને એકીબેઠકે વાંચ્યા વિના તમને ચેન નહીં પડે! ગિરનું જંગલ, સિંહ ઉપરાંત બીજાં અનેક નાનામોટા વન્યજીવોથી સમૃદ્ધ છે, જે મોટા ભાગના લોકો જાણતા નથી. આ પુસ્તકમાં અમે ગિરના જંગલની અન્ય વન્યસમૃદ્ધિઓ અને ભૌગોલિક સૌંદર્ય વિશે પણ માહિતી આપી છે.

આ પુસ્તક વાંચ્યા પછી જેમણે ગિર જોયું નથી, તેઓ ગિરની મુલાકાતનો હોંશભેર કાર્યક્રમ બનાવવા લાગશે અને જેમણે ગિર જોયું છે, તેઓ વધુ માહિતીઓ સાથે ફરી ગિરની સફરનું આયોજન કરવા લાગશે! આ પુસ્તકના સૌ વાચકોને ગિરનું અભયારણ્ય અચૂક પોતાની તરફ ખેંચી લાવશે તે નિશ્ચિત છે.

અંતે, અમને એ વાતની અનહદ ખુશી છે કે અમે ગિરનો સિંહ પુસ્તક દ્વારા, સૌપ્રથમવાર એશિયાઈ સિંહ અંગેની કેટલીક અજાણી અને વણકહી હકીકતોને વાચકો સમક્ષ પ્રસ્તુત કરી રહ્યા છીએ.

-- ડૉ. સંદીપ કુમાર

-- મોઈન પઠાણ

# પ્રારંભ : પ્રેરણાથી પરિણામ તરફ

"ગુરુદેવ, જલદી ગાડીમાં બેસો, હજી ઘણું લાંબુ જવાનું છે. આપણે ૮ વાગ્યા સુધી સાસણ પહોંચવું છે." કંઈક ઉતાવળા અવાજે મેં કહ્યું. અને સામેથી બિન્દાસ પ્રત્યુત્તર મળ્યો, "અરે બૉસ, ચિંતા ન કરો, આપણે સમયસર પહોંચી જઈશું. જબ હમ હૈ, તો કયા ગમ હૈ!" મેં ગાડી હંકારવી શરૂ કરી. અમે અમારા બીજા ઘર તરફ જઈ રહ્યા હતા.

"તો ગાંધીનગરમાં દિવસ કેવો રહ્યો?" ગાડી ચલાવતાં મેં પ્રશ્ન કર્યો. જવાબ મળ્યો, "અરે યાર, ઘણો વ્યસ્ત દિવસ હતો. જેમ-તેમ કરીને નવ વાગ્યે કામ પતાવ્યું. ૧૦-૩૦ સુધી ઘરે પહોંચ્યો અને પછી સૂઈ ગયો. પણ ચાલ્યા કરે, આ બધું તો અમારા કામનો જ ભાગ છે." પછી તેમણે ઘણી મૃદુતાથી પૂછ્યું, "જો તમને વાંધો ન હોય તો હું થોડો આરામ કરી લઉં? બહુ નહીં પણ પાંચ-દસ મિનિટ." "હા જરૂર", મેં પ્રત્યુત્તર આપ્યો. આ મારા માટે નવું ન હતું. સીટ સહેજ પાછી કરી એ તો ઊંઘમાં સરી ગયા અને હું મારા સંસ્મરણોમાં.

છ વર્ષ પહેલાં હું આજ રસ્તે ગિર તરફ એકલો જઈ રહ્યો હતો. ગિરનો પ્રવાસ મને હંમેશાં રોમાંચિત કરે છે. ક્યારેક આંખ બંધ કરીને ગિરને વિચારું તો હું તેને અનુભવી શકું છું. ૧૦ કિલોમીટરના ખાડા-ટેકરાવાળા રસ્તાના પ્રવાસ બાદ હું સિંહસદન પહોંચ્યો. સિંહસદન એ સાસણ ખાતે આવેલા વનવિભાગનું ગેસ્ટહાઉસ છે. ત્યાં પહોંચીને પહેલાં સિંહસદનમાં રહેવા માટે રૂમની અને સાથે સાથે બીજા દિવસે સવારે જંગલની સફારી માટે પરમિટની પણ વ્યવસ્થા કરી. સાંજના ૪-૩૦ વાગ્યા હતા. મે મહિનાની ઉનાળાની એ ગરમીથી દઝાડતી સાંજ હતી. બહુ ગરમીના કારણે મેં રૂમમાં જ આરામ કરવાનું પસંદ કર્યું. ૬ વાગ્યે હું રિસેપ્શન સેન્ટર પહોંચ્યો. સમય પસાર કરવા હું આમથી તેમ આંટા મારી રહ્યો હતો. અચાનક ત્યાં એક ગાડી આવીને ઊભી રહી. તેના ઉપર `*DCF-SASAN*' એવું લખેલું હતું. એ ગાડીમાં બેઠેલા અધિકારીને મેં જોયા. તેઓ પાછલી સીટ પર બેઠા હતા. એક ગાર્ડ દોડત તેમની તરફ ગયો. ગાડીની બારીનો કાચ ઉતારી એ અધિકારીએ પેલા ગાર્ડને કંઈક સૂચના આપી અને પછી તેઓ ચાલ્યા ગયા. ત્યાં રિસેપ્શન આગળ પડેલી ખુરશીમાં બેસી મેં મારા મોબાઇલમાં કૉન્ટેક્ટ લિસ્ટમાં જોયું. એક નામ ઉપર નજર અટકી. `ડૉ. સંદીપ કુમાર.' આ એ માણસ છે જેના વિશે લોકો વાતો કરી રહ્યા છે. પહેલાં ઘણી વખત ઇન્ટરનેટના માધ્યમથી તેમની સાથે વાર્તાલાપ કર્યો છે, પરંતુ રૂબરૂ મુલાકાત ક્યારેય નહોતી થઈ. હું મૂંઝવણમાં હતો. મેં તેમને મોબાઇલથી મૅસેજ કર્યો. `ગૂડ ઇવનિંગ સર! મારું નામ મોઈન પઠાણ છે. હું ગિરમાં ઘણાં વર્ષોથી આવું છું. જો તમે ખૂબ વ્યસ્ત ન હો, તો હું તમને થોડીવાર મળવા માંગું છું.' બે જ મિનિટમાં જવાબ આવ્યો. જવાબ વાંચી મને આશ્ચર્ય થયું. `હું મારી ઑફિસમાં છું. તમે અહીં આવી, મને મળી શકો છો.' તેમના વિશે મારા મનમાં ઊભી થયેલ પ્રાથમિક છાપ ક્ષણભરમાં જ બદલાઈ ગઈ.

સિંહસદનથી નાયબ વનસંરક્ષકની કચેરી નજીકમાં જ હતી. પાંચ મિનિટમાં હું તેમની ઑફિસે પહોંચ્યો. તેઓ ઑફિસની બહાર ફોનમાં કોઈની સાથે વાત કરી રહ્યા હતા. ફોન ઉપર વાતચીત કરતાં કરતાં તેઓએ મને હસીને આવકાર્યો. વાત પૂરી કરીને તેમણે હાથ મિલાવીને મને આવકાર આપ્યો. "તો તમે કેટલા સમયથી ગિરમાં આવો છો?" ડૉ. સંદીપ કુમારે મને પ્રશ્ન કર્યો. "હું જ્યારે ૧૦ વર્ષનો હતો, ત્યારે પહેલી વખત ગિરમાં આવ્યો હતો." મેં જવાબ આપ્યો. "સરસ, ઘણું સરસ. તો તમે છેલ્લાં ૨૦ વર્ષથી ગિરમાં આવો છો."

આ અમારી પ્રાસંગિક મુલાકાત હતી. અમે ગિર વિશે થોડીક વાતો કરી. તેમણે મને જંગલની મુલાકાત અને અનુભવ વિશે પ્રતિભાવ આપવા કહ્યું મેં જવાબ આપ્યો, "આપને

જણાવતાં મને આનંદ થશે.” તેમણે મને ફરી મુલાકાતનો સમય આપ્યો અને અમે છૂટા પડ્યા.

બીજી સવારે હું જંગલમાં થોડું ફરી, થોડા સારા ફોટા પાડી રૂમ પર પાછો આવ્યો. બપોર સુધીનો સમય મેં મારા રૂમમાં જ પસાર કર્યો. પછી રિસેપ્શન પર આવી, સાંજની સફારીમાં જવા નીકળ્યો. ચૅકપોસ્ટ આગળ ફરી વખત મારી મુલાકાત ડૉ. સંદીપ કુમાર સાથે થઈ. તેઓ ત્યાં ચૅકપોસ્ટ પાસે બીજી બે વ્યક્તિ સાથે હતા. ડૉ. સંદીપ કુમાર ખુરશીમાં બેઠા હતા અને સામે ઊભેલા ગાર્ડ ઉપર તેમની નજર ગઈ. તે ગાર્ડ પોતાના મોબાઇલમાં વ્યસ્ત હતો. સાહેબે કડક અવાજે ગાર્ડને કહ્યું “તમારો મોબાઇલ ખિસ્સામાં મૂકી દો અને સૂચનાઓ ધ્યાનપૂર્વક સાંભળો.” અમુક સૂચનાઓ જાણ્યા બાદ વનરક્ષક ત્યાંથી રવાના થયો. પછીના એક કલાક જેટલો સમય અમે ગિર અને ગિરના સંરક્ષણ વગેરે બાબતો વિશે વાત કરી. તેમના અવાજમાં ઘણી મૃદુતા હતી. અંધારું થવા આવ્યું હતું. થોડીક વાતો કરી અમે છૂટા પડ્યા. અમદાવાદ આવવાનું થાય ત્યારે તેમને મારા ઘરે આવવા આમંત્રણ પણ આપ્યું. બીજા દિવસે સવારે હું અમદાવાદ પરત આવ્યો.

આ મુલાકાત બાદ અમે ઇન્ટરનેટની જગ્યાએ ટેલિફોન અને મૅસેજ દ્વારા સંપર્કમાં રહેવા લાગ્યા. આ દરમ્યાન મેં એકાદ બે વખત સાસણની મુલાકાત લીધી, પણ ડૉ. સંદીપ કુમારને ઑફિસમાં જ મળવાનું થતું. અમારા સંબંધો ધીમી ગતિએ વિકસી રહ્યા હતા. મેં અનુભવ્યું છે કે, મારી મુલાકાતો તેમને આશ્ચર્ય નહોતી કરાવતી, કારણ કે ઘણા લોકો તેમની મુલાકાત લેતા હોય છે. એમની સાથેની મારી મુલાકાતમાં મારો કોઈ અંગત સ્વાર્થ ન હતો અને એટલે જ અમારા સંબંધો મજબૂત થતા ગયા.

સારા સંબંધો અચાનક જ બંધાઈ જાય છે. અમારા સંબંધો વધુ ઘનિષ્ઠ થયા. પછી તો જ્યારે તેઓ ગાંધીનગર આવતા ત્યારે અમારી મુલાકાત થતી અને હું પણ જ્યારે સાસણ જતો ત્યારે તેમના ઑફિસના સમય પછી અમે થોડો સમય સાથે પસાર કરતા. એક સારો સંબંધ વિકસાવવા સમય, સંયમ અને બે વ્યક્તિની પરસ્પરની સમજણની જરૂર પડે છે. હું મિત્રો પસંદ કરવામાં ઘણી કાળજી રાખું છું એમ કહું તો ચાલે, પણ આ વ્યક્તિની તો વાત જ કંઈક અલગ છે. ડૉ. સંદીપ કુમાર એ કાર્યનિષ્ઠ વ્યક્તિ છે. તેમની કાર્યપદ્ધતિ અને ત્વરિત નિર્ણય શક્તિએ તેઓને ખૂબ ઓછા સમયમાં લોકપ્રિય બનાવી દીધા છે. કોઈપણ મહત્ત્વનાં કામ માટે મેં ક્યારેય તેમના મોઢે `ના' નથી સાંભળી. દિવસે દિવસે અમારા સંબંધો ઘનિષ્ઠ થતા જતા હતા. આ ભાગ્યે જ જોવા મળતો સંયોગ છે. એક વેપારી અને જંગલખાતાના એક અધિકારીની મિત્રતા. તેમ છતાં અમારી બંને વચ્ચે ઘણું સામ્ય હતું. હું એક વેપારી કુટુંબમાંથી આવું છું અને પ્રકૃતિપ્રેમી પણ છું. ડૉ. સંદીપ કુમાર પણ વેપારી કુટુંબમાંથી આવે છે અને વનવિભાગના ઉચ્ચ અધિકારી બન્યા છે. દિવસો, મહિનાઓ અને વર્ષો લાગે છે કોઈને સમજતાં, તેનો વિશ્વાસ જીતતાં. ગમે તેટલી વ્યસ્તતા છતાં અમે બંને અમારી મિત્રતાને સમય આપવાનો પ્રયત્ન કરતા રહ્યા.

“અચ્છા બૉસ, ક્યાં પહોંચી ગયા?” પ્રશ્નએ મને ભૂતકાળના એ સંસ્મરણોમાંથી વર્તમાનમાં લાવી દીધો. મેં જવાબ આપ્યોઃ “લગભગ લીંબડી પહોંચ્યા.” તેમણે કહ્યું, “ચાલો કૉફી પી લઈએ. અહીં હાઇવે પર એક જગ્યાએ ખૂબ સરસ કૉફી મળે છે.” થોડી ક્ષણો બાદ તેમણે મને પ્રશ્ન કર્યો, “ક્યાં ખોવાયેલા હતા?” મેં જવાબ આપ્યો, “ક્યાંય નહીં! આપણા સંબંધોનાં સંસ્મરણોને વાગોળતો હતો!” તેઓ હસી પડ્યા અને એક સરસ વાત કરી, “સારા સંબંધો હંમેશાં તમારો ભૂતકાળ સ્વીકારે છે, વર્તમાનને ટેકો આપે છે અને ભવિષ્યને પ્રોત્સાહિત કરે છે.” “સત્ય વચન, ગુરુદેવ, તમને ટેકો આપવા માટે જ હું અત્યારે અહીં તમારી સાથે બેઠો છું.” અમે બંને ખડખડાટ હસી પડ્યા.

તેઓ મને `મોઈન' કહેવાને બદલે હંમેશાં `બૉસ' કહીને બોલાવે છે, અને હું પણ તેમને `સંદીપ'ની જગ્યાએ `ગુરુદેવ' કહીને બોલાવું છું. અચાનક તેમણે કહ્યું : "આપણે સિંહ વિશે એક પુસ્તક લખીએ." મેં તરત જવાબ આપ્યો, "તમે મજાક ન કરો. સિંહ વિશે પુસ્તક કે પછી એકાદ પ્રકરણ?" તેમણે જવાબ આપ્યો, "અફકોર્સ, એક પુસ્તક, એવું પુસ્તક કે જે ક્યારેય કોઈએ લખ્યું ન હોય." પહેલાં મને લાગ્યું કે તેઓ મજાક કરે છે. પણ ના, આ બાબતે તેઓ ગંભીર હતા. મેં તેમને પૂછ્યું : "જરા વિસ્તારથી જણાવો તમે કેવું પુસ્તક લખવા માંગો છો?" તેમણે જવાબ આપ્યો : "જો, આપણે એકબીજાને ઘણા સમયથી ઓળખીએ છીએ. તમે વર્ષોથી ગિરમાં આવો છો. સિંહનો અભ્યાસ કરો છો. મેં પણ મારા કાર્યકાળ દરમિયાન સિંહ અને ગિર વિશે ઘણુંબધું જાણ્યું છે, જોયું છે, અનુભવ્યું છે. પણ એ બધી વાતો લોકો નથી જાણતા. સિંહ વિશે માહિતી આપતું ઘણું ઓછું સાહિત્ય ઉપલબ્ધ છે. જે સાહિત્ય છે, તેમાં વૈજ્ઞાનિક અને આંકડાકીય વાતો વધુ પ્રમાણમાં છે. એ વાતો સામાન્ય માણસ માટે ઓછી રસપ્રદ છે. સિંહની ઘણી વાતો લોકો નથી જાણતા, તો સિંહ વિશે એક પુસ્તક શા માટે ન લખી શકાય? દુનિયાને, એશિયાઈ સિંહ, તેના વિશેનો ઇતિહાસ, તેની વર્તમાન પરિસ્થિતિ, તેનું વર્તન, તેને લગતા અમુક પ્રસંગો, ભવિષ્યની વાતો વગેરે બાબતોથી વાકેફ કરવા માટે સરળ ભાષામાં અને ચોટદાર શૈલીમાં લખાયેલું હોય એવું પુસ્તક."

"તમારાં ચરણ ક્યાં છે ગુરુદેવ? તમે તો મારા મનની વાત કહી દીધી! તમારી વાત સાચી છે. જ્ઞાનનો ભંડાર લોકોપયોગમાં ન આવે તો તેનો અર્થ શું? પણ તમને આવો વિચાર આવ્યો કેવી રીતે? મારો પૂછવાનો અર્થ એ છે કે શું આપણે માત્ર સિંહ વિશે જ પુસ્તક લખવું છે?" મેં પ્રશ્ન કર્યો. તેમણે જવાબ આપ્યો, "હું તમને બધું જણાવું છું." અમે કૉફી પીને પાછા ગાડીમાં ગોઠવાયા.

"ચાલો હવે મને કહો, હજી તો ઘણો લાંબો રસ્તો પસાર કરવાનો છે." મેં ઘણી જિજ્ઞાસાથી પૂછ્યું. એક ઘૂંટ પાણી પીધા પછી તેમણે વાતની શરૂઆત કરી, "જ્યારે સાસણમાં મારી નિમણૂક થઈ ત્યારે સિંહ વિશે ખાસ માહિતી ન હતી. બધા પાસે હોય તેવી પ્રાથમિક માહિતી હતી. મારા કાર્યકાળ દરમિયાન ઘણા બધા લોકો પાસેથી અને ગિરના વનવિભાગના કર્મચારીઓ પાસેથી સિંહ વિશે ઘણુંબધું સાંભળ્યું હતું. મેં અનુભવ્યું કે જુદા જુદા લોકો જુદા જુદા વિષય ઉપર વાત કરતા હોય છે. કોઈ સંરક્ષણ વિશે વાત કરે છે, કોઈક સિંહ-સિંહણ અને તેનાં બચ્ચાં વિશે વાત કરે છે, તો કોઈક માનવ અને વન્યપ્રાણીના સંઘર્ષ વિશે ચર્ચા કરે છે, કોઈક વળી સિંહની પ્રજોત્પત્તિ, મૃત્યુ, આંતરસંઘર્ષ અને બીજા અલગ અલગ વિષયો પર ચર્ચા કરવાનું પસંદ કરે છે. મારી આસપાસ ઘણાબધા વિષયો ચર્ચાઈ રહ્યા હતા. હું મૂંઝવણમાં હતો કે શું કરવું? લોકોના શબ્દો ઉપર ભરોસો કરવા કરતાં સિંહ વિશે પોતે જ વધુ જાણવાનો મેં નિશ્ચય કર્યો. જંગલમાં સિંહને ઓળખવા અને સમજવા હું વધુ સમય પસાર કરવા લાગ્યો. સાવજને સમજવો એ કાંઈ એક દિવસનું કામ નથી. તમારે સતત તેનું અવલોકન કરવું પડે છે."

તેમને વાત કરતાં અટકાવીને મેં પૂછ્યું, "હા, હું જાણું છું. આપણે જ્યારે ફોન ઉપર વાત કરીએ છીએ ત્યારે તમારો એક જ જવાબ હોય છે. `હમણાં જ જંગલમાંથી આવ્યો છું.' તમારા માટે કામનો આ એક ભાગ છે, પણ મારા માટે તો સિંહનું અવલોકન કરવું એ મારા કામથી વધુ છે. ઘણા સમયથી હું સિંહને જોઉં છું પણ તેના વિશે કંઈક લખવાનું મેં ક્યારેય નથી વિચાર્યું. તમારા વિચારોમાં સિંહ વિશે ઘણું બધું છે પણ એવી કઈ બાબત છે જેણે તમને સિંહ વિશે લખવાની પ્રેરણા આપી?" તેમણે જવાબ આપ્યો, "ગિરમાં મારી કામગીરી દરમિયાન હું ઘણાબધા અણધાર્યા પ્રસંગો, બનાવો અને અનુભવોમાંથી પસાર થયો છું, પણ એક પ્રસંગે મને સિંહ વિશે વધુ જાણવાની પ્રેરણા આપી", અને એમણે એ પ્રસંગનું વર્ણન કર્યું.

"ઉનાળાની એક આથમતી સાંજના સમયે હું મારા નિયમ મુજબ જંગલમાં વન્યપ્રાણીઓનાં અવલોકન માટે ફરતો ફરતો `પારવિયા' પહોંચ્યો. પારવિયા એ ગિર અભયારણ્યના સુંદર વિસ્તારમાંનો એક વિસ્તાર છે. સૂર્ય અસ્તાચલે હતો. તેના રાતા નારંગી કિરણોના પ્રકાશથી આથમણી દિશા ખૂબ સુંદર લાગતી હતી. પારવિયા એ ઝાડીઓથી ઘેરાયેલું ઢોળાવવાળું આછા ઘાસનું મેદાન છે. જંગલની હવામાં મારો થાક અને કંટાળો ધુમાડો બનીને ઊડી રહ્યા હતા. અહીં મેં ગાડી ઊભી રાખી. ચીતલોના અવાજ સંભળાતા હતા. હું મારું દૂરબીન લઈ ગાડીમાંથી નીચે ઊતર્યો. તમે જ્યારે કુદરતના સાંનિધ્યમાં હો, ત્યારે તમે બધું ભૂલી જાવ છો. ઘણા ઓછા લોકો નસીબદાર હોય છે, જેમને કુદરતની સેવા કરવાનો, તેને માણવાનો અવસર પ્રાપ્ત થાય છે. થોડોક સમય અવલોકન કર્યું. અંધારું થવા આવ્યું હતું અને પછી મેં પાછા જવાનું નક્કી કર્યું. એક મિનિટ તો મને એવું લાગ્યું કે મારી ડાબી બાજુ કોઈ ઝાડવું તો હતું નહીં, તો રાતોરાત આ ઝાડ ક્યાંથી આવી ગયું? જમણી બાજુ જોયું તો ત્યાં પણ વૃક્ષ જેવું કંઈક લાગ્યું. મેં મારી જાતને પ્રશ્ન કર્યો : `અરે, રાતોરાત આ ઝાડ ક્યાંથી આવ્યું?' પણ થોડી જ ક્ષણોમાં વાસ્તવિકતા સમજાઈ ગઈ, જે ભયાનક હતી. હું જેને ઝાડવાં સમજતો હતો, એ તો ખરેખર સિંહ હતા! ઓહ માય ગૉડ, મારી બંને બાજુએથી બે મોટા સાવજ મને જોઈ રહ્યા હતા!

પુખ્તવયના બે સિંહ મારાથી માત્ર ૩ ફૂટના અંતરે હતા. મારા પગ નીચેથી જમીન જાણે સરકી ગઈ. એ વાતનું તો મને ધ્યાન જ ન રહ્યું કે તેઓ ક્યારે મારી નજીક આવી ગયા. ફરી મારી જાતને પ્રશ્ન કર્યોઃ આજે બચાશે કે કેમ? હવે શું કરવું? મારી ગાડી બહુ દૂર ન હતી. હળવેથી ચાલીને હું મારી ગાડી પાસે પહોંચ્યો. ધી....રેથી ગાડીનો દરવાજો ખોલી, ઝડપથી ગાડીમાં બેસી ગયો. બંને સિંહ પોતાની જગ્યાએથી હલ્યા પણ નહીં. હું જેવો ગાડીમાં બેઠો કે તરત એક સિંહ ચાલીને ગાડીના દરવાજા આગળ આવી, દરવાજાને ઘસાઈને આગળ ચાલ્યો. જાણે મને કહેતો ન હોય, કે `ભવિષ્યમાં ધ્યાન રાખજો!' આમાં સદ્ભાગ્ય જેવું કાંઈ નથી, પણ સિંહનો આ સ્વભાવ છે. તેઓ કારણ વગર મનુષ્ય ઉપર ક્યારેય હુમલો નથી કરતા. જાણે કે તે દિવસે સિંહે મને જીવતદાન આપ્યું! મેં જતાં જતાં મારી સામે જોઈ રહેલા સાવજનો આભાર માન્યો. તેઓ જાણે એવું ન કહેતા હોય, `હકુના મટાટા' (ચિંતા ન કરો, મોજથી જીવો!) અને પછી હું સાસણ પરત આવ્યો. મારા જીવનનો આ એક અવિસ્મરણીય બનાવ હતો. અહીંથી મને લાગ્યું કે આ દયાળુ વનરાજ વિશે હજુ ઘણું બધું જાણવાનું, સમજવાનું અને શીખવાનું બાકી છે."

મેં કહ્યું, "વાહ, ઘણો રોમાંચક પ્રસંગ હતો! તમે સાચા છો. કંઈક નવું અને કંઈક અલગ કાર્ય કરવા માટે એક છુપાયેલી પ્રેરણા વધુ તાકાત આપે છે." તેમણે આગળ જણાવ્યું, "હું હંમેશાં વિચારતો કે મારા જેવું સિંહને જોવાવાળું, સમજવાવાળું, વિચારવાવાળું અને તેના વિશે લખવા અને સ્વપ્ન જોવાવાળું કોઈ મારી સાથે હોય. અત્યારે જુઓ, આપણે સાથે છીએ અને એક દિવસ એશિયાઈ સિંહ વિશેની ગર્ભિત વાતો દુનિયા ચોક્કસ જાણશે!"

તેમની વાતોના પ્રત્યુત્તરમાં મેં જણાવ્યું, "હું તમારી વાત સાથે સહમત છું. આપણી પાસે કૌશલ્ય છે, વિચાર છે, અનુભવ છે અને સમાન સ્વપ્ન છે. આપણે સિંહના અદ્ભુત સ્વરૂપને શબ્દરૂપે દુનિયા સમક્ષ ચોક્કસ રજૂ કરી શકીશું."

તમારે ઘણી વખત બધું માત્ર પરિસ્થિતિ ઉપર છોડી દેવું જોઈએ. પ્રસંગો આપોઆપ બનતા હોય છે. વાતોના આ વણથંભ્યા પ્રવાસમાં અમે ક્યારે સાસણ પહોંચી ગયા તેની ખબર પણ ન પડી. અમારો પ્રવાસ પૂરો થયો, પણ એક નવી યાત્રાની શરૂઆત થઈ.

=

# માનવીય મૂલ્યોમાં સાવજ

વિદેશી પ્રવાસીઓનું એક જૂથ સાસણ આવી રહ્યું હતું. સાંજનો સમય થવા આવ્યો હતો. સાસણ પહોંચતાં તેમને હજુ એક કલાક જેટલો સમય લાગે તેમ હતો. ગાડીમાં અચાનક પંચર થવાના કારણે ડ્રાઇવરે ગાડી થોભાવી પ્રવાસીઓને કહ્યું "પંદર મિનિટ લાગશે. તમે બહાર અહીં નજીક આરામ કરી શકો છો, બહાર સુંદર દૃશ્ય છે." પ્રવાસીઓ ગાડીની બહાર આવ્યા. એક પ્રવાસીએ શેરડીના ઊભા પાકને જોઈને કહ્યું, "શું સુંદર દૃશ્ય છે!"

એક આધેડ ખેડૂત અને ૧૪ થી ૧૫ વર્ષની ઉંમરનો એક કિશોર નજીકમાં જ ઊભા રહી, આ બધું જોતા હતા. પ્રવાસીઓ આ લોકોની નજીક આવ્યા. એક પ્રવાસીના હાથમાં કૅમેરો હતો. માથા પર ટોપી અને મોઢામાં સિગારેટ હતી. પ્રવાસીએ પેલા શેરડીના ખેતર અને ખેડૂત તથા આ કિશોરના ફોટા પાડ્યા. પછી તેણે ખેડૂતને પૂછ્યું, "આ તમારું ખેતર છે?" કિશોરે ખેડૂતના કાનમાં કંઈક કહ્યું, એટલે ખેડૂતે હકારમાં માથું હલાવ્યું. ફોટોગ્રાફરે અંગ્રેજીમાં કહ્યું, "ઘણો સારો પાક થયો છે. સરસ મજાની શેરડી છે." કિશોરે ફરી ખેડૂતના કાનમાં કશુંક કહ્યું. ખેડૂત અંગ્રેજી જાણતો ન હતો પણ તેના મુખ ઉપર આનંદ દેખાઈ આવતો હતો. તેણે ભાંગેલી-તૂટેલી અંગ્રેજીમાં જવાબ આપ્યો, "સિંહ, પાણી અને ખેતર." એક કટાક્ષભર્યા સ્મિત સાથે પ્રશ્ન પૂછનાર વિદેશીએ ખેડૂતને કહ્યું, "શું તમે એમ કહેવા માંગો છો કે સિંહ તમારા ખેતરને પાણી પૂરું પાડે છે?" ફરી વખત કિશોરે ખેડૂતના કાનમાં કંઈક કહ્યું અને ખેડૂતે આનંદિત થતાં જવાબ આપ્યો, "હા". પેલા વિદેશીએ મજાક ઉડાવતાં કહ્યું, "પ્રવાસન વિભાગે તમને સિંહનો પ્રચાર કરવાની સારી તાલીમ આપી લાગે છે!"

પેલો કિશોર ખૂબ જ શાંતિથી આ બધું જોઈ રહ્યો હતો. તેની ધીરજ ખૂટતાં તેણે પેલા વિદેશી પ્રવાસીઓને અંગ્રેજીમાં કહ્યું, "Well, Mr. Nice guy, my name is Shyam and the person you are laughing at is my father, I am studying in 9 th standard. I am here to help my father because we have vacations during the school now, we have a tradition at least in Gujarat that, we have never enjoyed music on iPod while our father works hard in the farms.

First, we are not here for any marketing for Gujarat tourism. Second, Lions do not require any marketing, there are millions of people coming here from different parts of the world, and when they return, they start free marketing for Gir Lions. Our ancestor said in the earlier time, `we are here because the Lion is here and the Lion is here because we are here.' I can give you the reason behind this sentence. I could have replied you in a different manner, but we have a tradition here 'Atithi devo bhavah' it means guest are our God. What I said right now, the fluent English I am speaking here is also because of Lion. It requires to be born in the land of Lion to

understand my words, so I am sorry if I am being too harsh here.” આટલું કહી કિશોર તેના પિતા સાથે ચાલવા લાગ્યો. થોડાં ડગલાં આગળ ચાલી, પાછા વળી તેણે કહ્યું, “I forgot to say, one more thing, welcome to the land of the Asiatic Lion and do not step down when you are in the Sanctuary area." પેલા ફોટોગ્રાફર જેવું જ કટાક્ષભરેલું હાસ્ય કરી એ ઢળતી સાંજમાં અદૃશ્ય થઈ ગયો.

કિશોરના આવા જવાબથી આખો સમૂહ સ્તબ્ધ થઈ ગયો. પેલો કિશોર અને તેના પિતા જે દિશા તરફ ગયા હતા ત્યાં ફોટોગ્રાફર એકધારું જોઈ રહ્યો. ગાડીના ડ્રાઇવરે આ બધી વાત સાંભળી હતી. તે મનોમન ખૂબ ખુશ થયો. ડ્રાઇવરે પ્રવાસીઓને ગાડી ઠીક થઈ ગયાના સમાચાર આપ્યા. બધા પ્રવાસીઓ ગાડીમાં ગોઠવાયા અને આગળ રવાના થયા.

કિશોરે પ્રવાસીઓને અદ્ભુત છતાં સરળ જવાબ આપ્યો હતો. પણ આવો વિચિત્ર જવાબ કેમ આપ્યો?' `અમે સાવજના કારણે અને સાવજ અમારા કારણે અહીં ટકી રહ્યા છે.' કિશોરને કદાચ આના અર્થ વિશે ખબર નહીં હોય પણ આ તર્કમાં ઘણો ગૂઢાર્થ રહેલો છે. એક સમયે સમગ્ર સૌરાષ્ટ્રમાં પાણીની તીવ્ર તંગી જોવા મળતી. દર વર્ષે ખૂબ ઓછો વરસાદ થતો. ગામની મહિલાઓને ૩થી ૪ કિ.મી દૂર પીવાનું પાણી ભરવા જવું પડતું. ક્યારેક એકબે ઋતુ સારા વરસાદ સાથે પસાર થતી, પણ ખેતરની ફળદ્રુપતા ઓછી હતી. અહીં કોઈ જળાશયો કે ડૅમ ન હતાં, આખો પ્રદેશ સૂકો હતો. અત્યારે સૌરાષ્ટ્રના લોકો તેમની સમૃદ્ધિનો આનંદ લઈ રહ્યા છે. આજે તેઓ મગફળી, કપાસ, કેરી, કેળાં અને શેરડી જેવા રોકડિયા પાકનાં વાવેતર તરફ વળ્યા છે. સૌરાષ્ટ્રના આ અગત્યના પાકોએ ગુજરાતના વેપાર અને અર્થતંત્રના હરણફાળ વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવી છે. પણ આ બધામાં સિંહની ભૂમિકા શું?

સૌરાષ્ટ્રના મોટા ભાગના વિસ્તારોમાં ગિરનાં જંગલોમાંથી આવતું પાણી પહોંચે છે. આ વિસ્તારમાં ચાર મુખ્ય ડૅમ – કમલેશ્વર, રાવલ, શિંગોળા અને મછુન્દ્રી ડૅમ, જે ગિરનાં જંગલોમાં આવેલા છે, તેમાં સંગ્રહ થતું પાણી ઘણાબધા ખેતરોને સમૃદ્ધ બનાવે છે. અત્યારે એશિયાઇ સિંહના સફળ સંરક્ષણથી ગિરનાં જંગલો જૈવવિવિધતાની સુંદરતાથી સુશોભિત છે. પાછલી સદીના અંત ભાગમાં પરિવર્તન આવ્યું છે. સારો વરસાદ, વનસ્પતિ ,જમીન સુધારણા અને ભૂગર્ભજળનું સ્તર વધવાથી ઘણો ફાયદો થયો છે. આ પાણી, પથ્થરો, ખડકો અને જમીન ઉપર થઈને સાત નદીઓ અને જળાશયોમાં પહોંચે છે.

સામાન્ય રીતે આ વિસ્તાર અર્ધશુષ્કતા, પાણીની તંગી અને ઓછી ફળદ્રુપ જમીન ધરાવતો હોવાનો આભાસ આપે છે. તેમ છતાં ખેડૂતો વધુ પાણીની જરૂરિયાત વાળા પાકોનું ઉત્પાદન કરે છે, કેમ કે તેઓ માને છે કે જે પાણીનો ઉપયોગ તેઓ ખેતીમાં કરે છે, તે જ પાણી સિંહ પણ પીએ છે. સિંહે પીધેલું હોવાથી આ પાણી સિંહ જેટલું જ શક્તિશાળી હોય છે. તેના ઉપયોગથી પાકની ગુણવત્તા સુધરે છે અને રસપ્રદ વાત એ છે કે, આખા ભારતમાં માત્ર આ જ જગ્યાએ મગફળીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે. કેસર કેરી પણ આ વિસ્તારની ભૌગોલિક ઓળખ છે. જે દર્શાવે છે કે આ વિસ્તારના પાણીમાં કંઈક જુદી જ તાકાત છે.

ખેડૂતોની આ દૃઢ માન્યતા ભલે હાસ્યાસ્પદ લાગે પરંતુ આમાં વૈજ્ઞાનિક તથ્ય જરૂર છે. જંગલમાંથી વહીને આવતાં પાણીમાં કૅલ્શિયમ અને પોટેશિયમની માત્રા ઘણી હોય છે. ગિર પ્રદેશમાં ચૂનાના પથ્થર અને પોટેશિયમ વિપુલ પ્રમાણમાં છે. સૌરાષ્ટ્રના અગત્યના પાકમાં શેરડીને વિકસાવવામાં વધુ પ્રમાણમાં પોટેશિયમની જરૂર હોય છે. શેરડીના ઉત્પાદનમાં પોટેશિયમ અગત્યનો ભાગ ભજવે છે અને શેરડીમાં રહેલી ખાંડના રૂપાંતરમાં મદદરૂપ થાય છે.

મગફળી એ અહીંનો બીજો અગત્યનો પાક છે. કૅલ્શિયમ એ મગફળીના વિકાસ માટે જરૂરી છે. ગિરમાં ચૂનાના પથ્થરો વિપુલ પ્રમાણ છે. જેમાં ખૂબ માત્રામાં કૅલ્શિયમ રહેલું છે. સૌરાષ્ટ્રમાં દર વર્ષે ઉચ્ચ ગુણવત્તાની મગફળીનું ઉત્પાદન થાય છે. ભારત સરકારે અહીં જૂનાગઢ ખાતે મગફળી સંશોધન કેન્દ્રની સ્થાપના કરી છે. આમ જંગલમાંથી આવતું પાણી પુષ્કળ પ્રમાણમાં કૅલ્શિયમ, પોટેશિયમ અને અન્ય ખનીજ તત્ત્વો સાથે લઈને આવે છે. જેનો સીધો લાભ ખેડૂતોને ખેતીમાં મળે છે.

કેરીની વિવિધ જાતિઓમાં કેસર કેરી ગિરનાં જંગલોની આસપાસ ઉત્પન્ન થાય છે. સૌરાષ્ટ્રમાં રહેતી કોઈપણ વ્યક્તિ ક્યારેય પણ એવું નહીં કહે કે તેણે કેસર કેરી ચાખી નથી. અત્યારે કેસર કેરી માત્ર ગુજરાત પૂરતી પ્રસિદ્ધ નથી, દુનિયામાં જ્યાં પણ ગુજરાતી મૂળના લોકો છે ત્યાં કેસર કેરી એક યા બીજા સ્વરૂપે ખવાય છે. શિયાળામાં કોઈ માણસ કૅનેડામાં તો કોઈ ઑસ્ટ્રેલિયામાં કેસર કેરીની મજા માણે છે. દરેક ગુજરાતી કેસર કેરી સાથે એક આત્મીય સંબંધ ધરાવે છે. તમે કેસર કેરી ભરેલું ખોખું જોશો તો તેના ઉપર સિંહનો ફોટો અચૂક છપાયેલો જોવા મળશે. આનું કારણ એ છે કે કેરીના વેપારીઓને સિંહના સામ્રાજ્ય એવા ગિરનો ભાગ હોવાનો ગર્વ છે. તેઓ માને છે કે કેરી એ ગિરનો જ ભાગ છે. કેરીની અંદર એક સખત પદાર્થ હોય છે. જેને ગોટલો-ગોટલી કહેવામાં આવે છે. આ બીજું કંઈ નથી પણ કૅલ્શિયમનો સખત ટુકડો છે અને ગિરના પાણીમાંથી મળતું કૅલ્શિયમ છોડ દ્વારા ફળ સુધી પહોંચે છે. કેસર કેરીનું ઉત્પાદન ગિર સિવાય ક્યાંય શક્ય નથી. કારણ કે આ વિસ્તારની હવા, પાણી અને જમીન તેના વિકાસના અગત્યનાં પરિબળ છે, જે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તમે જ્યારે કેરીની મોસમના સમયે ગિરમાંથી પસાર થાઓ ત્યારે તેની ભીની-ભીની માદક સુગંધ તમને કંઈક અલગ અનુભૂતિ કરાવશે. દુનિયાના ઘણા ભાગોમાં કેસર કેરીની નિકાસ કરાય છે. વર્ષ દરમિયાન અંદાજીત ૩૦૦ કરોડ જેટલા રૂપિયાનો વેપાર થાય છે. જે આ વિસ્તારના હજારો લોકોને આજીવિકા પણ પૂરી પાડે છે.

લોકો કહે છે કે સિંહ છે તો અમે છીએ. ભલે તેમની વાતનો કોઈ વૈજ્ઞાનિક પુરાવો નથી, પરંતુ વૈજ્ઞાનિક તથ્ય તો એ જ છે કે સિંહ છે તો જૈવવિવિધતા છે, સમૃદ્ધ નિર્વવસનતંત્ર અને જૈવવિવિધતાના કારણે પાણીની ઉપલબ્ધતા વધુ છે. આ પાણી જળાશયો અને બંધોમાં સચવાઈને સિંચાઈ દ્વારા ખેતરો સુધી પહોંચે છે. તેમાં રહેલાં પોષક તત્ત્વો પાકની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થાય છે. આથી સિંહ એ અહીંના સ્થાનિક સમુદાયો માટે માત્ર `પ્રાણી' નથી. સૌરાષ્ટ્રવાસીઓને વૈજ્ઞાનિક આધારના પુરાવાઓમાં રસ નથી. તેઓ તો માત્ર તેમના વડવાઓ કહી ગયા છે તે જ વાત માને છે અને અનુસરે છે.

માનવીય મૂલ્યો સાથે સિંહ ઘણી બધી રીતે જોડાયેલા છે. જેમ કે, રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક, નૈતિક, આર્થિક, પર્યાવરણીય બાબતો અને સામાજિક રીતે મનુષ્ય અને સિંહમાં ઘણું સામ્ય છે. ધર્મ અને સિંહ વચ્ચેના સંબંધો માત્ર કાલ્પનિક નથી. આ કોઈ પૌરાણિક કથાઓ પણ નથી. વિશ્વના ઘણા બધા ભાગોમાં હજારો વર્ષો પહેલાંથી સિંહ એક મહત્ત્વના પ્રતીક તરીકે સ્થાન પામ્યો છે. રાષ્ટ્ર હોય કે ધર્મ, સિંહ હંમેશાં ભવ્યતા, બહાદુરી અને સંસ્કારના પ્રતીક સમો રહ્યો છે. ભગવાનને પણ સિંહનાં લક્ષણોથી સંબોધિત કરવામાં આવે છે. તે બળવાન, નિર્ભય, ભયાનક અને વિધ્વંસક છે.

આશરે ૩૨,૦૦૦ વર્ષ પહેલાં મધ્યયુરોપમાં પશુ આકૃતિની એક મૂર્તિ મળી. આ મૂર્તિનું અડધું શરીર માણસનું અને અડધું સિંહનું હતું. આવી બીજી કોઈ મૂર્તિ મળી નથી. ધાર્મિક રીતે આને ભગવાનની મૂર્તિ માનવામાં આવી. ઐતિહાસિક અને ધાર્મિક રીતે અર્ધમાનવ અને સિંહની આવી પ્રતિમાઓ રક્ષક અને ભગવાનની શક્તિનું પ્રતીક માનવામાં આવે છે. વિશ્વમાં આવા

ઐતિહાસિક પુરાવા બીજાં ઘણાં સ્થળોએ મળ્યા છે. મોટામાં મોટી પ્રતિમા ઇજીપ્તના સ્ફિનક્ષની છે જે અર્ધમાનવ-સિંહ આકૃતિ વાળાં દેવી છે. સેખમેત એ પુરાતન ઇજિપ્તનાં દેવી છે. તે યુદ્ધનાં દેવી છે.

બાઇબલમાં સિંહનો ઉલ્લેખ સત્તા અને શક્તિ તરીકે કરવામાં આવ્યો છે. ઇસુના **LION OF JUDAH** છે. બાઇબલમાં સિંહ અને સિંહની સરખામણી વિશે ઘણું બધું લખવામાં આવ્યું છે. સિંહ જે પશુઓ વચ્ચે પ્રભાવશાળી છે તે કદી પાછો નથી પડતો. તેના ચાર મુખ છે. એક મુખ દેવદૂતનું છે, બીજું મનુષ્યનું, ત્રીજું સિંહનું અને ચોથું બાજ પક્ષીનું. તેઓ સાથે મળીને સિંહ જેવી ગર્જના કરી શકે અને સિંહના બાળકની માફક ઘુરકિયાં કરી શકે. આ બધી બાબતો ખ્રિસ્તી ધર્મમાં સિંહનું મહત્ત્વ બતાવે છે. ભગવાન ઇસુને પણ સિંહનું પ્રતીક આપવામાં આવ્યું છે. ઇસુ ખ્રિસ્તના સંદર્ભમાં સિંહને સંયમ અને ભવ્યતાના તેજ સમા ગણવામાં આવે છે.


ઇસ્લામ ધર્મમાં પણ સિંહનું ઘણું મહત્ત્વનું સ્થાન છે. મહમંદ પયગંબર(સ.અ.વ.)ના કાકા હમઝા-ઇબ્ન- અબ્દુલ-મુત્તલિબને અલ્લાહના સિંહ અને સ્વર્ગના સિંહ તરીકે ગણવામાં આવ્યા છે. સિંહના માથાવાળા દેવદૂતો અલ્લાહના સિંહાસનને ટેકો કરે છે. ઇસ્લામિક કળામાં પણ સિંહ આકૃતિઓને સ્થાન છે. બૌદ્ધ ધર્મમાં સિંહને રાજાશાહી અને રક્ષણના પ્રતીક માનવામાં આવ્યાં છે. સાથે સાથે દયા અને ગર્વના પ્રતીક પણ માનવામાં આવે છે. બોધિસત્ત્વમાં સિંહ પ્રતીક રૂપ છે. તેમને `બુદ્ધના પુત્રો' કે `બુદ્ધના સિંહ' તરીકે માનવામાં આવે છે. બૌદ્ધ ધર્મમાં સિંહને ધર્મના રક્ષક તરીકે માનવામાં આવે છે. પૌરાણિક સમયમાં સિંહ ભારતના ઘણા ભાગોમાં જોવા મળતા અને હિંદુ ધર્મમાં પણ સિંહ ઘણું પવિત્ર સ્થાન ધરાવે છે.

હિન્દુ ધર્મમાં સિંહનાં મૂળ ઘણાં ઊંડે સુધી ઊતરેલાં છે. ભગવાન વિષ્ણુનો ચોથો અવતાર અર્ધમાનવ અને અર્ધસિંહનો હતો. પૌરાણિક કથા અનુસાર આ નૃસિંહ અવતારે પોતાના ભકત પ્રહ્લાદને તેના પિતા હિરણ્યકશ્યપ નામના રાક્ષસથી બચાવ્યો હતો. સિંહાસન, `સિંહ' અને `આસન' એ સંસ્કૃત શબ્દ છે. પૌરાણિક સમયમાં રાજાને બેસવાની ખુરશી અથવા આસનને સિંહાસન કહેવામાં આવતું. સોનેરી કેશવાળીવાળો સિંહ સૂર્યના પ્રતીક સમાન છે.

સૂર્ય પ્રકાશ ફેલાવી અંધકારનો નાશ કરે છે. મા દુર્ગા, જે જગતની માતા છે, જેની પાસે જગતનું સર્જન, સંચાલન અને સંહારની શક્તિ છે તેનું વાહન સિંહ છે. મા દુર્ગા સિંહ ઉપર વિરાજમાન છે, જે ભયમાંથી મુકિતની ખાતરી આપે છે. સિંહ માત્ર ધર્મમાં જ નહીં, ધર્મની સમાનતાનું પણ ઉદાહરણ છે. ધાર્મિક માન્યતાને વૈજ્ઞાનિક પુરાવાની જરૂર નથી હોતી. પ્રાચીન સમયથી અમુક ધાર્મિક માન્યતાઓ હજુ ચાલતી આવે છે. તેમાં કોઈ પરિવર્તન નથી. સૌરાષ્ટ્રમાં આજે પણ લગ્ન પછી ઘણાં બધાં નવપરિણીત યુગલો દેવળિયા સફારી પાર્ક ખાતે સિંહદર્શન માટે આવે છે. શહેરી લોકો માટે આ અયોગ્ય બાબત હશે પણ વાસ્તવિકતા તો આ જ છે. તેઓ સિંહને ભગવાનનો અવતાર માને છે. નવપરિણીત યુગલ સિંહને પ્રણામ કરે છે. આ સંસ્કૃતિ છે. તેઓ સિંહને શક્તિનું પ્રતીક માને છે.


એક પ્રખ્યાત સુવિચાર છે "સો વર્ષ ઘેટા જેવું જીવવા કરતાં એક દિવસ સિંહ જેવું જીવવું સારું." આપણે જ્યારે બળ, ભવ્યતા અને આકર્ષક વ્યક્તિત્વની વાત કરતા હોઈએ ત્યારે હંમેશાં આપણા મગજમાં સિંહનું ચિત્ર રચાય છે. આખા વિશ્વમાં સિંહને આજ સંસ્કૃતિમાં ખૂબ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીનથી મધ્યયુગ સુધીમાં ગુફાચિત્રો, ભીંતચિત્રો, સાહિત્ય, પ્રતિમાઓ, વાર્તાઓ, ધાર્મિક સભારંભો, સાંસ્કૃતિક કાર્યક્રમો, ધ્વજ અને બીજી ઘણીબધી જગ્યાએ સિંહને સ્થાન મળ્યું છે. વરસાદી જંગલો સિવાય આફ્રિકાના વિસ્તારો સાઉદી અરેબિયા, દક્ષિણ-પશ્ચિમ યુરોપ વગેરે જગ્યાએ સિંહની હાજરી નોંધાઈ છે. સિંહને એક ખતરનાક શિકારી સિવાય એક શક્તિશાળી અને નમ્ર પ્રાણી તરીકે પણ ઓળખવામાં આવ્યો

છે.





ભિન્ન ભિન્ન સ્થળે પ્રતીકાત્મક
ઉપયોગમાં લેવાતી સિંહાકૃતિઓ



સિંહને પ્રાણીઓનો રાજા કહેવામાં આવે છે. તેને શક્તિનું અને રાજાશાહીનું પ્રતીક માનવામાં આવે છે. દુનિયામાં બેબિલોનથી ભારતની સંસ્કૃતિ, યુરોપનાં ગુફાચિત્રોથી, પર્સિયાના રાજ સિંહાસન સુધી, ઇજિપ્તના દેવાલયોથી બ્રિટિશ ક્વૉટ ઑફ આર્મ સુધી, ચાઈનાના

સિંહનૃત્યથી સિંગાપુરના મેર્લાયનની પ્રતિમા સુધી સિંહનું મહત્ત્વ જોવા મળે છે. એશિયાઈ સિંહને `પર્શિયન સિંહ' તરીકે પણ ઓળખવામાં આવે છે. ઇરાનમાં સિંહ અને સૂર્યને શક્તિનાં પ્રતીક માનવામાં આવે છે. પર્શિયાના રાજવીઓ પોતાનાં ઘરેણાંમાં સિંહની આકૃતિ બનાવડાવતાં. ચાઈનામાં પણ સિંહને ખરાબ તત્ત્વોથી રક્ષણ આપનાર માનવામાં આવે છે. મોટાં સ્થળોનાં પ્રવેશદ્વાર ઉપર સિંહની પ્રતિમા મૂકવામાં આવે છે. ચીનના રાજાઓની કબર અને બીજાં સ્થળો ઘણા મહત્ત્વના માનવામાં આવે છે. ચીનમાં સિંહની પ્રતિમા અને ચિત્રો જોવાં મળવાં ઘણું સામાન્ય છે. ચીનના સુમેળભર્યા સંબંધોના પ્રતીકસમા `Forbidden City'ના પ્રવેશદ્વાર ઉપર ધાતુના બે સિંહ મૂકવામાં આવ્યા છે. ડાબી તરફ બચ્ચાં સાથે સિંહણની પ્રતિમા અને જમણી તરફ સિંહની પ્રતિમા ગોઠવવામાં આવી છે. ચીનની સંસ્કૃતિમાં પરંપરાગત રીતે સિંહનૃત્ય ભજવાય છે. ચીનના નવા વર્ષના દિવસે સારા ભવિષ્યને આવકારવા કલાકારો આ નૃત્ય કરે છે. સિંહ જેવો પહેરવેશ ધારણ કરી તેઓ સિંહ જેવી ક્રિયાઓ કરીને નૃત્ય કરે છે.

ઐતિહાસિક નોંધ મુજબ ૧૪મી સદીમાં પેલેમબંગના રાજકુમાર શિકાર કરવા ગયા હતા. સિંહ જેવા દેખાતા એક પ્રાણીને તેમણે જોયું. આવું પ્રાણી પહેલાં તેમણે જોયું ન હતું. તેને સૌભાગ્યનું પ્રતીક માનીને એક નગર વસાવ્યું. તેનું નામ તેમણે `સિંગાપુરા' આપ્યું. (સિંહનુ નગર) જે પાછળથી સિંગાપુર તરીકે પ્રખ્યાત થયું.

શ્રીલંકામાં સિંહનું ચિહ્ન ઘણું મહત્ત્વ ધરાવે છે. સિંહાલી ભાષાના અર્થ મુજબ શ્રીલંકાના લોકો સિંહ-મનુષ્ય અથવા સિંહના રક્તવાળા મનુષ્ય એવો થાય છે. શ્રીલંકાના રાષ્ટ્રધ્વજમાં તલવાર ધારણ કરીને ઊભેલો સિંહ ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દક્ષિણ-પૂર્વ એશિયામાં પણ સિંહના અસ્તિત્વની માહિતી છે. રક્ષણાત્મક પ્રતીક સ્વરૂપે સિંહની પ્રતિમા ઘણાબધા ધાર્મિક સ્થાનોએ રાખવામાં આવે છે. ભારતમાં સિંહ અને સંસ્કૃતિનું પરસ્પર જોડાણ નોંધનીય છે. મૌર્ય સામ્રાજ્યના મહાન સમ્રાટ અશોકે ભારત પર ઈ.સ.પૂર્વે. ૨૭૨થી ૨૩૨ સુધી રાજ કર્યું. પૌરાણિક સમયમાં તેમનું પાટનગર `સિંહનગર' તરીકે ઓળખાતું. તેમના શાસનકાળ દરમિયાન તેમણે સ્તંભો અને પથ્થરો પર સિંહ આકૃતિઓ કોતરાવી હતી.




ભારતના ઘણા ભાગોમાં એશિયાઇ સિંહ ફરતા હતા. પહેલાંના સમયમાં શિકાર એ રાજવી લોકો અને અંગ્રેજી અમલદારોની માનીતી રમત હતી. તેમના આ શોખના પરિણામ સ્વરૂપ એશિયાઇ સિંહ ભારતનાં વિવિધ રાજ્યોમાંથી વિલુપ્ત થતા થતા માત્ર ગુજરાતના ગિર પૂરતા મર્યાદિત રહ્યા. દેવથી લઈને દેવી સુધી સિંહ હંમેશાં ભારતીય સંસ્કૃતિમાં આદરના પ્રતીક તરીકે

ઓળખાય છે. સિંહનું ચિહ્ન માત્ર પૌરાણિક સમય પૂરતું મર્યાદિત નથી, પરંતુ આધુનિક યુગમાં પણ ઘણીબધી જગ્યાએ સિંહના પ્રતીકનો ઉપયોગ કરવામાં આવે છે. સિંહને કોઈ રમતના ચિહ્ન કે કોઈ વેપારીની કંપનીના વિશિષ્ઠ ચિહ્ન તરીકે પણ ઉપયોગમાં લેવામાં આવે છે. સિંહ એ માત્ર સિંહ નથી. એશિયાઈ સિંહને સમજવા માટે તેના ભવ્ય એવા ઐતિહાસિક સ્વરૂપને સમજવું જરૂરી છે.

=


# જયાં સિંહનું શાસન છે

**"All is well. All is well?** હા, તમે થોડા સાચા પણ છો અને થોડા ખોટા! ખોટા એટલે કે અમે અહીં આમિર ખાન અને કરિના કપૂરની પ્રખ્યાત ફિલ્મની વાત નથી કરતા. સાચા એટલે કે અમે અહીં All is well વિશે જુદા જ સંદર્ભની વાત કરીએ છીએ. તો આ ALL નો અર્થ શું છે? ALL એટલે **Asiatic Lion Landscape** . હસવાની જરૂર નથી. અહીંના હીરો ફિલ્મના હીરો કરતાં પણ વધુ શક્તિશાળી છે. તમે ફિલ્મમાં ફિલ્મી હીરો જોતા હશો, પણ આ તો ખરેખરનો હીરો છે. તે છે `ભવ્ય લાગતો એશિયાઈ સિંહ.' અહીં તેના જીવનમાં કોઈ પણ દૃશ્યનું પુનરાવર્તન નથી. બધું જ જીવંત હોય છે. આપણે એશિયાઈ સિંહના સામ્રાજ્ય વિશે વાત કરીએ છીએ.

ગિર એ એશિયાઈ સિંહનું એકમાત્ર નિવાસસ્થાન છે. ગિરને ગર્વ લેવા જેવી બાબત એ છે કે વર્ષોની અથાગ મહેનત અને સખત પ્રયત્નોના પરિણામે સિંહના આવાસો બચી શક્યા. વર્તમાન સમયમાં બૃહદગિર, જેમાં ૫૦૦ કરતાં પણ વધુ એશિયાઈ સિંહ ૨૨,૦૦૦ ચો.કિ.મી. વિસ્તારમાં વિહરી રહ્યા છે. વર્તમાન સમયમાં સિંહની વસ્તીવાળા વિસ્તારોને **Asiatic Lion Landscape** કહેવામાં આવે છે. ALL જે ગુજરાત રાજ્યના આઠ જિલ્લાઓમાં પથરાયેલું છે. ભારતમાં મોટા પ્રમાણમાં સંરક્ષિત વિસ્તારો આવેલા છે, પણ માત્ર ગિર સંરક્ષિત વિસ્તારમાં જ આવા ભવ્ય પ્રાણીનાં જનીનો સચવાયેલાં છે.

સિંહની સાથે આ પ્રદેશ બીજી ઘણી બધી વન્યસૃષ્ટિને વિકસવામાં મદદ કરે છે. ALL માં મોટા પ્રમાણમાં માંસાહારી પ્રાણીઓની સંખ્યા છે. અત્યારે IUCN સંસ્થાએ તૈયાર કરેલી પ્રાણીઓના નામની યાદીમાં સિંહને અત્યંત જોખમમાં મુકાયેલ પ્રજાતીઓના પ્રાણીઓની યાદીમાંથી ખસેડીને ભયજનક સ્થિતિમાં મુકાયેલ પ્રાણીઓની યાદીમાં મૂક્યો છે. આ પ્રવાસ જેટલો લાગે છે તેટલો આનંદદાયક ન હતો. એક પ્રવાસીની દૃષ્ટિએ સિંહ ગિરનાં જંગલોમાં રહે છે. આમાં એવી કેટલી વ્યક્તિ છે કે જેને અંદરની વાતની ખબર છે? ૧૯૯૦માં ૨૪૦ સિંહ જંગલની અંદર હતા. અત્યારે તેમની સંખ્યા ૫૦૦ની થઈ છે. જો સિંહની સંખ્યા ટકાવી રાખવી હશે, તો આ સંખ્યામાં વધારો કરતા રહેવું પડશે.

સિંહના આટલા મોટા સામ્રાજ્યને બચાવવા માટે અહીં ઘણીબધી ઉજ્જ્વળ તકો છે. આટલા વિશાળ ભૂભાગનું સંચાલન જ મોટો પડકાર છે ALL એ એશિયાઇ સિંહનો વર્તમાન


ગિરના જંગલનું એક દૃશ્ય

ભ્રમણ વિસ્તાર છે. ગિરમાં મુખ્યત્વે ત્રણ ઋતુ જોવા મળે છે. જૂનથી ઑક્ટોબર ચોમાસું, નવેમ્બરથી ફેબ્રુઆરી શિયાળો અને માર્ચથી જૂન ઉનાળાની ઋતુ અનુભવાય છે. અહીં


પશ્ચિમમાં ૧,૦૦૦ મિ.મી. અને દક્ષિણ-પશ્ચિમમાં મહત્તમ વરસાદ ૫૦૦થી ૫૫૦ મિ.મી. થાય છે. ઘાસિયા મેદાનો, ઊંડા ખીણ પ્રદેશો, ડુંગરાળ વિસ્તારો એ અહીંનું સૌંદર્ય છે અહીંનો ભૌગોલિક વિસ્તાર ડુંગરાળ અને નાની નાની પર્વત માળાઓનો બનેલો પ્રદેશ છે. ગિરનારના ટોચ ઉપર આવેલું દતાત્રેય શિખર એ ગુજરાતનું સૌથી ઊંચું શિખર છે. ગિરના ઢોળાવો દક્ષિણ પશ્ચિમ તરફના છે. આ પર્વતમાળાઓ તળાજા સુધી પથરાયેલી છે.

ગિરનાર અભયારણ્ય ગોળાકાર ઢોળાવો ધરાવે છે. અહીંથી નીકળતી ઓઝત નદી અને શેત્રુંજી નદી માણેકવાળા આગળ અલગ થાય છે. ગિરમાંથી નીકળતી સાત નદીઓ દક્ષિણ અને દક્ષિણ-પશ્ચિમ તરફ વહે છે. ચંચાઈ અને પાણિયા એ દક્ષિણ તરફથી નદીઓના વિસ્તારમાં આવે છે. એશિયાઈ સિંહનું સંવર્ધન એ ગુજરાત સરકારનું અને ભારત સરકારનું પણ પ્રથમ પ્રાધાન્ય છે.

વિશ્વ માટે ગિર એ એશિયાઈ સિંહનું નિવાસસ્થાન છે, પણ ઘણા ઓછા લોકો ગિરની સુંદરતા વિશે જાણે છે. જૈવવિવિધતાથી હર્યોભર્યો આ પ્રદેશ બીજી ઘણી અદ્ભુત અને સ્થિર નિવસનતંત્ર પ્રણાલી ધરાવે છે. ગિરની સુંદરતાને વર્ણવવા કવિતા રચવી પડે. પણ ગિરની સુંદરતાને સમજવા અહીંની ભૂગોળ, અહીંની વનસ્પતિ અને અહીંની જૈવવિવિધતાને સમજવી જરૂરી છે.

આમ તો આ સંરક્ષિત વિસ્તાર છે. ગિર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉધાનનો કુલ વિસ્તાર ૧,૪૧૨.૧૩ ચો.કિ.મી. છે. જેમાં રાષ્ટ્રીય ઉધાન ૨૫૮.૭૧ ચો.કિ.મી.માં અને ગિર અભયારણ્ય ૧,૧૫૩.૪૨ ચો. કિ.મી.માં આવેલો છે. પણ માત્ર એક તરફી માહિતી છે. બીજા વિસ્તારો જે `પાણિયા અભયારણ્ય' અને `મિતીયાળા અભયારણ્ય' છે એ ગિરના જ ભાગ છે. આ સિવાય વધારામાં આરક્ષિત જંગલ, Unclassified Forest ઘાસના પ્રદેશો અને જંગલો આવેલાં છે. કેટલીક સદીઓ પહેલાં ૧૮૭૭ સુધી આ જંગલ ૫,૦૦૦ ચો.કિ.મી.માં વિસ્તરેલું હતું જ્યારે સૌરાષ્ટ્રમાં આ વિસ્તારનો અભ્યાસ ત્રિકોણમિતિની રીતે કરવામાં આવ્યો ત્યારે જૂનાગઢ રાજ્યને ૩,૧૦૮ ચો.કિ.મી.માં માપવામાં આવ્યું. સ્વાતંત્ર્ય બાદ ખેતી વધવાથી અને જંગલો ઓછાં થવાનાં પરિણામે આ વિસ્તાર ઘટતો ગયો. પહેલાંના સમયમાં માત્ર જંગલની અંદર જ સિંહ જોવા મળતા, પણ યોગ્ય રક્ષણ અને સંવર્ધનનાં પગલાં લેવાયાં હોવાથી સિંહ હવે વધુ વિસ્તારમાં ફરતા થયા છે. સિંહ નવા વિસ્તારોમાં નથી જઈ રહ્યા. પરંતુ પોતાનું ગુમાવેલું સામ્રાજ્ય ભાવનગરના જંગલ વિસ્તારો અને દરિયાકાંઠાના વિસ્તારો હવે સાવજના કાયમી નિવાસસ્થાન બન્યા છે.

એપ્રિલ ૨૦૦૭માં `બૃહદગિર'નો વિચાર આવ્યો. પ્રથમ વખત પાંચ જિલ્લાઓમાં સિંહના પ્રસાર અને હાજરીના પુરાવા મળ્યા. આજે જૂનાગઢ, ગિર-સોમનાથ, અમરેલી, પોરબંદર અને ભાવનગરના વિસ્તારો પણ સિંહના કાયમી નિવાસસ્થાન બની ચૂક્યાં છે.



માત્ર એક કે બે પ્રાણીની પ્રજાતિઓથી જમીનની સુંદરતા વર્ણવી શકાતી નથી. ગિરની અલભ્ય વનસ્પતિઓ અને પ્રાણીસૃષ્ટિ પણ પ્રખ્યાત છે. વનસ્પતિની ૬૦૦થી વધુ પ્રજાતિઓ ગિરનાં જંગલોમાં સ્થાન ધરાવે છે. આમાંથી અમુક તો માત્ર ચોમાસામાં જ થાય છે. ૩૯ પ્રકારનાં સસ્તન પ્રાણીઓ, ૩૦૦થી વધુ પ્રકારનાં પક્ષીઓ, ૩૭ પ્રકારનાં સરિસૃપ અને ૨૦૦૦થી

વધુ જંતુઓ ગિરના જંગલોમાં વસવાટ કરે છે. દીપડા, જંગલ બિલાડી, ઝરખ, શિયાળ, નોળિયો, લોંકડી, ઘોરખોદિયું અને રણબિલાડી અહીંના મુખ્ય માંસાહારી પ્રાણીઓ છે. ચીતલ, સાંભર, ચોશિંગા અને ચિંકારા જેવાં વન્ય-પ્રાણીઓ ગિરના મુખ્ય તૃણાહારીઓ છે. જંગલીભૂંડ અહીં સરળતાથી જોવા મળે છે. વાંદરાં અહીં ઝાડ ઉપર કૂદાકૂદ કરતા જોઈ શકાય છે. શાહુડીની સંખ્યા ગિરમાં સારી એવી છે, પણ મોટાભાગે તે સૂર્યાસ્ત બાદ વધુ જોવા મળે છે. અહીં સસલાં મળવાં સામાન્ય છે પણ જો તમારી ઉપર કુદરત મહેરબાન હોય તો તમને કીડીખાઉ પણ જોવા મળી શકે છે.

જંગલમાં આવેલા ચાર જળબંધોમાં મગર સારા એવા પ્રમાણમાં છે. મોટી નદીઓ અને તેમાં જોડાતી બીજી ઘણી બધી નાની મોટી જળધારાઓએ ભેગા મળીને વિશાળ વિસ્તારની રચના કરી છે. કાચબા, ઘો અને સંખ્યાબંધ સાપ જોવા અહીં બહુ જ સામાન્ય બાબત છે. અજગર અહીં ભાગ્યે જ જોવા મળે છે પરંતુ જો તમારું ભાગ્ય જોર કરતું હોય તો તમે કદાચ આવા અજગર સાથે ફોટા પડાવવાનો લાભ લઈ શકો. પક્ષીપ્રેમીઓ માટે પણ ગિર મહત્ત્વનું સ્થળ છે. ૩૦૦થી વધુ પ્રકારનાં સ્થાનિક અને યાયાવર પક્ષીઓ ગિરમાં જોવા મળે છે. જો તમે મોરના ચાહક હો તો મે મહિનાની શરૂઆતમાં તમે સુંદર કળા કરતા મોર જોઈ શકો છો. મોર સિવાય અહીં બીજાં ઘણાં પક્ષી જોવા મળે છે. બંધ અને નદીની આસપાસ ગિરના શ્રેષ્ઠ શિકારી પક્ષીઓ જોવા માટે તો શિયાળો ઉત્તમ ઋતુ છે. અહીં ફરવા માટે આવો, ત્યારે જાડું જૅકેટ લાવવાનું ભૂલશો નહીં, કારણ કે આમ પણ અહીં ઠંડી વધુ પડે છે. ઘણાં વર્ષો બાદ સુરખાબ જેવાં પક્ષીઓએ ગિરના વિવિધ જળાશયોની મુલાકાત લેવી શરૂ કરી છે. તમે ફરી જ્યારે ગિરની મુલાકાતે આવો ત્યારે તમે સિંહ સાથે આવી પ્રજાતિઓને નિહાળવાનું ચૂકશો નહીં.

ગિરપ્રદેશ એ એક અનન્ય વિસ્તાર છે. અહીં સુંદર લોકો, વિવિધ સમુદાયો, નાના-મોટા તહેવારો અને સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે. માલધારી અને સીદી સમુદાયને સિંહ સાથે વધુ નજીકના સંબંધો છે. એક સમયે સિંહના આહારનો મુખ્ય ભાગ માલધારીના માલઢોર હતા. સમય જતાં વિવિધ યોજનાઓ હેઠળ માલધારી પરિવારોને ગિરની બહાર પુનર્વસિત કરવામાં આવ્યાં. ભારતના અમુક જૂના અભયારણ્યોમાંનું એક ગિરનું અભયારણ્ય ભારતમાં પ્રખ્યાત છે. ગિર પ્રદેશ એ કોઈ નાનકડો પાર્ક કે માત્ર અભયારણ્ય નથી. પણ વિશ્વના હિંસક પ્રાણીઓ સાથે રહેનારા જનસમુદાયનો ધબકતો પ્રદેશ છે.

સિંહ અને દીપડા જેવા મોટાં માંસભક્ષી પ્રાણીઓ અન્ય તૃણાહારીઓ અને માંસાહારીઓ સાથે પોતાનું સામ્રાજ્ય વહેંચે છે. આ જંગલમાં અને તેની આસપાસ પણ સિંહ અને મનુષ્યો એક સાથે વસે છે. એક ખેતરમાં એક તરફ જ્યાં ખેડૂત ખેતી કરી રહ્યો હોય, ત્યાં એ જ ખેતરમાં કોઈ સિંહણ તેનાં બચ્ચાંને જન્મ આપી રહી હોય એમ પણ બને. આ એ જ જગ્યા છે જ્યાં રાત્રે સિંહ આરામ કરે છે અને સવારે ત્યાં બેસી સંત ધાર્મિક પ્રવચન આપે છે. આ એ જગ્યા છે જ્યાં સિંહ એ માત્ર પ્રાણી નથી, પણ પરિવારનો સભ્ય છે.

અહીં ખેડૂત રાત્રે ચોરથી પોતાના પાકનું રક્ષણ કરવા પોતાના ખેતરમાં ખાટલો ઢાળીને સૂએ છે અને સવારે ઊઠીને હસી પડતાં કહે છે, “લે, રાત્રે તો સાવજ મારું રખોપું કરતાં ગ્યા!” સિંહની ગર્જનાથી ડરીને ઘરમાં છુપાઈ જવાને બદલે અહીંનાં બાળકો સિંહની ગર્જનાની નકલ કરે છે. ભલેને પછી સિંહ સાવ નજીકમાં જ કેમ ન હોય! ખેતરનો ઊભો પાક લણવા માટે તૈયાર થયેલો ખેડૂત ક્યારેય મૂંઝાતો નથી. પાકને નીલગાય કે જંગલીભૂંડ બગાડી શકે તેમ નથી, કારણ કે તેને ખબર છે કે ખેતરના બીજા ખૂણે સિંહણ બેઠી છે. ૨૨,૦૦૦ ચો.કિ.મી. જેટલા વિશાળ વિસ્તારમાં ઘણાં બધાં નાનાં નગરો, હજારો ગામડાંઓ, જંગલો, ખેતરો, પર્વતો, રેલવે લાઇન અને દરિયાકાંઠામાં સિંહ મુક્તપણે વિહરી રહ્યા હોય છે.

=

# ઊઠવું, પડી જવું અને ફરી પાછા ઉભાં થવું

આધુનિકીકરણ અને શહેરીકરણની પ્રક્રિયાએ આજના લોકોને પોતે શું જીવી રહ્યા છે તે જ ભુલાવી દીધું છે! માણસો અત્યારે જવાબદારી અને ઇચ્છાઓની પાછળ દોડી રહ્યા છે. તેઓને જરાપણ ભાન નથી કે તેમની જીવનલીલા રંગ તરફથી ભૂખરા રંગ તરફ જઈ રહ્યું છે. અબજો લોકો આ અદ્ભુત દુનિયામાં જીવી રહ્યા છે. તમે ક્યારેક તેઓને પ્રશ્ન કરજો કે તેમણે કુદરતની મજા છેલ્લે ક્યારે માણી છે? જવાબ આપવામાં મોટા ભાગના નિષ્ફળ જશે.

પૃથ્વી પર ૨૮ હજાર પ્રકારની માછલીઓ અસ્તિત્વ ધરાવી રહી છે. જો કોઈ સામાન્ય માણસ આ વાક્ય સાંભળે તો આશ્ચર્યચકિત થઈ જાય. પૃથ્વી ઉપરના બધા જીવોમાં મનુષ્યને સૌથી બુદ્ધિશાળી માનવામાં આવે છે. પણ ઘણી બધી જગ્યાએ મનુષ્યો પોતાની બુદ્ધિનો દુરુપયોગ કરે છે. પૃથ્વીના બીજા જીવો પર તે નકારાત્મક અસરો પાડે છે. `આપવું' અને `લેવું' એ કુદરતનો નિયમ છે. હજારો વર્ષોથી પૃથ્વી પર ઉત્પન્ન થતી દરેક વસ્તુનો આપણે ઉપયોગ કરીએ છીએ. આપણે પૃથ્વી, દરિયો, ખાણ-ખનીજ, જંગલો બધાંનો ઉપયોગ કરી લઈએ છીએ, પણ તેમાં સમતુલા જાળવવામાં નિષ્ફળ જઈએ છીએ. બુદ્ધિશાળી પ્રાણી હોવા છતાં આપણે પ્રકૃતિ પ્રત્યેની આપણી ફરજો ભૂલી જઈએ છીએ.

૪૦૦ પ્રકારના સસ્તન પ્રાણીઓ, ૧,૨૦૦ પ્રકારનાં પક્ષીની જાતિઓ અને ૫૯,૦૦૦ પ્રકાના જીવજંતુઓ ભારતમાં જોવા મળે છે. ભારતની જમીનના ૫% ભૂભાગને સેંકડો અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉધાન, વન્યજીવ અનામત વિસ્તારો અને સંરક્ષિત વિસ્તારો છે.

વિશ્વ ભલે છેલ્લાં ૧૦૦ કે ૨૦૦ વર્ષોથી સંરક્ષણની કામગીરી કરવાનો પ્રયત્ન કરી રહ્યું હોય, પરંતુ પ્રાચીન સમયથી ભારતમાં વન્યપ્રાણી સંરક્ષણ થતું આવ્યું છે. વન્યપ્રાણીની હત્યા એ પહેલાંના સમયમાં પણ ગુનો હતો. જો તમે ભારતનું કોઈપણ ધાર્મિક પુસ્તક જોશો તો તેમાં માનવ અને વન્યપ્રાણી વચ્ચેના સંબંધો ખૂબ સુંદર રીતે વર્ણવવામાં આવ્યાં છે. `યોગ' અને `ધ્યાન'ને દુનિયામાં શાંતિ મેળવવા અને સંયમ મેળવવાની યોગ્ય પદ્ધતિ તરીકે સ્વીકારવામાં આવ્યાં છે. ધ્યાન એ આપણા `સ્વ'ને સમજવાનો પ્રયત્ન છે અને તેનાથી આંતરિક શાંતિ પ્રાપ્ત થાય છે. પહેલાંના સમયમાં ઋષિમુનિઓ જંગલમાં જીવનના મહત્ત્વના બોધપાઠ મેળવવા જતા હતા. એક જ જગ્યાએ તેઓ કલાકોના કલાકો બેસતા અને ધ્યાન ધરતા. આવા સમયે પ્રાણીઓ તેમની આસપાસ ફરતા! કોઈપણ ભય વગર આ પ્રાણીઓ ઘણી વખત કલાકો સુધી તેમની પાસે બેસતાં.


અમુક રાજાઓએ પોતાના સમયમાં વન્યજીવનાં સંરક્ષણનું કામ કર્યું છે. સંરક્ષણની વાત માત્ર પૌરાણિક યુગ પૂરતી મર્યાદિત નથી, પરંતુ ઘણા મુગલો અને રજવાડાંઓએ પણ ભારતની જૈવવિવિધતા બચાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. છેલ્લાં ૧૦૦ વર્ષોમાં માનવીય હસ્તક્ષેપના કારણે ઘણી બધી પ્રજાતિઓ નષ્ટપ્રાય અથવા વિલુપ્ત થઈ ગઈ છે. અમુક અલભ્ય વન્યપ્રાણીની પ્રજાતિઓ ભારતમાં અસ્તિત્વ ધરાવે છે, એમાં નોંધપાત્ર છે વાઘ અને સિંહ. વાઘ ભારતના ઘણા ભાગોમાં જોવા મળે છે. ઘણા દક્ષિણપૂર્વ દેશોમાં પણ અસ્તિત્વ ધરાવે છે. એક અંદાજ મુજબ ૨૦મી સદીની શરૂઆતમાં જંગલોમાં ૧,૦૦,૦૦૦ જેટલા વાઘ હતા પણ અત્યારે તેમની સંખ્યા ઘટીને માત્ર ૪૫૦૦ જેટલી રહી ગઈ છે. અન્ય દેશોની જેમ ભારત પણ વાઘના સંરક્ષણ માટે ખૂબ મહેનત કરી રહ્યું છે.

ફેલિડી પરિવારને ૧૪ પ્રકારની જાતિમાં વહેંચવામાં આવ્યું છે. તેના પેટા પરિવારને પેન્થરાઇન કહે છે જેમાં, *Genus Neofelis (Clouded Leopard), unica (Snow*

*Leopard), Panthera (Panthera tigris, Panthera onca, Phanthera, leo, and Panthera pardus),* ઘણી મૂંઝવણ છે નહીં? મને ખબર છે. તમે બિલાડીકુળના પ્રાણીઓ વિશેની આટલી જટિલ માહિતી તો નહીં ઇચ્છતા હો. ચાલો, મુદ્દા પર આવીએ.

ઘરમાં `મ્યાઉં' અવાજ કરતી બિલાડી આપણા ઘરના બીજા ઓરડામાં પણ હોય અને અવાજ કરતી હોય તો કોઈ ફરક પડતો નથી. પરંતુ કોઈ બિલાડીનો અવાજ ૮ કિ.મી. દૂરથી સંભળાય તો ઘણો નહીં, ઘણો બધો ફેર પડે છે. દુનિયામાં ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે કે જેણે સિંહ કે સાવજ શબ્દ સાંભળ્યો ન હોય! આપણે જ્યારે `સિંહ' શબ્દ સાંભળીએ તો આપણા મગજમાં એક આકૃતિ રચાય છે. `દુનિયાનું એક શક્તિશાળી અને સુંદર પ્રાણી.' સિંહ ઘણી બધી જગ્યાએ જોવા મળે છે. સિંહ અહીં છે. સિંહ જંગલમાં છે, સિંહ અહીં પાંજરામાં છે. એક સાંસ્કૃતિક પ્રતીક તરીકે, એક ચિહ્ન તરીકે, ધ્વજ ઉપર, ધાર્મિક સ્થળોએ, ઐતિહાસિક સ્થળોએ લગભગ દરેક જગ્યાએ ચિહ્નમાં જો સિંહનું પ્રતીક હોય તો તે વધુ જાજરમાન લાગે છે. જ્યાં શક્તિનું ચિહ્ન હશે ત્યાં સિંહ હશે જ. હજારો વર્ષોથી આજ સુધી આ ચમત્કારિક પ્રાણીએ પોતાની છાપ એક અલગ રીતે જાળવી રાખી છે.

વિશ્વની બીજી મોટી બિલાડીઓ કરતાં સિંહ ભવ્ય ઐતિહાસિક વારસો ધરાવે છે. ઐતિહાસિક રીતે સિંહ સમગ્ર મધ્ય તહેરિન, આરબ દેશો અને છેક ભારતમાં હતા અને આફ્રિકા સુધી વિસ્તારેલા હતા. એક માન્યતા એવી છે કે ઈ.સ. ૧૧૦૦માં યુરોપમાંથી સિંહ નામશેષ થઈ ગયા. ૧૨મી સદીમાં પેલેસ્ટાઇનમાં અને ૧૯મી સદીની શરૂઆત સુધીમાં સિરિયા અને ઇરાનમાં સિંહ જોવા મળ્યા હોય તેવા પુરાવા છે. સિંહ હવે માત્ર આફ્રિકા અને ભારતમાં બચ્યા છે. એક સમયે આફ્રિકામાં લાખો સિંહ ફરતા હતા. અત્યારે આફ્રિકાની ધરતી પરથી ૮૯% સિંહ ખતમ થઈ ગયા છે. ૩૦,૦૦૦ જેટલા સિંહો ઘણાં બધાં જોખમો હેઠળ જીવી રહ્યા છે. તેમની સંખ્યા દિવસે-દિવસે ઘટતી જાય છે. આશરે ૧,૦૦,૦૦૦ વર્ષ પહેલાં આફ્રિકન એશિયાઈ સિંહ જુદા પડી ગયા હતા. એ સમયે સિંહ બિહારથી લઈને પંજાબ, રાજસ્થાન અને ગુજરાત સુધી વિહરતા હતા. તેમના લુપ્ત થવાનો સમય જોઈએ તો બિહારમાંથી ૧૮૪૦, દિલ્હીમાંથી ૧૮૩૪, ભાગલપુરમાંથી ૧૮૪૨, પૂર્વીય વિંધ્ય અને બુંદેલખંડમાંથી ૧૮૬૫, મધ્ય ભારતમાંથી અને રાજસ્થાનમાંથી ૧૮૭૦ અને પશ્ચિમ અરવલ્લીના વિસ્તારોમાંથી ૧૮૮૦માં સિંહ લુપ્ત થઈ ગયા. સૌરાષ્ટ્રની બહાર છેલ્લો સિંહ ૧૮૮૪માં નોંધાયો હતો. શિકારની પ્રવૃતિએ ભારતના બીજા ભાગોમાંથી ૧૮૮૦ સુધીમાં સિંહની વસ્તીને નામશેષ બનાવી દીધી હતી. સૌરાષ્ટ્રમાં સિંહ ધ્રાંગધ્રા, જસદણ, ચોટીલા, આલેચના ડુંગરા, બરડા ડુંગર, ગિર અને ગિરનારમાં અસ્તિત્વ ધરાવતા હતા. ૧૯મી સદીની શરૂઆતમાં ખેતી અને આધુનિકીકરણના કારણે જંગલો ઘટવાથી ગિર, ગિરનાર અને આલેચ તથા બરડા વચ્ચેના અવરજવરના માર્ગો બંધ થઈ ગયા. આથી છેવટે સિંહની વસ્તી ગિરનાં જંગલો પૂરતી સીમિત રહી ગઈ. અત્યારે ગુજરાતના ગિરનાં જંગલો એ એશિયાઈ સિંહ માટેનું અંતિમ નિવાસસ્થાન છે. આફ્રિકન સિંહની સરખામણીમાં એશિયાઈ સિંહની સંખ્યા ઘણી ઓછી છે, પરંતુ તેનું ઐતિહાસિક અને વર્તમાન ચિત્ર ઘણું અલભ્ય અને ભવ્ય છે. ભારતમાં સિંહનું એક મોભાદાર પ્રાણી તરીકે ઘણું મહત્ત્વ છે. એક સમયે ભારતમાં સિંહનો શિકાર એ એક શાહી રમત ગણવામાં આવતી. યુરોપિયન અને બ્રિટિશ અમલદારોને જૂનાં રજવાડાં અને નવાબ શિકાર રમવા બોલાવતા અને પરિણામસ્વરૂપ સમગ્ર ભારતમાંથી સિંહ નામશેષ થઈને માત્ર ગિરમાં બચ્યાં. ગિરમાં પણ તેઓની સંખ્યા માત્ર પચાસ જેટલી જ બચી હતી. આ એક ભયસૂચક સંકેત હતો. પછી જૂનાગઢના નવાબે ગિરને રક્ષિત વિસ્તાર તરીકે જાહેર કર્યો.


સિંહનો શિકાર કર્યા પછી એકઠા થયેલા બ્રિટિશ અમલદારો

સિંહના ઐતિહાસિક ગ્રંથમાં ભારતનું સ્વાતંત્ર્ય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સ્વાતંત્ર્ય પહેલાં જૂનાગઢ એ દેશી રજવાડું હતું. ૧૯૪૭માં સ્વાતંત્ર્ય સમયે જૂનાગઢના નવાબને વિકલ્પ આપવામાં આવ્યા. કાં તો એ ભારતનો ભાગ રહે અથવા પાકિસ્તાનમાં ભળી જાય. એક મુસ્લિમ શાસક તરીકે નવાબે પાકિસ્તાનમાં જવાની ઇચ્છા દર્શાવી. સ્થાનિક લોકોએ તેના આ

વિચારોનો વિરોધ કર્યો અને જૂનાગઢ તથા આપણા સિંહ ભારતનો ભાગ બની રહ્યા. નષ્ટપ્રાય થવાના આરે આવીને ઊભેલા એશિયાઈ સિંહ માટે બચવાની અને જીવવાની શક્યતા, જૂનાગઢના નવાબના શિકાર ઉપર પ્રતિબંધ લગાવ્યા બાદ વધી ગઈ. ૧૮૮૦માં માત્ર થોડાક સિંહ ગિરનાં જંગલોમાં બચ્યા હતા. ૧૯૦૫માં સિંહની સંખ્યા ૧૦૦ જેટલી હતી. એવું માનવામાં આવે છે કે તે સમયે સિંહની વસ્તીનો અંદાજ કાઢવામાં આવ્યો હશે. ૧૯૩૬માં સિંહની સંખ્યા નાટ્યાત્મક રીતે ૨૮૭એ પહોંચી. આ સમયે સ્થાનિક સમુદાયોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સ્થાનિકો અને સંસ્થાઓના સહકાર અને વનવિભાગની પ્રશંસનીય કામગીરીના ભાગરૂપે ૨૦૧૫માં સિંહની સંખ્યા ૫૦૦થી ઉપર પહોંચી ગઈ છે.

=

# સમ્રાટોના પડઘા

ગિરના વિશાળ જંગલમાં દિવસ અસ્ત થઈ રહ્યો છે અને અંધકાર પથરાઈ રહ્યો છે. અંધકારની સાથેસાથે નવા પડછાયા અને આકૃતિઓ આકાર લઈ રહી છે. ઝાડવાંની બખોલમાંથી આંખો ઝાંખી રહી હતી. વૃક્ષોનાં સડીને ખરી પડેલાં ડાળખાં સાથે અથડાઈને આવતો પવન કંઈક અલગ અવાજ કરી રહ્યો છે, ખિસકોલીઓની ચિચિયારીઓ ધીમે-ધીમે ઓછી થઈ રહી છે, પક્ષીઓનો કલરવ અંધારું થવાની સાથે ઘટી રહ્યો હતો. તેઓ પોતાના માળામાં પાછા આવી રહ્યાં છે. શિયાળ મોટા અવાજે આક્રંદ કરીને તેમના જોડીદારને બોલાવી રહ્યા છે. માદાઓના અરસપરસના અવાજો રાત્રે ત્રાસ મચાવી રહ્યા છે. મધવો બાજની ચિચિયારીઓ રાત્રિની શાંતિનો ભંગ કરી રહી છે. ટોળાં વળીને ચીતલ પોતાનાં બચ્ચાંઓનું રક્ષાણ કરી રહ્યાં છે. અમુક મેદાનમાં છે અને બીજાં બધાં ઊભાં રહી ચકોર નજરે ચારેબાજુ જોઈ રહ્યાં છે. અચાનક મેદાનમાં પડેલાં ડાળખાંના ખખડાટથી બધાં સચેત થઈ ગયાં. વિચારવા લાગ્યા કે ગભરાવા જેવું કશું નથી, એ તો જંગલી સૂવર છે. આકાશમાં અર્ધચંદ્ર પ્રકાશ પાથરવા બરાબર ગોઠવાઈ ગયો છે. જેનું પ્રતિબિંબ પાણીમાં સ્પષ્ટ જોઈ શકાય છે. કોઈક વખત વાંદરા વચ્ચે તીણા અવાજ કરીને પાછા શાંત થઈ જાય છે.

ટમટમતા તારાથી ભરાયેલું આકાશ અને ગિરની એ રાત્રિ જંગલના રાત્રિજીવનની એક અલગ અનુભૂતિ કરાવે છે. આ જંગલ એ વિશ્વના સૌથી મોહમયી પ્રાણીનું છેલ્લું નિવાસસ્થાન છે. પ્રાણીઓનો રાજા, પૃથ્વી પર જેને કોઈ પડકારી શકતું નથી તે અહીં વસે છે. સિંહ એક ઉમદા પ્રાણી અને જંગલનો નિર્વિવાદિત રાજવી છે.

સિંહની ગર્જનાનો પડઘો જંગલમાં દૂર સુધી પડે છે. તેના અવાજથી જંગલોનો ઘોંઘાટ નીરવ શાંતિમાં પરિવર્તિત થઈ જાય છે. દૂર જંગલની સરહદ પર આવેલા એક ગામડામાં રખડતાં કૂતરા સિંહનો અવાજ સાંભળી ભયથી પૂંછડી દબાવી ઊભા રહી જાય છે. સિંહ રાત્રે પોતાનો દિવસ શરૂ કરે છે. સિંહ જ્યારે શિકારની શોધમાં હોય છે ત્યારે જંગલનું સ્વરૂપ બદલાઈ જાય છે. આઠ સભ્યોનો સમૂહ પોતાની દિવસ આખાની આળસ ખંખેરી રહ્યો હોય છે. સમૂહનો મુખ્ય સિંહ પોતાના સામ્રાજ્યનો પહેરો ભરી રહ્યો છે અને સાથે સાથે પોતાની તીવ્ર ગર્જના દ્વારા સિંહ અન્ય સભ્યોને પોતાની હાજરી પણ જણાવી રહ્યો છે. અન્ય સમૂહને આજે શિકાર કરવાની ઇચ્છા નથી. આગલી રાત્રે તેમણે મન મૂકીને મિજબાની માણી હતી. પોતાની તરસ છિપાવવા થોડા સમયમાં તેઓ પાણીના કુંડે આવશે. સમૂહની એકતા તેમની તાકાત છે અને તેથી કોઈ તેમની સાથે બાથ ભીડવાની હિંમત નહીં કરે. આ કોઈ અણધારી મળી આવેલી તક નથી પરંતુ સમય સાથે આવેલી ઉત્ક્રાંતિથી તેઓએ આ ગૌરવ પ્રાપ્ત કર્યું છે. તેઓ ઉતમ શિકારી છે તેવું સમય સાથે તેમણે પુરવાર કર્યું છે.

સમૂહની સામાજિક વર્તણૂક

વિશ્વમાં જોવા મળતા મોટાભાગના બિલાડીકુળનાં પ્રાણીઓ સામાજિક નથી, પણ સિંહ સ્પષ્ટ રીતે સામાજિક પ્રાણી છે. તેઓ ઘણું વ્યવસ્થિત અને સબળ સામાજિક જીવન જીવે છે. અહીં બધા સભ્યોમાં જવાબદારી વહેંચાયેલી હોય છે. દરેકે પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવાની હોય છે. સામાજિકતા એ સિંહના જીવનની મહત્ત્વની બાબત છે. સિંહ અને સિંહણ બંને પ્રાદેશિક પ્રાણી છે. સમૂહનું કદ અને તેમનો પ્રદેશ વિસ્તાર પાણીની ઉપલબ્ધતા, શિકારની ઉપલબ્ધતા અને સારા વસવાટ ઉપર નિર્ભર છે. એક મધ્યમ કદના સમૂહમાં ચારથી પાંચ પુખ્તવયની સિંહણ, બે અથવા એક સિંહ અને થોડાંક બચ્ચાં હોય છે. જોકે નાનકડા

સમૂહમાં એક સિંહ, એક સિંહણ અને તેમનાં સિંહબાળ પણ હોય છે. એશિયાઈ સિંહના સમૂહમાં દસથી પંદર સિંહ નોંધવામાં આવ્યા છે.

સિંહના દરેક સમૂહમાં એક અથવા બે મુખ્ય સિંહ હોય છે. એવા કિસ્સા ઘણા ઓછા જોવા મળ્યા છે કે જેમાં બે કરતાં વધુ પુખ્તવયના સિંહસમૂહના સભ્યો હોય. પ્રમુખનું કામ તેના સામ્રાજ્યના વિસ્તારનું બહારના અન્ય નર પ્રાણીઓ સામે રક્ષણ કરવાનું છે. મુખ્ય સિંહે પોતાના સામ્રાજ્ય વિસ્તારનું રક્ષણ કરવાની સાથે સાથે તેને સૂચક ચિહ્ન તરીકે અમુક જગ્યાએ પોતાના વિસ્તારનું સીમાંકન કરવાનું હોય છે. આમ કરવાથી બીજા સિંહ આ ગંધ પારખી શકે અને તેમને સમૂહના વિસ્તારની બાબત ધ્યાનમાં રહે. આથી, તેઓ આ વિસ્તારથી દૂર રહે. બે સિંહ અથવા ત્રણ સિંહના જોડકાં ઘણી વખત સગા નથી પણ હોતા. તેઓ ભય અને તકના અભાવે એક સાથે થયા હોય છે. જો કોઈ સમૂહમાં ત્રણ કરતાં વધુ સિંહ હોય તો ભાઈઓ અથવા પિતરાઈ ભાઈઓ જ હોય છે. એકબીજાના સંબંધી ન પણ હોય તેવા સિંહ દ્વારા બનાવવામાં આવેલું સામ્રાજ્ય વર્ષો સુધી ટકે છે. જ્યારે સિંહબાળ પુખ્ત બને છે, એટલે કે ૨ થી ૨.૫ વર્ષનો પુખ્ત સિંહ બને છે ત્યારે તેણે ઘણી વખત પોતાના જ પ્રમુખને પડકાર કરવો પડે છે. જો આ યુવાસિંહ હારી જાય તો તેને પોતાનો સમૂહ છોડી દેવા માટે ફરજ પાડવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં તેણે પોતાનો નવો સમૂહ બનાવવો પડે છે, અથવા બીજા સમૂહનું શાસન મેળવવા લડાઈ કરવી પડે છે. જંગલમાં એકલા સિંહ માટે જીવનનિર્વાહની શક્યતા ખૂબ ઓછી હોય છે.



સિંહનો પરિવાર

સિંહણ એ સિંહના સમૂહનો પાયો છે. સિંહણનું જૂથ સિંહ વગર રહી શકે છે. તેઓ શિકાર કરી શકે છે. પ્રતિસ્પર્ધીને હરાવી શકે છે. પોતાના બચ્ચાં ઉછેરી શકે છે અને પોતાનું સામ્રાજ્ય પણ બનાવી શકે છે. સમૂહના માળખાની મહત્ત્વની બાબત છે, સિંહણનાં આંતરસંબંધો. તેઓ માતા, બહેન, પુત્રી, માસી કે પિતરાઈ બહેનો પણ હોય છે.

ક્યારેક કોઈ બહારથી આવેલ સિંહણને સમૂહમાં સ્થાન ભાગ્યે જ મળે છે. સિંહણ ક્યારેય સિંહની જેમ સત્તાધારી વલણ નથી અપનાવતી. ઊલટાનું તેઓ એકબીજાનાં બચ્ચાં મોટાં કરવા જેવી બાબતમાં પણ મદદરૂપ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, સમૂહમાં નાનકડી બાલવાડી હોય છે. સિંહણ ખૂબ સુમેળપૂર્ણ વાતાવરણમાં બચ્ચાંને જન્મ આપે છે અને આનાથી ફાયદા પણ ઘણા છે. બચ્ચાં ઊછરી જાય છે. જો સમૂહમાં એક કરતાં વધુ માદા હોય તો તેઓ આ બચ્ચાંઓને દૂધ પણ પીવડાવે છે અને ઉછેરવામાં મદદ પણ કરે છે. એક સાથે મોટાં થયેલાં આવાં બચ્ચાં ભવિષ્યમાં મોટાં થઈ પોતાનાં જ સગાંના સમૂહમાં અલગ જૂથ બનાવે છે, એ પુરવાર પણ થયેલું છે. સમૂહમાં રહેતા સાવજ તેમના જીવનના દરેક તબક્કા સારી રીતે જીવી શકે છે.

એ પુખ્ત અને બળવાન સિંહનું, પોતાના જીવનના આ તબક્કામાં માત્ર એક જ ધ્યેય હોય છે, કે બીજા સમૂહ પર કોઈ પણ રીતે આધિપત્ય સ્થાપવું. તેમની બાજનજર હંમેશાં યોગ્ય સમૂહની શોધમાં હોય છે. પોતાના વંશને આગળ વધારવા માટે સિંહ પાસે ખૂબ ટૂંકા ગાળાનો સમય હોય છે. સિંહ વધુ સમય વ્યર્થ કરી શકે તેમ નથી. તેમના ધ્યાનમાં નજીકના સુંદર અને રમણીય નદી વિસ્તારમાં વસતો એક સમૂહ છે. આ સમૂહને બેવડો લાભ છે. એક તો તેઓ ત્યાંના ઝાડીવાળા વિસ્તારમાં અને નદીકિનારે આવતાં પ્રાણીઓનાં એમ બંને જગ્યાએ શિકાર કરી શકે છે. અહીં ૧૦ વર્ષની ઉંમરનો પુખ્ત સિંહ, ત્રણ સિંહણ, ત્રણ પાઠડા અને બે નાનકડા સિંહબાળના પરિવાર સાથે પોતાના સામ્રાજ્યનો આનંદ ભોગવી રહ્યો હોય છે. આ સિંહ છેલ્લાં ચાર વર્ષથી આ વિસ્તાર પર સફળતાપૂર્વક આધિપત્ય ભોગવી રહ્યો છે. બહારના ઘૂસણખોરોથી પોતાના પરિવાર અને વિસ્તારનું રક્ષણ પણ કરી રહ્યો છે. જોકે, તેનો શાસનકાળ લગભગ પૂર્ણતાના આરે છે. બીજા ઘૂસણખોરોએ નદીના બીજા કિનારેથી પોતાની હાજરીના પડઘમ વગાડવાના શરૂ કરી દીધા છે. તેઓ દેખાયા નથી પરંતુ વિસ્તાર સીમાંકન માટે તેમણે ઠેકઠેકાણે છોડેલી ગંધ હવા દ્વારા તેમની હાજરીની ખાતરી થાય છે.

ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે અને નદીના પટ પણ પહોળા થઈ રહ્યા છે. નિયમિત વરસાદે ધરતીને લીલા રંગની ચાદર ભેટ કરી દીધી છે. નવાં ઉગેલાં ઘાસે પોતાનો વિકાસ કરતાં કરતાં વરસાદી મોસમની મજા લેવાનું શરૂ કર્યું છે. લીલાછમ વિસ્તારો વરસાદ પછીના સૂર્યપ્રકાશમાં વધુ રમણીય લાગે છે. સિંહનો સમૂહ આ ઘાસમાં બેઠા બેઠા ઠંડા અને ભેજવાળા વાતાવરણની મજા માણી રહ્યો છે. આગલી રાતના શિકારે તેમને નવી તાકાત આપી છે. સમૂહના લગભગ દરેક સભ્ય એક આળસભરી ઊંઘ માણવા તૈયાર છે અને વહેલા ઊઠી જવાની કોઈ ઇચ્છા ધરાવતા નથી.

એક સિંહણ નજીકના એક ખડક પર સૂતાં સૂતાં પોતાનાં બચ્ચાંઓને દૂધ પીવડાવવામાં વ્યસ્ત હતી. બચ્ચાં દૂધ પીતાં અને પોતાની માતાની પૂંછડી સાથે રમી રહ્યાં હતાં. થોડેક દૂર બે રખડતા સિંહ ઘાસમાંથી ડોકાયા. બચ્ચાંને ધવડાવતી સિંહણે દૂરથી તેમને જોયાં અને પ્રતીકાર કરતી મોટી ગર્જના કરી. પરિણામે સમૂહના બીજા સભ્યો આ અવાજ સાંભળી સફાળા જાગી ગયાં.

બે બચ્ચાં અને ત્રણ પાઠડાના પિતાને સમજાઈ ગયું હતું કે, તે આ બે શક્તિશાળી સિંહ સામે તે ટકી શકશે નહીં. તરત જ તેણે આ વિસ્તાર છોડી જવાનો નિર્ણય લીધો. સમૂહ વગર તેનું જીવન સહેલું ન હતું. આવા સિંહ દ્વારા સમૂહ પર જ્યારે આધિપત્ય મેળવવામાં આવે ત્યારે તેમાં બચ્ચાંવાળી માતાને સૌથી વધુ ખતરો હોય છે. સમૂહના બીજા સભ્યો તરત જ તે સ્થળ છોડી ચાલી નીકળ્યા, પણ બચ્ચાંવાળી સિંહણ તેમને આંબી શકે તેમ ન હતી. આથી તેની પાસે પોતાને અને પોતાનાં બચ્ચાંને છુપાવવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. બંને સિંહ આ


બધું દૃશ્ય જોઈ રહ્યા હતા. પછી તેઓ આગળ વધ્યા. સમૂહ પર આધિપત્ય જમાવ્યા બાદ તેમને સમૂહમાં પોતાનુ વર્ચસ્વ સ્થાપવાનું હોય છે. જેથી અન્ય કોઈ રખડતો સિંહ તેમને પડકારી ન શકે, એવું તેમના શારીરિક હાવભાવ પરથી દેખાતું હતું. તેમના આંતરસ્ત્રાવો તેમના શરીરમાં ઝડપથી વહી રહ્યા હતા. તેમનો વિશ્વાસ કોઈપણ પડકારરૂપ પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ હતો.

એક સિંહ છુપાયેલાં બચ્ચાં તરફ ચાલવા લાગ્યો. એક બાજુ સિંહણ નિઃસહાય બની પોતાનાં બચ્ચાં તરફ જતા હત્યારાને જોઈ રહી હતી. તેના માતૃત્વએ જાણે તેને કોઈ આંતરસ્ફુરણા કરાવી હોય તેમ તેણે અચાનક પ્રતીકાર કર્યો, અને પેલા હત્યારા સિંહની સામે દોડી તેની ઉપર હુમલો કર્યો. હુમલો કરવા આવેલા સિંહે તેના પર વળતો પ્રહાર કરી તેને ભગાડી. સિંહણ આ સિંહને પોતાનાં બચ્ચાંથી દૂર લઈ જવાનો બનતો પ્રયત્ન કરી રહી હતી. પણ તેને ક્યાં ખબર હતી કે અન્ય એક હત્યારો તેના નાનકડાં બચ્ચાંઓ સુધી પહોંચી ગયો છે. સિંહ ક્યારેય બીજા સિંહથી જન્મેલાં બચ્ચાં અપનાવતો નથી. સિંહબાળો મૃત્યુ પામ્યાં. હત્યારાએ પોતાનુ કામ પૂર્ણ કર્યું, પણ આ મૃત્યુ સાથેની લડાઈ તે હારી ગઈ. પોતાનાં બચ્ચાં તેણે કાયમ માટે ગુમાવી દીધાં. આ તરફ બંને સિંહ એકબીજા સાથે પોતાના માથાં ઘસીને જાણે વિજયોત્સવ મનાવી રહ્યા હતા અને ગર્જનાઓ કરી પેલા ભાગેડુ સિંહને જણાવી રહ્યા હતા કે, હવે અમે તારા સમૂહના રાજા છીએ. તારું સર્વસ્વ હવે અમારું છે અને અહીં પાછા આવવાની હિંમત ન કરીશ. કેવી વિચિત્ર પરિસ્થિતિ!

હવે સિંહે પેલા મૃત્યુ પામેલાં સિંહબાળની કુમળી ચામડી ખેંચી કાઢી અને તેને ચાવવાનું શરૂ કર્યું. એક મા માટે આનાથી વધુ હૃદયદ્રાવક દૃશ્ય બીજું કયું હોઈ શકે? તેની નજર સામે તેના પોતાનાં બચ્ચાંની આ દશા તેણે જોવી પડે? સ્વજાતિ-માંસભક્ષણની પ્રથાનું આ સૌથી ક્રૂર ઉદાહરણ છે. સિંહ હંમેશાં જ્યારે સમૂહ પર આધિપત્ય મેળવે છે, ત્યારે તેમાં રહેલા નાનાં બાળસિંહને મારી નાખે છે. આમ પણ સિંહના લોહીમાં જ આ પ્રકારનું વર્તન રહેલું છે. આ ક્રિયા પાછળ ઘણાં કારણો છે. આ નવજાત બચ્ચાને મારી નાખવાથી સિંહણ ફરી જલદીથી પ્રજનનક્ષમ બને છે. તેનાથી ધરતી પર નવા સમ્રાટના વંશજના આગમનની શક્યતા વધી જાય છે. બીજું, જો સિંહ પહેલાંના સિંહના બચ્ચાંને ખતમ ન કરે તો ભવિષ્યમાં એ જ બચ્ચાં મોટાં થઈ તેના પ્રતિસ્પર્ધી બની શકે છે. બચ્ચાંને જન્મ આપ્યા બાદ સિંહણ ૧૮ મહિના સુધી તેમનું પાલનપોષણ કરે છે. સિંહનો પ્રજનનકાળ ખૂબ ઓછો હોય છે. આ સમય તેમના માટે સંઘર્ષમય પણ હોય છે. આવી પરિસ્થિતિમાં ૧૮ મહિના રાહ જોવી એ સિંહ માટે અશક્ય બાબત છે. આદમખોરી એ સિંહમાં ભાગ્યે જ જોવા મળે છે. આ બાબતને તે “એક સુરક્ષિત ભોજન અને તાજા આહાર તરીકે” જુએ છે.

સમૂહ પર આધિપત્ય મેળવ્યા પછીનું જીવન

ઉદાસ અને હતાશ થયેલી સિંહણ પોતાના સમૂહમાં પાછી ફરી. પોતાના ભવિષ્ય માટે તેની પાસે બે વિકલ્પ હતા. પરિસ્થિતિ દ્વિધાપૂર્ણ હતી, કરવું શું. પહેલો વિકલ્પ એ હતો કે કાં તો આ વિસ્તાર કાયમ માટે છોડીને જતાં રહેવું અને બીજો વિકલ્પ એ હતો કે નવા આવેલા આગંતુકોની શરણાગતિ સ્વીકારી લેવી. સમૂહની સિંહણ જાણતી હતી કે, જીવવા માટે તેઓને શક્તિશાળી સિંહના ટેકાની જરૂર રહેશે. ઉંમરલાયક અને અનુભવી સિંહણે નિર્ણય કર્યો કે સ્થળ છોડીને જવું નહીં પણ સાથે સાથે તે જાણતી હતી કે નવા આગંતુકો સાથેનો પરિચય જોખમી તો છે જ.



શાસિત વિસ્તાર માટેનું યુદ્ધ

રાત્રિની શરૂઆત થઈ ચૂકી હતી. સમૂહના ભૂખ્યા સભ્યોએ શિકાર કરવાનો નિર્ણય કર્યો. એ શાંત અંધારી રાતને સાંભરની મરણચીસે ગજાવી દીધી. સમૂહે સફળતાપૂર્વક શિકાર કર્યો. તેઓ સિંહ વિશે વિચારતા ન હતા. તેઓ ભૂખ્યા હતા. તેમને ભોજનની જરૂર હતી. બંને સિંહ શિકાર પાસે પહોંચ્યા અને તેમણે સમૂહ પર આક્રમણ કરી દીધું. શિકારને આરોગવા માટેના

સ્થાનને નક્કી કરતો આંતરવિગ્રહ, સિંહના સ્થાનને નક્કી કરતો હતો.

સમૂહ પેલા શિકારનો અડધો હિસ્સો ખાઈ ચૂક્યું હતું, પણ નવા ઘૂસણખોરો સાથે લડાઈ કરવી કે તેઓને ભાગ આપવો, આ બંનેમાંથી કોઈ પણ માર્ગ યોગ્ય ન હતો. બીજા દિવસે સવારે ઘૂસણખોર સિંહોએ બાકીનો શિકાર પૂર્ણ કરી શિયાળ અને કાગડા માટે માત્ર હાડકાં રહેવાં દીધાં હતાં. હાડપિંજર નજીક એક લાંબી ઊંઘ લીધા બાદ બંને સિંહ ઊઠ્યા અને તેમણે સિંહણને તાકવાનું શરૂ કર્યું. દૂરથી સિંહણ પણ તેમને તાકી રહી હતી. સમૂહના સત્તાધારી ઉપર વિજય મેળવ્યા બાદ હવે સિંહનું મોટું કામ બાકી હતું, સિંહણ ઉપર નિયંત્રણ મેળવવાનું.

સિંહણ ક્યારેક નવા સિંહને પરખવા લડાઈ કે પ્રતીકાર કરે છે, પણ પછી શરણાગતિ સ્વીકારી લે છે. એક સિંહ ઊભો થઈ સિંહણ તરફ જવા લાગ્યો. તે સિંહણ સુધી પહોંચે તે પહેલાં તેણે સમૂહના પાઠડાઓને નિશાન બનાવ્યાં. મારી નાખવા માટે નહીં, પણ સમૂહમાંથી બહાર ખદેડવા માટે.

પાઠડા તેઓને નુકસાન કરતા નથી, તેઓ તેમના ભોજનના ભાગીદાર છે, યુવાસિંહણને સિંહના સમાજમાં ડર નથી હોતો. વળી, સમૂહમાં સિંહણને સરળતાથી રહેવા દેવામાં આવે છે, કારણ કે સિંહના વંશજોને જન્મ આપવા માટે આ જ સિંહણ મદદરૂપ થતી હોય છે.

નર પાઠડાઓને લાગતું હતું કે તેઓની ઉપર ગમે ત્યારે હુમલો થઈ શકશે. જો નવા સિંહ તેમને પકડી લેશે તો ક્યાંક તેમને ખરાબ રીતે જખમી કરશે અથવા મારી નાખશે. પાઠડાઓએ તરત સમૂહ છોડી દીધો અને પોતાના નવા સહીસલામત જીવન તરફ ભાગી ગયા.

સિંહણે જ્યારે નવા સિંહ તરફ જોયું ત્યારે સિંહે તેનું શરીર ટટ્ટાર કર્યું જાણે તે બતાવવા ન માંગતો હોય કે જો હું કેટલો પ્રભાવશાળી છું! તેણે સિંહણ તરફ ખભા ઊંચા કરી ગર્જવાનું શરૂ કર્યું. સિંહે એ સિંહણ ઉપર હુમલો કર્યો. સિંહે માત્ર સિંહણને ડરાવવા આવું વર્તન કર્યું હતું. સિંહણને તે નુકસાન પહોંચાડવા નહોતો માંગતો, તે માત્ર શરણાગતિ ઇચ્છતો હતો. ઘણી વાર સુધી આક્રમક વર્તન કર્યા બાદ સિંહણ શાંત થઈ. પછી થોડા દિવસ સુધી સિંહ અને સિંહણ વચ્ચે સંતાકૂકડી થયા કરી. પણ ધીમે ધીમે સિંહણે બંને સિંહનો વારાફરતી સ્વીકાર કર્યો અને ફરી એક નવો સમૂહ બની ગયો.

બીજી તરફ, સમૂહ છોડીને ભાગી ગયેલો સિંહ પોતાના જ સામ્રાજ્ય વિસ્તારની સરહદ ઉપર પાછો રહેવા આવ્યો. હારેલા સિંહનું જીવન ઘણું અસંતુલિત હોય છે. તેની બચવાની શક્યતાઓ ઘણી ઓછી હોય છે. તેને ખબર હતી કે, પલાયન થઈ જવું જ યોગ્ય છે, નહીંતર તેની હત્યા કરવામાં આવશે. સિંહ ક્યારેય હારેલા સિંહ પર દયા નથી રાખતો. તેનું ભવિષ્ય હવે સંકટમાં હતું. હવે તે પોતાનું સામ્રાજ્ય પાછું મેળવવાનો પ્રયત્ન પણ કરી શકે તેમ ન હતો.

ફરી એક વખત આ સિંહ `રખડતો સિંહ' બની ગયો. હારેલા સિંહને બે ગેરફાયદા થતા હોય છે. એક તો, તેની ઉંમર થવાના લીધે જોઈતી તક મળ્યા વગર એકલા શિકાર કરવો તેના માટે કપરું છે. બીજું એ કે રખડતા સિંહનું જીવન મુશ્કેલ હોય છે. કારણ કે ન તો તેની પાસે વિસ્તાર હોય છે, કે ન તો પાણી અને ભોજનના સ્રોતોની યોગ્ય ઉપલબ્ધતા. જો તેઓ ભાગ્યશાળી હોય તો અન્ય સિંહ સાથે જોડાઈને રહે છે. આનાથી શિકાર અને ખોરાક માટે તેઓ સાથે મળીને પ્રયત્ન કરે છે. આમ કરવાથી તેઓ પોતાનું જીવન બચાવી શકે છે.

દિવસો પસાર થતાં તેની ભૂખ વધી રહી હતી. નબળાઈ અને ભૂખને લીધે તેનું પેટ સંકોચાઈ રહ્યું હતું અને તેની આંખો નબળી પડી રહી હતી. તેનું જીવન ડામાડોળ પરિસ્થિતિમાં હતું, તેથી અન્ય કોઈ રખડતા સિંહ સામે જવું એ તેને પોસાય તેમ ન હતું. તેનાં બચ્ચાંને મારી નાખવામાં આવ્યાં હતાં. સિંહણોએ અન્ય સિંહોની શરણાગતિ સ્વીકારી લીધી હતી. તેની પાસે હવે શિકાર કરવાવાળું કોઈ ન હતું. તેની પાસે અન્ય કોઈ વિકલ્પ પણ ન હતો.

દિવસો પસાર થઈ રહ્યા છે. જ્યારે નવો સિંહ પોતાના વિસ્તાર નિરીક્ષણ માટે જાય છે, ત્યારે આ ઘરડો સિંહ દૂરથી પોતાના જૂના પરિવારને જોઈ લે છે. નવા સિંહના આગમનનો અણસાર આવતાં તે સ્થળ છોડી ચાલ્યો જાય છે. ઘણા દિવસ સુધી ભૂખ્યા રહ્યા બાદ તેણે થોડી શક્તિ ભેગી કરી ખોરાકની શોધ કરવાનું શરૂ કર્યું. એક ચીતલના અડધા ખવાયેલા મારણ સુધી પહોંચવામાં તે સફળ રહ્યો. ઘણી વખત સિંહ કે દીપડા થોડું મારણ પાછળ છોડી જાય છે. ગમે તેમ કરી તેણે થોડું ખાધું. તેના જીવનની છેલ્લી ક્ષણો જાણે નજીક આવી ગઈ હતી. એકાદ અઠવાડિયા પછી પરાજિત થયેલો સિંહ છેલ્લી વાર પોતાના જૂના કુંટુંબીજનોને જોવા ગયો. પહેલાં સમૂહ દ્વારા કરાયેલા શિકારને આરોગવાની તેને આદત હતી, પણ અણધાર્યા પરિવર્તને તેને દ્વિધામાં મૂકી દીધો. થોડા દિવસ બાદ સમૂહે એક નીલગાયનો શિકાર કર્યો. આ સિંહ એ સમૂહ પાસે પહોંચ્યો. તે કદાચ અઠવાડિયાથી ભૂખ્યો હશે તેવું જણાતું હતું. આશ્ચર્યની વાત એ છે કે તેને ભગાડવા કે તરછોડવાના બદલે સમૂહના સભ્યોએ સિંહને આવકાર્યો અને તેને પોતાના શિકારમાંથી ખાવા દીધું. સિંહણે માત્ર તેને આવકાર્યો એટલું જ નહીં, પરંતુ બધાં તેની ફરતે ગોઠવાઈ ગયાં. જાણે કહેતા ન હોય કે ``જેટલું ખવાય તેટલું ખાઈ લ્યો, અમે નવા રાજાને સ્વીકાર્યો છે, પણ તેનો અર્થ એ નથી કે અમે તમને ભૂલી ગયા." પરિવાર આ સિંહને તેના માટેની તેમની લાગણીનો અનુભવ કરાવવા માંગતું હતું. એમને ખબર નથી કે નવો સિંહ જો અચાનક આવી જશે તો તે સૌનું શું થશે? પણ પરિવારના સભ્યો એ તેમના જૂના રાજાને તેના પ્રત્યેની વફાદારી અનુભવડાવી. આ એક અસામાન્ય વર્તન હતું, થોડું ખાધા બાદ સિંહ તે વિસ્તારમાંથી ચાલ્યો ગયો.

રખડતું જીવન એક બોધપાઠ

યુવાન પાઠડા નવા સિંહથી જીવ બચાવીને અહીંતહીં રખડવા લાગ્યા. બે મહિના બાદ ત્રણ વર્ષની ઉંમરના યુવાસિંહ હવે જંગલમાં ચોરીછૂપીથી ભટકી રહ્યા હતા. સવારના સૂર્યના તડકામાં તેમની આછી પીળાશ પડતી ચામડી ચમકી રહી હતી. તેમની ભવ્યતાના પ્રતીક સમી કેશવાળી ઝડપથી વધી રહી હતી. જોકે હજી તેમનો શારીરિક દેખાવ એક આગેવાન સિંહ જેટલો રુઆબદાર નહોતો બન્યો.

થોડે દૂર સિંહણનો એક સમૂહ બાવળના વૃક્ષ નીચે આરામ કરી રહ્યો હતો. તેણે રોકાઈને એ વિસ્તારનું નિરીક્ષણ કર્યું. તેઓ આગળ વધે કે પાછા જાય તે નક્કી કરી શકે એ પહેલાં ભયાનક ગર્જનાઓએ તેમને ઘેરી લીધાં. ગુસ્સે ભરાયેલા બે સિંહ તેમની આગળપાછળ ઊભા હતા. હવે આ પાઠડાઓ પાસે ક્યાંય છટકવાની જગ્યા ન હતી. સિંહણ આ દૃશ્ય જોઈ રહી હતી. ત્રણ વર્ષનો યુવાસિંહ આ સમૂહ પર આધિપત્ય જમાવી શકે અથવા તો પિતા બની શકે તેવી કોઈ શક્યતા ન હતી, પરંતુ બચ્ચાંઓ માટે તે ખતરારૂપ તો ચોક્કસ કહેવાય. ક્ષણભરમાં જ બે હત્યારાઓએ આ યુવાસિંહ પર હુમલો કરી દીધો.

ગર્જનાઓએ જંગલને ગજવી મૂક્યું હતું. બંને સિંહ આ ઘૂસણખોરોને મારી નાખવા આતુર હતા. તેમણે એ બંને સિંહને પીઠમાં અને પગમાં બચકાં ભર્યાં. ગભરાયેલા યુવાસિંહ પડખું ફેરવતાં, ઘુરકિયાં કરતાં અહીંથી ભાગી નીકળવાના રસ્તા શોધી રહ્યા હતા. સમૂહ પરના આધિપત્ય માટેની લડાઈનો સહેજ પણ અનુભવ ન ધરાવતા એવા આ બિનઅનુભવી સિંહ પોતાની જાતનું રક્ષણ કરવામાં અસમર્થ હતા. જો ભાગી નીકળવાનો કોઈ ઉપાય જલદી ન મળે તો થોડી જ ક્ષણોમાં આ બંને યુવાસિંહ અંતિમ શ્વાસ લઈ લે તેવી પરિસ્થિતિ હતી. બંને ક્રોધિત સિંહ વારાફરતી હુમલો કરી રહ્યા હતા. અચાનક ભાગી નીકળવાનો એક નાનકડો રસ્તો મળતાં જ બંને યુવાસિંહ ત્યાંથી ભાગી છૂટ્યા. સિંહે તેમને પકડવા પ્રયત્ન કર્યો, પણ અહીં તો જીવનમરણનો સવાલ હતો. આખરે તેઓ બચી નીકળવામાં સફળ રહ્યા. જ્યાં સુધી બંને

યુવાસિંહને ખાતરી ન થઈ કે તેઓ સુરક્ષિત વિસ્તારમાં આવી ગયા છે, ત્યાં સુધી તેઓ રોકાયા નહીં. આ આખી ઘટનાને કારણે તેઓ થાક્યા હતા અને તેમને જબરદસ્ત આઘાત પણ લાગ્યો હતો. એક જગ્યાએ બેસીને બંને સિંહે એકબીજાના ઘા ચાટવાનું શરૂ કર્યું. સદ્ભાગ્યે તેઓ મોટી ઈજામાંથી બચી ગયા હતા, પણ સાથે સાથે જીવનનો મહત્ત્વનો બોધપાઠ તેમણે શીખી લીધો હતો.

દિવસો પસાર થઈ રહ્યા હતા. યુવાસિંહ તેમના જીવનસંઘર્ષમાંથી પસાર થઈ રહ્યા હતા. તેમની પાસે તેમની માલિકીનો કહી શકાય તેવો કોઈ વિસ્તાર ન હતો. ન તો કોઈ સમૂહ હતો, જે તેમને ખવડાવી શકે. તેમણે તેમની જાતે બધું કરવાનું હતું. બંને સિંહ જુદા જુદા સામ્રાજ્ય વિસ્તારની સરહદો પર રખડતા હતા. બીજી વખત જોખમ લેવાની કોઈ શક્યતા જ ન હતી. આથી, હંમેશાં સાવચેતીપૂર્વક તેઓ આગળ વધતા. એકાદ અઠવાડિયા જેટલો સમય કશું ખાધા વગર માત્ર પાણી પીને આ યુવાસિંહે પસાર કર્યો. તેમના ઘા ધીરે ધીરે રુઝાઈ રહ્યા હતા.

તેઓ ધીરે ધીરે ખોરાકની શોધમાં ફરી રહ્યા હતા. થોડા સમય બાદ થાકી અને કંટાળીને બંને યુવાસિંહે એક વૃક્ષના છાંયે આરામ કરવાનું વિચાર્યું. ઊર્જાનો બચાવ તેમના માટે જરૂરી હતો. બપોરના આકરા તડકાએ તેમને થકવી નાખ્યા હતા. સાંજ સુધી આરામ કરવાનું અને પછી શિકાર કરવા માટે તેમણે પોતાનું મન મનાવી લીધું હતું.

આકાશમાંથી અંગારાની માફક વરસતા સૂર્યના તાપમાં આસપાસનું બધું શેકાઈ રહ્યું હતું. વૃક્ષો પરના સુકાઈને ખરી ગયેલાં પાંદડાં જાણે જમીન ઉપર ખરી પડવા આતુર હતાં. વૃક્ષનો છાંયડો બપોરની આ અગ્નિવર્ષાથી રક્ષણ આપી શકે તેટલો પૂરતો ન હતો. ગરમ હવા તેમના શરીરને દઝાડી રહી હતી. બંને ભાઈઓ ઊંઘવાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યા હતા. ભૂખ અને ગરમ વાતાવરણ તેમને વધુ અકળાવી રહ્યું હતું. ઉનાળાનો દિવસ આમ આરામ કરીને પસાર કરવા સિવાય તેઓ પાસે અન્ય કોઈ વિકલ્પ ન હતો. થોડીક ક્ષણો બાદ સૂર્યએ પશ્ચિમ તરફ પ્રયાણ કરતાં વૃક્ષનો છાંયડો વિસ્તૃત થયો અને ગરમી થોડી ઓછી થતાં તેમને આરામ મળ્યો.

પક્ષીઓના કલબલાટે સાંજ થવાની જાણકારી આપવા માંડી. ગરમ વાતાવરણ ઠંડકમાં બદલાવવા લાગ્યું. આંખો ખોલબંધ કરી બંને ભાઈઓ સાંજનો અનુભવ કરી રહ્યા હતા. સમીસાંજનો સમય થતાં એક ભાઈ ઊઠ્યો અને બીજા ભાઈ પાસે આવ્યો. તેની સાથે પોતાનું માથું ઘસીને જાણે તે તેને ભાઈ તરીકેના પ્રેમનો અનુભવ કરાવવા માંગતો હોય તેવું વર્તન કરતો હતો. આખરે બંને ભાઈ નજીકમાં આવેલા પાણીના કુંડ તરફ ગયા. આખા દિવસના ઉપવાસમાં પાણી દ્વારા સંતોષ મેળવવાનો પ્રયાસ કરવાનો હતો. તેમનાં હૃદયના ધબકારા ઝડપી થઈ રહ્યા હતા. અમુક ક્ષણો સુધી પાણી પીને તેમણે પોતાની તરસ છિપાવી. પાણીના કુંડની જગ્યા થોડી વધુ ઠંડકવાળી હતી. આથી બંને ભાઈઓ અહીં બેસી ગયા. તેમની હાજરીથી વ્યાકુળ થયેલા વાંદરાઓ તેમને જોઈ વૃક્ષોની ડાળીઓ ઉપર કૂદાકૂદ કરી રહ્યા હતા.

એક મોર પાણીની કૂંડીની બીજી તરફ આવી પાણી પીવા લાગ્યો અને એક સિંહની નજર મોર ઉપર પડી. સિંહ ભૂખ્યો હતો. કહેવત છે ને `ના મામા કરતાં કહેણા મામા સારા.' તે અચાનક મોર તરફ દોડ્યો પણ સિંહ પહોંચે તે પહેલાં મોર ઊડી ગયો. બીજો ભાઈ બિન્દાસ બનીને તેનું પરાક્રમ જોઈ રહ્યો હતો. જાણે જાણતો ન હોય કે આમ જ થવાનું હતું! સિંહ હતાશ થઈ પાછો પોતાની જગ્યાએ આવીને બેસી ગયો. સૂર્યાસ્ત થવાની અને અંધકાર પથરાવાની તૈયારી હતી. દૃશ્ય બદલાવવાની તૈયારી હતી. પક્ષીઓનો કલકલાટ શમી રહ્યો હતો અને પવન બદલાઈ રહ્યો હતો. જંગલમાં કોઈક જગ્યાએથી સિંહ ગર્જનાઓ કરી પોતાના પ્રતિસ્પર્ધીઓને ધમકી આપી રહ્યા હતા. વાતાવરણ હવે શાંત થઈ ગયું હતું. નીલગાયના ઘોંઘાટે થોડી ક્ષણો માટે શાંતિનો ભંગ કર્યો અને ફરી શાંતિ પથરાઈ. પોતાનું નસીબ

અજમાવવા સિંહભાઈઓ ઊઠીને ચાલવા માંડ્યા. થોડો સમય આગળ ચાલ્યા પછી સિંહબંધુઓએ પોતાની હાજરીથી અજાણ એવા ચીતલનું એક ટોળું જોયું.

તેમની આંખોમાં ચમક આવી. અઠવાડિયાના લાંબા ઉપવાસના આજે પારણાં થવાની શક્યતાઓ જણાઈ રહી હતી! અત્યાર સુધી તેઓ જે કાંઈ શીખ્યા હતા તેને અજમાવવાનો હવે સમય આવી ચૂકયો હતો. તરત જ તેઓએ પોતાની જવાબદારીઓ વહેંચી દીધી. યોજનાબદ્ધ રીતે બે દિશામાં છૂટા પડ્યા. તેમણે બંને તરફથી ચોરીછૂપીથી આગળ વધવાનું શરૂ કર્યું. નવી આશા અને નવું જોમ તેમનામાં આવી ગયું હતું. ધીમે ધીમે તેઓ હુમલો કરી શકે તેટલા નજીક પહોંચી ગયા હતા. જમીન ઉપર નીચા નમી, સંતાઈને તેઓ યોગ્ય ક્ષણની પ્રતીક્ષા કરી રહ્યા હતા. એક સિંહે ભૂખના કારણે ધીરજ ગુમાવીને સૌ પહેલાં હુમલો કરી દીધો અને ચીતલનાં ટોળાંને તેમની હાજરીની જાણ થતાં તેઓ ભાગવા લાગ્યા. બીજા સિંહે તેમને પકડવા પ્રયત્ન કર્યો, પણ બધું વ્યર્થ.



બંને સિંહભાઈઓ વચ્ચે એકસૂત્રતાનો અભાવ હતો. માતા પાસેથી શીખેલી બાબતોને બંને ભાઈઓ યોગ્ય રીતે અમલમાં ન મૂકી શક્યા અને તેમણે શિકાર અને ઊર્જા બંને ગુમાવ્યાં. હતાશા તેમના શારીરિક ભાવોથી સ્પષ્ટ વર્તાઈ રહી હતી. ફરી એક વખત ભૂખ ભાંગવાના પ્રયાસમાં તેઓ નિષ્ફળ રહ્યા.

અંધારી રાત, અસહ્ય ભૂખ અને બીજા સિંહથી ડરતા સિંહભાંડુઓ અજાણ્યા રસ્તે આગળ વધી રહ્યા હતા. તેઓ સૂકા પાંદડા ઉપર ચાલવાનું ટાળતા કારણ કે તેનો કચડવાનો અવાજ વાતાવરણની શાંતિભંગ કરી તેમની હાજરીનો સંકેત કરી રહ્યો હતો. જે તેઓ માટે અણધારી આફત લાવી શકે તેમ હતો. ઝાડીમાંથી અચાનક તીક્ષ્ણ અવાજ સંભળાયો. તેઓ ઊભા રહ્યા. આ અવાજ તેઓ કેવી રીતે ભૂલી શકે? તે જંગલીભૂંડ હતું, તેમના આહારમાંનું એક! માતાએ ઘણી વખત આનું ભોજન કરાવ્યું હતું. હજી એક આશા દેખાઈ. જંગલીભૂંડને કોઈક મારી રહ્યું છે તેવો અવાજ તેમણે ઝાડી પાછળથી આવતો સાંભળ્યો.

બંને ભાઈઓ ઝાડીઓમાંથી આવતા અવાજની દિશા તરફ જોઈ રહ્યા. તેઓ ત્યાંથી હલ્યા નહીં, કારણ કે તેમને ખબર હતી કે જો નાનો શિકાર હશે તો વાંધો નથી પણ જો સિંહ પરિવાર સાથે હશે તો સંકટ છે જ. મૃત્યુ પામવા કરતાં જોખમ ખેડવું સારું. આમ વિચારી બંને ભાઈ સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યા હતા. થોડું આગળ ચાલી તેઓ ઊભા રહ્યા અને ત્યાં કોઈ સિંહ છે કે કેમ, તે સૂંઘીને જાણવાનો પ્રયત્ન કર્યો. એક ભાઈએ ચાલવાનું શરૂ કર્યું અને ઝાડીઓ પસાર કરીને અંદર જઈને જોયું તો એક મૃત્યુ પામેલ ભૂંડ દીપડાના જડબામાં પકડાયેલું હતું.



સિંહણની સંવનન ઇચ્છા પારખતો સિંહ

સિંહને જોઈને દીપડાએ શિકાર લઈ ભાગવાનો પ્રયત્ન કર્યો. સિંહભાઈઓ જાણતા હતા કે દીપડો તેમનો શત્રુ છે અને દીપડો તેમનાથી ડરે છે. છેલ્લા એક અઠવાડિયાથી પેટમાં કશું ગયું નહોતું. આજનું ભોજન જતું કરાય એમ નહોતું, તેથી તેઓ દીપડાની પાછળ દોડ્યા. દીપડાને લાગ્યું કે, જો તે બચી જશે તો ફરી શિકાર કરી શકે તેવી ઘણી તકો તેને મળશે. પણ જો તે

પકડાઈ ગયો તો તેનું મૃત્યુ નિશ્ચિત છે. તેણે મરેલા ભૂંડને છોડી દીધું અને દોડીને ઝાડ ઉપર ચઢી ગયો. આખરે ભાગ્ય ચમકયું અને ભોજન મળ્યું. તરત જ બંને ભાઈઓએ જંગલીભૂંડને પોતપોતાના તરફ ખેંચવાનું શરૂ કર્યું. ભૂખ્યા આ ભાઈઓ પોતાના ભાગ માટે લડી રહ્યા હતા. તેમના શક્તિશાળી જડબાંએ જંગલીભૂંડના ભાગ કર્યા અને આખરે આ અણધારી ભેટની બંને ભાઈઓએ મજા માણવાની શરૂઆત કરી.

ઝાડ પર બેસીને દીપડો આ બધું જોઈ રહ્યો હતો. થોડી ક્ષણોમાં જંગલીભૂંડના માત્ર હાડકાં જ બચ્યાં. બંને સિંહભાઈઓનું પેટ હજી ભરાયું ન હતું, પણ જે મળ્યું તેનાથી સંતોષ જરૂર થયો હતો. પહેલાં તેઓ પાણીના કુંડે જઈને તરસ છિપાવી. આહ, શું શાંતિ મળી! એકબીજા સાથે માથું ઘસી સંતોષના આનંદ સાથે લાંબી ઊંઘ લેવાનું નક્કી કર્યું. પાણીના કુંડથી થોડે દૂર એક ઘાસિયા મેદાનમાં સાવજબંધુઓએ બગાસું ખાઈ લંબાવ્યું.

બીજા દિવસની સવાર આગલા દિવસ જેટલી ભયયુક્ત, કંટાળાજનક, અને પીડાદાયક નહોતી. વહેલી સવારના સૂર્યોદયે તેમને જગાડ્યા. ભોજનથી સંતૃપ્ત થયેલા આ બંને સિંહબંધુઓ એક નવી તાજગી અનુભવી રહ્યા હતા. તેઓ શિકાર ન કરી શક્યા પણ બીજા પાસેથી શિકાર પડાવી જરૂર શક્યા. દીપડો તેમના માટે આશીર્વાદરૂપ બન્યો. પછી ઝાડીઓમાં ધીમે ધીમે તેઓ અદૃશ્ય થયા. બંને જણા જાણતા હતા કે ભવિષ્ય ઘણું સંઘર્ષમય છે. તેઓ ભલે અત્યારે ગર્જના નથી કરી શકતા. પોતાનો વિસ્તાર નક્કી કરી નિશાન નથી કરી શકતા, પરંતુ સિંહના જીવનની આ રમતમાં આજનો ભય આવતી કાલે આતંક બની જશે.

સામ્રાજ્યના વિસ્તારનું નિરીક્ષણ

કોઈ સામ્રાજ્ય ઉપર વિજય મેળવવો એ અલગ વાત છે અને તેની ઉપર શાસન કરવું તે અલગ વાત છે. શાસક સિંહ હંમેશાં બીજા રખડતા સિંહ તરફથી થતા હુમલાના ભયના ઓછાયા હેઠળ રહે છે. સિંહ કોઈ ઘૂસણખોરની શોધમાં પોતાના વિસ્તારમાં ફર્યા કરે છે. પોતાની હાજરીની જાણકારી આપવા માટે તે પોતાના વિસ્તારમાં વિવિધ જગ્યાએ નિશાની કરે છે. વૃક્ષો પર નહોર મારીને અને વૃક્ષો તથા ઝાડીઓ ઉપર પોતાના મૂત્રનો છંટકાવ કરીને નિશાનીઓ કરે છે. સિંહ તીવ્ર ગંધ શક્તિ ધરાવે છે. પ્રમુખ સિંહે પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું હતું. સિંહણે પણ આ બે શક્તિશાળી સિંહને સહકાર આપવાનું શરૂ કર્યું હતું. જેના લીધે તેમનો વિસ્તાર બે પ્રભાવશાળી સિંહ દ્વારા સુરક્ષિત બન્યો હતો. બંનેનું મુખ્ય કાર્ય તેમના વિસ્તારનું રક્ષણ કરવાનું હતું. વહેલી સવારે નદીકાંઠે પાણી પીને તેઓ આગળ વધ્યા. સિંહ જ્યારે પોતાના વિસ્તારના નિરીક્ષણ માટે જાય છે ત્યારે તેનો ધ્યેય હોય છે પોતાના વિસ્તારનું રક્ષણ કરવું. જો કોઈ ઘૂસણખોર તેના સામ્રાજ્યમાં ઘૂસ્યો હોય તો તેને શોધી મારી નાખવો. ઘૂસણખોરો માટે કોઈપણ પ્રકારની દયા રાખવામાં આવતી નથી. ઘૂસણખોર કાં તો જીવ બચાવીને ભાગી જાય છે અથવા મૃત્યુ પામે છે. નવા સિંહ પોતાના વિસ્તારના આધિપત્યનો સંદેશ ઘણી ઉગ્રતાપૂર્વક દર્શાવતા અને દિવસો સુધી પોતાના વિસ્તારનું નિરીક્ષણ કરતા હતા.

સિંહને પણ પોતાના ગમા-અણગમા હોય છે. સિંહ બહુ સામાજિક હોતા નથી. તેઓ સમૂહની પ્રવૃતિઓમાં ભાગ લે છે, પણ મોટાભાગે તેઓ સમૂહથી દૂર રહે છે. તેઓ એકબીજા સાથે ઘણી આત્મીયતા ધરાવે છે. ચાલતાં ચાલતાં એકબીજાને ધક્કો મારવો, એકબીજા સાથે માથું ઘસવું એ તેમની આત્મીયતા દર્શાવે છે, સિંહ માટે પૂનમની રાત ઘણી મહત્ત્વની હોય છે. પૂનમની રાત્રે ચંદ્રના પ્રકાશથી સમગ્ર જંગલમાં બધું સ્પષ્ટ દેખાતું હોવાના કારણે સિંહ શિકાર કરવાનું ટાળે છે. નિશાચર હોવાના લીધે આ રાત માત્ર આનંદથી તે પસાર કરે છે. દુનિયામાં સિંહની ગર્જના એ પ્રાણીઓમાંનો સૌથી મોટો અવાજ છે. ૮ કિ.મી. દૂરથી પણ જંગલનાં બીજાં પ્રાણીઓને સિંહની ગર્જના સંભળાય છે. સિંહ પોતાના વિશાળ વિસ્તારનો રાજા છે. જેને ભેટ

સ્વરૂપે માદાઓનો સમૂહ મળે છે.

સિંહણની સંવનન ઇચ્છા પારખતા સિંહનું વર્તન

સત્તાધારી સિંહ જ્યારે પોતાના વિસ્તારનું નિરીક્ષણ કરીને પાછા આવ્યા ત્યારે તેમને ગમતી ગંધ આવી. એ એવી ગંધ હતી, જેના માટે સિંહે સામ્રાજ્ય સ્થાપ્યું હતું, બચ્ચાં માર્યાં હતાં, તે ગંધ સંવનન માટેનો સંકેત માનવામાં આવે છે. બંને સિંહે હવામાંથી આવતી ગંધ પારખી લીધી. સિંહણ તરફથી મળતા આવા સંકેતને `Flehmen રિસ્પોન્સ' કહેવામાં આવે છે. `ફ્લૅમેન રિસ્પોન્સ'માં સિંહ અન્ય સભ્યોને સૂંઘે છે અને અન્ય સભ્યોના મૂત્રની ગંધને સૂંઘે છે. પછી તે માથું ઊંચકી પોતાના હોઠ પાછળની તરફ કરી અમુક વિચિત્ર હાવભાવ આપે છે. સિંહની સ્વાદ પારખવાની શક્તિ પણ ગજબની હોય છે. સિંહણના મૂત્રમાં રહેલા ફેરોમન(આંતરિક સ્રાવ)ની હાજરી પરથી સિંહ જાણી શકે છે કે, સિંહણ સમાગમ કરવા તૈયાર છે કે નહીં. બે ભાઈઓ વચ્ચેની લડાઈએ સિંહણને આકર્ષિત કરી. આ લડાઈ, પહેલાં કોણ સંવનન કરશે અને બંનેમાંથી શ્રેષ્ઠ કોણ તે નક્કી કરવા માટેની હતી. ટૂંક સમયમાં પરિણામ આવી ગયું. મોટો સિંહ વિજેતા બન્યો, પણ બીજા સિંહને આની કોઈ ચિંતા ન હતી. કારણ કે તે જાણતો હતો કે, ટૂંક સમયમાં જ બીજી સિંહણ સમાગમ માટે તૈયાર થશે અને તેને પણ પિતા બનવાનો મોકો મળશે.

સંવનન સમયની વર્તણૂક

પૃથ્વી પરના દરેક સજીવને સંવનનની પોતાની એક આગવી વર્તણૂક હોય છે. સિંહ પણ આમાંથી બાકાત નથી. યુવાસિંહણે સિંહની નજીક આવી તેનું માથું સિંહ સાથે ઘસીને તેનું અભિવાદન કર્યું અને મેદાનમાં બેસી સિંહ ઉપર થોડું ધ્યાન આપ્યું. એકબીજાની પરવા કર્યા વિના બંનેએ એકબીજાની સામે જોયું. એકબીજાને મહત્ત્વ આપતા તેઓ નાના બાળક જેવું વર્તન કરવા લાગ્યા. સિંહણની પૂંછડી જાણે સિંહને નિમંત્રણ આપતી હતી. સિંહ મેદાનમાંથી જેવો ઊભો થયો, સિંહણ તરત ઊભી થઈ અને બંને ચાલવા લાગ્યાં. સિંહ સિંહણને જોઈ રહ્યો હતો. ચાલતાં-ચાલતાં સિંહણ એકાએક ઊભી રહી ગઈ અને પાછું વળીને જોયું. સિંહ ફરી તેની પાસે પહોંચ્યો. આ વખતે તેણે ખૂબ સારી રીતે પ્રતિભાવ આપ્યો. તેને માત્ર સંવનન જ નહોતું કરવું, પરંતુ તેના નવા સાથી સાથે દરેક ક્ષણનો આનંદ પણ મેળવવો હતો. તેને એક આનંદી માતા બનવું હતું અને તેની ઇન્દ્રિયો જાણે કહી રહી હતી કે આ સિંહ તેનાં બાળકો માટે શ્રેષ્ઠ પિતા સાબિત થશે. સિંહના મુખ પર ઝાપટ મારીને તેને ગળા ઉપર બટકું ભરીને અને તેનું મુખ ચાટીને સિંહણ તેને સંવનન માટે પ્રોત્સાહિત કરતી હતી. સિંહણના વર્તનમાં આનંદ સ્પષ્ટ દેખાઈ આવતો હતો. સિંહણે દોડવાનું શરૂ કર્યું અને સિંહ પણ તેની પાછળ પાછળ દોડવા લાગ્યો. દોડપકડની આ રમત થોડો સમય ચાલી. સિંહ જ્યારે ઊભો રહી જતો ત્યારે સિંહણ પાછી તેની નજીક આવી તેને પ્રોત્સાહિત કરતી. સિંહ-સિંહણ સમૂહથી છૂટાં પડી ગયાં. તેમને આરામ કરવા અને એકબીજા સાથે સમય પસાર કરવા એકાંતની જરૂર હતી.

એક અણધારી ભેટ

બંને સિંહના વિસ્તાર આધિપત્યનો પ્રવાસ શરૂ થઈ ચૂકયો હતો. હવે તેઓ ઘણી બધી સિંહણ અને બચ્ચાંઓ સાથે આનંદથી જીવી રહ્યાં હતાં. નદીકિનારે રહેતો સિંહનો આ સમૂહ પોતાનો વિસ્તાર વધારવા અને કુટુંબના સભ્યોની સંખ્યા વધારવામાં વ્યસ્ત હતો.

ગિરના જંગલમાં કોઈક જગ્યાએ એકલીઅટૂલી એક સિંહણ રહેતી હતી. સિંહણ એકલી હોય એવું ભાગ્યે જ બને છે, પણ આના માટે કોઈક કારણ જવાબદાર હશે. કદાચ તેણે પોતાના ભાઈઓ સાથે સમૂહ છોડ્યો હશે. પછી ભાઈઓ-બહેનો છૂટાં પડી ગયાં હશે. ખૂબ નાનપણમાં તેની માતાથી આકસ્મિક રીતે વિખૂટી પડી ગઈ હોય તેવું પણ બને. પણ હવે તે

વયસ્ક બની ચૂકી હતી અને તે સાથીદારની શોધમાં હતી. તેને હવે પરિવારની જરૂરિયાત હતી. સિંહણ એકલી શિકાર કરતી. જંગલના બીજા સિંહ સિવાય તેને બીજો કોઈ ખતરો ન હતો. ગિરના જંગલમાં સિંહ અને દીપડા જેવા મોટા પ્રાણી સિવાય બીજા નાના માંસાહારી પ્રાણીઓ પણ વસે છે. સિંહણને વિસ્તારની સરહદોનો આભાસ હતો. તે જાણતી હતી કે કોઈ સમૂહની નજીક જવું એટલે પોતાના જીવને જોખમમાં મૂકવો.

એકલી સિંહણ એક વખત ચીતલનો પીછો કરતાં કરતાં નદીકિનારે પહોંચી, જ્યાં સિંહનો સમૂહ આરામ કરી રહ્યો હતો. સિંહણ તે સમૂહની ખૂબ જ નજીક પહોંચી ગઈ. એક સિંહબાળે તેને જોઈ અને ત્યાંથી “આઉ આઉ” અવાજ કરવાનો શરૂ કરી દીધો. બચ્ચાના અવાજથી સમૂહના સભ્યો હરકતમાં આવી ગયા. તેમણે આ રખડતી સિંહણને બચ્ચા માટે ભયરૂપ માની લીધી. આખા સમૂહે ભેગા થઈ તેના પર હુમલો કર્યો.

બધી સિંહણોએ આ રખડતી સિંહણને ચારે બાજુથી ઘેરી લીધી. સિંહણે છેવટે શરણાગતિ સ્વીકારી, પરંતુ સમૂહની સિંહણોને આ સિંહણની શરણાગતિમાં જરાય રસ ન હતો. તેઓ તેને મારી નાખવા અથવા ભગાડી મૂકવા ઇચ્છતી હતી. જોકે ગમે તેમ કરી, ઘેરો તોડીને એ ભાગી છૂટી. હુમલાના સમયે તેણે સંપૂર્ણ સમર્પણ દર્શાવી દીધું હતું. જ્યાં સુધી તેના પર હુમલો ન થયો ત્યાં સુધી તેણે પ્રતીકાર કર્યો ન હતો. તે દિવસ પછી સિંહણે બધાં બંધનો તોડી નાખ્યાં. નિયમિત રીતે તે સમૂહની આસપાસ આવતી રહેતી અને સિંહણ જેવો તેની પર હુમલો કરવાનો પ્રયત્ન કરે કે તરત ત્યાંથી ચાલી જતા. આ રમત થોડા દિવસ ચાલી.

આ સમગ્ર પ્રકરણ દરમ્યાન બંને સિંહ ત્યાં હાજર ન હતા અને જ્યારે તેઓ પાછા ફર્યા, ત્યારે રસ્તામાં તેમને ગંધ પરથી જણાયું કે, એક સિંહણ સંવનન માટે તૈયાર છે અને તેઓ એ વાત પણ સમજી શક્યા કે આ સિંહણ તેમના સમૂહની સભ્ય નથી. તો આ છે કોણ? ફરી એક વખત એકલી સિંહણ સમૂહની સામે આવી. પોતાની મર્યાદાઓની ચકાસણી કરવા તેને ખૂબ મોટું જોખમ લીધું હતું. ફરી વખત સમૂહે તેના પર હુમલો કરવાની તૈયાર કરી. આ વખતે સિંહ પણ તેમાં જોડાયા, પણ સિંહણ ભાગી નહીં. જ્યારે સમૂહ તેની નજીક પહોંચ્યો ત્યારે તેણે શરણાગતિ સ્વીકારી લીધી.

ઘુરકિયાં કરીને, ગર્જના કરીને, જમીન પર આળોટતાં આળોટતાં તે શરણાગતિનો ભાવ દર્શાવી રહી હતી. આજે તેને ભાગવું ન હતું. તેને સમૂહના સભ્ય બનવું હતું. ગુસ્સે ભરાયેલી સિંહણે તેની સામે ગર્જના કરી હુમલો કરી રહી હતી. પણ સિંહ બધી સિંહણને મૂક પ્રેક્ષકની માફક નિહાળી રહ્યો હતો. થોડીક ક્ષણો બાદ સિંહણે એકલી સિંહણ પર હુમલો કરવાનું બંધ કર્યું. હજી પણ તે શરણાગતિની સ્થિતિમાં હતી. સિંહણ જેવી ઊભી થઈ તેવી તરત જ અન્ય એક સિંહણ ફરી વખત તેની તરફ ધસી ગઈ. એકલી સિંહણે, હુમલો કરનાર સિંહણ સમક્ષ, આળોટવાનું શરૂ કર્યું.

ફરી વખત બધું શાંત પડ્યું. આશાસ્પદ સિંહણ માટે પરિણામ ઘણું હકારાત્મક હતું. તે પોતાના ધ્યેયને હાંસલ કરવામાં સફળ રહી. તેના પ્રયત્નોએ તેને નવો પરિવાર અને બે શક્તિશાળી સિંહના સાંનિધ્યની ભેટ આપી. અહીં સિંહણને બદલે ઘૂસણખોર તરીકે જો કોઈ સિંહ હોત, તો તેનું મૃત્યુ નિશ્ચિત હતું, પણ સંવનનની ઉત્સુક એવી આ સિંહણથી સિંહને કોઈ જોખમ ન હતું. તેથી સિંહે કોઈ આવેગપૂર્ણ વર્તન કર્યું ન હતું. જોકે રખડતી સિંહણ કોઈ સમૂહનો સભ્ય બને તેવું ભાગ્યે જ બને છે. ઘણી વખત સમૂહની માદાઓને અહેસાસ થાય કે આવી સિંહણ તેનાં બચ્ચાંને નુકસાન નહીં પહોંચાડે, તો તેઓ તેને સ્વીકારી લે છે. સમૂહમાં હવે પાંચ શક્તિશાળી માદાઓ સાથે કુલ ૧૨ સભ્યો હતા.

અંધારામાં ઊભો થતો ભૂતનો ભ્રમઃ

સાંજના સમયે સૂર્યનું છેલ્લું કિરણ અદૃશ્ય થવાની તૈયારીમાં હતું. શિયાળાનો ઠંડો ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. સાંજ ઢળવાની સાથે વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું હતુ. સુંદર સાંજે તાપમાન ઘટવાથી અને અંધકાર પથરાવાથી પક્ષીઓનો કલરવ પણ ધીમો થઈ રહ્યો હતો.

પૂનમનો ચંદ્ર પ્રકાશિત થઈ અજવાળું પાથરી રહ્યો હતો. સર્વત્ર શાંતિ પથરાઈ ગઈ હતી. ચામાચીડિયાં આકાશમાં ઊડવા લાગ્યાં હતાં. મોટાં વૃક્ષોની બખોલોમાંથી આવતો, ટપકાંવાળી ચીબરીનો અવાજ શાંતિભંગ કરી રહ્યો હતો. જંગલમાં ક્યારેક ચીતલના સંકેતો અવાજ કરી દેતા. આકાશમાંથી આવતો ચંદ્રનો પ્રકાશ વૃક્ષોનાં છાંયડાને ધીમે ધીમે મોટો કરી રહ્યો હતો. એક ઝાડી પાછળ ચીતલનું એક ઝુંડ ભયભીત થઈને ઊભું હતું. સમૂહની વચમાં નાનકડાં બચ્ચાં હતાં. તેમની ફરતે ગોઠવાયેલાં ચીતલો સાવધાનીપૂર્વક ચારે દિશામાં જોઈ રહ્યાં હતાં.

મેદાનથી દૂર એક પડછાયો ચાલ્યો આવતો હતો. ધીમે ધીમે નજીક આવતો આ પડછાયો પૂનમના અજવાળે વાસ્તવિકતામાં પરિવર્તિત થયો. પૂનમની રાત્રે જાણે ભૂત આવ્યું! એક સિંહણ દેખાઈ, એક પ્રભાવશાળી શિકારી, જેની આંખોમાંથી અંગારા વરસતા'તા. કંઈક નિશ્ચિત લક્ષ્યાંક ધરાવતી તે ઝાડી તરફ જોઈ રહી હતી. લપાતી-છુપાતી આ સિંહણ થોડીવાર બેસી જતી અને થોડી વાર ઊભી રહી જતી હતી. દરેક ડગલું ખૂબ સાવચેતીપૂર્વક ભરતી, ટોળાં તરફ તે આગળ વધી રહી હતી. તેના કુમળા પંજા કોઈ અવાજ ન કરી દે તેનું પણ ધ્યાન રાખતી હતી. છેવટે સિંહણ એક નાનકડા ખડકની પાછળ છુપાઈ. તેણે પોતાના શિકાર પર હુમલો કરવાની યુક્તિ વિચારી લીધી.

અંધારું હતું પણ દૂરથી સિંહણ બધું સ્પષ્ટ જોઈ શકતી હતી. જાણે કે બાણમાંથી તીર છૂટ્યું હોય તેમ સિંહણે હુમલો કર્યો. ચંદ્રના પ્રકાશમાં આવતા ચીતલનાં ટોળાંએ આ સિંહણને જોઈ, કઈ તરફ જવું તેની મૂંઝવણમાં બધાં ચીતલ ગમે તે દિશામાં દોડવા લાગ્યાં. એ જ ક્ષણે અન્ય એક સિંહણ બહાર આવી. એક ચીતલ તેની સાવ નજીક પહોંચી ચૂક્યું હતું. દાંત અને જડબાંની આ રમત હતી, તંદુરસ્ત ચીતલ હવે નજર સમક્ષ હતું. સિંહણના એક જ કૂદકાએ ચીતલને જમીન પર પછાડી દીધું.

બીજી એક દિશામાંથી અન્ય બે સિંહણો બહાર આવી, ચીતલને દિશા ભુલાવી અન્ય એક ચીતલનો શિકાર કરી લીધો. બે સિંહણે બે ચીતલનો શિકાર કર્યો. વાહ, શું વિજય મળ્યો છે! આ એ જ પેલી એકલીઅટૂલી સિંહણ હતી, જે હમણાં હમણાં જ સમૂહમાં જોડાઈ હતી, તે આ બધું જોઈ રહી હતી અને ગર્વની સાથે તે સમૂહના બીજા સભ્યોની પાસે પહોંચી, સમૂહના બીજા સભ્યોએ તેને આવકારી. એક સાથે બે ચીતલનો શિકાર આખા સમૂહ માટે પૂરતા ભોજન સમાન હતો. બંને સિંહ શિકારનો આ ખેલ દૂર બેસીને જોઈ રહ્યા હતા અને પરિણામ જાહેર થતાં તરત જ, તેઓ પોતાનો `સિંહ ફાળો' લેવા આવી પહોંચ્યા!

શિકાર

સિંહ એ હૂંફાળા લોહીવાળું પ્રાણી છે. આખો દિવસ આરામ કરીને ઊંઘીને સિંહ પોતાની ઊર્જા બચાવે છે. સિંહ મોટાભાગે રાત્રે શિકાર કરે છે. ઠંડકનો સમય તેને શિકાર કરવામાં મદદરૂપ થાય છે. તેઓ ઘણા તકસાધુઓ હોય છે. ક્યારેક જરૂરિયાત જણાય તો તેઓ દિવસે પણ શિકાર કરી લે છે. સિંહ ભાગ્યે જ શિકારમાં ભાગ લે છે. તેમની મોટી કેશવાળી અને મોટું કદ શિકારને સરળતાથી ઓળખાઈ જાય છે. મોટાભાગે સિંહણ જ શિકાર કરતી હોય છે.

સિંહ ઝડપી પ્રાણી નથી પણ સંયમી શિકારી છે. શિકારની પાછળ ભાગવાના બદલે તેમણે શિકારની અલગ પદ્ધતિઓ વિકસાવી છે. ચોરીછૂપીથી સંતાઈને તે અચાનક હુમલો કરે છે. આ પદ્ધતિ તેમના વડવાઓના સમયથી ચાલતી આવે છે. સમૂહના પાઠડા અને પાઠડી તેમની માતા પાસેથી આ કૌશલ્ય શીખે છે અને પછી તેને અમલમાં પણ મૂકે છે. જ્યારે આખો

સમૂહ શિકાર કરવા જાય છે, ત્યારે તે તેમની આગવી શૈલીથી શિકાર કરે છે. એક અથવા બે સિંહણ શિકારની સામે રહે છે. બાકીની સિંહણ અને પાઠડા અને બીજાં બચ્ચાં આસપાસ ગોઠવાઈ જાય છે. સમૂહના સભ્યો શિકારથી જેમ બને તેમ નજીક રહેવા પ્રયત્ન કરે છે. શિકાર ઘાસ ચરવા માટે જ્યાં સુધી તેનુ માથું નીચું ન કરે ત્યાં સુધી તેઓ રાહ જુએ છે. સિંહણે એક એક ડગલું આગળ વધારી ચાલવાનું શરૂ કર્યું, અને પાછી અચાનક તે સ્થિર થઈ જતી. સમૂહના બીજા સભ્યો સિંહણની હિલચાલને જ ધ્યાનપૂર્વક જોઈ રહ્યા હતા. સિંહ એ ઝડપી શિકારી નથી, તેથી તેમણે શિકારની જેમ બને તેમ નજીક જવું જરૂરી હોય છે. શિકારનું ધ્યાન પડતાં સિંહણે બહાર આવી હુમલો કર્યો. સમૂહના બીજા બે સભ્યોએ ટોળાંને વાળવા માટે હુમલો કર્યો અને કાર્ય પૂર્ણ થયું.

સિંહ એ ગણતરીબાજ અને તકસાધુ શિકારી છે. તેઓ શિકારનું અંતર, કદ, જાતિ અને પરિસ્થિતિ મુજબ અવલોકન કરીને શિકાર કરવાનો નિર્ણય લે છે. એકવાર નિર્ણય લીધા બાદ તેઓ છુપાઈને બેસે છે. સિંહ મોટાભાગે તંદુરસ્ત વિકલ્પો પર પ્રથમ પસંદગી ઉતારે છે. અમારા અવલોકન મુજબ નાનાં પ્રાણીઓ કે બચ્ચાં ઉપર સિંહ ભાગ્યે જ હુમલો કરતા હોય છે. સિંહ કુદરતની સમતુલાને બરાબર જાણે છે. મોટાભાગના કિસ્સાઓમાં સિંહ પોતાના શિકારને જાતે મારે છે. અન્ય શિકારી દ્વારા કરેલા શિકારને આંચકી લેવાની તક પણ ગુમાવતા નથી. ઉંમર અને સંજોગો પણ તેમના ખોરાકની પદ્ધતિને અસર કરતા હોય છે. વૃદ્ધ, બીમાર કે ઘાયલ સિંહ મરેલાં પશુઓ પણ ખાય છે. સિંહના સામાજિક વર્તનનું એક હકારાત્મક પાસું એ પણ છે કે જો સમૂહમાં કોઈ સભ્ય ઘવાયેલો હોય તો જ્યાં સુધી સાજો ન થાય ત્યાં સુધી કરેલા શિકારમાંથી તેને સમૂહમાં ખાવા દેવામાં આવે છે.



ચીતલનો સામૂહિક શિકાર

શિકારની ઉપલબ્ધતાના આધારે સિંહ મોટાભાગે દર બે કે ચાર દિવસે શિકાર કરે છે. ખોરાક વગર સિંહ એકાદ અઠવાડિયું ચલાવી શકે છે. સિંહને દરરોજ પાંચથી સાત કિલો માંસની આવશ્યકતા હોય છે. પણ તે પોતાના વજનનું ૨૦થી ૩૦% જેટલું આરોગી શકે છે. સિંહ એ છાપામાર શિકારી છે. સિંહની દોડવાની શક્તિ ઘણી ઓછી હોય છે. આથી તે શિકાર

ઉપર અચાનક હુમલો કરીને શિકાર કરે છે.

એશિયાઈ સિંહના વસવાટો મોટાભાગે સાગનાં જંગલો, અર્ધશુષ્ક જંગલ, ઝાડીઝાંખરાવાળાં જંગલ અને વનસ્પતિ તથા પ્રાણીઓની વિવિધતા ધરાવતા ઘાસનાં પ્રદેશો છે. જેની મદદથી તેઓ સરળતાથી છાપો મારી શકે છે. ચીતલ, નીલગાય, સાંભર અને જંગલીભૂંડ એ તેમનો મુખ્ય આહાર છે. ગિરનાં જંગલોમાં ચીતલની સંખ્યા વધુ છે, જે દાયકાઓથી સિંહના વસવાટો ગિરની આસપાસ આવેલા ગ્રામ્ય વિસ્તારો પણ બન્યા છે. ગિર અને તેની આજુબાજુના વિસ્તારમાં રહેલાં પશુધન પર સિંહના હુમલા એ ઘણી સામાન્ય બાબત છે. સિંહણ એ પ્રમુખ શિકારી છે, પણ ભોજનના સમયે સિંહને તક આપવામાં આવે છે. સિંહ હંમેશાં જ્યાં વધુ માંસ હોય છે, તે બાજુથી ખાય છે અને સિંહણ તથા નવયુવાનો બીજી તરફથી માંસ ખાતાં હોય છે. સમૂહ જ્યારે ખોરાક ખાઈ રહ્યો હોય, ત્યારે નાનાં બચ્ચાં ક્યારેય ભાગ લેતાં નથી. કારણ કે, આ સમયે થતા ઝઘડા અને મારામારીમાં બચ્ચાંને નુકસાન થવાનો ભય રહે છે. અન્ય બિલાડીઓ કે પ્રાણીઓ બેસીને કે, ઊભા રહીને શિકારની મજા માણતા હોય છે. સિંહ એકમાત્ર એવું પ્રાણી છે, જે પોતાના પેટના ભાગેથી બેસીને માંસ આરોગે છે. સિંહ ઝાડીવાળા વિસ્તારમાં ખાવાનું પસંદ કરે છે, જેથી કરીને તેનો શિકાર અન્ય પ્રાણીઓથી બચાવી શકાય. સિંહ અને બીજાં પ્રાણીઓમાં તફાવત છે. એક અંદાજ મુજબ સિંહ આખા વર્ષ દરમ્યાન પોતાનું પેટ ભરવા ૨૦ જાનવરોનો શિકાર કરે છે. આ મોટી બિલાડી એટલે કે સિંહણ ક્યારેય પોતાની જરૂરિયાત કરતાં વધારે શિકાર નથી કરતી. સિંહ જ્યારે ભૂખ્યો થાય ત્યારે જ શિકાર કરે છે. તે હંમેશાં પોતાના કરતાં મોટાં પ્રાણીનો જ શિકાર કરે છે. આવી ખાસિયતોના કારણે આ શ્રેષ્ઠ પ્રાણીને જંગલનો રાજા કહેવામાં આવે છે.

સિંહબાળોનું જીવન

એ સાંજે સમૂહમાંની એક સિંહણ ગાયબ હતી. સમૂહના અન્ય એક સભ્યએ તેને બોલાવવાનો પ્રયત્ન કર્યો, પણ તેણે પ્રત્યુત્તર ન આપ્યો. જંગલમાં ખોવાયેલી સિંહણને છુપાવાલાયક એક સારી જગ્યાની શોધ હતી અને છુપાવા માટે તેની પાસે કારણ પણ હતું. તેણે પોતાનો ગર્ભાધાનનો સમય પૂરો કરી લીધો હતો. હવે તે માતા બનવા તૈયાર હતી. એક ઝાડીવાળા વિસ્તારમાં સમૂહના અન્ય સભ્યો અને બીજાં માંસભક્ષી પ્રાણીઓથી છુપાઈને સિંહણ રહેતી હતી. એક રાત્રે ભગવાને ચમત્કાર કર્યો. પૃથ્વી ઉપર નવા ચાર સિંહબાળનો જન્મ થયો. આવનારા થોડા દિવસ સુધી તેઓ જોઈ શકશે નહીં. તેમનું નાક આંખોનું કામ કરશે. માત્ર સૂંઘીને તેમની જરૂરિયાતો શોધી શકશે. એક પછી એક તેમણે પોતાની માતાનું દૂધ પીવાનું શરૂ કર્યું. આવનારા થોડાંક અઠવાડિયાં માટે તેઓ સંપૂર્ણ રીતે પોતાની માતા પર આધારિત હશે. સિંહને જંગલનો રાજા કહેવાય છે, પણ તેમના જીવનની શરૂઆત ખૂબ સંઘર્ષમય હોય છે. જન્મથી જ સિંહબાળ જોઈ શકવા માટે અને હલનચલન માટે નબળાં હોય છે. એક અઠવાડિયા પછી તેઓ ચાલી શકે છે. શિકારના સમયે સિંહણે તેના બચ્ચાંને મૂકીને જવું પડે છે. આ સમય બચ્ચાં માટે ખૂબ જોખમભર્યો હોય છે. ઘણી વખત અન્ય શિકારીઓ આવાં નાનકડાં બચ્ચાંઓનો શિકાર કરી લેતા હોય છે.

આ સમય દરમ્યાન સિંહણ પોતાનાં બચ્ચાંઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવતી રહે છે. એક વખત સમૂહમાં બચ્ચાંને લાવ્યા બાદ બચ્ચાંનું જીવન સુરક્ષિત થઈ જાય છે. આ સામાજિક પ્રાણીની એક મહત્ત્વની લાક્ષણિકતા છે કે, સમૂહમાં સિંહણ થોડા થોડા સમયના અંતરે બચ્ચાંને જન્મ આપે છે. આનાથી તેનાં બચ્ચાંઓને લાભ મળે છે. તેઓનાં બચ્ચાં એક સાથે મોટાં થાય છે. શિકારના સમય દરમ્યાન એક સિંહણ સમૂહનાં અન્ય બચ્ચાંઓનું ધ્યાન રાખે છે અને બીજી સિંહણ શિકાર કરવા જાય છે. સામાજિકરણની વ્યવસ્થાનો ફાયદો એ છે

કે સમૂહની બધી માતાઓ કોઈપણ બચ્ચાંને ભેદભાવ રાખ્યા વગર દૂધ પીવડાવે છે. આશ્ચર્યની વાત એ છે કે જુદીજુદી વયનાં બચ્ચાં પણ એક સાથે દૂધ પીતાં હોય છે. જન્મથી છ અઠવાડિયા સુધી બચ્ચાં માત્ર દૂધ પીવે છે. બચ્ચાં ત્રણ મહિનાના થાય પછી માંસ ખાવાનું ચાલુ કરે છે. સિંહની ભોજન પ્રણાલીમાં બચ્ચાંનો વારો સૌથી છેલ્લે આવે છે. સિંહ આમ તો ક્યારેય કોઈને તેના ખોરાકમાં ભાગ નથી આપતો પણ પોતાના બચ્ચાં માટે તેને ઘણો પ્રેમ હોય છે. સિંહણ ક્યારેય સિંહના ખોરાકમાં ભાગ નથી પડાવી શકતી, પણ બચ્ચાં હંમેશાં તેના પિતા સાથે જ ખાતાં હોય છે.

પ્રથમ હરોળના શિકારીએ સૌપ્રથમ શિકાર કરતાં શીખવું જરૂરી છે. સિંહણ કુશળ શિકારી છે. સિંહણનાં બચ્ચાં શિકાર કરવાની તેની માતાની પદ્ધતિઓ જોઈને શીખે છે. થોડા થોડા સમયે જન્મેલાં બચ્ચાં શિકારી કૌશલ્યો રમતાં રમતાં શીખતાં હોય છે. બે વર્ષની અંદર સિંહબાળ પાઠડો કે પાઠડી બને છે અને શિકારીસમૂહના સભ્યો પણ કોઈપણ પાઠડાને તેની ઉંમરના ત્રણ વર્ષ સુધી જ સમૂહમાં રહેવાની છૂટ હોય છે. ત્રણ વર્ષના પાઠડાને સમૂહ છોડી જવા ફરજ પાડવામાં આવે છે. પાઠડી સિંહણ સમૂહમાં રહી શકે છે. ઘણી વખત સગાભાઈઓ અને પિતરાઈ ભાઈઓ એક સાથે સમૂહ છોડી નવું જૂથ બનાવે છે અને અન્ય સમૂહ પર તેના પિતાની જેમ આધિપત્ય જમાવવા પ્રયત્ન કરે છે.

માતાનું ખરાબ સ્વપ્ન

બે અઠવાડિયાં પસાર થઈ ગયાં. બચ્ચાં હવે થોડું ચાલી શકતાં હતાં. આખો દિવસ દૂધ પીવા અને ચાલવાનો પ્રયત્ન કરવા સિવાય તેમની પાસે કોઈ કામ ન હતું. તેમની માતા તેમનું ધ્યાન રાખી રહી હતી. બચ્ચાં જેવાં થોડું વધારે ચાલીને આગળ જતાં, કે તરત જ તેમની માતા પકડીને પાછા લઈ આવતી. સિંહણને ક્યારેય એક જ જગ્યાએ લાંબો સમય સુધી પોતાના નવજાત બચ્ચાં સાથે રોકાતી જોઈ નથી. તેણે નવી જગ્યાએ પોતાનાં બચ્ચાંને એક પછી એક લઈ જઈને રાખ્યાં હોય. નવાં બચ્ચાંના અસ્તિત્વની ગંધ હવામાં ફેલાઈ ચૂકી હતી. જેનાથી આકર્ષિત થઈને અન્ય શિકારીઓ તેનાં બચ્ચાંને સરળતાથી મારી શકે તેમ હતાં.

સિંહણને ખબર ન હતી કે એક દીપડાને તેના છુપાવવાના નવા સ્થળ વિશે જાણ હતી. સિંહ દીપડાને પોતાનો શત્રુ માને છે અને સાથે સાથે દીપડા પણ તક મળે તો સિંહનાં બચ્ચાંનો શિકાર કરવાનું ચૂકતા નથી. ચારેય બચ્ચાંનું સ્થળાંતર થઈ ગયું. બચ્ચાંને જન્મ આપવાથી માંડીને પોતાનું પેટ ભરવા શિકાર કરવા સુધીનાં કામો સિંહણે એકલા અને જાતે કરવાનાં હોય છે. આઠ અઠવાડિયાં સુધી સિંહણે તેના સમૂહથી દૂર રહેવાનું હોય છે. આ સમય સિંહણ અને તેનાં બચ્ચાં માટે સંઘર્ષભર્યો હોય છે. બચ્ચાંને પૂરતા પ્રમાણમાં દૂધની જરૂરિયાત હોય, તેથી સિંહણે તેમની જરૂરિયાત પૂરી કરવા પણ પોતાનું પેટ ભરવું જરૂરી હતું.

શિકારની શોધમાં નીકળતી સિંહણ ચિંતામાં હતી કે, બચ્ચાંને એકલાં મૂકવાં કે નહીં. તેનું માતૃત્વ બચ્ચાંને એકલાં મૂકવાની તેને ના પાડતું હતું, પણ બચ્ચાં માટે પૂરતા પ્રમાણમાં દૂધ મળી રહે તે માટે તેને શિકાર કરવો પણ જરૂરી હતું. તેણે નિર્ણય લીધો. સિંહણ પોતાનાં ચારેય બચ્ચાંને એકલાં મૂકી ખોરાકની શોધમાં જંગલમાં ગઈ. જંગલમાં બધું ભાગ્યના સહારે જ ચાલે છે. આજે તમે શિકારી છો, તો કાલે તમને કોઈનો શિકાર બનવાની ફરજ પણ પડી શકે તેમ છે. સિંહણે આસપાસના વિસ્તારમાં શિકારની શોધ કરી, પણ આજુબાજુ કોઈ શિકાર ઉપલબ્ધ ન હતો. શિકારની શોધમાં તે આગળ વધી. તેને તેનાં બચ્ચાંની ચિંતા હતી. તેને જેમ બને તેમ જલ્દી પોતાનાં બચ્ચાં પાસે પહોંચવું હતું. બીજી તરફ નાનકડાં સિંહબાળ નાનાં નાનાં ડગલાં ભરીને એક સ્થળેથી બીજા સ્થળે ફરી રહ્યાં હતાં. બે બચ્ચાં તેમને જ્યાં છુપાવેલાં ત્યાંથી બહાર આવ્યાં અને બે અંદર જ રહ્યાં. સિંહણે જ્યાં બચ્ચાં છુપાવ્યાં હતાં તે ઢોળાવવાળો

વિસ્તાર હતો. બચ્ચાં લપસીને બહાર આવી ગયાં. દુર્ભાગ્યવશ આ બચ્ચાં દીપડાની નજરે ચડી ગયાં. દીપડો આ તક ગુમાવવા માંગતો ન હતો. તે ભલે બચ્ચાં હતાં, પણ શિકાર અને શિકારીની આ ક્રૂરતાભરી દુનિયામાં પ્રતિસ્પર્ધી માટે કોઈ દયા રાખવામાં આવતી નથી. એક બચ્ચાને તેણે મારી નાખ્યું અને બીજું બચ્ચું દીપડો ઉપાડી ગયો. સિંહણ ગમે તેમ કરીને એક મરેલા પશુના બચેલા માંસમાંથી થોડું ખાઈને પાછી ફરી. ત્યાં માત્ર બે બચ્ચાં હતાં. સિંહણે બચ્ચાં શોધવાનું શરૂ કર્યું. તે સ્થળે બધી તરફ દીપડાની ગંધ આવી રહી હતી. તેને ખ્યાલ આવી ગયો હતો કે શું થયું હશે. પણ એક નાનકડી આશા સાથે તેણે પોતાનાં બચ્ચાં શોધવાનું શરૂ કર્યું. ઘાસમાં તેને પોતાનું એક મરેલું બચ્ચું મળ્યું. મરેલા બચ્ચાને તેણે વહાલ કર્યું. મોઢામાં ઊંચકીને થોડે આગળ જઈ તેને મૂકી દીધું. બીજાં બચ્ચાંને શોધવાનો હવે કોઈ અર્થ ન હતો. ગુસ્સામાં અને હતાશ થઈને સિંહણે એક મોટી ગર્જના કરી. સિંહણ પોતાનાં બે બચ્ચાંનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગઈ હતી. તે તરત પોતાનાં બચી ગયેલાં બે બચ્ચાં પાસે આવી અને એક પછી એક તેમને નવાં સ્થાને ખસેડી દીધાં.

રાત્રિ ભોજન માટેની વિનંતી

નવજાત બચ્ચાંવાળી સિંહણ હંમેશાં ચિંતામાં રહે છે. તે હંમેશાં બે વિપરીત પરિસ્થિતિઓમાં મુંઝાયેલી હોય છે. બચ્ચાં પાસે રોકાઈને તેનું રક્ષણ કરવું કે શિકાર કરવો? જો સિંહણ યોગ્ય ખોરાક નહીં ખાય તો તેનાં બચ્ચાં માટે પૂરતા પ્રમાણમાં ધાવણ નહીં બની શકે. સિંહણ તેનાં બે બચ્ચાં ગુમાવી ચૂકી હતી અને બીજાં બે બચ્ચાંને એકલાં મૂકી જવાની તેની હિંમત ન હતી. રોજ શિકાર કરવા જવાનું તે ટાળતી હતી. તેનાં બચ્ચાંઓ દિવસે દિવસે નબળાં પડી રહ્યાં હતાં. સિંહણને પરિસ્થિતિની ભયાનકતા વિશે ખબર હતી, પણ તે કશું કરી શકે તેમ ન હતી.

રાતનું અંધારું થયું ને સિંહણે ફરી એક વખત તક લેવાનો વિચાર કર્યો. નજીકમાં તેણે ચીતલનું એક ટોળું જોયું. ચીતલના ટોળાંથી સમાંતર અંતર રાખીને તેણે તેમનો પીછો કર્યો. આ એક જોખમ હતું, પણ તે તક ગુમાવવા માંગતી ન હતી. ચીતલનું ટોળું તેના શિકાર કરવાની હદથી દૂર હતું. પણ તેની તીક્ષ્ણ આંખો અને નાક મૌન રહીને ચીતલનાં ટોળાંનો પીછો કરી રહ્યા હતા. તેની પાસે ખૂબ ઓછો સમય હતો. સિંહણ ઝડપથી આગળ વધી રહી હતી. ટોળું જ્યારે આગળ વધતું ત્યારે સિંહણ તેમની વધુ નજીક જતી અને ટોળું જ્યારે ઊભું રહેતું ત્યારે સિંહણ સ્થિર થઈ જતી. સતત બે કલાક સુધી ટોળાંનો પીછો કર્યો.

રાત્રિનો સમય શિકારી પ્રાણીને શિકાર કરવાની યોગ્ય તક આપે છે, કારણ કે રાત્રિના સમયે શિકારી પ્રાણીઓ સારી રીતે જોઈ શકે છે. સિંહણ માટે વડનું એક મોટું ઝાડ આશીર્વાદરૂપ નીવડ્યું. ઝાડની પાછળ સંતાઈને સિંહણ ટોળાની વધુ નજીક આવી શકી હતી. હવે ટોળું નિશાન પર હતું. તેણે શિકાર પર નિશાન રાખી હુમલો કર્યો અને સફળતા મળી. તે આજુબાજુમાં કોઈને પોતાના શિકાર વિશે જાણ થવા દેવા માંગતી ન હતી. આથી ધીમે રહીને સિંહણ ચીતલના શબને ઢસડીને વડના ઝાડ નીચે લાવી. તે ખૂબ ખુશ હતી, પણ તેનો આનંદ લાંબો સમય ટક્યો નહીં.

ઝરખ એ ગિરના જંગલનું એક માંસાહારી પ્રાણી છે. એ આ સમગ્ર દૃશ્ય જોઈ રહ્યું હતું. તેને ખબર હતી કે સિંહણ એકલી છે અને સિંહણે જેવું ખાવાનું શરૂ કર્યું તેવું ઝરખ તેની પાસે પહોંચી ગયું. ઝરખ ઘોંઘાટ કરવામાં પાવરધા હોય છે અને તેમને `કુદરતના સફાઈ કામદાર' પણ કહેવામાં આવે છે. સલામત અંતર જાળવીને ઝરખે ચીસો પાડવાનું અને ચિચિયારીઓ કરવાનું શરૂ કર્યું. તેના અવાજથી બીજાં ઝરખ ત્યાં આવી ગયાં અને સિંહણને ઘેરી લીધી. સિંહણે ઘુરકિયાં કરીને ઝરખના ટોળાને ભગાડવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓને ખબર હતી કે, એકલી સિંહણને કેવી રીતે હેરાન કરવી. ઝરખે ભેગા થઈને અસહ્ય ત્રાસ મચાવ્યો અને છેવટે

સિંહણ કંટાળીને મારણને ત્યાં છોડીને ચાલી ગઈ. ગિરના હૃદયમાં આવા તો ઘણા પ્રસંગો અને વાર્તાઓ સચવાયેલાં છે. દિવસનો વિજય રાત્રે પરાજયમાં પરિવર્તિત થઈ જાય છે. સિંહણ ત્યાંથી નીકળીને પોતાનાં ભૂખ્યાં બચ્ચાં પાસે ગઈ. સિંહણ ખૂબ થાકી ગઈ હતી, છતાં પણ સંતોષ પામેલી આ માતા એટલું તો જમી, કે જેનાથી પોતાનાં બચ્ચાંનું પેટ ભરાવી શકશે.

સિંહબાળોનું સમૂહમાં આગમન

આઠ અઠવાડિયાં થઈ ચૂક્યાં હતાં, બંને સિંહબાળો તેમના જીવનના પ્રથમ તબક્કાની ભયાનક પરિસ્થિતિઓમાંથી પસાર થઈ ચૂક્યાં હતાં. હવે તેમના પરિવારના બીજા સભ્યોને મળવાનો સમય આવી ગયો હતો.

સમૂહની બીજી સિંહણનાં પણ બચ્ચાં હતાં, હવે તેમાં બીજાં બે બચ્ચાં ઉમેરાયાં. સમૂહમાં સમયાંતરે જન્મેલાં બચ્ચાં, સમૂહની માદાઓને બાળ ઉછેરમાં મદદરૂપ થાય છે. બાળકોને પ્રથમ ભેટ મળી, તેમના પિતા સાથેની પ્રથમ મુલાકાત! સિંહ ઊંઘી રહ્યો હતો. બચ્ચાં તેમની પાસે પહોંચ્યાં. સિંહે જાગીને પ્રથમ બંને બચ્ચાંને બધી બાજુથી સૂંઘ્યા, બચ્ચાંમાં તેને પોતાની ગંધ આવતી હતી, બચ્ચાંઓનો સ્વીકાર થયો, સિંહે એક બચ્ચાને વહાલ કર્યું. મોટી કેશવાળીવાળો વિશાળ ચહેરો ધરાવતા આ કદાવર સિંહને જોઈ, બચ્ચાં સ્તબ્ધ થઈ ગયાં. બચ્ચાંને જ્યારે સમજાયું કે, અહીં કોઈ ખતરો નથી ત્યારે અચાનક એક બચ્ચું સિંહની પીઠ પર ચડી રમવા લાગ્યું. સિંહે પડખું ફરી, બચ્ચાને પોતાની પીઠ ઉપરથી નીચે ગબડાવી દીધું. બીજા બચ્ચાને તેના પિતાની કેશવાળીમાં રસ હતો. તેણે સિંહની કેશવાળી મોઢામાં લેવાનો પ્રયત્ન કર્યો, ત્યારે પેલા બચ્ચાએ સિંહની પૂંછડી ખેંચવાનું શરૂ કર્યું. બસ હવે બહુ થયું. સિંહે એક નાનકડી ગર્જના કરી અને તરત સિંહણે બંને બચ્ચાંને પોતાની પાસે બોલાવી લીધાં. સિંહણને ખબર હતી કે સિંહ વધુ સહન નહીં કરી શકે. એક પછી એક બંને બચ્ચાં બાકીની સિંહણની પાસે ગયાં. એક સિંહણે તેમનું માથું ચાટીને સ્વાગત કર્યું, તો બીજી સિંહણે ઘુરકિયું કરીને તેનું સ્વાગત કર્યું. હવે પિતરાઈઓને મળવાનો સમય હતો. સમૂહનાં બાકી બચ્ચાં આ બે મહેમાનોને જોઈ રહ્યાં હતાં. સમૂહનાં થોડાં મોટાં થયેલાં બચ્ચાં માટે આ બંને તેમની બાલવાડીના નવાં રમકડાં સમાન હતાં. જિજ્ઞાસાવૃત્તિથી બીજાં બધાં મોટાં સિંહબાળોએ આ બંને બચ્ચાંને ગબડાવવાનું અને ધક્કા મારવાનું શરૂ કર્યું. નાનકડાં બચ્ચાંઓ પોતાની માતાને બોલાવવા લાગ્યા. સિંહણે તરત જ મોટાં બચ્ચાંઓને સાંકેતિક ભાષામાં આવું ન કરવા સમજાવી દીધું.

બંને નાનાં બચ્ચાં પોતાની માતા પાસે આવી દૂધ પીવા લાગ્યાં. બંને બચ્ચાંમાંથી એક નર હતું. નર જન્મથી જ સાહસિક મનોવૃત્તિનો હોય છે. દૂધ પીતાં પીતાં બચ્ચાંએ જોયું, કે સિંહ જાગી ગયો છે અને તરત તે બાળ સિંહ તરફ દોડ્યું. બાકીનાં બચ્ચાંઓ આ નવા આવેલા આગંતુકની હિંમતને જોઈ રહ્યાં. આ વખતે સિંહ પણ બચ્ચાં સાથે રમવા લાગ્યો. બચ્ચું આગળ ચાલતું હતું અને તેના પિતા તેને પાછળથી હળવો ધકકો મારતા હતા. પિતાના હળવા ધક્કાથી બચ્ચું ફૂટબૉલના દડાની માફક ગુલાંટ ખાતું હતું. થોડી વાર આવી રમત કર્યા બાદ સિંહ પાછો સૂઈ ગયો. હવે બીજા સિંહની પરીક્ષા કરવાનો વારો હતો. ભરબપોરે ઊંઘતા સિંહને જગાડવો એ જોખમભર્યું હોય છે. સિંહનો સમૂહ ઝાડના છાંયડા હેઠળ આરામ કરી રહ્યો હતો. સિંહબાળે દૂધ પીવાનો પ્રયત્ન કર્યો. પરંતુ સિંહણ ઊંઘવાના મિજાજમાં હતી. જેવું બચ્ચું તેની પાસે આવ્યું, કે તરત સિંહણે પડખું ફેરવી લીધું.

બચ્ચું બીજી સિંહણ પાસે ગયું. સિંહણે થોડીવાર તેને રમવા દીધું અને પછી તે પણ પડખું ફરી ગઈ. સિંહણ ઘણી વખત બચ્ચાં સાથે રમતી હોય છે. સિંહ ભાગ્યે જ બચ્ચાંની આ રમતિયાળ પ્રવૃત્તિઓને સહન કરી શકતો હોય છે. આ સમગ્ર પ્રવૃત્તિ દરમ્યાન બચ્ચું ફરી વખત બીજા સિંહ પાસે પહોંચી ગયું. માતાએ નાનકડી ગર્જના કરીને બચ્ચાને પાછું વાળવા પ્રયત્ન

કર્યો, પણ બચ્ચાંએ તેને ગણકારી નહીં. બચ્ચાંને સિંહની કેશવાળીમાં રસ હતો. સિંહ ઊંઘી રહ્યો હતો. બચ્ચું તેની નજીક પહોંચ્યું અને સિંહના પંજાના એક ધક્કાએ બચ્ચાને ત્રણ ગુલાંટ ખવડાવી દીધી. આખરે તેને યોગ્ય બોધપાઠ મળ્યો ખરો, એમ વિચારી સિંહણે એક મોટી ગર્જના કરી. બચ્ચાને લાગ્યું કે તેના પિતા ઊંઘતા જ સારા છે. સિંહે જ્યારે તેનું મોઢું ખોલ્યું ત્યારે બચ્ચાને સમજાયું હશે કે તે બહુ સરળતાથી તેના મોઢામાં જઈ શકે તેમ છે. આથી સિંહ સાથે રમત કરવાનો વિચાર પડતો મૂકી, બચ્ચું તેની માતા પાસે પાછું આવી ગયું.



રક્ષણ કરતી માતા

રમતિયાળ બચ્ચાં

બચ્ચાં હંમેશાં નવી જોયેલી વસ્તુઓ માટે જાણવા ખૂબ જિજ્ઞાસુ હોય છે. ત્રણ મહિનાથી બે વર્ષ સુધીનાં બચ્ચાં એકબીજાં સાથે રમી રહ્યાં છે. રમતાં રમતાં તેઓ જીવનના મહત્ત્વના બોધપાઠ પણ શીખી રહ્યાં છે. એક ભેંસ સિંહોના આખા સમૂહ માટે મોટી ભેટ હોય છે.

સમૂહના લગભગ દરેક સભ્યની ભૂખ તે સંતોષી શકે છે. આગલી રાત્રે સમૂહે એક ભેંસનો શિકાર કર્યો હતો. બીજા દિવસે સવારે ભેંસના શરીરમાં ચામડી, શિંગડાં અને હાડપિંજર સિવાય બીજું કશું બચ્યું ન હતું. કુદરતના સફાઈ કામદારો સિંહના ભોજન પૂરું થવાની રાહ જોતા હોય છે. તેમને ખબર છે કે સિંહના ખાઈ લીધા બાદ જે વધશે, તે તેઓ ખાઈ શકશે. ભરપેટ જમ્યા બાદ એક સારી ઊંઘની જરૂરિયાત હોય છે. આથી સમૂહ પેલા મારણની નજીક આરામ કરી રહ્યો હતો. પણ નાનાં સિંહબાળોને આરામ કરવાની કોઈ જ ઇચ્છા ન હતી. તેઓ માત્ર ઊંઘવાનો ઢોંગ કરી રહ્યાં હતાં. બચ્ચાંઓએ કેટલાક કાગડાઓને ઝાડ ઉપર અને કેટલાકને ભેંસનાં હાડપિંજર પર બેઠેલાં જોઈને તેમની પર હુમલો કર્યો. જાણે એવું કહેવા ન માગતા હોય, કે `જંગલનો રાજા હું છું. તારી હિંમત કેવી રીતે થઈ મારા ભોજનને અડવાની!' કાગડો ઊડી ગયો, બીજો કાગડો આવીને હાડપિંજર પર બેઠો, બીજા બચ્ચાએ હુમલો કર્યો, ફરી કાગડો ઊડી ગયો અને ઝાડ ઉપર જઈને બેઠો. બંને બચ્ચાં તેમને એવી રીતે જોવા લાગ્યાં જાણે કે તેઓ જીતી ન ગયાં હોય! ફરી પાછા કાગડાઓ હાડપિંજર પર આવીને બેઠા અને તેમનો ખોરાક ખાવા લાગ્યા. `આ અમારું અપમાન છે.' કદાચ એવું અનુભવતા એક સિંહબાળે ફરી વખત હુમલો કર્યો, પણ તે પૂરતું ન હતું. તેણે ઝાડ પર ચડવાનો પ્રયત્ન કર્યો. આપણે બધા જાણીએ છીએ કે મોટાભાગે સિંહ ઝાડ ઉપર ચડતા નથી. ગુસ્સે ભરાયેલાં સિંહબાળોએ હાડપિંજરની નજીક બેસવાનું નક્કી કર્યું. કાગડાઓને બચ્ચાં સાથે રમત કરવામાં મજા આવતી હતી. જેવા બચ્ચાં તેમની નજીક પહોંચતાં, કે તરત જ કાગડા ઊડીને હાડપિંજરની બીજી તરફ બેસી જતા'તા, અને બચ્ચાંઓએ હાડપિંજરને ધક્કો મારવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓ ખૂબ નાનાં હતાં.

એક બચ્ચું આ ઉંદર-બિલાડીની રમત જોઈ રહ્યું હતું. તેણે એક શિયાળને પણ પોતાના હિસ્સા માટે રાહ જોતાં જોયું. તેણે શિયાળને ભગાડવાનું નક્કી કર્યું. ખભા ઊંચા કરી પગ ટટ્ટાર કરીને હુમલાની સ્થિતિમાં આવીને શિયાળે બચ્ચાં તરફ ચાલવાનું શરૂ કર્યું. શિયાળ જાણે ગભરાઈ ગયું હોય તેવો દેખાવ કરીને આમતેમ આંટા મારી રહ્યું હતું. શિયાળના આવા વર્તને સિંહબાળના વિશ્વાસમાં વધારો કર્યો. બચ્ચાંને લાગ્યું કે શિયાળે સિંહથી ડરવું જ જોઈએ! પણ બચ્ચું એ ભૂલી ગયું હતું કે, અહીં કદની મહત્ત્વતા વધુ છે. એકલું બચ્ચું એ શિયાળ માટે ઉત્તમ ભોજન છે. બચ્ચું શિયાળ તરફ જઈ રહ્યું હતું અને શિયાળ જાણે તેને ખબર ન હોય તેમ અભિનય કરી રહ્યું હતું. પણ બચ્ચાંની રખેવાળ એવી તેની માતાને શિયાળની હાજરીનો આભાસ થઈ ગયો હતો. સિંહણ ઊભી થઈ થોડાં ડગલાં તેની તરફ ચાલી, ત્યાં તો શિયાળ ત્યાંથી ભાગી ગયું. બચ્ચાં પાછાં આવી તેની માતા આગળ ગેલ કરવા લાગ્યાં, જાણે કહેતાં ન હોય કે, તેં જોયું મા, અમે તેને ભગાડી દીધું! સિંહણે બચ્ચાંને વહાલ કર્યું અને ફરી પાછી તે ઊંઘી ગઈ.

સામ્રાજય વિસ્તાર માટેના ઝઘડા

સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. ઘાસના ખુલ્લા મેદાનમાં બંને સિંહ આરામ કરી રહ્યા હતા. નજીકમાં સિંહણોનો સમૂહ પણ સાંજની મજા માણી રહ્યો હતો. કદાચ એકાદ બે કલાક બાદ શિકાર કરવા માટે તૈયાર થવાની જરૂર પડે તેમ હતી. નાનાં બચ્ચાં રમત રમતમાં તેમનાં માતાપિતાની નકલ કરી રહ્યાં હતાં. તેમની આ રમતો ભવિષ્યમાં ઘણી મદદરૂપ સાબિત થવાની હતી. આ બંને સિંહ છેલ્લાં બે વર્ષથી સફળતાપૂર્વક આ વિસ્તાર ઉપર શાસન કરી રહ્યા હતા. કોઈ પ્રાણીએ હજુ સુધી આ શક્તિશાળી શિકારીઓ સાથે બાથ ભીડવાનો પ્રયત્ન કર્યો ન હતો. એ શાંત વાતાવરણવાળી સાંજમાં અચાનક બધા જાગી ગયા અને હવામાં કંઈક સૂંઘવા લાગ્યા. હવામાંથી આવતી ગંધની દિશા દર્શાવતી હતી કે, કંઈક સારું નથી થઈ રહ્યું, રમત


કરતાં બચ્ચાં રમત કરતાં બંધ થઈ ગયાં અને ભાગીને પોતાની માતા પાસે જઈને બેસી ગયાં. નર અને માદાઓએ અનુભવ્યું કે દૂરથી કોઈક તેમની નજીક આવી રહ્યું છે. ઉનાળાનો તે સમય હતો અને સૂર્યની ગરમીએ ધરતી પરની ગીચ લીલોતરીને આછી કરી નાખી હતી.

એ ઘાસિયા પ્રદેશના ખૂણેથી ત્રણ યુવાન અને તંદુરસ્ત રખડતા સિંહ તેમની તરફ આવી રહ્યા હતા. સિંહે ઊભા થઈ સાવચેતીપૂર્વક જોવાનું શરૂ કર્યું. રખડતા સિંહની ત્રિમૂર્તિએ સિંહણને જોઈ. જો તેઓ સફળ થશે તો સમૂહનાં નાનાં બચ્ચાંઓને ચોક્કસ તે મારી નાખશે અને બીજા યુવાસિંહ અને માદાને સમૂહમાંથી કાઢી મૂકશે. આ બંને મુખ્ય સિંહ શરણાગતિ સ્વીકારવા તૈયાર ન હતા. સિંહણ કંઈ નક્કી કરે તે પહેલાં બંને સિંહ દોડીને પેલા ત્રણ સિંહને રોકવા ગયા. ત્રણેય સિંહ સામેથી આવતા બંને સિંહને જોઈ રહ્યા હતા. પરંતુ આ ત્રણેય સિંહે બંને સત્તાધીશોને પછાડવાનો જાણે કૃતનિશ્ચય કર્યો હતો. બેની સામે ત્રણ લડવૈયા! થોડી ક્ષણોમાં ભયંકર લડાઈ શરૂ થઈ. લડાઈ સમયે સિંહ ઘણા આક્રમક હોય છે. પ્રાથમિક કક્ષાએ તેઓ ગર્જના કરીને અને શત્રુની આગળપાછળ ગોળ ફરીને તેને ભગાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ પદ્ધતિ અહીંયા કામ લાગી નહીં. આ લડાઈ તેમના માટે લોહિયાળ અને પ્રાણઘાતક હતી. વર્તમાન સમ્રાટો નબળા સાબિત થયા. થોડાં સમય માટે જંગલમાં જાણે ભયાનકતાનો પવન ફૂંકાઈ ગયો હતો. પરંતુ યુદ્ધના અંતે શાસકો પોતાના સામ્રાજ્યને બચાવવામાં સફળ રહ્યા હતા. તેમણે ફરી એક વખત પોતાનાં નાનકડાં બચ્ચાંઓનો જીવ બચાવી લીધો હતો. રખડતા આવેલા પેલા ત્રણેય સિંહ અંધારામાં અદૃશ્ય થઈ ગયા. આ વખતે તેમણે શત્રુઓને ભગાડી દીધા પણ અહીં બીજા ઘણા બધા રખડતા સિંહ છે.

આ રખડતા સિંહ તેમને પડકારી શકે તેમ છે. આ ભવ્ય પ્રાણીની શક્તિને કોઈ પડકારી શકતું નથી. સિંહ દેખીતી રીતે કશું કરતો નથી, પણ જ્યારે જરૂર પડે ત્યારે એ પોતાની આંતરિક શક્તિ બતાવે છે. ત્રણ સિંહ યુદ્ધમાં હારી ગયા, કારણ કે આ બે પીઢ સિંહ પાસે અનુભવનું છૂપું હથિયાર હતું. રખડતા સિંહ સામાન્ય રીતે એકથી બીજા વિસ્તારમાં ફર્યા કરતા હોય છે અને ભાગ્યે જ આવા સંઘર્ષનો ભોગ બનતા હોય છે. એક સિંહનો, સમૂહ અને વિસ્તાર પર, આધિપત્યનો સમય બેથી ત્રણ વર્ષ હોય છે. તો આવી પરિસ્થિતિમાં રખડતા સિંહ વારંવાર સમૂહ પર આધિપત્ય મેળવવાનો પ્રયત્ન કર્યા કરતા હોય છે. બંને સિંહે મોટેથી ગર્જના કરી અને પાછળથી સમૂહના બીજા સભ્યો પણ તેમની ગર્જનાઓમાં સાથ પુરાવા લાગ્યા.

ઉંમરનું વર્ગીકરણ

દિવસો પસાર થઈ રહ્યા હતા સોળ સભ્યોવાળો સમૂહ પણ સાથે સાથે વિકસી રહ્યો હતો. મોટા બચ્ચાં હવે દોઢ વર્ષની વયના થઈ ચૂક્યાં હતાં. તેમની કેશવાળી દેખાવા લાગી હતી અને તેમની રમતિયાળ પ્રવૃત્તિઓ સાહસમાં પરિવર્તિત થઈ ગઈ હતી. ઘણી વખત તેઓ નાનકડાં બચ્ચાંને નિશાન બનાવી રહ્યા હતા અને આ રમતમાં બચ્ચાં ઘણી વખત જોખમમાં મુકાઈ જતાં. માતાઓ મોટા થઈ રહેલાં પાઠડાંઓનું ધ્યાન રાખતી અને તેમને આવું તોફાન કરતાં રોકતી.



કીડીખાઉ શિકાર કરવાનો પ્રયત્ન કરતી સિંહણ

સિંહ જન્મથી લઈને તેમના સમગ્ર જીવનકાળ દરમ્યાન વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે. સામાન્ય રીતે સિંહનું જીવન ચાર તબક્કામાં વહેંચાયેલું છે. તેઓના જીવનની શરૂઆત નાનકડાં બચ્ચાં તરીકે થાય છે. નવજાત બચ્ચાંને બે મહિના સુધી છુપાવીને રાખવામાં આવે છે. બચ્ચાં મોટાં થાય ત્યાં સુધી તેમના શરીર ઉપર, ખાસ કરીને માથાના ભાગે અને પગના ભાગે,

ટપકાં જોવા મળે છે. તેઓની આંખોનો રંગ પણ બદલાય છે. જન્મ સમયે પૂંછડી ઘણી આછી દેખાય છે. સાતેક મહિના બાદ પૂંછડીના વાળ ઘટ્ટ થતાં તે વ્યવસ્થિત દેખાવા લાગે છે. નર અને માદાને બાળઅવસ્થામાં તેના જનનાંગોના ફરકથી સમજી શકાય છે. નર બચ્ચાં નાનપણથી જ વધુ જોહુકમી કરનારાં હોય છે. જન્મ પછીના પ્રથમ ત્રણ મહિના બચ્ચાં માતાનું દૂધ પીને જ મોટાં થાય છે. ત્રણ મહિના પછી બચ્ચાં ધીમે ધીમે માંસ ખાવાની શરૂઆત કરે છે. એક વર્ષની ઉંમરે બચ્ચાંનું કદ વધી જાય છે અને પંદર મહિનાના બચ્ચાં દીપડા જેટલા મોટાં દેખાવા લાગે છે. તેમના શરીરમાં મહત્ત્વનો બદલાવ તેમના દાંતમાં આવે છે.

બારથી પંદર મહિનાની વચ્ચે તેમના નાના રાક્ષસી દાંત કાયમી રાક્ષસી દાંતમાં પરિવર્તિત થઈ જાય છે. સિંહ જ્યારે બે વર્ષનો હોય ત્યારે તેમનામાં ઝડપથી પરિવર્તન આવે છે. તેમના ખભા પહોળા થાય છે. તેમનું કપાળ મોટું થાય છે. કેશવાળી આખું માથું નથી ઢાંકતી પણ ગળા અને છાતીના ભાગ સુધી આછી આછી કેશવાળી દેખાવાની શરૂઆત થઈ જાય છે. બેથી ચાર વર્ષનાં સિંહ અથવા સિંહણ પાઠડા કે પાઠડી કહેવાય છે. તે ન તો બાળક છે, ન તો પુખ્ત છે. તેમના શરીરમાં મહત્ત્વના ફેરફારો આ ઉંમરથી થતા હોય છે. ત્રણ વર્ષની ઉંમરથી યુવાસિંહણ પુખ્ત સિંહણ બની જાય છે. યુવા અને પુખ્તવયની માદા સિંહણ લગભગ સરખાં લાગે છે. માત્ર પેટ અને છાતીના ભાગનો તફાવત તેમને યુવાથી જુદા પાડે છે. ચાર વર્ષની ઉંમરે સિંહની દાઢી કેશવાળીમાં પરિવર્તિત થવાની સાથે સિંહ પ્રભાવશાળી પુખ્તસિંહ બની જાય છે. જોકે બધા સિંહની કેશવાળી એક સરખી હોતી નથી. તેના રંગ, કદ અને પ્રમાણમાં હંમેશાં તફાવત જોવા મળે છે. નર અને માદા, ત્રણ વર્ષ કે તેથી વધુ ઉંમરના થવાની સાથે શિકારની પ્રવૃતિઓમાં ભાગ લેતા થાય છે. તેઓ હજી કુશળ શિકારી ભલે ન બન્યા હોય, પણ તેઓ શિકારમાં મદદરૂપ જરૂર થતાં હોય છે. યુવા સિંહ માટે આ સૌથી અઘરો સમય હોય છે. યુવા સિંહને સમૂહમાંથી હાંકી કાઢવામાં આવે છે.

જ્યારે સિંહણ એ સમૂહમાં રહી શકે છે. ઘણા ઓછા કિસ્સાઓમાં સિંહણ પોતાના સમૂહને છોડીને ગઈ હોય તેવું જોવા મળ્યું છે. ચાર વર્ષની ઉંમર પસાર કરી, યુવા સિંહ પોતાના મરણ સુધી પુખ્ત સિંહ કહેવાય છે. તેઓનો વિકાસ છ વર્ષની ઉંમર સુધી થયા કરે છે. એ પછી તેમના શરીરની લંબાઇ નથી વધતી, પણ પહોળાઈ વધે છે અને તેમનું વજન વધે છે. વાળના ગુચ્છા ગળા, છાતી અને ખભા સુધી વિસ્તરે છે. વાળના ગુચ્છાનો રંગ સહેજ પીળાશ પડતો હોય છે અને જ્યારે સિંહ પુખ્ત બને છે ત્યારે તેનો રંગ કાળો થતો જાય છે. પુખ્ત સિંહનું મુખ્ય કામ સાથી અથવા સમૂહ શોધવાનું હોય છે. કારણ કે તેની પાસે પ્રજનન કરવા અને પોતાનો વંશ આગળ વધારવા ખૂબ ઓછો સમય હોય છે.

બેદરકાર માતા

નાનાં બચ્ચાં ઘણી વખત તેમના મોટા ભાઈઓ સાથે રમતાં રમતાં ઘવાતાં હોય છે. બચ્ચાં જેમ જેમ મોટાં થતાં જાય છે, તેમ તેમ નવુંનવું જાણવાની તેમની જિજ્ઞાસા વધતી જાય છે. નાનાં બચ્ચાં મોટાં બચ્ચાંઓ માટે રમકડાં સમાન હોય છે. પણ પોતાની માતા દ્વારા જ બચ્ચાંને ઈજા પહોંચાડવામાં આવે કે મારી નાંખવામાં આવે તો? ત્રણ મહિનાનાં બચ્ચાં તેની માતા કરતાં ૧૦ ગણાં નાનાં હોય છે. ઘણી વખત સિંહણનાં બેદરકારીપૂર્ણ વર્તનનાં કારણે બચ્ચાંનું મૃત્યુ પણ થતું હોય છે. સમૂહમાં રહેતી સિંહણ વારાફરતી બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાંના અમુક અંતરે જન્મ થવાથી સિંહ પરિવારની સિંહણ એકબીજાંનાં બચ્ચાંના ઉછેરમાં મદદરૂપ થાય છે. પણ ઘણી વખત સિંહણની વધુ સંખ્યા અને મોટું કુટુંબ નાનકડાં બચ્ચાંઓ માટે ખતરારૂપ બની શકે છે. આ પરિવારમાં સાત બચ્ચાંનો ઉછેર થઈ રહ્યો છે. આ દયાળુ માતાઓ ભોજનના સમયે જાનવર બની જાય છે. જ્યારે આખો સમૂહ શિકાર કરે છે, ત્યારે તેના ભાગ માટે લડાઈ થતી

હોય છે. આ ઘોંઘાટમાં ઘણી વખત આકસ્મિક રીતે માતા પોતાનાં જ બચ્ચાંને મારી નાખે છે.


વ્યાકુળ શિકારી

ઉનાળાની બપોર એ રમવા માટેનો યોગ્ય સમય નથી, પણ બચ્ચાં માટે ગમે તે સમય રમતનો સમય છે. સિંહ દિવસનો સમય મોટાભાગે ઠંડકવાળી જગ્યાએ આરામ કરીને વિતાવે છે. પણ બાળકો માટે આજુબાજુની પરિસ્થિતિની માહિતી મેળવવી એ જ તેમની જિજ્ઞાસાવૃત્તિનો એક સરસ વિચાર છે. જ્યારે અચાનક તેમની સામે કોઈ વિચિત્ર પ્રાણી આવી જાય છે, ત્યારે તેના વિશે બધું જાણવાનો બનતો પ્રયત્ન પણ આ બચ્ચાં કરતાં હોય છે.

ઉનાળા દરમ્યાન સમૂહના સભ્યો છૂટાછવાયા આરામ કરવાનું પસંદ કરતા હોય છે, કારણ કે એક વૃક્ષના છાંયડા હેઠળ આટલા બધાં સભ્યો આરામ ન કરી શકે. એક સિંહણ તેના બે બચ્ચાં સાથે વૃક્ષના છાંયડામાં આરામ કરી રહી હતી. એક બાળ સિંહ તેની માતાની પૂંછડી સાથે રમત કરી રહ્યું હતું. તેને જરા પણ ઊંઘ આવતી ન હતી. અચાનક એક કીડીખાઉ તેમની સામેથી પસાર થયું. બચ્ચાને પૂંછડી રમવામાંથી રસ ઊડી ગયો અને તેની આંખો આ વિચિત્ર પ્રાણી ઉપર સ્થિર થઈ ગઈ. કીડીખાઉને આવા બનાવોની જાણ હોય છે તેથી તે તરત રોકાઈ ગયું. બચ્ચું જ્યારે તેની પાસે પહોંચ્યું ત્યારે તે ગૂંચળું વળીને દડા જેવું થઈ ગયું.

બચ્ચાંને કીડીખાઉની આ છુપાવાની રીત વિશે ખબર ન હતી. બીજું બચ્ચું પોતાના ભાઈ સાથે જોડાયું. બંને બચ્ચાંએ આ કીડીખાઉને દડાની માફક ગગડાવવાનું શરૂ કર્યું. તેને બચકાંભરી ગૂંચળું ખોલવાનો પણ પ્રયત્ન કર્યો, પણ કીડીખાઉનો જન્મ જ આ પદ્ધતિથી પોતાનું રક્ષણ કરવા માટે થયો છે. બંને બચ્ચાં ખૂબ પ્રયત્ન કરી રહ્યાં હતાં. પણ જેવો તે હુમલો કરતા કે તરત જ કીડીખાઉ પોતાની પકડ વધુ ને વધુ મજબૂત કરતું. સિંહણ દૂરથી બેઠાં બેઠાં પોતાનાં બચ્ચાંનાં આ નવતર પ્રયોગો નિહાળી રહી હતી. થોડી ક્ષણો બાદ સિંહણ ઊભી થઈને બચ્ચાં સાથે જોડાઈ અને જાણે એમ ન કહેતી હોય કે `જુઓ બાળકો, આ રીતે તેનું કવચ ખોલી શકાય!' સિંહણે તેના સખત ભીંગડા ઉપર બચકાં ભરવાનું શરૂ કર્યું.

સિંહણે પોતાનાં જડબાં અને પંજાની મદદથી કીડીખાઉને બે અલગ દિશામાં ખેંચવાનો પ્રયત્ન કર્યો પણ હજી તેને સફળતા મળી રહી ન હતી. કીડીખાઉને લાગ્યું કે તેના ધાર્યા કરતાં વધુ સમય સુધી આ નાટક લંબાયું. સિંહણ તેને છોડીને જાય તેની કીડીખાઉ રાહ જોતું હતું. આખરે માતાને લાગ્યું કે અહીં વધુ પ્રયત્નો કરવા વ્યર્થ છે. આથી તેણે કીડીખાઉને છોડી દીધું. બચ્ચાંઓને હજુ સફળતા મળવાની આશા હતી, પણ પોતાની માતાની પાછળ બચ્ચાં પણ છાંયડામાં જઈને બેસી ગયાં. બધાંના જતા રહ્યા બાદ કીડીખાઉ પાછું પોતાની સામાન્ય પરિસ્થિતિમાં આવી, જાણે આભાર વ્યકત કરતું હોય તેમ ત્યાંથી ચાલ્યું ગયું અને સિંહણે તેનાં બચ્ચાંને કહ્યું, “બાળકો, કાંઈ વાંધો નહીં. આ દ્રાક્ષ જ ખાટી હતી!”



સામ્રાજયના વિસ્તારનો ફેલાવો

સમૂહના બંને સિંહ ખૂબ વિશાળ વિસ્તાર ઉપર શાસન કરી રહ્યા હતા, પણ હજી તેઓ સંતુષ્ટ ન હતા. એક સાથે આટલી બધી સિંહણ અને બચ્ચાં હોવાથી તેમને હજુ મોટા વિસ્તારની જરૂરિયાત લાગતી હતી. તેમને ખબર હતી કે વધુ વિસ્તાર પર આધિપત્ય મેળવવાની શક્તિ

તેઓ ધરાવતાં હતાં. હજી તેઓ તેમના જીવનના સુવર્ણકાળમાં હતા. તેઓ કોઈપણ યુદ્ધ કરવા તૈયાર હતા. તેઓ કુશળ શિકારી હતા. જેમણે લોહિયાળ લડાઈઓ દરમ્યાન ઘણું શીખવાનો પ્રયત્ન કર્યો હતો.

ગિરના જંગલમાં રોજ રાત્રે અમુક વાર્તાનો આરંભ તો કોઈક વાર્તાનો અંત આવે છે. સાવજની આ ધરતીનાં બે પાસાં છે, એક શાસન કરતો રાજા અને બીજો શાસક બની રહેલો રાજા. દરેક સિંહ પોતાના આ વિશાળ વિસ્તારમાંથી સંભળાતી દરેક ગર્જના ખૂબ ધ્યાનપૂર્વક સાંભળે છે. જેનાથી તે પ્રભાવશાળી અને શક્તિશાળી સિંહની તાકાતનો અંદાજ કાઢી શકે.

આજે અંધકારમાં એક નવા ભવિષ્યની રચના થવાની હતી. બંને સિંહે પોતાના વિસ્તારનો પ્રસાર કરવાનો, તેને વધારવાનો નિર્ણય કર્યો હતો. બંને સિંહે એકબીજાની ગર્જનાની તાકાત જાણી અને તેઓ પોતાની શક્તિનું પ્રદર્શન કરવા નીકળ્યા. અંધકારભર્યા જંગલમાં બંને સિંહની ગર્જનાઓ ભયંકર રીતે ગુંજી રહી હતી.

આવી રહેલા સંકટને જાણતા અન્ય એક શાસક સિંહને લાગ્યું કે આ વણથંભ્યો પ્રવાહ તેની તરફ જ પડકાર કરવા આવી રહ્યો છે. આ શાસિત સિંહની સિંહણો ગભરાઈ રહી હતી. જો સિંહ લડાઈમાં હારી જશે તો તેનું મૃત્યુ નિશ્ચિત છે. સન્નાટાની એક લહેર પથરાઈ, બંને તરફથી કોઈ ગર્જના થઈ રહી ન હતી અને અચાનક શાસિત સિંહ ઉપર હુમલો થયો. શાસક સિંહે પોતાના સામ્રાજ્યને બચાવવા ઘણા પ્રયત્ન કર્યા પણ ઘૂસણખોરોએ તેને ત્યાંથી ધકેલી દીધો. શાસક સિંહને હરાવ્યા બાદ બંને સિંહ નવા વિસ્તારના પણ શાસક બની ગયા. વધારે બચ્ચાંઓના પિતા અને બીજી ઘણી સિંહણના જોડીદાર!

દાદીમાની શેરીમાં

સિંહ એક સંયુક્ત પરિવારમાં રહે છે, પણ જો આ સંયુક્ત પરિવાર મૂંઝવણભર્યો પરિવાર બની જાય તો? સમૂહની સૌથી મોટી સિંહણે ત્રણ બચ્ચાંને જન્મ આપ્યો અને તે બચ્ચાંને સમૂહ પાસે લઈ ગઈ. સિંહણ તેના જીવનનાં દસમા વર્ષ સુધી બચ્ચાંને જન્મ આપી શકે છે. સમૂહમાં જો કોઈ શક્તિશાળી સિંહ હોય તો પછી માતા બનવાની તક શા માટે ન લેવી જોઈએ? સમૂહ મોટો ને મોટો થતો જતો હતો. એક તરફ સિંહ પોતાનું સામ્રાજ્ય વિસ્તાર વધાર્યે જતા હતા અને સમૂહના મોટાં બચ્ચાંઓને સિંહબાળ સ્વરૂપે નવાં રમકડાં મળ્યે જતાં હતાં. સમૂહની મોટી સિંહણે જ્યારે બચ્ચાંને જન્મ આપ્યો, ત્યારે તેની દીકરી પણ એક વર્ષના સિંહબાળની માતા બની ચૂકી હતી.

આ કેટલું વિચિત્ર લાગે કે હું એક વર્ષનો હોઉં અને મારી દાદીનાં બાળકો છ મહિનાનાં હોય! મનુષ્યોમાં આવી પરિસ્થિતિ ભાગ્યે જ જોવા મળે છે, પણ સિંહ પરિવારમાં આ કંઈ નવું નથી. દીકરીનાં બે મોટાં બચ્ચાં હતાં અને માતાનાં ત્રણ નાનાં બચ્ચાં હતાં. એક સમયે મોટી સિંહણ તેની દીકરીનાં બચ્ચાંની પણ સંભાળ લઈ રહી હતી. હવે દીકરીનો વારો હતો. આ ઘણી રમૂજી પરિસ્થિતિ હતી. છ વર્ષની પુખ્ત સિંહણ છ મહિનાના પોતાનાં ભાઈ-બહેનો સાથે રમી રહી છે.

બિલાડીકુળનાં બીજાં પ્રાણીઓ કરતાં સિંહ પરિવારમાં એકબીજા માટે પ્રેમ અને હૂંફ વધુ જોવા મળે છે. દાદીમા, મા, પિતરાઈઓ, માસીઓ બધાં સાથે ભેગાં મળીને આનંદ કરતા હોય છે. એક મોટુ સિંહબાળ આગલી રાત્રે શિકાર કરેલાં ચીતલનું માંસ ખાવામાં વ્યસ્ત હતું. હાડપિંજરમાં કંઈ ખાસ બચ્યું ન હતું, પણ બચ્ચું મજા કરી રહ્યું હતું. ખાઈ લીધા બાદ તેણે તેની સાથે રમત કરવાનું શરૂ કર્યું. દાદીમાને હજી તેમાંથી થોડું ખાવું હતું. દાદીમા હાડપિંજરની નજીક આવ્યાં, તેણે ખાવાનો પ્રયત્ન કર્યો, પણ સિંહબાળ તેને ખાવા નહોતું દેતું. સ્પર્ધા શરૂ થઈ. બે તાકાતવાન જડબાં વચ્ચે દાદીમા અને બચ્ચું પેલાં હાડપિંજરને પોત પોતાની તરફ ખેંચી

રહ્યાં હતાં. બચ્ચું ભલે એક વર્ષનું હતું પણ તે પોતાનાં દાદીમાને બરાબર ટકકર આપી રહ્યું હતું. આખરે સિંહણને ગુસ્સો આવ્યો. તેણે બચ્ચા ઉપર હુમલો કર્યો, તેને મારવા માટે નહીં, પણ ડરાવવા માટે અને બચ્ચાએ હાડપિંજર છોડી દીધું. એટલામાં દાદીમાનું પોતાનું નાનું બચ્ચું દોડતું ત્યાં આવી ખાવા લાગ્યું. કોઈપણ સંકોચ વગર સિંહણે તેને ખાવા દીધું. જોકે વાસ્તવિકતા એ હતી કે, તેણે બચ્ચાની તરફથી ખાવાની શરૂઆત કરી હોત તો બચ્ચું ચોક્કસ હુમલો કરત. નાનું બચ્ચું ખાતાં ખાતાં પોતાના પિતરાઈ ભાઈને જોઈ રહ્યું હતું. આ મોટા બચ્ચા માટે હાસ્યાસ્પદ પરિસ્થિતિ હતી, જે સિંહણનો જમણવાર પૂરો થવાની રાહ જોઈ રહ્યું હતું. બચ્ચાએ મોટા સિંહબાળ સામે જોયું. જાણે કહેવા માંગતું ન હોય કે, ભાઈ મને મળ્યું પણ તને નહીં. સિંહણે તેની દીકરી, ત્રણ નાનાં અને બે મોટાં બચ્ચાંઓ સાથે ભોજન આરોગી આજનો દિવસ આનંદથી પસાર કર્યો.


મારા પિતા : મારા રક્ષક

નાનાં બચ્ચાંઓની જિજ્ઞાસા હંમેશાં તેમને અસુરક્ષિત પરિસ્થિતિઓ તરફ લઈ જાય છે. એક વર્ષની ઉંમરની આસપાસનાં બચ્ચાં પોતાનાં માતા-પિતાની નકલ કરતાં થઈ જાય છે અને કોઈપણ પ્રાણીને પકડીને પાડી દેવાની ઇચ્છા ધરાવતાં હોય છે. બે પાઠડા જેઓની ઉંમર બે વર્ષની આસપાસ હશે, તેઓ એકબીજાંને પકડવાની રમત રમી રહ્યાં હતાં, ત્યારે તેમને એક નાનકડું ચીતલ દેખાયું.

તેમને લાગ્યું કે આ તેમનો ખોરાક છે. તેમણે સંતાઈને તેનો શિકાર કરવો જોઈએ, પણ અનુભવના અભાવના કારણે રમત રમતમાં એક બચ્ચાએ ચીતલને સીધા જઈને પકડવાનો પ્રયત્ન કર્યો. માત્ર ચિત્તાઓ જ ભાગતા ચીતલને પકડી શકે છે. સિંહ ચીતલ જેટલું ઝડપી દોડી શકતા નથી. થોડી જ વારમાં ચીતલ ભાગી ગયું, પણ બચ્ચાએ અણધારી મુસીબતને આમંત્રણ આપી દીધું.

ભૂલમાં સિંહબાળ અન્ય સમૂહના વિસ્તારમાં પ્રવેશી ગયું હતું. બે રખડતા સિંહે તેને આંખના પલકારામાં ઘેરી લીધું. બચ્ચાને તેની ભૂલ સમજાઈ. તેણે શરણાગતિ સ્વીકારવાનો પ્રયત્ન કર્યો, પણ શત્રુ તો શત્રુ કહેવાય. આમાં કોઈ બાંધછોડ કરવામાં આવતી નથી. બંને સિંહે બચ્ચા પર હુમલો કરી તેને કરડવાનું શરૂ કર્યું. બચ્ચું ખૂબ ગભરાઈ ગયું હતું. તેણે ડરીને ઘુરકિયાં કરવાનું શરૂ કર્યું, પણ બચ્ચું નસીબદાર હતું. તેના દયામણા અવાજો તેના સમૂહ સુધી પહોંચી ગયા હતા અને આળસુ સિંહ વીર યોદ્ધો બની ગયો અને થોડીક ક્ષણોમાં સિંહ પોતાના દીકરા સુધી પહોંચી ગયો અને પેલા બે ભાગેડુ સિંહ ઉપર હુમલો કર્યો. આ શક્તિશાળી રાજા સામે ભાગેડુઓ ટકી શક્યા નહીં અને તેઓ સ્થળ ઉપરથી ચાલ્યા ગયા. બચ્ચું ગભરાયેલું હતું. બચ્ચાના પિતા તેની નજીક આવ્યા. થોડો સમય ગર્જના કરી પછી ચાલ્યા ગયા. આજે બચ્ચું તેના જીવનનો નવો બોધપાઠ શીખ્યું.

સિંહ ઘણા ઉગ્ર મિજાજના હોય છે અને મોટાભાગે તેઓ એકલા રહેવાનું પસંદ કરે છે. તેમના બચ્ચાં સાથે તેમનું ઘણું અલગ પ્રકારનું જોડાણ હોય છે. સિંહ જ્યારે આરામ કરતો હોય કે જમતો હોય, તે સમયે કોઈને પણ તે પોતાની નજીક નથી આવવા દેતો પણ નાના બચ્ચાને ગમે ત્યારે તેની પાસે આવવાની છૂટ હોય છે. સિંહ પોતાનાં બચ્ચાં અને સમૂહનું રક્ષણ કરે છે.



પાણીના કુંડ આગળ શિકાર

એકલી સિંહણ સારો શિકાર કરી શકે, પણ સિંહણનું ટોળું ઘણો સારો શિકાર કરી શકે. મે મહિનાનો સમય હતો અને ગરમી અનહદ વરસી રહી હતી. હરતાંફરતાં દરેક પ્રાણી વૃક્ષની છાયા હેઠળ જોવા મળતાં. જંગલના કુદરતી પાણીના સ્રોતો સુકાઈ ગયા હતા. અમુક કૃત્રિમ

પાણીના કુંડ હજી ભરેલા હતા.

સૂર્યએ પશ્ચિમ દિશા તરફ જવાનું શરૂ કર્યું, પણ હજી ઉકળાટ શમવાને અમુક કલાકો બાકી હતા. એક સમૂહ વૃક્ષ નીચે આરામ કરી રહ્યો હતો. સિંહ દિવસના ૨૦ કલાક આરામ કરી શકે છે, પણ બચ્ચાંને જરા પણ આરામ નથી હોતો. આખો સમૂહ પોતાના વિસ્તારમાં શિકારની શોધમાં ફરી રહ્યો હતો. ઉનાળામાં શિકાર કરવો કપરો હોય છે, પણ સિંહણને ખબર હતી કે ક્યાં અને કેવી રીતે શિકાર કરી શકાય.

ઉનાળાની ઋતુમાં ચરતાં પશુઓ હંમેશાં પાણી પીવા, પાણીના કુંડ આગળ આવે છે. સિંહણને આ ખબર હતી. તેમના મગજમાં યોજના ઘડાઈ ચૂકી હતી. સાંજ પડતાં પહેલાં ચાર સિંહણ પાણીના કુંડ આગળ પહોંચી ગઈ અને છૂટીછવાઈ ગોઠવાઈ ગઈ. તેમને ખબર હતી કે ઘણા લાંબા સમય સુધી તેમણે શિકારની રાહ જોવી પડશે, પણ શિકારી કૌશલ્યોમાંનું એક કૌશલ્ય છે, ધીરજ રાખવી.

લાંબો સમય રાહ જોયા બાદ તેમને ચીતલના એક ટોળાની ભેટ મળી, તેમને ખબર હતી કે હુમલો ક્યારે કરવો અને તે માટે માટે તેઓ છુપાઈને યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા હતા. બીજી તરફ ચીતલના ઝુંડમાં પણ અમુક અનુભવી વડીલો હાજર હતા. પાણીના કુંડ પાસેનાં જોખમોની તેમને બરાબર જાણ હતી. તેઓ એક સાથે પાણી નહોતા પી રહ્યા. અમુક સચેત થઈને ઊભા રહેતા અને બીજા પાણી પીતા. તેઓ મોટી સંખ્યામાં હતા, પણ ઉનાળામાં વધુ તરસ લાગવાથી ગમે તે જોખમે તેઓ પાણી પીવા તૈયાર હતા. ચારેય સિંહણ સાવધાન બનીને સંતાયેલી હતી. તેમને ખબર હતી કે, મોડાંવહેલાં ટોળું નિશ્ચિત બનશે અને ત્યારે હુમલો કરીશું તેવી તેમની યોજના હતી. આવા સમયે વર્ષોનો અનુભવ કામ લાગે છે.

એક નર ચીતલ જે કદાચ ટોળાંનો આગેવાન હતો. તે પાણી પીવાના સમયે ખૂબ નિશ્ચિંત હતો. તેને જરા વધુ વિશ્વાસ હતો. તેને ખબર ન હતી કે ચારે તરફથી તેની ઘેરાબંધી કરવામાં આવી છે. તેણે પાણી પીવા જેવું માથું નમાવ્યું કે તરત જ નજીકમાં જ સંતાયેલી સિંહણે તેના ઉપર હુમલો કર્યો. ટોળાએ ભાગવાનું શરૂ કર્યું. નર ચીતલ બીજી સિંહણ તરફ ભાગ્યું, જ્યારે ભાગતાં ભાગતાં સિંહણની નજીક પહોંચ્યું ત્યારે સિંહણે તેને પકડીને જમીન ઉપર પછાડી દીધું. ચીતલની ચીસોએ સમૂહના બીજા સભ્યોને `જમવાનું તૈયાર' હોવાનો સંદેશો પહોંચાડ્યો.

સિંહ યુક્તિબાજ શિકારી છે. સિંહને તેના શિકારની માનસિકતાનો ખ્યાલ હોય છે. સિંહના સમૂહના સભ્યો ભેગા મળીને શિકાર કરે છે. શિકાર કરવાની તેમની યોજના દિવસ અને સમય ઉપર આધારિત હોય છે. આહારશૃંખલાના ટોચના પ્રાણી સિંહના શત્રુઓ નથી હોતા. ઉનાળા દરમ્યાન સિંહ પાણીના કુંડ અને જંગલમાં આવેલાં કુદરતી પાણીના સ્રોત ઉપર કબજો જમાવી દે છે. જરૂર હોય ત્યારે પાણી પીવા આવતાં પ્રાણીઓનો સંતાઈને શિકાર કરે છે, પણ જો ભૂખ ન હોય તો તેઓ પાણીના કુંડ નજીક ઠંડકમાં આરામ કરતા હોય છે. સમૂહમાં શિકાર કરવાની પદ્ધતિ થોડી કપરી અને માન્ય કરેલી છે. સમૂહના યુવા સભ્યો ટોળાંને અનુભવી સભ્યો સુધી દોરી જાય છે. ઘણી વખત પાણીના કુંડ પાસે એક કે તેથી વધુ સિંહ છુપાઈને બેઠા હોય છે. કોઈપણ રીતે શિકાર તો હંમેશાં યોજનાબદ્ધ રીતે જ કરવામાં આવે છે.

### અકરાંતિયું ભોજન

ચીતલનો અવાજ સાંભળીને બંને સિંહ ધાર્યા મુજબની જગ્યા ઉપર પહોંચ્યા. સમૂહના માલિક હોવાથી તેમને પ્રથમ ખાવાનો અધિકાર પ્રાપ્ત છે. સમૂહની બધી સિંહણ અને પાઠડા તરત જ ૬૦ કિલોના માંસના આ ઢગલા પાસેથી દૂર થઈ ગયાં.

એક સિંહે શબને ખુલ્લા આકાશ નીચેથી ઢસડીને થોડા છાંયડાવાળી જગ્યાએ લાવી દીધું. સિંહે ખાવાનું શરૂ કર્યું. ભરપેટ જમી લીધા બાદ તેનામાં, ઊઠીને ચાલીને થોડા આગળ જવાની

શક્તિ પણ ન હતી. બીજા વનરાજની પણ આ જ દશા હતી. જ્યારે સિંહ ઊભો થઈને જઈ રહ્યો હતો ત્યારે સિંહણનો સમૂહ અને બચ્ચાં તેને જોઈ રહ્યાં, ૧૨૦ કિલોનો સિંહ ૧૪૦ કિલોનો આળસુ જનાવર બની ગયો હતો. તેનું પેટ એક સગર્ભા સિંહણ જેવું લાગતું હતું. `અરે, પપ્પા તમે તો અમારા માટે કશું જ બાકી નથી રાખ્યું.' એક સિંહબાળ શબ પાસે જઈ પેટના ભાગનાં હાડકાં ખેંચી રહ્યું હતું. એક પાઠડાના હિંમતપૂર્ણ પ્રયત્ન બાદ સમૂહના બીજા સભ્યોએ ખાવાની શરૂઆત કરી. `વાંધો નહીં, તમે મોજ કરો.' સિંહે ભૂખ્યા સમૂહ તરફ નજર કરીને મેદાનમાં લંબાવી દીધું.

અમુક કલાકો બાદ પેલું મરી ગયેલું ચીતલ હાડકાં અને ચામડામાં પરિવર્તિત થઈ ચૂકયું હતું. એક સિંહે મેદાનમાં આળોટવાનું શરૂ કર્યું. તે વારંવાર પડખું ફેરવ્યાં કરતો હતો, ઘડીકમાં જમણી બાજુ, ઘડીકમાં ડાબી બાજુ, તેની આ રમૂજી ક્રિયાઓ ભલે મજાક લાગતી હોય, પણ વનરાજ ખરેખર તકલીફ અનુભવી રહ્યા હતા.


મનુષ્ય અને પ્રાણીઓમાં ભલે તફાવત હોય, પણ અમુક ક્રિયાઓ લગભગ સરખી જ હોય છે. માણસ જ્યારે જરૂરિયાત કરતાં વધારે જમી લે છે, ત્યારે તેને એસિડિટી, અપચો કે વાયુની સમસ્યા થાય છે. આવા પ્રશ્નો માંસ ખાનારને પણ થતા હોય છે. સિંહ પણ તેમાંથી બાકાત નથી. તેમનો મોટાભાગનો શિકાર લાલ માંસનો હોય છે. લાલ માંસનું પાચન થતાં ઘણો સમય લાગે છે. તે પેટમાં રહે છે અને ઘણી વખત તેના લીધે અપચો અથવા વાયુની તકલીફ થાય છે. આ વનરાજે જરૂર અને ક્ષમતા કરતાં વધુ માંસ આરોગી લીધું હતું. તેના કારણે તેને અપચાની તકલીફ થઈ રહી હતી.

એક બચ્ચું ઊભું થયું અને સિંહની આ હરકતો જોવા લાગ્યું. આકુળવ્યાકુળ થતો સિંહ અહીંતહીં આંટા મારવા લાગ્યો. એક સમયે તે વૃક્ષના થડ પર નહોર મારતો અને બીજી ક્ષણ તેના પેટને ઘસતો સિંહ ખૂબ બેચેની અનુભવી રહ્યો હતો. તેને ખબર નહોતી પડતી કે શું કરવું. અચાનક તેણે ગર્જના કરી અને તેનું પેટ હળવું થયું. અચાનક થયેલી ગર્જનાથી સમૂહના સભ્યો મૂંઝાયા અને પછી ખિજાઈ ગયા. તેના આ વર્તનથી બાજુમાં સૂતેલી સિંહણ ત્યાંથી ઊભી થઈને દૂર ચાલી ગઈ અને વનરાજને પેટમાં થોડી રાહત થઈ.

આનંદની ક્ષણ

માલિકીપણાની ભાવના અથવા કોઈ બાબત ઉપર પોતાનું જ નિયંત્રણ રહેવું જોઈએ તેવી ભાવના ઘણી ખતરનાક હોય છે. આ માત્ર માણસો પૂરતું મર્યાદિત નથી. પ્રાણીઓ પણ ઘણા `પઝેસિવ' હોય છે. સમૂહનો મુખ્ય સિંહ હંમેશાં તેની માદાઓ માટે માલિકીપણું દર્શાવે છે અને આ માટે કારણ પણ છે. તેમની પાસે સમૂહમાં મર્યાદિત સાથીદારો હોય છે. સમૂહમાં એક સિંહણ હોય કે પાંચ કે દસ સિંહણ હોય, તેઓ દરેક સિંહણ સાથે સંવનન કરી પોતાનો વંશ વધારવાનો પ્રયત્ન કરતા હોય છે.

એક સિંહ આરામ કરતાં કરતાં સમૂહની એક સિંહણને તાકી રહ્યો હતો. થોડી ક્ષણો બાદ અચાનક ઊભા થઈ તે સિંહણ પાસે ગયો. સિંહણ તેના આવા વર્તનનું કારણ સમજી ગઈ. સિંહનાં વર્તનો સંવનન કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી રહ્યાં હતાં. સિંહણે પણ સાંકેતિક રીતે તેના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો, પણ સિંહ આટલું સરળતાથી માનવા તૈયાર ન હતો. તેણે હવે સિંહણને હેરાન કરવાનું શરૂ કર્યું. તું મને શા માટે ના પાડે છે? હું તારો સર્વસ્વ છું, તું મને ના ન પાડી શકે.



સિંહણ તેને ટાળવાનો પ્રયત્ન કરી રહી હતી, પણ સિંહ માનવા તૈયાર જ ન હતો. તેણે હવે સિંહણ પર ગુસ્સે થવાનું શરૂ કર્યું. સિંહણ તેનાથી દૂર ભાગી. સિંહને ગમે તેમ કરીને તેની સાથે સંવનન કરવું જ હતું. તું આવી રીતે મારાથી દૂર ભાગી ન શકે. સમૂહના બીજા સભ્યો સિંહનું આ અસામાન્ય વર્તન જોઈ રહ્યા હતા. આમાં કોઈ વચ્ચે આવવા તૈયાર ન હતું, કારણ કે

સિંહના ગુસ્સાનો ભોગ બનવાની કોઈને ઇચ્છા ન હોય અને આમ પણ આવી પરિસ્થિતિમાં એકબીજાને મદદરૂપ થવાની સિંહમાં કોઈ પ્રથા નથી. અન્ય સિંહ રખડતા સિંહને બીજી કોઈ પરિસ્થિતિ સમયે જ સામે આવે છે. જ્યારે તમારો રક્ષક જ તમને હેરાન કરે ત્યારે પરિસ્થિતિ ઘણી મુશ્કેલ બની જાય છે. આ તેમનું જીવન છે. થોડા પ્રયત્નો બાદ સિંહે વિચાર પડતો મૂક્યો અને સિંહણ થોડી શાંત થઈ. સિંહણ તેના સમૂહના સિંહને અને તેનાં બચ્ચાંના પિતા પ્રામાણિક હોય છે. સિંહ તેની સિંહણ અને બચ્ચાંના રક્ષણ કાજે મૃત્યુને ભેટતા હોય છે. ઘણી વખત રક્ષણ, મોહ અને માલિકીપણાની ભાવના સ્વાર્થી વર્તનોમાં પરિવર્તિત થતી હોય છે. થોડા કલાકો પછી સિંહ ફરી ઊઠ્યો. ફરી પાછો તે એ જ સિંહણ પાસે પહોંચ્યો અને તેને હેરાન કરવા લાગ્યો. સિંહણ નિ:સહાય હતી. તેની પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો. તે સહન પણ નહોતી કરી શકતી અને સિંહને સમાગમ કરવાની સંમતિ પણ આપી શકતી નહોતી. તેણે શરણાગતિ દર્શાવી. તેના શારીરિક હાવભાવ જાણે કહી રહ્યા હતા કે, તમે ઇચ્છો છો તે કરી શકું તેવી પરિસ્થિતિમાં હું નથી. મહેરબાની કરીને મારી સાથે બળજબરી ન કરો. પણ સિંહને સમાગમ કરવામાં જ રસ હતો, ભલે પછી સિંહણ રાજી હોય કે ન હોય.

બસ હવે બહુ થયું. સિંહણને હવે ગુસ્સો આવ્યો અને તેણે સિંહ પર હુમલો કર્યો. સિંહ સહેજ પાછો પડ્યો. સિંહણ તેની નજીક ગઈ અને પછી તેની સામે ઊલટી કરી. સિંહ સિંહણ સામે જોઈ રહ્યો અને પછી સિંહણે કરેલ ઊલટીને તેણે સૂંઘી. આ પછી તેણે બને તેટલી ગંધ સૂંઘવાનો પ્રયત્ન કરી જોર જોરથી ગર્જના કરવાનું શરૂ કર્યું. તેની ગર્જનાઓ અવિરત ચાલુ હતી. ફરી ફરી સિંહ ગર્જના કરી રહ્યો હતો. સિંહને ખબર પડી ગઈ હતી કે સિંહણ શા માટે ના પાડે છે. સિંહણ હવે ગર્ભવતી થઈ ગઈ હતી. સિંહનો પિતા બનવાનો સમય થઈ ચૂકયો હતો. સિંહ આનંદિત થઈ ગયો. તેની ખુશી તેના શરીર, ચહેરા અને ગર્જનાઓમાં સ્પષ્ટપણે અનુભવી શકાતી હતી. સિંહણ સિંહની નજીક આવી તેની પાસે જઈને હેત કરવા લાગી. જાણે કહેતી ન હોય તમારા સિવાય ઉત્તમ બીજું કોણ છે? જ્યાં સુધી તમે છો, ત્યાં સુધી કોઈની હિંમત નથી કે મને સ્પર્શી શકે. તમે મારા રક્ષક છો અને આ ધરતીના માલિક!

કાઢી મૂકવાની પ્રક્રિયા

મહિનાઓ વર્ષોમાં પરિવર્તિત થઈ રહ્યા હતા. સમૂહના સભ્યો આનંદપૂર્વક સમય પસાર કરી રહ્યા હતા. ત્રણ વર્ષના પાઠડાઓની કેશવાળી દેખાવા લાગી હતી. તેઓ હવે પોતાની બહેનો કરતાં કદમાં મોટા અને વધુ ઉગ્ર મિજાજ વાળા થઈ રહ્યા હતા. સમૂહમાં હવે બીજી બે માદાઓ શિકાર કરતી થઈ હતી.



સમૂહમાંથી પાઠડાઓને અલગ કરતો સિંહ

એક દિવસે બે શાસક સિંહમાંથી એક સિંહે અચાનક પોતાના સમૂહ પર હુમલો કર્યો. સમૂહના સભ્યો મૂંઝવણમાં મુકાયા, પણ સમૂહની અનુભવી સિંહણને સિંહના આ વર્તન વિશે ખ્યાલ આવી ગયો. સિંહે આ હુમલો બે નર પાઠડા ઉપર કર્યો હતો. સમૂહમાં હવે તેમની કોઈ જરૂરિયાત ન હતી. સમૂહ છોડીને તેમનું જવું હવે જરૂરી હતું. સિંહની આ પહેલેથી નક્કી કરેલી

પદ્ધતિ છે. સિંહ જ્યારે અમુક ઉંમરનો થાય ત્યારે તેને સમૂહમાંથી કાઢી મૂકવામાં આવે છે. સમૂહના વડા દ્વારા તેને એક પ્રતિસ્પર્ધી તરીકે જોવામાં આવે છે. આ તેમની વારસાગત રમત છે. અત્યારે તેમના ખુદના પિતા તેમને સમૂહમાંથી બહાર ભગાડી રહ્યા છે. યુવાન પાઠડાઓ મૂંઝવણમાં મુકાઈ ગયા હતા. તેમની બહેનો આ બધું જોઈ રહી હતી અને પોતાના ભાઈઓનો વાંકગુનો સમજવાનો પ્રયત્ન કરી રહી હતી. અત્યારે તેમના રક્ષક જ શત્રુ બન્યા હતા. એક સમયે પિતાએ જ તેના પુત્રને ઘૂસણખોરોથી બચાવ્યો હતો અને અત્યારે તેને મારી નાખવાની હદ સુધી હુમલો કરી રહ્યા હતા. યુવાસિંહે ભાગવાનું શરૂ કર્યું અને તેમના પિતા તેમને પકડવા પાછળ દોડ્યા. થોડીક દોડપકડ થયા બાદ, પાઠડા ખૂબ દૂર ભાગી ગયા હતા અને સિંહ ઊભો રહી જોર જોરથી ગર્જના કરી તેમને ફરી પાછા સમૂહમાં ન આવવા ધમકી આપી રહ્યો હતો.

એવું માનવામાં આવે છે કે, બાળકોના જીવન વિશેનાં મૂલ્યોની સમજ કુદરત પોતાની રીતે આપતી હોય છે, પણ આ અર્ધસત્ય છે. વન્યપ્રાણીઓને પોતાનો જીવ બચાવવા માટે તેમની શારીરિક ક્ષમતાની સમજ હોવી જરૂરી છે. એક સિંહબાળ પોતાની માતા પાસેથી આ કૌશલ્ય શીખે છે. પણ ઘણી વખત બચ્ચાંઓનાં જીવનમાં અણધારી પરિસ્થિતિઓ ઉદ્ભવતી હોય છે. પૃથ્વી પર વસતી બુદ્ધિશાળી પ્રાણીઓની પ્રજાતિમાં સિંહ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેઓ ઘણા જિજ્ઞાસુ અને ઝડપથી શીખનારા હોય છે. મોટા શિકારીઓનો એક સફળ શિકારી બનવા માટે થોડાક બુદ્ધિશાળી હોવું જરૂરી છે. બચ્ચાં ત્રણ વર્ષ સુધી પોતાની માતા સાથે રહીને જંગલમાં રહેવાની શક્ય તેટલી પદ્ધતિઓ શીખે છે. આ સમયગાળો વિકાસશીલ બાળકો માટે બચાવ કૌશલ્યો શીખવાનો યોગ્ય સમય છે. આ સમય તેમને દુનિયામાં કેમ જીવવું, તે શીખવતી પાઠશાળા સમાન છે. ત્રણ વર્ષ પછી બચ્ચાં સમૂહ છોડીને રખડતા સિંહનું જીવન જીવે છે. જો અચાનક તેમને સમૂહમાંથી હાંકી કાઢવામાં આવે અને તેમની પાસે અન્ય કોઈ વિકલ્પ ન રહે તો તેઓ જંગલમાં કેવી રીતે જીવશે?

મનુષ્યોનાં બાળકોને જેમ જન્મતાં જ ચાલતાં કે વસ્તુ પકડતાં નથી આવડતું, તેમ સિંહનાં બચ્ચાંને પણ જન્મથી જ શિકારની પાછળ દોડતાં કે તેને પકડતાં નથી આવડતું. તેમની પાસે શીખવાની શક્તિ તો છે અને આ તેના વડીલો ધીરજપૂર્વક બચ્ચાંઓને શીખવાડે છે. સિંહને નવી જોડી કેવી રીતે બનાવવી, પોતાનું સ્વરક્ષણ કેવી રીતે કરવું અને પોતાના સમૂહના અન્ય શાસક સિંહથી રક્ષણ કેવી રીતે કરવું, તે શીખવું જરૂરી છે. સિંહણે શિકાર કેવી રીતે કરવો અને ભેગા મળીને કામ કેવી રીતે કરવું, તે શીખવું જરૂરી છે. કારણ કે સમૂહની મોટાભાગની ક્રિયાઓ માટે માદાઓ જવાબદાર હોય છે. ઘણી વખત અચાનક નિયમોમાં પરિવર્તન આવતા હોય છે.


ક્યારેક કોઈ શક્તિશાળી રખડતા સિંહ શાસક સિંહ, ઉપર હુમલો કરે અને શાસક પોતાનું રક્ષણ કરવામાં નિષ્ફળ જાય તો કાં તો તેનું મરણ થાય છે અથવા તેને ત્યાંથી હાંકી કઢાય છે. આવી આઘાતજનક પરિસ્થિતિમાં થોડાંક મોટાં બચ્ચાંઓ પાસે બે વિકલ્પ હોય છે. એક, ત્યાં હાજર રહીને મૃત્યુ પામે અથવા તાત્કાલિક સમૂહ છોડી પોતાનો જીવ બચાવે. માતાઓને ખ્યાલ આવી જાય છે કે, નવો આવેલો સિંહ તેનાં બચ્ચાંને મારી જ નાખશે. આથી સિંહણ તેને ત્યાંથી ભગાડવાનો પ્રયત્ન કરે છે. જો એક જ બચ્ચું હોય તો તેની બચવાની શક્યતા ખૂબ ઓછી હોય છે. આ તેમની સામાજિક વ્યવસ્થાનો મહત્ત્વનો ભાગ છે. સમૂહના જુદી જુદી ઉંમરના ભાઈઓ અને પિતરાઈઓને આવા આકસ્મિક પરિવર્તનનો સામનો કરવો પડે છે. સમૂહમાંથી બધા એક સાથે બહાર જાય છે. બે, ત્રણ અને ઘણી વખત પાંચથી છ સિંહ, સિંહણ એક સાથે સમૂહમાંથી બહાર જતાં હોય છે. હવે તેમણે જીવવા માટે પોતાની જ પદ્ધતિઓ વિકસાવવી પડશે. કાઢી મુકાયેલાં બચ્ચાંઓની માતા તેમને કાયમ માટે ક્યારેય

છોડી મૂકતી નથી. તક મળતાં સિંહણ પોતાનાં બચ્ચાંઓ પાસે પહોંચી જાય છે અને ઘણી વખત ખોરાક પણ આપે છે. તે ભલે નવા શાસક સાથે રહેતી હોય પણ હંમેશાં પોતાનાં બચ્ચાંઓને મદદ કરવાનો તે પ્રયત્ન કરતી હોય છે.

નવા શાસકો ક્યારેય આવાં બચ્ચાંઓને મારવાનો પ્રયત્ન નથી કરતા, કારણ કે તેમની પાસે તેમના વંશને આગળ વધારવા પૂરતા પ્રમાણમાં સિંહણ હોય છે. સિંહ આવાં રખડતાં બચ્ચાંઓને પોતાના વિસ્તારમાં ફરવા દે છે. પણ દરેક બચ્ચાંને આવી સગવડ મળે તેવું જરૂરી નથી. ૧૨થી ૧૪ મહિનામાં સિંહ શારીરિક કૌશલ્યો અને શિકારને લગતી અન્ય બાબતો શીખવાનું શરૂ કરે છે. સાથે સાથે તેઓ તેની આસપાસના વાતાવરણને સમજવાનો પણ પ્રયત્ન કરે છે. શિકાર કરવાની કળાના અનુભવના આધારે તેઓ જૂથ બનાવીને નાના શિકાર કરવાનો પ્રયત્ન કરે છે. જેમકે, પક્ષી, નાનાં જંગલીભૂંડ, મોર અને ઘણી વખત નોળિયાનો શિકાર કરવાનો પ્રયત્ન કરતા હોય છે. એનો અર્થ એવો નથી કે સિંહ નાના શિકાર જ કરે છે. પણ શિકારના અનુભવના અભાવે તેઓ જોખમ લેવાનું ટાળે છે. રખડતાં બચ્ચાં જંગલમાં મરેલાં પ્રાણીને ખાઈને પણ પોતાનું પેટ ભરતા હોય છે. જો દીપડો સાંભરને મારે તો દીપડા માટે એ ઘણો મોટો શિકાર છે. જો તે પાંચ દિવસ સુધી પણ સાંભરનું માંસ આરોગ્યા કરે તો પણ ઘણું બધું માંસ બચી જશે. યુવાસિંહ આવા વધેલા મારણમાંથી ખોરાક મેળવતા હોય છે. અન્ય સિંહ સિવાય બચ્ચાંઓને બીજાં કોઈ માંસાહારી પ્રાણીઓથી ભય હોતો નથી. તેઓ સમૂહમાં રહીને પોતાનું સફળતાપૂર્વક રક્ષણ કરી શકે છે, તેઓ જ્યારે પુખ્ત બને છે ત્યારે ધીમે ધીમે એકબીજાંથી જુદાં પડીને પોતાનું અલગ સામ્રાજ્ય સ્થાપતા હોય છે.

સિંહણ : વનદેવી

૧૫૦ ચો.કિ.મી. વિસ્તાર પર વર્ચસ્વ ધરાવનાર સિંહને આટલા વિશાળ વિસ્તારનું નિરીક્ષણ કરવામાં ઘણો સમય લાગે છે. હાલમાં જ બધા સિંહે ભેગા થઈને નજીકના એક શાસકને હરાવીને પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો છે. હાલમાં િજતાયેલા વિસ્તારની કેટલીક સિંહણ પર હવે નવા શાસકોનો હક હતો. એક સિંહ સિંહણ પાસે આવી રહ્યો હતો. સિંહણ તેની નજીક આવેલા સિંહને જોઈ રહી હતી. આવી રહેલા સિંહનો સામનો કરવો કે ત્યાંથી ભાગી જવું તેની દ્વિધા હતી. કારણ કે, તેના ધ્યાનમાં તેના છ મહિનાના નાનાં નાનાં બચ્ચાં આવી રહ્યાં હતાં. તેને ખબર હતી કે, જો સંતાશે તો પણ સિંહ તેને શોધીને તેનાં બચ્ચાંને મારી જ નાખશે. સિંહણે કુદરતની વિરુદ્ધ જવાનો નિર્ણય કર્યો. તેણે પોતાની જાતને આ કામાંધ સિંહને સમર્પિત કરી દીધી. જે પુરુષ અતિશય કામવાસના ધરાવે છે, તેને કામાંધ કહેવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં સિંહ પોતાના જાતીય આવેગોને કોઈ પણ રીતે રોકી શકતો નથી અને ગમે તેમ કરીને તેને સંતોષવાનો પ્રયત્ન કરે છે.




થાકેલી અને ઉદાસ સિંહણ અને બીજી બાજુ એક નવાગંતુક સિંહ, સિંહણને તાકી રહ્યો છે.

સિંહણે જે નિર્ણય લીધો હતો તે તેના માટે દુ:ખદાયક હતો, પણ આ કામી સિંહ પોતાની કામવાસના સંતોષવા માટે તેના તરફ આગળ વધી રહ્યો હતો. આ કોઈ વિનંતી ન હતી, પણ એક બળજબરીપૂર્વક ઇચ્છાપૂર્તિ કરવાની વાત હતી. પ્રાણીઓમાં પણ બનાવટી જીવન, બનાવટી લાગણીઓ અને એકબીજાને મદદરૂપ થવામાં અક્ષમતા જોવા મળે છે. સિંહ તેની

પાસે પહોંચ્યો તે પહેલાં તેણે શરણાગતિ સ્વીકારી લીધી. સિંહણ સામેથી સિંહ પાસે પહોંચી અને તેનામાં રસ બતાવવા લાગી. તેની આસપાસ ગોળ ફરતાં ફરતાં તેણે તેની પીઠ ઘસવાનું અને પૂંછડી હલાવવાનું શરૂ કર્યું. સિંહને આમ બનાવટી રીતે ખુશ કરવાના પ્રયત્નો કરતી વખતે સિંહણના મનમાં શું ચાલી રહ્યું હશે તે તમે સમજી શકો છો. સિંહણે જ્યારે છેલ્લી શરણાગતિ સ્વીકારી ત્યારબાદ સિંહે તેની સાથે સમાગમ કરવાનું શરૂ કર્યું. સિંહના હાવભાવ સ્વાર્થી અને બેકાળજીભર્યા હતા. તેની આંખોમાં કોઈપણ પ્રકારનો પ્રેમ કે લાગણી ન હતાં. તેનાં બટકાં પીડાકારક હતાં. સિંહણને મદદ માટે ચીસ પાડવાની ઘણી ઇચ્છા હતી. તેની આંખો પથ્થરની માફક જડ થઈ ગઈ હતી. સિંહણનું માત્ર શરીર જાણે ત્યાં હતું. સાંજ સુધી આ કામાંધ સિંહે થોડીથોડી વારે સિંહણ સાથે સમાગમ કર્યો. સાંજ થતાં સિંહ તેનાથી જુદો થઈ આરામ કરવા લાગ્યો. ભયભીત સિંહણે થોડા વધુ કલાકો સિંહ સાથે પસાર કરવાના હતા, પણ તેની નજર સામે તેના ભૂખ્યાં બચ્ચાં દેખાઈ રહ્યાં હતાં. સાંજ પડતાં સિંહ તેને મૂકી પોતાના સામ્રાજ્યમાં ફરવા નીકળી ગયો.

તેને થોડો સંતોષ થયો. આજે તો તેના બચ્ચાં બચી જશે. તે જે પરિસ્થિતિમાંથી પસાર થઈ હતી, તે તેના માટે એક ખરાબ સ્વપ્ન સમાન હતી. સિંહણને તેના ભૂખ્યાં બચ્ચાં પાસે પહોંચવું હતું. બચ્ચાં ત્યાંથી બહુ દૂર ન હતાં. સિંહણે એક ગીચ ઝાડી આગળ પહોંચીને મમતાભર્યો સાદ કર્યો અને તેનાં બચ્ચાં આનંદિત થતાં બહાર આવ્યાં. સિંહણ ખૂબ થાકેલી હતી, પણ તે આજે પોતાનાં બચ્ચાંને પેટ ભરાવી શકી તેનો તેને સંતોષ હતો. સિંહણ સૂતાંસૂતાં પોતાનાં બચ્ચાંને દૂધ પીવડાવી રહી હતી. તેણે અચાનક પાછા વળીને જોયું તો તેની આંખો થીજી ગઈ. તેણે પોતાની જાતને ક્યારેય આવી અંધકારપૂર્ણ પરિસ્થિતિમાં વિચારી પણ નહીં હોય. સોનેરી સાંજ મધ્યરાત્રિની ભયાનકતામાં પરિવર્તન થઈ ગઈ. તેને લાગ્યું કે હવે તે મરી જ જશે. બીજો સિંહ તેની સામે જોઈ રહ્યો હતો. તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે આખો દિવસ આટલી પીડા સહન કર્યા પછી હજી તેને વધુ પીડા ભોગવવી પડશે. બીજો સિંહ તેની પાસે આવ્યો. સિંહણ શરણાગતિ દર્શાવી જાણે કહેતી ન હોય મહેરબાની કરીને મને એકલી છોડી દો. સિંહનો જવાબ હતો મારે એવું શા માટે કરવું પડે?



ગુસ્સે ભરાયેલી સિંહણની યુવાસિંહને ચેતવણી

તે રાત્રે વાતાવરણ બેચેન હતું અને સિંહણનું સ્વપ્ન પણ ભયાનક હતું. સવાર સુધીમાં બંને કામાંધ સિંહ ત્યાંથી જઇ ચૂક્યા હતા. તે જ્યારે ખરાબ સ્વપ્નની અસરમાંથી બહાર આવી ત્યારે સામાન્ય થઇ શકી હતી. તે ફરી પોતાનું સામાન્ય જીવન જીવવા તૈયાર હતી. સિંહણે જ્યાં પોતાનાં બચ્ચાં રાખ્યાં હતાં ત્યાં પહોંચી. તેણે ધીમા અવાજે પ્રેમથી પોતાનાં બચ્ચાંને

બોલાવવાનું શરૂ કર્યું. થોડીક ક્ષણોમાં ઝાડીઓમાં સળવળાટ થયો. તેનાં બચ્ચાં તેની પાસે આવ્યાં. તેના બલિદાનનું યોગ્ય વળતર તેની નજર સમક્ષ હતું. તેને ખાતરી ન હતી કે તેનાં બચ્ચાં બીજા દિવસની સવાર જોઈ શકશે કે કેમ. તેણે ગંધ પારખીને આજુબાજુના વિસ્તારનું નિરીક્ષણ કર્યું કે, આજુબાજુમાં કોઈ સિંહ તો નથી ને! આજે તો તેનાં બચ્ચાં બચી ગયાં હતાં, પણ કાલે બચશે કે કેમ તેની ખબર ન હતી. તેણે એક નિર્ણય લીધો. એક નવા જનીનોના વહન બનીને રહેવા કરતાં રક્ષક માતા બનીને જીવવું વધુ સારું અને કામાંધ સિંહ ફરી આવી ચડે તે પહેલાં સિંહણ તે વિસ્તાર છોડી ઝાડીઓમાં અદૃશ્ય થઈ ગઈ.

પેટા જૂથ

હંમેશાં શાસક સિંહના શાસિત વિસ્તાર અને ખોરાક-પાણીની ઉપલબ્ધતા ઉપર તેના સમૂહનો વધારા-ઘટાડાનો આધાર હોય છે. એક સિંહને શાસન માટે ૫૦ ચો.કિ.મી. જેટલો વિસ્તાર જોઈએ. જો બે સિંહ ભેગા થઈને શાસન કરતા હોય તો તેમને આનાથી બમણો વિસ્તાર જોઈએ. સામૂહિક શાસન કરતા સિંહ સરળતાથી ઘૂસણખોરોની સાથે લડાઈ કરી શકે છે અને બે કે ત્રણ વર્ષ સુધી પણ શાસન કરી શકે છે. જોકે આ સિંહની જોડી માત્ર શાસન જ નથી કરી રહી, પરંતુ તેમણે તેમનો વિસ્તાર પણ વધાર્યો છે અને તેમના વિસ્તારમાં ઘૂસી આવતા ઘૂસણખોરોને સારો એવો જવાબ પણ આપ્યો છે. સિંહણ સમૂહમાં પોતાની માતાઓ સાથે અને પરિવારના બીજા સભ્યો સાથે રહેતી હોય છે. પણ ઘણી વખત યુવાસિંહના જોહુકમીભર્યાં વર્તનો અને ખોરાક ખાવા સમયે થતા ઘર્ષણોના કારણે સિંહણ સમૂહથી જુદી પડી જાય છે અને પોતાનુ નાનું પેટા જૂથ બનાવે છે. એક શાસિત વિસ્તારમાં આવા પેટા સમૂહમાં બેથી પાંચ સિંહણ હોય છે. એશિયાઈ સિંહની ખાસિયત મુજબ તેઓ બધો સમય સમૂહમાં રહેતા નથી, જ્યારે તેમના આફ્રિકન ભાઈઓ એક મોટા સમૂહને રક્ષિત કરી શાસન ભોગવે છે. આખા વિસ્તારનું નિરીક્ષણ કરતી સિંહણ તે વિસ્તાર ઉપર વધુ શાસન ભોગવી શકે છે. સિંહણ બીજા પેટા સમૂહ બનાવીને અલગ રહીને પણ મુખ્ય સમૂહનો ભાગ જ રહે છે. તેઓ અલગથી શિકાર પણ કરે છે. આવા પેટા સમૂહના પોતાના અલગ શાસિત વિસ્તારો હોય છે. ઘણી વખત શાસક સિંહ આવી સિંહણની મુલાકાત લે છે અને શિકાર પણ કરે છે. સિંહણ એ જન્મજાત શિકારી છે. તેમની માતાઓની મદદથી તેઓ પોતાના કૌશલ્યોને વધુ વિકસાવે છે અને તેમના સમૂહમાં એક અનુભવી અને કુશળ સિંહણ સાબિત થાય છે.

બપોરનો સમય એ આરામનો સમય હોય છે. સિંહણ તેમનાં બચ્ચાં સાથે પારિવારિક સમય પસાર કરતી હોય છે. આ સિંહમાં પરસ્પર લાગણી દર્શાવવાની એક સારી તક હોય છે. માતા, દીકરીઓ, ભાઈઓ, દાદીમાઓ અને બધાં બચ્ચાં એક સાથે એક જગ્યાએ આરામ કરતાં હોય છે. એક યુવાસિંહ બીજા યુવાસિંહના પેટ પર સૂતો હોય, એક બચ્ચાએ તેની માતાના પંજાને ઓશીકું બનાવ્યું હોય. કેટલુ સુંદર દૃશ્ય છે! પણ ઊંઘવાનો સમય બહુ લાંબો ન ચાલ્યો. એક અનુભવી સિંહણને લાગ્યું કે તેને કોઈક જોઈ રહ્યું છે અને તે સાવધાન થઈ ગઈ. એક રખડતો સિંહ ઝાડીઓમાંથી દેખાયો. એકદમ યુવાન, દેખાવડો, સોનેરી કેશવાળી અને માંસલદેહ ધરાવતા આ સિંહના ચહેરા ઉપર વાગ્યાનું એક પણ નિશાન ન હતું. જંગલમાં તે સમૂહ કે યોગ્ય સાથીની શોધમાં રખડી રહ્યો હતો. તેની નજર આ સમૂહ પર પડી, પણ ભાઈને આ સમૂહની સંખ્યા અને શાસકોના આતંકની ખબર ન હતી. યુવાસિંહ જાણતો હતો કે અત્યારે બંને સિંહ ત્યાં હાજર નથી. સલામત અંતર જાળવીને તેણે વૃક્ષોને નહોર મારવાનું અને વિસ્તારને પોતાનો શાસિત વિસ્તાર તરીકે દર્શાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો.

અતિ ઉત્સાહી આ સિંહે સલામત અંતરથી સમૂહની સિંહણને આકર્ષવાનો પ્રયત્ન શરૂ કર્યો. ફિલ્મના નાયકની માફક તે વિવિધ લોભામણી અદાથી હલનચલન કરીને સિંહણને આકર્ષવાનો

પ્રયત્ન કરી રહ્યો હતો. સમૂહના સભ્યો તેને જોઈ રહ્યા હતા. એક મોટી સિંહણ ઊભી થઈને આ નવા આવેલા મહેમાન પાસે ગઈ. અમારા વિસ્તારમાં આવા નવજુવાનિયાની હાજરી કેવી રીતે સહન કરી લેવાય! સિંહણ જ્યારે આ યુવાસિંહની પાસે પહોંચી ત્યારે પણ સિંહ સંવનન માટેના પ્રયત્નોમાં વ્યસ્ત હતો. ભલે ભલે, માન્યું કે તું દેખાવડો યુવાન છે પણ તારું નસીબ ક્યાંક બીજે જઈને અજમાવ. સિંહણે ઘુરકિયાં કરવાનું શરૂ કર્યું અને બીજી તરફ તેનાં ભાઈઓ અને બહેનો હુમલો કરવાની સ્થિતિમાં આવી ગયાં હતાં.

આ સિંહણ હુમલો નહોતી કરવાની પણ તેને ધમકી આપી રહી હતી. તેને બિનજરૂરી લડાઈમાં કોઈ રસ ન હતો. પણ આ હરખઘેલા યુવાસિંહને તો કશું સાંભળવું જ ન હતું. એક યુવાસિંહ દોડીને તેની સામે આવ્યો અને તેની સામે ગર્જના કરવાનું શરૂ કર્યું. પેલાએ પાછા વળી જવાની જગ્યાએ સામે ગર્જના કરી. સિંહણ અને પાઠડાએ ભેગાં થઈ આ ઘૂસણખોરને ભગાડવાનો પ્રયત્ન કર્યો, પણ ઘૂસણખોર આટલું જલદી હથિયાર નીચે મૂકવા માંગતો ન હતો. સમૂહનો એક યુવાસિંહ ઊભો થયો અને ઘૂસણખોરની તરફ જવાના બદલે તેની વિરુદ્ધ દિશામાં ગયો. ત્યાં થોડે આગળ નાનકડી ઝાડી જેવું હતું, ત્યાં એક સિંહણ તેનાં બચ્ચાં સાથે આરામ કરી રહી હતી. કુટુંબની સહજીવનની ભાવનાની આ પરાકાષ્ઠા હતી. તે સિંહણ બનતાં સુધી તેની માસી હતી અને સિંહને લાગ્યું કે આખા દૃશ્યમાં પરિવારના એક સભ્યનું હાજર હોવું જરૂરી છે. સિંહની આંખોના હાવભાવ પરથી સિંહણને પરિસ્થિતિ સમજાઈ ગઈ અને યુવાસિંહ ત્યાંથી પાછો ફર્યો. આખી પરિસ્થિતિ ખૂબ તણાવપૂર્ણ બની ચૂકી હતી. સમૂહના બીજા સભ્યો આ મહેમાનની સામે જંગે ચડ્યા હતા. હજુ પણ પેલો ઘૂસણખોર આખા સમૂહને એક સરખો પ્રતિભાવ આપી રહ્યો હતો. તે યુવાન હતો અને તેની પાસે ગુમાવવા જેવું કશું ન હતું. તેને આશા હતી કે જો તે થોડું વધુ રોકાશે તો તેને સમૂહમાં આવી જવાની તક મળશે. સમૂહના બધા સભ્યો આ ઘોંઘાટમાં વ્યસ્ત હતા અને પાછળથી એક ભયંકર ગર્જના થઈ. ચિંતા ન કરો બાળકો, પપ્પા આવી ગયા છે. હવે મને આ પરિસ્થિતિને સંભાળવા દો. ઘૂસણખોર સિંહનો સંવનન માટેનો દેખાવ તે જ ક્ષણે ભયસૂચક સંકેતોમાં બદલાઈ ગયો. તેણે જ્યારે શાસક સિંહને તેની નજીક આવતાં જોયો ત્યારે તરત ત્યાંથી ભાગ્યો. વાંધો નહીં, તમે બધી બહુ ઉંમરલાયક સિંહણ છો, હું બીજી શોધી લઈશ. કહીને યુવાસિંહ ત્યાંથી ભાગી ગયો. સમૂહે તેના શાસકને જોયો અને આનંદિત થઈ ગયો. નાનાં બચ્ચાંઓ તેના પિતાની આગળપાછળ આંટા મારવા લાગ્યાં. સિંહણ હળવેથી તેને કરડતાં અને પડખું ઘસતાં જાણે કહી રહી હતી કે, તમે ક્યાં જતાં રહ્યાં હતાં? તમારે તો અમારું રક્ષણ કરવાનું છે.

આ આનંદિત અને સુખી પરિવારને ખબર ન હતી કે તેઓ જંગલના સૌથી જૂના અને શક્તિશાળી સમૂહનો ભાગ છે. તેમની લાગણી અને પ્રેમે બધા સભ્યોને એકબીજા સાથે જોડી રાખ્યા છે. બે શાસકો અને ઘણી બધી સિંહણ અને તેમનાં ઘણાં બધાં બચ્ચાં. જંગલની અંદર સૌથી મોટું સામ્રાજ્ય ધરાવતો આ સમૂહ હતો, પણ સમય કોઈની રાહ જોતો નથી.

અત્યારે ભલે તમે સૌથી શક્તિશાળી હો, તમારો સૂર્ય પણ ક્યારેક અસ્ત તો જરૂર થશે. બંને ભાઈઓએ પોતાના વિસ્તારનો ફેલાવો કર્યો અને તેના પર ઘણો લાંબો સમય શાસન કર્યું. તેમના શાસિત વિસ્તારની સરહદો પર ઘૂસણખોરોએ ભટકવાનું શરૂ કરી દીધું હતું. તેમની ગર્જનાના અવાજો પરથી તેમની અશક્તિનું પ્રમાણ મળી રહ્યું હતું. ઘણી વખત ઘૂસણખોરોએ શાસિત વિસ્તારોમાં ઘૂસણખોરી કરી લીધી હતી. બંને સિંહ શાસકોમાંથી એકની તબિયત લથડી જતાં, તે ખૂબ નબળો પડી ગયો હતો. આટલો લાંબો સમય શાસન ભોગવ્યા બાદ નબળા પડેલા સિંહને લાગ્યું કે હવે તે લાંબું નહીં જીવી શકે. પોતાના સામ્રાજ્ય વિસ્તારના સીમાડે આ બંને શક્તિશાળી સિંહ જાણે ઘૂસણખોરોની રાહ જોતા બેઠા હતા અને છેવટે

તેમની નજર સામે ઘૂસણખોર આવ્યા. તે યુવાન અને શક્તિશાળી હતા. જંગલમાં આવી જીવન-મરણની રમત ગમે ત્યારે ખેલાતી હોય છે. પણ આવું અણધાર્યું દૃશ્ય ભાગ્યે જ જોવા મળે છે. મરવા પડેલો એક વૃદ્ધ સિંહ તેના છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. તેનાથી થોડેક જ દૂર બે સિંહ બેસીને આ સિંહને જોઈ રહ્યા હતા. અહીં કોઈ લોહિયાળ જંગ ખેલાયો ન હતો. મૃત્યુ પામી રહેલો સિંહ નવા ભાઈઓની સામે જોઈ રહ્યો હતો અને તેની આંખો જાણે કહી રહી હતી કે મારો સમય હવે પૂરો થયો, મેં મારું જીવન ઘણા પડકારો અને પરિવર્તનો સાથે વિતાવ્યું છે. મેં નીડરતાપૂર્વક લડાઈઓ લડી છે. મારાં બચ્ચાંઓનું પાલનપોષણ કર્યું છે. મારા શાસિત વિસ્તારનું રક્ષણ કર્યું છે, મારા સમૂહનું રક્ષણ કર્યું છે અને `સિંહ'નું ગૌરવ જાળવી રાખ્યું છે. કાલે હું મારા સમૂહનું રક્ષણ કરવા નહીં હોઉં. મારાં બાળકોની જિંદગી હવે તમારા હાથમાં છે. તેણે એક છેલ્લો શ્વાસ લઈ તેનો શાસિત વિસ્તાર સમર્પિત કરી દીધો.

આપણે તો માત્ર કલ્પના જ કરી શકીએ કે, તેમની વચ્ચે આવો કોઈ વાર્તાલાપ થયો હશે. પણ નવા સિંહે આગલા શાસકના બચ્ચાંઓને માર્યાં વગર અને કોઈ પણ ઘર્ષણ કર્યા વગર શાસન મેળવ્યું હતું.

બીજો સિંહ એકલો પડી ગયો હતો. તે ઘણી વખત ગર્જના કરી પોતાના ભાઈને બોલાવે છે, પરંતુ પ્રત્યુત્તરમાં બે ગર્જનાઓ સાંભળવા મળે છે. જે તેને જંગ હાર્યાનો અનુભવ કરાવે છે. હવે સમૂહનો તે શાસક નથી. તેણે તે પછી ક્યારેય તેના વિસ્તાર ઉપર હક નથી દર્શાવ્યો. અત્યારે તે જીવે છે પણ ગર્જના નથી કરતો, તેને અંદાજ નથી કે કેટલું લાંબું તે જીવી શકશે, પણ બંને ભાઈઓ એક દંતકથાની જેમ જીવ્યા છે. એક ભાઈ મરી ગયો છે અને બીજો ખૂબ ઉંમરલાયક થઈ ગયો છે. તે ગીચ જંગલમાં ક્યાંક છુપાઈને બેઠો છે, પણ તેના પડઘા જંગલમાં સંભળાયા કરશે. તેમની આ દંતકથા સમું જીવન ગિરનું જંગલ ક્યારેય નહીં ભૂલી શકે. જંગલ હંમેશાં આ બંને શક્તિશાળી શાસકોને `ગિરના સમ્રાટ' તરીકે યાદ રાખશે.

=

# સાવજ અને સમાજ : જન્મસિદ્ધ બંધન

જુદી-જુદી સંસ્કૃતિઓ, જુદી-જુદી જાતિઓ અને ભિન્ન-ભિન્ન સમુદાયોના હજારો લોકો ગિરની અંદર અને આજુબાજુ રહે છે. મોટાભાગના લોકો એક યા બીજી રીતે જંગલ ઉપર આધારિત હોય છે. જોકે આ લોકોને જંગલ ઉપર અધિકાર વર્ષોથી મળ્યો છે. જેમ સમય આગળ વધ્યો અને જંગલો ઘટવાના કારણે પૃથ્વી ઉપરથી ઘણા બધા વન્યજીવોની પ્રજાતિ નામશેષ થઈ ગઈ. વધુ નુકસાન થતું અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા વનવિભાગની સ્થાપના કરવામાં આવી. વનવિભાગ દ્વારા સંરક્ષણાત્મક પગલાં ભરવાની શરૂઆત થઈ. જેમ કે, વન કાયદા અધિનિયમ ઘડાયા, રાષ્ટ્રીય ઉદ્યાન, અભયારણ્ય અને રક્ષિત વિસ્તારો જાહેર થયા. આવાં પગલાં લેવાથી જૈવવિવિધતા સંરક્ષણના કામમાં હકારાત્મક અસરો જોવા મળી. જંગલની અંદર અને તેની આસપાસ રહેતા લોકોને થોડા પ્રશ્નો અનુભવાયા.

અત્યારે પણ ઘણા બધા લોકો વનપેદાશોનો ઉપયોગ પોતાનું
ઘર-ગુજરાન ચલાવવા કરે છે. વસ્તીના ભારના કારણે વનવિભાગે અમુક કડક કાયદા ઘડ્યા છે. ઘણી વખત આ કાયદાનો અમલ અને વ્યવસ્થાપન સ્થાનિક લોકોના સહકારથી પણ કરવામાં આવે છે. એ સત્ય છે કે ગ્રામ્ય સમુદાય વન્યજીવો સાથે ખૂબ સદ્ભાવથી રહે છે પણ વસ્તીવધારા અને કુદરતી સંસાધનો ઉપર દબાણ વધવાના કારણે સમતુલા જાળવવી અઘરી બને છે. આવા પડકારોનો ભોગ વન્યજીવ બને છે. અત્યારે ભારતમાં વન અને પર્યાવરણ વિભાગ માનવ અને વન્યપ્રાણીના સંઘર્ષના પડકારોનો સામનો કરી રહ્યું છે ત્યારે, ગિર સંરક્ષિત વિસ્તારના આટલા વિશાળ ભૂભાગમાં ફરતા સિંહનું શું?


આપણે સૌ જાણીએ છીએ કે ગિર એ એશિયાઈ સિંહનું અંતિમ નિવાસસ્થાન છે. અહીં સિંહનો શિકાર થતો નથી. સિંહની સંખ્યા સ્થિર રીતે વધી રહી છે. ગિર અને તેની આસપાસ રહેતા લોકો ખેતી, ખેતીવિષયક વ્યવસાયો અને જંગલની અંદર રહેતા લોકો, જંગલની પેદાશો ઉપર આર્થિક રીતે આધારિત છે, પણ તેઓએ તેમનાં સાંસ્કૃતિક મૂલ્યો હજી જાળવી રાખ્યાં છે. સિંહ સમો આશીર્વાદ મેળવનાર ગિરની ધરતી દશકાઓથી ગુજરાતનો ભાગ છે. ગુજરાતના લોકો તેમના વેપારધંધા માટે પ્રસિદ્ધ છે. ભારતનાં અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં મોટા પ્રમાણમાં લોકો શાકાહારી છે. શાકાહારી વ્યક્તિઓના ઉપયોગમાં આવતા પાક એ ગુજરાતનો મુખ્ય સ્રોત છે. ધાર્મિક મૂલ્યોના લીધે અહીં સિંહને હેરાન કરવામાં આવતા નથી. તેમનો શિકાર કરવામાં આવતો નથી. સિંહ એ દુર્ગામાતાનું વાહન છે. ભગવાન વિષ્ણુનો એક અવતાર નરસિંહ અવતાર છે. ગુજરાતના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારને અને ગિરના પ્રદેશને `સૌરાષ્ટ્ર' તરીકે ઓળખવામાં આવે છે. સૌરાષ્ટ્રના લોકો ભગવાનમાં અખૂટ શ્રદ્ધા રાખે છે. અહીં સિંહની બાબતે ઘણીબધી માન્યતાઓ છે. અહીં ધાર્મિક, સામાજિક, આર્થિક રીતે સાવજ ખૂબ મહત્ત્વ ધરાવે છે. તો અહીં સ્થાનિક સમુદાયની સંરક્ષણમાં શું ભૂમિકા છે?

સંરક્ષણનાં હકારાત્મક પગલાં લેતાં પહેલાં સ્થાનિક લોકો સાથે સુમેળભર્યા સંબંધો હોવા જરૂરી છે. ગુજરાત વનવિભાગ હંમેશાં સ્થાનિક લોકો સાથે હકારાત્મક વ્યવહાર રાખે છે. વનવિભાગ હંમેશાં આવી સહકારી સંસ્થામાં સ્થાનિક, પ્રકૃતિપ્રેમીઓ, વન્યપ્રાણીપ્રેમીઓ અને દરેક સંરક્ષણમાં મદદરૂપ થાય તેવા લોકોને સહર્ષ આવકારે છે. વર્ષ દરમિયાન સંરક્ષણને લગતા સંદેશા લોકો સુધી પહોંચાડે છે.

સંરક્ષણની દૃષ્ટિએ સ્થાનિક લોકો પણ વનવિભાગ જેટલા જાગૃત અને સક્રિય છે. ગિર અને તેની આસપાસના અબાલવૃદ્ધ સૌ કોઈ આ જાગૃતિ કાર્યક્રમોમાં ભાગ લે છે. ઘણી

જગ્યાએ આવા લોકોએ ભેગા મળીને પ્રકૃતિ ક્લબ અને પર્યાવરણ માટે કામ કરતી સંસ્થાઓ શરૂ કરી છે. આવા લોકોના સહકારથી વનવિભાગ ઘણી સફળતાપૂર્વક `સિંહ બચાવો', `પર્યાવરણ બચાવો' જેવા કાર્યક્રમનું અમલીકરણ કરી શક્યું છે. ડૉક્ટર્સ, વકીલો અને બીજા ઉચ્ચ અધિકારીઓ ઘણા સક્રિય રીતે આ કાર્યક્રમમાં ભાગીદારી બની રહ્યા છે. કોઈપણ અપેક્ષા રાખ્યા વગર સ્થાનિક લોકો પણ જોડાયા છે. આ બીજું કશું નથી, પણ સિંહ માટેનો પ્રેમ છે.


સૈકાઓથી સિંહ એ સૌરાષ્ટ્રવાસીઓના જીવનનો ભાગ છે. અગણિત લોકો ગિરના વન્યજીવો અને સાવજની રક્ષા કાજે ગમે તે કરવા તૈયાર છે. પશુઓ એ સિંહના આહારનો ભાગ છે એ વાત સ્પષ્ટ છે. તેઓ ઘણી વખત ખેતરોમાં ઘૂસી જાય છે. ગામમાં ઘૂસી જાય છે. ઢોરનો શિકાર કરે છે. માલધારીઓ અથવા દુધાળાં પ્રાણીઓના માલિક કદી આની ફરિયાદ નથી કરતા. ઊલટાનું તેઓ સાવજને પોતાના મિત્ર ગણે છે. ગિરની અંદર અને આજુબાજુના વિસ્તારોમાં લોકો ખેતી કરે છે. ઘણી વખત તૃણાહારી પ્રાણીઓ ખેતરોમાં ઘૂસી જાય છે અને પાકને નુકસાન પહોંચાડે છે. પણ જો ખેતરમાં કે ખેતરની આજુબાજુ સિંહ બેઠા હોય તો તૃણાહારીઓ તેની નજીક આવવાની હિંમત નથી કરતા. આડકતરી રીતે સિંહ એ ખેતરની રખેવાળી કરે છે. ગિરને વન્યપ્રાણી માટે સંરક્ષિત જગ્યા માનવામાં આવે છે. સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારીના કારણે સિંહનો શિકાર થવો અશક્ય છે. જો આવું કરવાનો કોઈ પ્રયત્ન કરે તો વનવિભાગ એની ભાળ મેળવે એ પહેલાં સ્થાનિકો તેની ભાળ મેળવી તેને પકડીને વનવિભાગને આગળની કાર્યવાહી કરવા સોંપી દે છે. આટલા બધા સહકાર અને સુરક્ષા છતાં પણ ગિરે ઘણા ખરાબ દિવસો પણ જોયા છે. પાંચ વર્ષ પહેલાં અન્ય રાજ્યમાંથી આવેલી એક શિકારી ટુકડીએ જંગલમાં ઘૂસી જઈ કેટલાક સિંહનો શિકાર કર્યો હતો. આ સમાચાર આખા પ્રદેશમાં વીજળીવેગે પ્રસરી ગયા હતા. પોલીસ અને વનવિભાગે અને સ્થાનિક લોકોએ સાથે મળીને તપાસ આદરી અને શિકારી પકડાયા. તેમના ઉપર કાર્યવાહી કરવામાં આવી. આ સમગ્ર પ્રકરણ સ્થાનિક લોકોના સહકાર વગર સફળતાપૂર્વક પાર પડ્યું ન હોત.



સંરક્ષણ અને સંવર્ધનના ભાગરૂપે વનવિભાગ પર્યાવરણ લક્ષી-પ્રવાસન (ECO-TOURISM) ને પણ પ્રાધાન્ય આપે છે. સ્થાનિક લોકોના સામાજિક, આર્થિક વિકાસ માટે વનવિભાગ દ્વારા સ્થાનિક સમુદાય અને પર્યાવરણ અને પ્રવાસીઓને લાભ થાય તેવા પ્રયત્ન કરી રહ્યું છે. વનવિભાગે સ્થાનિક પ્રકૃતિ પ્રેમીઓને પસંદ કર્યા છે કે જેમને ભૂભાગ, વનસ્પતિઓ,

પ્રાણીઓ અને તેના વસવાટોની જાણકારી હોય. આમ કરવાથી વિકાસની ઘણી દિશાઓ ખૂલી છે. નવી નોકરીની તકો મળી છે. આના કારણે માનવ અને વન્યપ્રાણીના સંબંધો મજબૂત થાય છે. સ્થાનિક લોકોને સંવર્ધનની આ પ્રક્રિયામાં ભાગ લેવા માટે તેમને સાચી માહિતી આપવી જરૂરી છે. આનાથી તેઓ માત્ર વન્યજીવન અને પર્યાવરણની જ જાળવણી નથી કરતા, પરંતુ પોતાની ભાવિ પેઢી માટે નવું ભવિષ્ય પણ નિર્માણ કરે છે. સૌરાષ્ટ્રમાં એક રંગે રંગાયેલા સાવજ અને માનવના ઉત્કૃષ્ટ સંબંધ દર્શાવતાં અસંખ્ય ઉદાહરણો છે. સિંહના રૂપે સિંહને આશીર્વાદ મળ્યા છે!

તમે જ્યારે જૂનાગઢથી સાસણ જવાના રસ્તે જતા હશો ત્યારે થોડા કિલોમીટર પહેલાં રોડ થોડો સાંકડો અને વળાંકવાળો આવે છે. એક સાથે એકથી વધુ વાહન પસાર થવાં અઘરાં છે. આનું કારણ છે કે આ રસ્તો જંગલમાંથી પસાર થાય છે અને અહીં વન્યપ્રાણીઓ અવરજવર કરતાં હોય છે. જો રોડ પહોળો અને મોટો હોય તો વાહનો પૂરઝડપે પસાર થાય અને આમાં ક્યારેક વન્યપ્રાણીને અકસ્માત થવાની શક્યતા રહે છે. સ્થાનિક લોકો આ વાતનું ધ્યાન રાખે છે પણ સાસણ ખાતે વર્ષમાં હજારો પ્રવાસીઓ આવતા હોય છે. એક યુગલ ભરબપોરે આ સાંકડા રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યું હતું. થોડા અંતરેથી તેમણે રસ્તાની એક બાજુએ બેઠેલા બે કૂતરા જોયા. ડામરનો કાચોપાકો રસ્તો હતો. જ્યારે તેઓ પેલાની નજીક આવ્યા કે તરત ભાઈએ બ્રેક મારીને ગાડી પાછી વાળી લીધી. તેમની પત્નીએ પૂછ્યું, “પાછી શું કામ વાળો છો ગાડી? શું થયું?” ભાઈએ જવાબ આપ્યો, “તારા કાકા બેઠા હતા રસ્તા ઉપર!” પછી ભાઈએ તેની પત્નીને કહ્યું, “રસ્તા માથે સાવજ બેઠા છે.” થોડી વાર પછી એક મોટરસાઇકલ ઉપર બે ભાઈઓ તે તરફ જઈ રહ્યા હતા. યુગલે તેમને રોકીને જાણ કરી કે થોડે દૂર આગળ સાવજ બેઠા છે. એક ભાઈએ હસીને જવાબ આપ્યો, `ગભરાશો નહીં, આવો મારી સાથે. તેઓ તો મારા મિત્રો છે.' ચારેય જણાં ત્યાંથી શાંતિથી પસાર થઈ ગયા અને ત્યાં બેઠેલા સિંહ તેમને માત્ર જોઈ રહ્યા. થોડી ક્ષણો બાદ એક પરિવાર ગાડીમાં બેસીને આવી રહ્યો હતો. સિંહની નજીક પહોંચતાં ગાડીચાલકે ગાડી થોભાવી કે તરત તેમની આઠ વર્ષની બાળકીએ પ્રશ્ન પૂછ્યોઃ “પપ્પા, આપણે જંગલમાં છીએ?” આ પરિવાર પ્રથમ વખત ગિર આવ્યું હતું. ભાઈ મૂંઝાઈ ગયા. તેમને પ્રશ્ન થયો કે શું તેઓ ખોટા માર્ગે તો નથી ને? અથવા તેમણે ગેરકાયદેસર પ્રવેશ તો નથી કર્યો ને! ગભરામણ અને મૂંઝવણ સાથે આ પરિવાર આરામ કરી રહેલા સિંહને જોઈ રહ્યો હતો. ત્યાં અચાનક ડ્રાઇવરે પાછળથી છકડો રિક્ષા આવતી જોઈ. ગાડી થોડી પાછળ લઈ ડ્રાઇવરે છકડાવાળાને રોક્યો અને પૂછ્યું, `આગળ સિંહ બેઠા છે અને અમારે સાસણગિર જવું છે. શું અમે ખોટા રસ્તે છીએ?' છકડાવાળાએ જવાબ આપ્યો : `ના તમે બરાબર રસ્તે જઈ રહ્યા છો. થોડા કિલોમીટર પછી સાસણ આવશે. સાવજના ઘરમાં તમારું સ્વાગત છે!'




ખેડૂત ખેતીકામમાં વ્યસ્ત છે અને સિંહપરિવાર બાજુના જ ખેતરમાં આરામ ફરમાવી રહ્યો છે

ઘણા અચંબા સાથે છકડા પાછળ પોતાની ગાડી દોડાવી. એક પછી એક ઘણાં બધાં વાહનો અહીંથી પસાર થયાં. લોકો તેને હેરાન કર્યા વગર આગળ વધી જતા. અમુક ઊભા રહી મોબાઇલમાં ફોટો પાડી ચાલ્યા જતા, સિંહ પણ વિચારતા હશે આ તે વળી કેવાં પ્રાણીઓ છે? એક કલાકમાં આ સમાચાર ફેલાઈ ગયા. કોઈ વ્યક્તિએ વનવિભાગની સ્થાનિક કચેરીએ જાણ

કરી. તેઓએ તાત્કાલિક સિંહને જંગલની અંદર વાળી દીધા. આવું દૃશ્ય તમને ગિરમાં જ જોવા મળશે જ્યાં સાવજ અને મનુષ્યના સંબંધો ઘણા અદ્ભુત અને સુંદર છે.

તમારા ઘરની નજીક કોઈ માંસાહારી પ્રાણી હોય તો તમારો શું પ્રતિભાવ હશે? તમે તેને પાલતુ બનાવવા માંગશો? કે પછી તમને તેનાથી ડર લાગશે? તમારો પ્રતિભાવ વિચિત્ર હશે. તમે જો વન્યજીવ સાથે સંલગ્ન હશો તો તમે તરત વનવિભાગને જાણ કરશો અને ખાતરી કરશો કે આવા માંસાહારી જાનવર ફરી તમારા ઘરની નજીક ન આવે. વિશ્વમાં આ એવી જગ્યા છે જ્યાં જાનવર ઘરની નજીક પણ હોય તો તેમને હેરાન કરવામાં નથી આવતા અને તેનાથી ભય પણ નથી અનુભવાતો. હા, હું સૌરાષ્ટ્રની વાત કરું છું! અજાયબી ગણાતા એવા એશિયાઈ સિંહની વાત કરું છું!

થોડાં વર્ષો પહેલાં સૌરાષ્ટ્રમાં ખૂબ વરસાદ પડ્યો હતો. નીચાણવાળા બધા જમીન વિસ્તારો ભારે વરસાદના કારણે પાણી-પાણી થઈ ગયાં હતા. સૌરાષ્ટ્રમાં આવેલું ગોંડલ જંગલથી બહુ દૂર નથી. ત્યાંના એક ખેતરમાંથી એક સિંહણને બચાવવામાં આવી. તેની સાથે તેનાં ચાર બચ્ચાં હતાં. સિંહણે ખેતરમાં ત્રણ દિવસ આશરો લીધો હતો. વરસાદના કારણે કશો શિકાર થઈ શક્યો ન હતો. ખેડૂતને આ ખબર પડતાં તેણે વનવિભાગને જાણ કરી અને તેને ત્યાંથી ખસેડવા કહ્યું. થોડા દિવસ પછી લોકોએ વનવિભાગને દબાણ કર્યું કે તે સિંહણને પાછી છોડી જાવ. આ સૌરાષ્ટ્રવાસીઓનો આટલો ઊંચો સિંહપ્રેમ છે!



ગિરમાં લોકો સિંહને સહન કરે છે તેવું નથી, પરંતુ લોકોને તેમની આસપાસ સિંહની હાજરી ગમે છે. સૌરાષ્ટ્રવાસીઓ માટે સિંહ એ ગૌરવનું પ્રતીક છે. તેમના ઘરની આગળ સાવજ આવે તો તેમના માટે ગર્વની વાત હોય છે. ગુજરાતના ચાર જિલ્લાના ૧૫૦૦ જેટલાં ગામોમાં સિંહે પોતાનું સામ્રાજ્ય ૨૨૦૦૦ ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાવ્યું છે. વન્યજીવ સંવર્ધન અને

સંરક્ષણ કામગીરી બાબતે ગુજરાત ઉદાહરણરૂપ છે. ગુજરાતના લોકો અહિંસામાં માને છે. ઘણાં બધાં વૃક્ષો અને પ્રાણીઓ સાથે ધાર્મિક લાગણીથી જોડાયેલાં છે. એક ગામના સરપંચે તો `સિંહણ તો અમારી દીકરી છે. એ અહીં પોતાનાં બચ્ચાંને જન્મ આપવા આવે છે.' એમ કહીને અહીંના લોકોનો સિંહપ્રેમ વ્યક્ત કર્યો હતો.

વર્ષોથી જાણે કે પરંપરાગત રીત ના હોય, તેમ સિંહણ ખેતરોમાં પોતાના બચ્ચાંને જન્મ આપે છે અને બચ્ચાં મોટાં થાય પછી ત્યાંથી ચાલી જાય છે. ગ્રામવાસીઓ માટે આ ઘણી સામાન્ય બાબત છે. છેલ્લા બે દાયકામાં ખેતપદ્ધતિ બદલાઈ છે હવે ખેડૂતો શેરડીની ખેતી અને આંબાના બગીચા બનાવે છે. સિંહણનાં બચ્ચાંનાં જન્મ માટે શેરડીની વાડી એ સુરક્ષિત સ્થળ છે.

એક ખેડૂત પોતાના ખેતરમાં કામ કરી રહ્યો છે. એકાદ ફૂટ દૂરથી લીલા રંગના છોડવા દેખાઈ રહ્યા છે. જોકે હજી તેને પૂર્ણપણે ઊગવામાં વધુ સમય લાગશે. ખેતરના એક ખૂણે આવેલા વડના ઝાડની છાયામાં ખેડૂતની પત્ની તેને જમવા બોલાવે છે. ત્યાં જ તે ખેડૂત ખેતરના બીજા છેડે આરામ કરતી સિંહણ અને મોજમસ્તી કરતા તેનાં બે બચ્ચાંને જુએ છે. જમતાં જમતાં તે સિંહણ અને તેનાં બચ્ચાં તરફ આંગળી ચીંધી તેની પત્નીને કહે છે, “જો આપણી મા ત્યાં બેઠી છે!” માનવ અને સિંહના સહજીવનનું આ સુંદર ઉદાહરણ છે. એક નજરે ખેડૂતને આ નુકસાનકારક બાબત લાગશે, પરંતુ વાસ્તવમાં ખેડૂતને આ વાત ફાયદાકારક છે. સિંહણ ઘણી વખત ખેતરમાં આવે છે. ક્યારેક નીલગાય કે ભૂંડનો શિકાર પણ કરે છે. પણ ક્યારેય તેણે ખેડૂતના બાળકોને નુકસાન નથી પહોંચાડયું. સિંહ માંસાહારી છે. તેમને ખેતરના ઊભા પાક સાથે કોઈ લેવા દેવા નથી, પણ જંગલીભૂંડ, નીલગાય, ચીતલ અને બીજા તૃણાહારીઓ ખેડૂતના માથાના દુખાવા સમાન છે. તેઓ ઘણી વખત ખેતરના ઊભા પાકને નુકસાન પહોંચાડે છે. પણ ત્યાં જો સાવજ હોય તો આ પ્રાણીઓનો અવાજ પણ નથી સંભળાતો.

સાસણ એ ગિર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનથી જોડાયેલું ગામ છે. શિયાળા દરમ્યાન અહીં પ્રવૃતિ ઘણી મંદ પડી જાય છે. આમ પણ જંગલ વિસ્તાર હોવાના કારણે અહીંનું તાપમાન, શહેરોનાં પ્રમાણમાં નીચું રહે છે. ઘણી વખત તાપમાન ૮ ડિગ્રી જેટલું નીચું જતું રહે છે. સિંહ માટે જંગલમાં કોઈ સીમા નથી. હમણાંનાં વર્ષોમાં સિંહની વસ્તીમાં વધારો થયો છે. તેમણે જંગલની બહારનાં વિસ્તારોમાં પણ પોતાનું સામ્રાજ્ય ફેલાવવાનું શરૂ કરી દીધુ છે. ગામડામાં કે ખેતરમાં સિંહનું પ્રવેશવું એ કંઈ નવી બાબત નથી. પણ સૌથી મહત્ત્વની બાબત એ છે કે સિંહ ક્યારેય જાણી જોઈને માણસને હાનિ નથી પહોંચાડતો. જંગલની કુદરતી સુંદરતા ટકાવી રાખવા અને તેને ઉજ્જડ થતું અટકાવવા આસપાસ કોઈ વિકાસલક્ષી પ્રવૃતિ કરવા પર પ્રતિબંધ છે. માત્ર અમુક હોટલો અને રિસોર્ટ જ પ્રવાસીઓને રહેવા માટે છે.

ડિસેમ્બર મહિનાની તે ઠંડી રાત હતી. પ્રવાસીઓ માટે આ સારો સમય છે, પણ અભયારણ્ય સાંજે ૬:૩૦ કલાકે બંધ થઈ જાય છે. રાત્રિના સમયે આ વિસ્તારમાં અવરજવર ઓછી થઈ જાય છે. રાત્રિના ૯:૦૦ વાગે નાની દુકાનો બંધ થઈ જાય છે અને અમુક માર્ગો ઉપર પ્રતિબંધ હોવાના કારણે વાહનની અવરજવર પણ નહીંવત્ થઈ જાય છે. જો તમે ઉત્તર તરફથી આવતા હો, તો તમારે સાસણ પહોંચવા એક પુલ પસાર કરવો પડશે. આ પુલ હિરણ નદી ઉપર બાંધવામાં આવ્યો છે. પુરાતન સમયથી આ નદી ઘણી પવિત્ર માનવામાં આવે છે. સરસ્વતી અને અન્ય નદીની શાખાઓ હિરણ નદીમાં ભળે છે. હિરણ નદી જીવાદોરી સમાન છે અને તે ઘણાં બધાં પ્રાણીઓ, વનસ્પતિઓ અને માનવીય વસાહતોને પાણી પૂરું પાડે છે.

તે ઠંડી મધરાતે સિંહ પોતાના સામ્રાજ્યને જોવા નીકળ્યો હતો. સિંહ મોટાભાગે ભીડભાડવાળા રસ્તા ઉપર ચાલતા નથી. જ્યાં માનવીય અવરજવર ઓછી હોય ત્યાં તે જવાનું

વધુ પસંદ કરે છે. એ જ્યારે હિરણના કાંઠે પહોંચ્યો ત્યારે દુર્ભાગ્યવશ તેણે પુલ દ્વારા નદી ઓળંગવાનું વિચાર્યું. સિંહને પાણી ઓછું પસંદ હોય છે. જો કે નદીમાં એટલું પાણી નહોતું, પણ તેમ છતાં તેણે પુલ ઉપર જવાનુ પસંદ કર્યું. પુલ ઉપર તે એકલો જ હતો. પુલની બરાબર મધ્યમાં તે પહોંચ્યો ત્યાં અચાનક તેનું શરીર ચમકવા લાગ્યું અને તેની આંખો અન્ય બે પ્રકાશિત કુંડાળાથી અંજાઇ ગઈ. તે રોકાઈ ગયો. વળીને જોયું તો એક વાહન આવી રહ્યું હતું. ત્યાં કોઈ જમીન નહોતી. હવે વાહન ઘણું નજીક આવી ગયું હતું. તેણે નક્કી કરવાનું હતું : દોડવું કે કૂદકો મારવો? પુલના છેડે પહોંચવા માટે ઘણું દોડવું પડે તેમ હતું. આથી તેણે કૂદકો માર્યો. તેણે કદી વિચાર્યું પણ નહીં હોય કે આ તેનો અંતિમ કૂદકો હશે. એક મોટી ત્રાડ સાથે સિંહ ૧૫ ફૂટ નદીમાં પડ્યો. નદીનો આ ભાગ સૂકો હતો. સિંહનું શરીર પથ્થર સાથે અથડાયું, માથાના ભાગેથી પડ્યો હોવાના કારણે તેને ઘણી ઈજા થઈ. થોડીક ક્ષણોમાં તે મૃત્યુ પામ્યો. ગામલોકોએ તેની

મરણચીસ સાંભળી, પણ તેઓ સમજી ન શક્યા કે શું થયું?

સવારે એક ગ્રામવાસીએ સિંહનો મૃતદેહ જોયો અને તરત જ ગામમાં આવી, ગ્રામવાસીઓ અને વનવિભાગને જાણ કરી. અડધા કલાકમાં આખા ગામમાં આ વાત વાયુવેગે પ્રસરી ગઈ. વનવિભાગની ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ. તેઓ પહોંચ્યાં ત્યાં સુધીમાં મોટું ટોળું સિંહના મૃતદેહને ઘેરીને ઊભું હતું. ઘણા બધા લોકો પુલ ઉપરથી જોતા હતા. પુલ પરથી પસાર થનારા લોકો પણ ઊભા રહી ગયા હતા. વનવિભાગની ટુકડીએ મૃતદેહનો હવાલો સંભાળી તેને દવાખાને લઈ ગયા. સાસણના લોકો માટે સિંહ એ માત્ર પ્રાણી નથી. તેઓ જાણે છે કે તેમના આવકનો સ્રોત સિંહ છે. તેમનાં બાળકો સિંહના કારણે ત્રણ ટંક જમે છે. તેમના તહેવારો સિંહના કારણે છે. તેમના દિવસની શરૂઆત સિંહથી થાય છે અને અંત પણ. પેઢીઓથી તેઓ સિંહ સાથે જીવી રહ્યા છે. એક કલાકમાં તો દુકાનો બંધ થઈ ગઈ અને વાહનો થંભી ગયાં. સાસણ સ્તબ્ધ થઈ ગયું. એક પરિવારજનને ગુમાવ્યા જેવું વાતાવરણ સર્જાયું. વનવિભાગના અધિકારીઓ દ્વારા સિંહસદન ખાતે સિંહને શ્રદ્ધાંજલિ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. સાસણ ગામ માટે આ એક ઐતિહાસિક ઘટના હતી. વનવિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, ગ્રામજનો, ગાઇડ અને ડ્રાઇવર, ટ્રૅકર્સ વગેરે સિંહને શ્રદ્ધાંજલિ આપવા આવ્યા. પુષ્પહાર સાથે ત્યાં સુંદર ફોટો રાખવામાં આવ્યો. એક માનવના મૃત્યુ પર જે વિધિ કરવામાં આવે છે, તેવી જ વિધિ ગ્રામજનોએ સિંહ માટે કરી. ગ્રામવાસીઓને આ એક ખૂબ ગંભીર ખોટ પડી છે. અડધા દિવસ માટે ગામ બંધ રાખવામાં આવ્યું. આવી વાસ્તવિકતા સ્વીકારવી અઘરી છે, પણ જીવનમાં આગળ વધવું જ પડે અને ધીમે ધીમે બધું પાછું થાળે પડવા લાગ્યું.



# સિંહનો વાલીસમાજ

જો તમે માલધારીને પ્રશ્ન પૂછો કે, સિંહના લીધે તમને કેટલું નુકસાન કે હેરાનગતિ ભોગવવી પડે છે? તો તેઓ કંઈક આવો જવાબ આપશે, `તમે અમારા મહેમાન છો એટલે તમારા આવા પ્રશ્નો હું સહન કરું છું. હવે ફરી વખત આવો કોઈ પ્રશ્ન ન કરતા કે સિંહના લીધે અમને નફો થાય છે કે નુકસાન?'

સિંહ સાથેનું સહજીવન એ વિશ્વમાં જવલ્લે જોવા મળતા કિસ્સા છે. અહીં દાયકાઓથી માલધારીઓ સિંહ સાથે જીવી રહ્યા છે. માલધારી એટલે `માલ(પશુધન)ના માલિક.' રાજસ્થાન (પશ્ચિમ ભારતમાં આવેલ રાજ્ય) એ માલધારી સમુદાયનું મૂળ ઉદ્ભમસ્થાન છે. તેઓએ ઘણી વખત તેમના ઢોર ચરાવવા માટે સૌરાષ્ટ્રની મુલાકાત લીધી. આ માલધારીઓમાંથી અમુક લોકો ગિરની આસપાસ આવીને વસ્યા અને તેમની સાથે આવી તેઓની સમૃદ્ધ સંસ્કૃતિ, સુંદર ભરતકામ તથા કાષ્ઠકળા. અહીં ગિરના જંગલ અને માલધારીઓ વચ્ચેના અદ્ભુત અને જટિલ સંબંધનો સમન્વય જોવા મળે છે.


માલધારી પરિવારનું જીવન

એક સવારે લગભગ ૯:૦૦ વાગ્યાની આસપાસ અમે એક સિંહણ જોઈ. વૃક્ષના છાંયડામાં બેસી આગલી રાત્રે તેણે કરેલા શિકારનો તે આનંદ માણતી હતી. અમે ઘડીક અહીં રોકાયા અને પછી આગળ વધ્યા. સિંહણથી અમે માંડ ૫૦ ફૂટ આગળ વધ્યા હોઈશું અમે ત્યાં નિર્દોષભાવે રમી રહેલાં માલધારીઓનાં બાળકોને જોયાં. શું તમને લાગે છે કે આ વાતનો

વિશ્વાસ કરવો બહુ અઘરો છે? અમારા માટે તો ગિરનું આ એક સામાન્ય દૃશ્ય છે. બાળકો પાસે અમે ઊભા રહ્યા અને તેમની સાથે હળવી રમૂજ કરતાં મેં કહ્યું, `સિંહણ અત્યારે તેનો શિકાર ખાઈ રહી છે અને પછી તે આ બાજુ આવશે. તમે તમારા ઘરે જતા રહો. એક છોકરાએ જવાબ આપ્યો, `ચિંતા ન કરશો. તે અમારી પાસે આવશે. અમારી સાથે રમશે અને પછી ચાલી જશે.' માલધારીના કિશોરના આ જવાબથી મને ઘણું આશ્ચર્ય થયું. આ આત્મવિશ્વાસ તેમને દાયકાઓથી તેમના વારસામાં મળ્યો છે. માલધારીઓ બહાદુર અને મહેનતુ છે. તેમણે સિંહ સાથે રહેવાનું શીખી લીધું છે.

સિંહ અને માલધારીના સંબંધનો અન્ય એક પ્રસંગ અહીં વર્ણવું છું. ભરબપોરે જંગલના કોઈક વિસ્તારમાં એક માલધારી માથે ચારાનો ભારો લઈ ચાલીને જઈ રહ્યો હતો. આ ચારો તેણે પોતાના પશુધન માટે જંગલમાંથી એકત્ર કરેલો હતો. થોડાં ડગલાં આગળ ચાલ્યા બાદ થોડે દૂર વૃક્ષ નીચે એક સિંહ સૂતેલો જોયો, છતાં પણ તેણે નિ:સંકોચ આગળ વધવાનું ચાલુ રાખ્યું. સિંહની નિદ્રામાં વિક્ષેપ પડ્યો. સિંહે માથું ઊંચું કરી માલધારી સામે જોયું. તરત જ માલધારીએ કહ્યું `જાગીશ નહીં, સૂઈ જા. હું જાઉં છું.' એક આજ્ઞાંકિત વિદ્યાર્થીની જેમ આટલું સાંભળી સિંહ પાછો નિદ્રાધીન થઈ ગયો. સિંહ જાણે જાણતો હોય કે આ એક માલધારી છે અને તેની સાથે કશું કરવાની જરૂર નથી.

માલધારીઓ દાયકાઓથી ગિરના જંગલમાં વસે છે. તેઓને અહીં ચરિયાણ માટેના અધિકારો પણ પ્રાપ્ત છે. જે તેઓનાં ઢોરનાં ઉછેરમાં મદદરૂપ થાય છે. તેઓની આવકનો મુખ્ય સ્રોત દૂધ અને દૂધની બનાવટો છે, જે સ્થાનિક ગ્રામજનો અને બીજી દૂધમંડળીને વેચી આવક મેળવે છે. ગિર જંગલ અને તેની આસપાસ આશરે ૫૪ નેસ (માલધારીના વસવાટોને `નેસ' કહેવામાં આવે છે) આવેલાં છે. નિવસનતંત્રના એક ભાગ એવા આ માલધારીઓને વનવિભાગ પણ ખૂબ મહત્ત્વ આપે છે. જ્યારે તમે માલધારીઓ સાથે સિંહ વિશે વાત કરો ત્યારે તેમની પાસે સિંહ વિશેની ઘણી બધી વાતો જાણવા મળશે. માલધારીઓએ સિંહને ક્યારેય પોતાના શત્રુ માન્યા નથી. જોકે, સિંહ નિયમિત રીતે તેમના ઢોરનું મારણ કરે છે. સિંહ દ્વારા થયેલ પશુઓના મારણનું વળતર વનવિભાગ નિયમાનુસાર ચૂકવે છે, પરંતુ અમુક માલધારીઓ એવા પણ છે કે, જેઓ ક્યારેય પણ પોતાના પશુના મારણના વળતરનાં નાણાં લેતા નથી.

અમે સિંહના સામ્રાજ્યમાં વસવાટ કરવાનું તેને વળતર ચૂકવીએ છીએ. નેસ એ માટીથી બનાવેલું એક મકાન કે ઝૂંપડું છે, જેને સુંદર રીતે શણગારવામાં આવે છે. નેસની ફરતે કાંટાળા, ઝાડી-ઝાખરાંની વાડ કરવામાં આવે છે, જે માલધારીનાં માલઢોરને શિકારી પ્રાણીઓથી રક્ષણ આપે છે. નેસનો વિસ્તાર તેમાં વસતાં કુટુંબો અને તેમની જરૂરિયાતો ઉપર આધારિત છે. માલધારીઓ જાણે સિંહસહિષ્ણુ છે, તેમ કહી શકાય. તેઓ જાણે છે કે, સિંહ ગમે ત્યારે ગમે ત્યાં આવી શકે છે. તેઓ એ પણ જાણે છે કે, તેમનાં બધાં માલઢોરને સિંહથી બચાવી શકાવાનાં નથી. પોતાનાં માલઢોરને બચાવવા તેઓએ એક રસપ્રદ વ્યૂહરચના ઘડી છે. એક નેસમાં ૨૦થી ૧૦૦ જેટલાં પશુઓ જેવાં કે ગાય, ભેંસ અને ઊંટ હોય છે. મોટા ભાગના નેસમાં પશુધન તરીકે ગાય અને ભેંસ હોય છે. આ ધણમાં કેટલાંક પાકટ (દૂધ ન આપતાં હોય તેવાં) પશુઓ પણ હોય છે. ગાયની દૂધ ઉત્પાદન ક્ષમતા ભેંસનાં પ્રમાણમાં જલદી ઘટે છે. આવી ગાયોને માલધારી હંમેશાં પોતાના ધણમાં રાખે છે. જ્યારે સિંહ હુમલો કરે છે ત્યારે આવી ગાયો સરળ શિકાર બને છે. કારણ કે, સિંહનાં આગમનની ખબર પડતાં જ ગાયો હેબતાઈને નાસભાગ કરવા માંડે છે, જ્યારે ભેંસો સમૂહ બનાવી પ્રતીકાર કરે છે. આથી ગાય સિંહનો સરળ શિકાર બની જાય છે. આ વ્યૂહરચનાથી માલધારી એક પશુ ગુમાવે છે, પણ તેની સામે ઘણાં બધાં દૂધાળા પશુનું રક્ષણ પણ મેળવે છે.

બે વર્ષ પહેલાં અમે માલધારી અને સિંહના સંબંધનું પ્રમાણ આપતો અન્ય એક પ્રસંગ જોયો હતો. જૂન મહિનાની એક સવારે જંગલના એક રસ્તા પર એક સિંહણ તેનાં બે બચ્ચાં સાથે બેઠેલી હતી. બંને સિંહબાળની ઉંમર લગભગ છ માસ હશે. બંને સિંહબાળને નિહાળવા અમે અમારી ગાડી, સિંહણ અને તેના બચ્ચાંથી થોડે દૂર ઊભી રાખી. સિંહણ આરામ કરી રહી હતી. થોડી ક્ષણોમાં સિંહણ અચાનક ઊભી થઈ, તેના હલનચલનમાં આકસ્મિક પરિવર્તન આવ્યું, જાણે હુમલો કરવો હોય તેવી તૈયારી બતાવી. સિંહણનાં આ આકસ્મિક વર્તનથી અમે સ્તબ્ધ થઈ ગયા. અચાનક ત્યાં તો એક ભેંસ સામેથી આવતી દેખાઈ. જે જોઈ અમને થયું કે, અહીં આજે ચોક્કસ શિકારનું દૃશ્ય રચાશે. પરંતુ બીજી જ ક્ષણે સિંહણ ફરી પાછી પોતાની સામાન્ય પરિસ્થિતિમાં આવી ગઈ અને પોતાનાં બચ્ચાંઓને લઈ ત્યાંથી ચાલી ગઈ. સિંહણની આ આશ્ચર્યજનક વર્તણૂકને અમે સમજીએ ત્યાં તો એક બીજી ભેંસ ત્યાં આવતી દેખાઈ અને તેની પાછળ આવતો માલધારી પણ દેખાયો. સિંહણે પ્રથમ પ્રયત્નમાં તો ભેંસ પર હુમલો કરવાનું જ વિચાર્યું હશે, પરંતુ માલધારીને જોઈને તેણે હુમલો કરવાનું ટાળ્યું. ભેંસ પર હુમલો નહીં કરવાનું સિંહણનું આ વલણ માલધારી પ્રત્યે તેને માન હોવાનો અનુભવ કરાવે છે. આ સમગ્ર પ્રસંગ સિંહ અને માલધારી પ્રત્યેનાં સહઅસ્તિત્વની ઝાંખી કરાવે છે. ગિરના જંગલનાં નિવસનતંત્રને માલધારી સમજે છે. આ માલધારી કુટુંબો પાસે મોટી સંખ્યામાં ગાયો-ભેંસો છે. કુદરતી સ્રોતોને નુકસાન ન થાય, તે હેતુથી માલધારીઓ પોતાનાં પશુધનને એક જ સ્થળે ચરાવવાનું ટાળે છે. સિંહની સંખ્યામાં વધારો, તેમના વિસ્તારના વધારા અને બીજાં અનેક પરિબળોને ધ્યાનમાં લઈને સરકારે માલધારીઓને જંગલની બહાર પુનર્વસનની પ્રક્રિયાને ઉત્તેજન આપ્યું છે. આ એક લાંબી અને ગૂંચવણભરી પ્રક્રિયા છે. તેમ છતાં ઘણા માલધારીઓએ શહેરીજીવન જીવવાનું શરૂ કર્યું છે, અને અનુભવ્યું છે કે વિકાસ માટે તેઓએ તેમનાં નેસ છોડી આસપાસનાં વિકસિત ગામોમાં જઈને વસવાટ કરવો પડશે. જોકે ઘણા માલધારીઓ આ પરિવર્તન નથી ઇચ્છતા. તેઓ પોતાના વારસાગત રીતરિવાજો અને માતૃભૂમિ છોડવા ઇચ્છતા નથી. શહેરીકરણની આ પ્રક્રિયાના તેઓને ભાગ બનવું નથી. જ્યારે અમે તેઓનો સંપર્ક કર્યો અને આ પરિવર્તન વિશે પૂછ્યું, ત્યારે સૌનો એક સરળ જવાબ મળ્યો:

"અમે તો માલધારી છીએ, અમારા પૂર્વજો અહીં રહ્યા, અમે અહીં રહીએ છીએ અને અમારાં બાળકો પણ અહીં જ રહેશે."

માલધારી અને સિંહના સંબંધો દર્શાવતું ઘણું સાહિત્ય ઉપલબ્ધ છે. અન્ય એક સમુદાય પણ ગિરનાં જંગલોમાં વસે છે અને માલધારી જેટલું જ મહત્ત્વ ધરાવે છે. આમ પણ પડદા પાછળના કસબીઓનું મહત્ત્વ બહુ ઓછી વ્યક્તિઓ જાણી શકે છે અને તેની પ્રશંસા કરી શકે છે.



સીદી મહિલાઓ

વિવિધ રંગના પટ્ટાથી રંગાયેલો ચહેરો, બનાવટી ઘાવથી ઘવાયેલું શરીર, દીપડાના પટ્ટાની છાંટવાળા કપડાં અને કંઈક અલગ પ્રકારની, મોરના પીંછાથી બનાવેલી ટોપી પહેરી અગ્નિની ફરતે કૂદાકૂદ કરી ઘુરકિયાં કરતા કરતા એક સમૂહના સભ્યો કંઈક અલગ ભાષામાં ગીત ગાતા ગાતા નાચી રહ્યા છે. સંગીત સ્વરૂપે ભારતીય સંગીતથી અલગ કોઈ ધૂન તેમના ગીતના શબ્દોને

તાલ મેળવવામાં મદદરૂપ થઈ રહી છે. તેમને જોઈ આપણને આફ્રિકાના આદિવાસીઓની યાદ આવે છે. હા, બરાબર છે. આફ્રિકા મૂળના લોકો ગુજરાતમાં વસી રહ્યા છે. હા, હું સીદી સમુદાયની વાત કરું છું. `સાહસ વિના સિદ્ધિ નહીં' સ્થળાંતરની પ્રક્રિયાએ વિશ્વમાં ક્રાંતિ લાવી છે. પોતાનાં મૂળ સ્થાનથી સ્થળાંતરીત થયેલા લોકોનાં નામ હંમેશાં ઇતિહાસમાં કંડારાયા છે.

અદ્ભુત સંસ્કૃતિ અને ઇતિહાસ ધરાવતા આ સમુદાયની ઘણી વાતોથી વિશ્વ અપરિચિત હતું. આમ પણ તેઓની વસ્તી ઘણી ઓછી છે અને ગુજરાતના મર્યાદિત વિસ્તારમાં સીદી વસે છે. વર્તમાન વર્ષોમાં સાસણગિર ખાતે પ્રવાસનનો વિકાસ થતાં તેઓ પ્રકાશમાં આવ્યા છે. સીદી સમુદાય હવે જાણે અહીં ગુજરાતની સંસ્કૃતિમાં ભળી ગયો છે. તેમનો આહાર, રીત-રિવાજ, ધર્મ અને પહેરવેશ પણ ગુજરાતના રંગે રંગાઈ ગયા છે. સીદીઓ પોતાને સિંહના સંરક્ષણ અને તેમના સિંહ સાથેના ઐતિહાસિક સંબંધોને મહત્ત્વના ગણાવે છે અને આ વાતનો તેમને ગર્વ પણ છે. એ વાત સત્ય છે કે સીદીઓ મૂળ આફ્રિકાના છે અને આફ્રિકામાં પણ સિંહની અન્ય એક પ્રજાતિ અસ્તિત્વ ધરાવે છે. ગિરનાં જંગલોમાં સીદીઓ ઘણાં વર્ષોથી રહે છે. સમયાંતરે વિકાસના માર્ગ ઉપર આગળ વધતાં વધતાં અમુક સીદીઓ અત્યારે વનવિભાગમાં ગાર્ડ, ગાઇડ, ડ્રાઇવર, ટ્રૅકર તરીકે ફરજ પણ બજાવે છે.

જૂનાગઢના નવાબ સીદીઓને આફ્રિકાથી સાસણ-ગિર તેમના સાવજ સાથેના સુમેળભર્યા સંબંધોના કારણે લાવ્યા હતા એ વાત સૌ કોઈ જાણે છે. સીદીઓની સાવજ અંગેની વાતોમાં તેમની સિંહ સાથેની લાગણી અને સાંસ્કૃતિક જોડાણ સ્પષ્ટ રીતે વ્યકત થાય છે. `જ્યાં સાવજ છે ત્યાં સીદી છે અને જ્યાં સીદી છે ત્યાં સાવજ!' તમે ભલે ગમે તેટલાં ભણેલાગણેલા હો, સંરક્ષણની વાતોમાં ભલે તમે નિષ્ણાંત હો, પરંતુ દાયકાઓથી સાવજની સાથે સહજીવનનો બહોળો અનુભવ ધરાવતા આ સ્થાનિક લોકોના વ્યાવહારિક જ્ઞાનને તમે ક્યારેય પડકારી નહીં શકો. ગિરના વન્યજીવ સંરક્ષણ અને નિવસનતંત્રના સંરક્ષણ અને સંવર્ધનમાં સીદી લોકો ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગિરમાં ભલે અત્યારે ખૂબ શિસ્તબદ્ધ રીતે રક્ષણાત્મક પ્રવૃત્તિ થતી હોય, પરંતુ પહેલાંના સમયમાં સ્થાનિક લોકો જંગલમાં ફરતા અને એ સમયે પણ તેઓ વન્યજીવો સાથે સુમેળભર્યા સંબંધો ધરાવતા હતા. અમુક વર્ષો પહેલાં ગિરમાં એક સંતની દરગાહ સ્થાપવામાં આવી અને સીદી સમુદાયના સભ્યો આજે પણ આ દરગાહે દુઆ માંગવા જાય છે. સીદીઓ સિંહની વર્તણૂકને સારી રીતે સમજી શકે છે. ઘણી વખત ખેતીકામ કરતાં, લાકડાં વીણતાં અને તેમના નાનકડા ગામમાં પણ તેમનો ભેટો સિંહ સાથે થઈ જાય છે, પણ ક્યારેય તેમણે કોઈ ફરિયાદ નથી કરી. સીદીઓ સિંહ સાથેના તેમના અનુભવો ખૂબ રોમાંચક રીતે વર્ણવતા હોય છે. વર્ષોનાં સંશોધનના આધારે સિંહના વર્તન અંગે જે સમજી શકાય છે તે જ બાબત સીદી લોકો પોતાના અનુભવોના આધારે વર્ણવતા હોય છે. સિંહની હાજરીમાં કેવી રીતે વર્તવું, બચ્ચાંવાળી સિંહણથી કેટલું અંતર જાળવવું તેવું અને તે અંગે બીજું ઘણું બધું અવલોકન તેઓ પોતાની વાતોમાં વર્ણવે છે.

સીદી લોકો ક્યારેય સિંહની હાજરીથી ભયભીત થતાં નથી. તેઓ કહે છે `અમે સિંહના સામ્રાજ્યનો ભાગ છીએ. અમારે તેમની મર્યાદા જાળવવી જોઈએ.' અત્યારના સમયમાં સીદી સમુદાયના યુવાનો આર્થિક ઉપાર્જનની આધુનિક પદ્ધતિઓ તરફ વળ્યા છે. `ગુજરાત પ્રવાસન નિગમ'ના આકર્ષક વિકાસના ભાગરૂપે અત્યારે ઘણા સીદીઓ પ્રવાસનની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાઈને ઘણું સારું કમાઈ રહ્યા છે. ગિરમાં આવનાર પ્રવાસીઓ સમક્ષ સીદીઓ પોતાની આગવી શૈલીનું ધમાલનૃત્ય રજૂ કરી, સીદીના વિવિધ સમૂહો સારી એવી આવક ઊભી કરે છે અને પ્રસિદ્ધિ પણ મેળવે છે. જોકે જૂની પેઢી હજી પણ તેમના સાંસ્કૃતિક વિચારો સાથે જીવે છે.

સીદી સમુદાય ગ્લોબલાઇઝેશન અને શહેરીકરણના કારણે થઈ રહેલા વસવાટોના નુકસાન અંગે ઘણા ચિંતિત છે. ગિરના લોકોની વાત કરવામાં આવે ત્યારે માલધારીઓની વાત કરવી જરૂરી છે. પણ બહુ ઓછા લોકો જાણે છે કે સીદીઓ પહેલાંના સમયથી વન્યજીવ સંરક્ષણમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે. આ સિવાય સીદીઓ સિંહ સાથે સીધો સંબંધ ધરાવે છે તેમાં કોઈ શંકા નથી. સમયે સમયે તેઓ આ વાતને પુરવાર પણ કરે છે કે, અમે સીદી સાવજના મિત્રો છીએ!

=

# સિંહનું ફળિયું

આપણે એક શહેરથી બીજા શહેરમાં મુસાફરી કરીએ છીએ. એક રાજ્યથી બીજા રાજ્યમાં મુસાફરી કરીએ છીએ. એક દેશથી બીજા દેશમાં મુસાફરી કરીએ છીએ. આપણી મુસાફરીના હેતુ જરૂરિયાત મુજબ જુદા-જુદા હોઈ શકે છે. આપણે પ્રવાસ કરીએ છીએ કામ માટે, આનંદ-પ્રમોદ માટે અને નવરાશની પળો જીવવા માટે. આપણે આપણા મિત્રોને મળીએ છીએ, સગાંસંબંધીઓને મળીએ છીએ. આપણે એક સ્થળેથી બીજા સ્થળે પ્રવાસ કરીએ છીએ. સામાન્ય શબ્દોમાં કહીએ તો આને સ્થળાંતર કહી શકાય.

આપણે શા માટે સ્થળાંતર કરીએ છીએ? ભિન્ન-ભિન્ન સ્રોતોની ઉપલબ્ધતા અને સારું જીવન જીવવા માટે અને શા માટે આપણે વર્તમાન હયાત સ્થળનો ત્યાગ કરીએ છીએ? ઉપલબ્ધ સ્રોતો અને વધારાના તણાવની સ્પર્ધાના કારણે આપણે સ્થળાંતર કરીએ છીએ. પણ શું આપણે સ્થળાંતર કર્યા બાદ આપણે જે સ્થળ છોડી દીધું છે ત્યાં પાછા આવીએ છીએ? હા, કારણ કે આપણે આપણા સમુદાય કે જગ્યાને આપણી સાથે સ્થળાંતરિત કરીને નથી લઈ ગયાં. આપણે દિવસ માટે, મહિના માટે, વર્ષ માટે કે આપણા સમગ્ર જીવન માટે સ્થળાંતર કરતા હોઈએ છીએ અને હંમેશાં આપણે આપણા મૂળ સ્થાને અલગઅલગ કારણોથી પાછા પણ આવતા હોઈએ છીએ. એક સ્થળેથી બીજા સ્થળે જવા આપણને વાહનની જરૂર પડે. આપણી પાસે વાહનવ્યવહારના ઘણા બધા વિકલ્પો ઉપલબ્ધ છે. જેવાં કે, ગાડી, ટ્રેન, બસ, વિમાન અને વહાણ.

ધારો કે તમે તમારી ગાડી લઈ એક શહેરમાંથી બીજા શહેરમાં જતા હો, અને રસ્તામાં એક મોટી નદી આવે ત્યારે તમે ત્યાં શું હોવાની ધારણા રાખો છો? નદીના કિનારે સૂચના દર્શાવતું એક મોટું પાટિયું લગાવેલું છે. વાહનચાલકે નદીમાં પોતાની ગાડી પોતાના જોખમે ચલાવવી. અને બીજી બાજુ સરકાર દ્વારા બાંધવામાં આવેલો પુલ છે. આ એક મૂર્ખામીભર્યો પ્રયત્ન હશે કે બ્રિજ હોવા છતાં આપણે નદીમાં શા માટે ગાડી ચલાવવી? આપણે મનુષ્યો છીએ. આપણી પાસે સરળતાભર્યું જીવન જીવવા માટે અનેક સુવિધાઓ, વિકલ્પો અને સ્રોત ઉપલબ્ધ છે. પણ શું તમને લાગે છે કે પૃથ્વી પર માત્ર માનવજીવ જ છે? આ બધા કુદરતી સ્રોત એ શું માત્ર મનુષ્યો માટે જ છે? પ્રાણીઓનું શું? પ્રાણીઓ જંગલમાં રહે છે. તો પ્રાણીઓ અને પરિવહન વચ્ચે શું સંબંધ છે? હવે જરાક કલ્પના કરો કે તમારી ગાડીની બાજુમાં હાઇ-વે ઉપર એક સિંહ દોડી રહ્યો છે. આ કોઈ મજાક નથી. આપણે તેઓના અવરજવરના રસ્તાઓ ગામડાંઓ અને નગરો વસાવીને બંધ કરી દીધા છે તો પ્રાણીઓ ક્યાંથી જશે? આ સમસ્યાનું કોઈ સમાધાન છે? હા, ચોક્કસ છે `કૉરિડૉર' (ગુજરાતીમાં કહીએ તો પરસાળ અથવા ઘરમાં આવવાનો મોટો રસ્તો, ઓસરી) જો આપણે આપણા માટે પરસાળ બનાવી શકતા હોઈએ તો આ નિર્દોષ પ્રાણીઓ માટે શું કામ નહીં?

પૃથ્વી ઉપર અત્યારે ઘણાં બધાં દુર્લભ પ્રાણીઓની સંખ્યા ઘટી રહી છે. આપણે આ પ્રાણીઓને સીધી રીતે કંઈ જ મદદ કરી શકીએ તેમ નથી. પરંતુ ઘણા એવા રસ્તા છે જે તેઓના જીવનને ટકાવી રાખવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. સંરક્ષિત વસવાટ બનાવવો પૂરતો નથી. આ વસવાટ નિર્જીવ હશે. વસવાટ બીજી વસાહત સાથે જોડાયેલો હોવો જરૂરી છે. આ જોડાયેલા વસવાટો વન્યપ્રાણીને જીવવામાં ખરા અર્થમાં મદદરૂપ થશે. વન્યપ્રાણી દ્વારા ઉપયોગમાં લેવાતા `કૉરિડૉર' બધી પ્રજાતિઓ માટે એક સરખા નથી હોતા. આ કોઈ સ્ટ્રેચેબલ ટીશર્ટ નથી કે જે બધાના માપની થઈ જાય. કૉરિડૉરનું કદ એ તેને ઉપયોગમાં લેતા પ્રાણીની

પ્રજાતિ ઉપર આધારિત છે.

જ્યારે તમે કોઈને એશિયાઈ સિંહ વિશે પૂછો અને પ્રત્યુત્તર મળેઃ અરે હા. એ તો સાસણગિર અભયારણ્યમાં છે! પછી વધુમાં તે વ્યક્તિ તમને સાસણગિર પહોંચવાનો રસ્તો પણ જણાવી દે. એશિયાઈ સિંહે માત્ર પોતાનું સામ્રાજ્ય નથી વિસ્તાર્યું, પણ દરેક દિશામાં પોતાનું વર્ચસ્વ વધાર્યું છે. ગુજરાતમાં સિંહ ઘણા વિશાળ વિસ્તારમાં વિચરણ કરી રહ્યા છે. એક સમયે માત્ર ગિરના જંગલ પૂરતા મર્યાદિત થઈ ગયેલા આ એશિયાઈ સિંહનાં જનીનો, જાણે તેમને કહી રહ્યાં હોય કે હવે ફરી સમય આવી ગયો છે, પોતાનું ગુમાવી દીધેલું સામ્રાજ્ય પરત મેળવવાનો. ગુજરાતની ધરતી માટે આ અલભ્ય પ્રાણીઓ આશીર્વાદરૂપ છે. એક પ્રદેશ અથવા એક જિલ્લામાંથી આજે આ સિંહ આઠ જિલ્લાઓમાં વિચરી રહ્યા છે અને અટકયા વગર આગળ વધી રહ્યા છે. ગિરના જંગલ વિસ્તારની બહાર વસતા સિંહની વસાહતને `સમૂહ' કહેવામાં આવે છે. હવે તેઓ એક જંગલમાંથી બીજા જંગલમાં, એક ઘાસના પ્રદેશમાંથી બીજા ઘાસના પ્રદેશમાં, એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ફરી રહ્યા છે. બે દાયકા પહેલાં અહીં માત્ર જંગલો જોવા મળતાં હતાં કોઈ પણ પ્રકારનો માનવીય હસ્તક્ષેપ ન હતો. વર્તમાન સમયમાં સિંહ ૨૨૦૦૦ ચો.કિ.મી. વિસ્તારમાં ૧૫૦૦થી વધુ ગ્રામ્ય વિસ્તારો ધરાવતાં જંગલોમાં ફરી રહ્યા છે.

સિંહે હવે માનવીય વસ્તીવાળા ભૂભાગો ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવાનું શરૂ કરી દીધું છે. વન્યપ્રાણી પોતાના મુખ્ય વિસ્તાર અને તેની આસપાસના વિસ્તારમાં જવા માટે જે માર્ગ, રસ્તા, કેડી કે નદીકાંઠા વિસ્તારનો ઉપયોગ કરે છે. તેને `કૉરિડૉર્સ' કહેવામાં આવે છે. આ કૉરિડૉર્સ અથવા અવરજવરના માર્ગો માનવો દ્વારા નિર્માણ કરવામાં આવેલ હોઈ શકે. જેમ કે જંગલ વિસ્તાર, વાડી વિસ્તાર, ટેકરીઓ ઉપર આવેલા ઝાડીઝાંખરાવાળા વિસ્તાર, વનસ્પતિ, ઝાડીઝાંખરાવાળા નદીકિનારાના વિસ્તારો – અસમતલ ભૂભાગો વગેરે. ખાણ ઉત્ખનન, શહેરીકરણ, માર્ગ અને મકાનના વિકાસ, ડૅમનો વિકાસ અન્ય બીજી ખેતીવિષયક અને માનવીય વિકાસની પ્રવૃતિઓના લીધે એશિયાઈ સિંહના આ કુદરતી રીતે રચાયેલા અવરજવરના માર્ગો જાણે અદૃશ્ય જ થઈ ગયા છે. માર્ગ અને રેલવેનો વિકાસ થઈ ગયો છે. ગામડાંઓ વિકસી રહ્યાં છે અને લોકોની જીવનશૈલી પણ વિકસી છે. આવી પરિસ્થિતિમાં આપણે કંઈ બટન દબાવીને બધું સુધારી નહીં શકીએ.

એશિયાઈ સિંહને સુરક્ષિત રસ્તો આપવા નદીકાંઠાના માર્ગો એ શ્રેષ્ઠ છે. સિંહ લાંબા અંતરના પ્રવાસ કરે એ જરૂરી છે. ઘણી વખત આરક્ષિત વિસ્તાર, જરૂરિયાત મુજબની જગ્યા આપવા માટે પૂરતો થઈ પડે છે. ક્યારેક જ આવા વિસ્તારો ખૂબ નાના અને અસુરક્ષિત હોય છે. આવા વિસ્તાર પ્રાણીઓ માટે ખતરારૂપ બની શકે છે. કૉરિડૉર્સ એ વસવાટના વિસ્તારોને એક પ્રકારનું સુરક્ષાકવચ પૂરું પાડે છે. આ માર્ગો સિંહ જેવા માંસભક્ષી પ્રાણીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી કે ભય વગર પોતાનો માર્ગ શોધી આગળ વધવામાં મદદરૂપ થાય છે. જમીનની વિવિધતા જાળવી રાખવામાં પણ કૉરિડૉર્સ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. વસવાટનો કોઈપણ વિસ્તાર લાંબા સમય સુધી અલગ કે અળગો રહી શકતો નથી. એ વસવાટો વચ્ચે સંક્રમણ પ્રક્રિયા થતી રહે તે જરૂરી છે, નહીંતર તે જુદાજુદા રોગો અને જનીનની ખામી જેવી નબળાઈયુક્ત બાબતોને પ્રેરે છે.

વર્તમાન સમયમાં સિંહ પાસે રક્ષિત વિસ્તાર સિવાયના વિસ્તારમાં પણ એક કરતાં વધુ ઘર છે અને અત્યારના સમયમાં સિંહ માનવપ્રભુત્વ ધરાવતા જમીન વિસ્તારોનો ઉપયોગ રક્ષિત વિસ્તાર અને નવા મેળવેલ વિસ્તારોમાં અવરજવર માટે કરી રહ્યા છે. અત્યારે ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં એશિયાઈ સિંહ પોતાનું ગુમાવેલું સામ્રાજ્ય પાછું મેળવવા સતત આગળ ને

આગળ વધી રહ્યાં છે. તેમના પંજાનાં નિશાન એવાં નવાં નવાં સ્થળોએ જોવા મળી રહ્યાં છે, જ્યાં ભૂતકાળમાં તેમના અસ્તિત્વનો વિચાર પણ કરવામાં નહોતો આવ્યો. એશિયાઈ સિંહે પૂર્વ તરફ આગેકૂચ શરૂ કરી છે. પૂર્વના વિસ્તારમાં જૂનાગઢ, અમરેલી અને ભાવનગર સિંહના ફેલાવા માટે કે આગળ વધવા માટે સૌથી નજીકનો અવરજવરનો માર્ગ છે.

ગિર અને ગિરનાર વચ્ચેના માર્ગે સિંહે શરૂઆતથી જ ગિરનાર અભયારણ્ય તરફ આગળ વધવાનું શરૂ કર્યું હતું. જોકે ગિરનાર પહોંચવામાં ઘણો સમય લાગ્યો. આ માટે તેઓએ નદીકાંઠાના વિસ્તારોનો ઉપયોગ કર્યો. તેઓ ઝાડીઝાંખરાવાળા વિસ્તારો, કેરીના બગીચા અને ગૌચર વિસ્તારનો અવરજવર માટે ઉપયોગ કરે છે. સિંહની હિલચાલ સમજવા માટે અમુક સિંહને રેડિયોકોલર પહેરાવવામાં આવ્યા અને પછી તેની મદદથી સિંહની હિલચાલ ઉપર ધ્યાન રાખવામાં આવ્યું. અભ્યાસ પરથી જાણી શકાયું કે ગિરનાર અભયારણ્યમાં રહેતા સિંહ ઘણી વખત ગિર અભયારણ્યની મુલાકાત લેતા હોય છે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય મોટા ભાગે પોતાનું સામ્રાજ્ય વધારવાનો અને પ્રજનનનો હોય છે. અવરજવર દરમિયાન સિંહ મોટા પ્રમાણમાં વાડી વિસ્તારો અને આંબાવાડીઓનો ઉપયોગ કરતા હોય છે. ગિર અને ગિરનાર સિવાય ગિરના પશ્ચિમ વિસ્તારમાં પણ એક સિંહને કોલર પહેરાવવામાં આવ્યો હતો અને પછી તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું

સિંહની અવરજવર અને તેમના વિસ્તાર માટેની માહિતી મેળવવા માટે રેડિયોકોલર વડે માહિતી મેળવી શકાય છે. રેડિયો અને GPS કોલરિંગની પદ્ધતિ વડે એશિયાઈ સિંહના વિસ્તાર વિશે અને તેમની આદત અને અવરજવર વિશે માહિતી મળે છે. રેડિયોકોલર દ્વારા શિકારીપ્રાણી અને શિકાર વચ્ચેની વસ્તી, તેમની સ્થિતિ અને વ્યવસ્થાપન માળખાં, અવરજવરની રીત અને સામાજિક સંગઠન વગેરેની માહિતી મળતી હોય છે. કોલરના વપરાશથી શિકારીપ્રાણી દ્વારા કરવામાં આવતા શિકારની માહિતી ચકાસીને શિકારની વસ્તી ગીચતાનું પ્રમાણ જાણી શકાય છે. પ્રાણીને કોલર પહેરાવ્યા વગર પણ આ બધી માહિતી મેળવી શકાય છે. પરંતુ રેડિયોકોલરની મદદથી નિયમિત રીતે માહિતી મળતી રહે છે. પ્રાણીઓને જોવા માટે લાંબા સમય સુધી રાહ જોવાને બદલે રેડિયો અથવા GPS કોલરની મદદથી અવલોકન માટેની ચોક્કસ માહિતી મેળવી શકાય છે.


આજે ત્રણ અલગ અલગ પ્રકારની રેડિયો ટ્રેકિંગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

૧. Very High Frequency (VHF) એટલે કે ખૂબ ઊંચાં આવર્તન દ્વારા રેડિયો ટ્રેકિંગ

૨. સેટેલાઇટ ટ્રૅકિંગ

૩. Global Positioning System એટલે કે GPS ટ્રૅકિંગ

VHF એ છેલ્લા ઘણાં વર્ષોથી વપરાશમાં આવતી સરળ પદ્ધતિ છે. VHF કોલર પહેરાવેલાં પ્રાણીને એક ખાસ રિસીવર અને દિશા સૂચવતા એન્ટેનાની મદદથી ટ્રૅક કરી શકાય છે. સેટેલાઇટ ટ્રૅકિંગ માટે પ્રાણીને વધુ શક્તિવાળું ટ્રાન્સમીટર પહેરાવવામાં આવે છે. સંશોધક સેટેલાઇટની મદદથી પ્રાણીના વર્તમાન સ્થાન અંગેની માહિતી કમ્પ્યૂટરમાં દેખાય છે. GPS દ્વારા ટ્રેકિંગ માટે પ્રાણીના કોલરમાં સેટેલાઇટને ખાસ સિગ્નલ આપતું સાધન જોડવામાં આવે છે. પ્રાણીના સ્થાન અંગેની માહિતી સમયાંતરે આ સાધનમાં સંગ્રહાય છે જે પછી કમ્પ્યૂટરની મદદથી ગણી શકાય છે.



દીપડાની કોલરિંગ પ્રક્રિયા

આ બધાં સાધનોની મદદથી મળેલી માહિતી વસવાટ વ્યવસ્થાપનમાં મદદરૂપ થાય છે. વળી, શિકારી પ્રાણી અને શિકારની વસ્તીના વિજ્ઞાનને સમજવા માટે પણ જરૂરી સંશોધનો પૂરતી માહિતી આપે છે. અત્યારે એશિયાઈ સિંહ નવા વિસ્તારોમાં વિસ્તરી રહ્યા છે. તેઓ ઘણા નવા ભૂભાગોની મુલાકાત પણ લઈ રહ્યા છે. તેઓ કેટલો સમય આ વિસ્તારોમાં રહેશે,

અથવા તેઓ અવરજવરના કયા માર્ગોનો ઉપયોગ કરી રહ્યા છે તેની માહિતી પણ મળી શકે છે. છેલ્લા દાયકામાં વનવિભાગ દ્વારા ઘણા એશિયાઈ સિંહને તેમની અવરજવરનો અભ્યાસ કરવા કોલર પહેરાવ્યા છે અને તેની મદદથી ઘણી આશ્ચર્યજનક માહિતી પણ જાણવા મળી. વર્તમાન સમયમાં બૃહદ ગિરના જંગલના વિસ્તારો અને ખેત વિસ્તારોમાં સિંહ ફરી રહ્યા છે.

ગિરનાર અભયારણ્યમાં રહેતા સિંહ ઘણી વખત ગિર અભયારણ્યની મુલાકાત લેતા હોય છે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય મોટા ભાગે પોતાનું સામ્રાજ્ય વધારવાનો અને પ્રજનનનો હોય છે. અભ્યાસનાં તારણોએ જણાવ્યું કે આ સિંહ ગિરના પશ્ચિમ વિસ્તારમાં રહેવાનું વધુ પસંદ કરે છે. તે પૂર્વ વિસ્તારમાં જાય છે, ત્યાં ફરે છે, પરંતુ તે તેના મૂળ વિસ્તાર તરફ પરત આવી જાય છે. સિંહના આવા વર્તન પાછળ ઘણાં બધાં પરિબળો જવાબદાર છે. જેમાં પ્રાકૃતિક પરિબળો, વનસ્પતિ, શિકારની ઉપલબ્ધતા વગેરે છે. આવી અનુકૂળતા કદાચ પૂર્વમાં મળી શકતી નહીં હોય.

ગિરનાર કૉરિડૉરના વિસ્તારમાં આવેલા કૃષિ અને પશુપાલનવાળા વિસ્તારો હવે શહેરીકરણના કારણે ગામડાંઓ બની રહ્યાં છે. નગરો બની રહ્યાં છે. ગિર અને ગિરનારના કૉરિડૉરમાં લગભગ ૯૦ જેટલાં ગામડાં આવેલાં છે. સ્થાનિક લોકોના સહકાર વગર સિંહ માટે કોઈપણ પ્રકારની સ્વતંત્ર અવરજવરની જગ્યા બનાવવી ખૂબ મુશ્કેલ હતી.

ભારતમાં અન્ય દેશોની સરખામણીમાં ઘણી મોટી સંખ્યામાં યુવાવર્ગ છે. યુવાન અને શિક્ષિત વ્યક્તિઓ પ્રકૃતિ અને વન્યપ્રાણી માટે થોડા વધુ સંવેદનશીલ હોય છે. સ્થાનિક લોકો એવું સમજે છે કે સિંહ સંવર્ધન કાર્યક્રમના અમલીકરણને લીધે સીધી અને આડકતરી રીતે તેઓને ઘણો ફાયદો થાય છે.

ગિરનાર રક્ષિત વિસ્તારની ક્ષમતાવર્ધન કરવા માટે તે વિસ્તારમાં ખેતીનું વધતું પ્રમાણ અટકાવવું જરૂરી છે જેથી વિસ્તરણની પ્રક્રિયાને વધુ વેગ મળે. ગિરની અંદર અને આસપાસ ઘણા બધા એવા માર્ગો અને નદીકાંઠાના માર્ગો આવેલા છે કે જે સિંહના દુર્ગમ આવાસો સાથે જોડાયેલા છે.

એક માહિતી મુજબ નદીકાંઠાની બંને તરફ એક કિ.મી. વિસ્તાર `ઇકો-સેન્સેટિવ ઝોન' તરીકે જાહેર કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. જેના લીધે કાંઠા વિસ્તારમાં ઔદ્યોગિક એકમો, ખનન પ્રક્રિયા માટે જમીન ફાળવણી કે વાડીવિસ્તાર બનાવવાની પરવાનગી કે મંજૂરી ન આપી શકાય. ગિરની આસપાસના વિસ્તારને `ઇકો-સૅન્સિટિવ ઝોન' જાહેર કરવાનો ઉદ્દેશ્ય તે વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકોનો હક છીનવી લેવાનો નથી, પરંતુ તેનો હેતુ પર્યાવરણને હાનિકારક એવી પ્રવૃત્તિઓ રોકવા માટેનો છે. સિંહ સાથેનું સહજીવન એ એક ઉમદા પ્રાણીની સૌમ્યતાનું ઉતમ ઉદાહરણ છે. સિંહ મનુષ્ય સાથે ઘર્ષણ કે સંઘર્ષ નથી ઇચ્છતા. સિંહ નીડર છે અને આપણા તરફથી તેને પોતાની અવરરજવર માટે માત્ર એક સુરક્ષિત માર્ગ જોઈએ છીએ. નદીકાંઠા વિસ્તારમાં આવેલા અવરજવરના માર્ગો સિંહના વિચરણ અને વિસ્તરણમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

=

# ગુમાવેલાં સામ્રાજય પરનો હકદાવો


શેત્રુંજી નદી વિસ્તાર એ આ નદીકાંઠાના વિસ્તારમાં આવેલા કૉરિડૉર્સનું ઉત્તમ ઉદાહરણ છે. શેત્રુંજી નદી એ સૌરાષ્ટ્રની મુખ્ય નદીઓમાંની એક છે. સૌરાષ્ટ્રના એકદમ પૂર્વ તરફ નદીકાંઠા વિસ્તાર આવેલા છે. જૂનાગઢના ચંચાઇના ડુંગર વિસ્તારમાં શેત્રુંજી નદીનું ઉદ્ગમ સ્થાન છે. ચચાઈ ડુંગરમાંથી નીકળી આ નદી પૂર્વ તરફ અમરેલી, ભાવનગર અને જૂનાગઢના અમુક વિસ્તાર એમ ત્રણ મહત્ત્વના જિલ્લાઓમાં વહે છે. જ્યાં સિંહ અને તેના સમૂહો મુક્તપણે વિકસી રહ્યા છે. શેત્રુંજીકાંઠાની મદદથી સિંહ હવે પૂર્વીય ગિર વિસ્તારને વધુ સમૃદ્ધ બનાવી રહ્યા છે.

ગિરથી જૂનાગઢ, જૂનાગઢથી અમરેલી અને અમરેલીથી ભાવનગર તરફ ખૂબ વ્યવસ્થિત રીતે સિંહ વધુ ને વધુ આગળ વધી રહ્યા છે. જૂનાગઢથી અમરેલી તરફ આવતાં ઘણાં મહત્ત્વનાં ગામો જેવાં કે, ખાંભા, રાજુલા, સાવરકુંડલા, ધારી, લીલિયા અને ક્રાંકચ આવે છે. તેવી જ રીતે ગામડાંઓ જેવા કે મહુવા, તળાજા, રાજસ્થલી, શિહોર, વલ્લભીપુરનો અમુક વિસ્તાર વગેરે ભાવનગર જિલ્લાના છે. આ ગામોમાં સિંહે પોતાના સામ્રાજ્યની સ્થાપના કરી દીધી છે. ગિર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉધાન, ગિરની આસપાસના વિસ્તારો, પાણિયા અભયારણ્ય જેવા વિસ્તારો એશિયાઇ સિંહની વસ્તીથી સમૃદ્ધ બની રહ્યા છે, વિકસી રહ્યા છે અને ગિરનાર અભયારણ્ય, મિતિયાળા અભયારણ્ય, દરિયાકાંઠાના વિસ્તારો જેવા કે ઊના, સૂત્રાપાડા, કોડીનાર, જાફરાબાદ, રાજુલા, નાગેશ્રી, શેત્રુંજી નદીકાંઠા વિસ્તાર, ભાવનગરના અન્ય વિસ્તારો જેવા કે, લીલિયા અને ક્રાંકચ હવે સિંહના કાયમી નિવાસસ્થાન બની ગયાં છે. આ પ્રાણીઓએ જે-તે પ્રદેશ અને તેના ખોરાક અને પાણીની ઉપલબ્ધતાને આધારિત પોતાની જાતને કેળવી લીધી છે. તેઓએ અહીંના સ્થાનિક વાતાવરણ અને આબોહવા આધારિત જીવનશૈલી વિકસાવી લીધી છે. સિંહની આ વસ્તી ભવિષ્યમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવશે. કારણ કે આવી પ્રાણીવસ્તી આંતર-પ્રજનન અને સિંહ વચ્ચે ઊભા થતા તણાવયુક્ત પરિસ્થિતિને ઘટાડવામાં મદદરૂપ થશે. આગળ વધી રહેલા આ પ્રાણીઓનાં આંકડાઓનું જો કાળજીપૂર્વક અધ્યયન કરવામાં આવે તો જાણવા મળે કે નવા વિસ્તારોની શોધમાં અભયારણ્યથી બહાર નીકળતા સિંહ આ પ્રકારના સ્થળાંતરને વધુ પ્રાધાન્ય આપે છે.

એક તરફ સિંહે ત્રણ જિલ્લાના જાણે કાયમી વિઝા મેળવી લીધા છે. બીજી તરફ અન્ય બે જિલ્લા રાજકોટ અને જામનગરમાં પોતાના આગમન માટે બારી ખુલ્લી મૂકી દીધી છે. એક વર્ષ પહેલાં અમરેલી જિલ્લાના નાડલા ગામમાં સિંહ દ્વારા એક પશુનો શિકાર કરવામાં આવ્યો. આ ગામ બાબરા તાલુકા નજીક છે. બાબરા એ સિંહનું કાયમી નિવાસસ્થાન છે. અન્ય એક બનાવ અમુક મહિના પહેલાં બન્યો. રાજકોટથી ૨૫ કિ.મી. દૂર આવેલા ગોંડલમાં સિંહે એક પશુનો શિકાર કર્યો હતો. થોડાંક વર્ષો પહેલાં સિંહણ તેનાં બચ્ચાં સાથે ગોંડલ ગામમાં જોવા મળી હતી. ખેડૂત એ માનવા જ તૈયાર ન હતા કે તેના ઢોરનું મારણ સિંહ દ્વારા થયું છે. સામાન્ય માણસ માટે આ એક આશ્ચર્યકારક ઘટના હશે, પરંતુ એક સંશોધક માટે નહીં, કારણ કે આ એવા વિસ્તારો છે જ્યાં બે દાયકા પહેલાં સિંહ જોવા મળતા. હવે તેઓએ ફરી વખત પોતાનું ગુમાવેલું સામ્રાજ્ય પાછું મેળવવાનું શરૂ કરી દીધું છે.

રાજકોટનાં ગામડાંઓમાં રહેઠાણ પાકું થઈ ગયા બાદ સિંહ ચોક્કસ એકવાર રિલાયન્સ રિફાઇનરીમાં પહોંચીને ગર્જના કરશે. અમુક મહિના પહેલાં ચાર વર્ષના એક સિંહને કાલાવાડ તાલુકાના છત્તર ગામમાંથી પકડવામાં આવ્યો હતો. જ્યાંથી આ સિંહને પકડવામાં આવ્યો તે

ગામ જામનગર શહેરથી માત્ર ૬૫ કિ.મી. દૂર આવેલું છે. એવું માનવામાં આવે છે કે, પિંજરામાં પકડાયેલો સિંહ ગિરનાર અભયારણ્યમાં રહેતા સિંહના સમૂહમાંથી બહાર નીકળ્યો હશે. એક વિચાર કરીએ તો જૂનાગઢથી રાજકોટ અને પછી જામનગર એમ ત્રણ જિલ્લાના ઘણાં બધાં ગામડાંઓ પાર કરીને છત્તર ગામ પહોંચવું તે થોડું અશક્ય લાગે છે.



અહીં આપણે કૉરિડૉર્સનું મહત્ત્વ સમજવું ખૂબ જરૂરી છે. વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે જૂનાગઢની રેસ્ક્યુ ટીમ જામનગર પહોંચી. ત્યાંથી સિંહને પકડી અને પછી તેને ગિરનાર અભયારણ્યમાં મુક્ત કર્યો છે. જૂનાગઢ, અમરેલી અને ભાવનગર પછી જો સિંહની વસ્તી જામનગર અને રાજકોટમાં સ્થિર થાય તો તેમાં નવાઈ પામવા જેવું કશું નથી. જો હું જામનગર પહોંચી શકું તો બરડા અને આલેચના ડુંગરાઓ સુધી શા માટે નહીં? બરડા એ એશિયાઈ સિંહનું સત્તાવાર નિવાસ્થાન ભલે નથી, પણ બરડા અભયારણ્યમાં સિંહનો એક અલગ સમૂહ ત્યાંના વસવાટમાં શા માટે ઊછરી ન શકે? હજી સિંહનાં જનીનોમાં ક્યાંક બરડા છે, તો ક્યાંક આલેચની ટેકરીઓ પણ છે. ત્યાં પહોંચવાની શક્યતા નકારી શકાય તેમ નથી. અહીં તેઓ જૂનાગઢથી માંગરોળ થઈને પોરબંદર અને પોરબંદરથી બરડા ડુંગર અથવા આલેચના ડુંગરમાં પહોંચી શકે છે.

ભાવનગર જિલ્લાના હાઇ-વે ઉપર જો `વેળાવદર સિંહ અને કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન' એવું નવું પાટિયું વાંચવા મળે તો તે માટે તમારું મંતવ્ય શું હશે? મને ખાતરી છે કે આ વિધાન વાંચ્યા બાદ તમને લેખકની કલ્પનાશક્તિ પર હસવું આવશે. થોડાં વર્ષો બાદ આ કલ્પના વાસ્તવિકતા બનશે તેમ સિંહના કુદરતી વિસ્તરણને રોકી નહીં શકે. એકમાત્ર વિકલ્પ છે તેઓની સાથે ગોઠવાઈ જવું, તેમનું સંરક્ષણ કરવું, તેમની સાથે જીવવું અને તેઓને વિકાસનો સુરક્ષિત માર્ગ પૂરો પાડવો. વેળાવદર અને ભાલ પ્રદેશમાં તમે સિંહની હાજરી કેવી રીતે વિચારો છો? સિંહને જીવવા માટે સારું સંવર્ધન, પૂરતા પ્રમાણમાં આહાર અને પાણીની જરૂરિયાત હોય છે. સિંહ જૂનાગઢથી અમરેલી અને વલ્લભીપુરની અવારનવાર મુલાકાત લે છે. ૨૦૧૫માં ભાવનગરમાં ૩૭ અને અમરેલી જિલ્લામાં ૧૭૪ સિંહ નોંધાયા હતા. સિંહની સંખ્યા સ્થિર ગતિએ વધી રહી છે. યુવાસિંહ નવાનવા વિસ્તારોમાં પોતાનું સામ્રાજ્ય આગળ વધારવા સતત આગળ વધી રહ્યા છે. વલ્લભીપુરમાં ત્રણ વર્ષ અગાઉ સિંહ જોવા મળવાની શરૂઆત થઈ હતી હવે નિયમિત રીતે આ વિસ્તારની મુલાકાત લે છે. આ વિસ્તાર અંગે ભવિષ્યમાં કોઈ શંકા નથી. જો સિંહ વલ્લભીપુર સુધી પહોંચી શકે તો પછી આગળ ૨૨ કિ.મી. ભાલ અને ૨૮ કિ.મી. વેળાવદર સુધી શા માટે નહીં?

હા, આ ચોક્કસ શક્ય છે. સિંહ એક રાતમાં ૫૦ કિ.મી.થી વધુ ચાલી શકે છે. આ કોઈ કાલ્પનિક આંકડા નથી. વનવિભાગ પાસે સિંહની હિલચાલ અંગેના અભ્યાસની માહિતી વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ છે. થોડાં વર્ષો પહેલાં વનવિભાગે સિંહની ગતિવિધિની સંપૂર્ણ પ્રાયોગિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો. વનવિભાગ દ્વારા બનાવવામાં આવેલી ટીમ રાત્રિના સમયમાં સિંહથી સલામત અંતરે વાહનમાં બેસી તેની પાછળ પાછળ જવા લાગી બીજા દિવસે સવારે વાહનની `લોગબુક'માં ૫૪ કિ.મી. નોંધાયા. સિંહની ચાલવાની શક્તિથી હાજર દરેક વ્યક્તિ હતપ્રભ થઈ ગઈ.

આફ્રિકન સિંહની સરખામણીમાં એશિયાઈ સિંહ પોતાના સમૂહ સાથે હંમેશાં નથી રહેતા. ગિરના જંગલમાં વસતા સિંહના સમૂહની વ્યવસ્થાનો અભ્યાસ કરતાં જાણવા મળ્યું છે કે સમૂહમાં રહેતી સિંહણ અને સિંહ વચ્ચે ખૂબ ઓછો સંબંધ હોય છે. સિંહબાળની હાજરી જ માદા સિંહણને સિંહની નજીક જવા માટે પ્રતિબંધક સાબિત થાય છે. આ કારણે ગિરમાં સિંહ વચ્ચે સામાજિક બંધનનું પ્રમાણ ધીમે ધીમે તૂટતું જોવા મળે છે. નર અને માદા વચ્ચે તો આનું પ્રમાણ ઓછું જ છે. ગીચ વસવાટના વિસ્તારો સિંહને શિકાર કરવાની પ્રેરણા આપે છે. આ માટે તેઓને શિકાર માટે માદા ઉપર આધાર રાખવો પડતો નથી. જો સિંહ એક રાતમાં ૫૪ કિ.મી. ચાલી શકતો હોય તો ૨૨ અને ૨૮ કિ.મી. એના માટે ચણા-મમરા સમાન છે. આવા આકર્ષક વિસ્તારો નજીક આવેલા હોવા છતાં હજી સિંહ ત્યાં પહોંચ્યા નથી એનું એક જ કારણ

છે પાણી.

સિંહ મોટાભાગે સરળતાથી પાણીની ઉપલબ્ધિવાળા વિસ્તાર વધુ પસંદ કરે છે. ભાલ અને વેળાવદર વિસ્તારમાં પાણીની ઉપલબ્ધતા છે પણ માત્ર નવ મહિના સુધી. ઉનાળામાં તેઓને પાણીની અછતનો સામનો કરવો પડે છે. જો આપણે ભાલ અને વેળાવદરમાં સિંહની હાજરીની ગણતરી કરતા હોઈએ તો ઉનાળામાં તેઓ કેવી રીતે જીવી શકશે? દરેક પ્રશ્નોનો ઉત્તર જરૂર હોય છે. `નર્મદે સર્વદે' સંસ્કૃતનું એક સુંદર વાક્ય જેનો અર્થ થાય : નર્મદા સર્વદા સર્વત્ર છે. આવનારાં વર્ષોમાં નર્મદા કેનાલ દ્વારા ભાલ અને વેળાવદર વિસ્તારનો પાણીનો પ્રશ્ન કાયમ માટે ઉકેલાઈ જશે. વેળાવદર રાષ્ટ્રીય ઉધાનની સુંદરતાની કોઈ ચર્ચા જ ન હોઈ શકે. અર્ધપીળા અને આછા નારંગી રંગના ઘાસથી છવાયેલું છે વેળાવદર રાષ્ટ્રીય ઉધાન. અગણિત નીલગાય અને કાળિયાર અહીં શિકાર તરીકે ઉપલબ્ધ છે. વળી ગીચ ઝાડીવાળા વિસ્તારો પ્રજનનની સુવિધા પૂરી પાડશે. નર્મદા કેનાલ પાણીની સમસ્યાનું સમાધાન કરી નાખશે. તો સિંહરાજ તમને બીજું શું ખપે? પ્રજનન અને સંવર્ધન માટે પુષ્કળ વિસ્તાર, પાણી અને ખોરાકની પુષ્કળ ઉપલબ્ધતા, શું વાત છે! બસ, થોડાં વર્ષો રાહ જુઓ. વેળાવદરમાં થોડાં વર્ષો બાદ કાળિયાર જોવા મળશે! પૂર્વના વનરાજ વિશે આપણે ઘણી બધી વાતો કરી. હવે હમણાં થોડા સમય માટે તેઓને બાજુ પર મૂકીએ. અમારા પૂર્વના પિતરાઈઓ કરતાં અમે વધુ ગૌરવર્ણા અને આકર્ષક છીએ. ખબર નહીં શા માટે! તમને કારણ ખબર છે કે નહીં? જ્યારે સિંહ પૂર્વ વિસ્તાર તરફ વિસ્તરી રહ્યા છે ત્યારે દરિયાકિનારાના અમુક વિસ્તારોમાં તેઓ અદ્ભુત રીતે સામ્રાજ્ય જમાવી રહ્યા છે. હા, ત્યાં જોવા જંગલખાતાની પરમિટ જરૂર લેવી પડશે.

કલ્પના કરો કે અરબી સમુદ્રના રેતાળ કિનારે સિંહ સૂર્યસ્નાન કરી રહ્યો છે! અરે ખોટો શબ્દપ્રયોગ થઈ ગયો. મારા મત મુજબ મારે `સુંદર'ની જગ્યાએ `રોમાંચક' શબ્દનો પ્રયોગ કરવો જોઈએ, ખરું ને? આ કાલ્પનિક પરિસ્થિતિમાં તમારે મગજ વાપરવાની સહેજ પણ જરૂર નથી. કારણ તમે શિકાર છો અને સિંહ શિકારી. આ સ્થિર વધારો ૫૦થી લઈને ૫૦૦ સુધી પહોંચ્યો છે. તેઓએ પોતાનું સામ્રાજ્ય ૧૯૦૦ ચો.કિ.મી. વધારીને ૨૨,૦૦૦ ચો. કિ.મી. કર્યું છે. હવે તેઓ અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ વગેરે દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્થિર થઈ રહ્યા છે. ગિરની સરહદથી રાજુલા, જાફરાબાદ આશરે ૩૦ કિ.મી. દૂર આવેલું હશે. દરિયાકાંઠા વિસ્તારમાં આવેલી રાવલ નદીના કાંઠા વિસ્તાર, ખરાબાની જમીન અને પંચાયતની જમીનો ઉપર આવેલ ઝાડીઝાંખરાવાળાં વિસ્તારો કૉરિડૉરની ગરજ પૂરી પાડે છે.

અભયારણ્યને અડીને આવેલા રક્ષિત જંગલ વિસ્તારો, બાબરા, સુત્રાપાડા, પ્રાચી અને શિંગોડા નદીના કિનારે આવેલા ઝાડી-ઝાંખરા વાળા વિસ્તાર પણ ગિરના જંગલમાંથી સિંહની અવરજવરનો અન્ય એક માર્ગ છે. ૧૯૮૭-૮૮માં દરિયાકાંઠાનાં જંગલો તરફ સિંહનું પ્રથમ પ્રયાણ નોંધાયેલું છે. બધા સૌથી વધુ આશ્ચર્ય પામ્યા જ્યારે ૧૯૯૬માં ગિરના સિંહે દીવની મુલાકાત લીધી. એક સિંહણ અને તેના બે બચ્ચાં દીવ ખાતે જોવા મળ્યાં. તેઓને પરત ગિરમાં લાવવામાં આવ્યાં. એવું નોંધવામાં આવ્યું છે કે ગિરની બહાર જનારા મોટાભાગના યુવાન કે મોટી વયના સિંહ હોય છે. મોટાભાગે અન્ય પ્રબળ નર દ્વારા તેના સમૂહ કે સામ્રાજ્યમાંથી હાંકી કઢાયેલા હોય છે. જોકે અન્ય નાના સમૂહો સિંહણ અને બચ્ચાં સાથે દરિયાકાંઠે રહે છે.

દુર્ભાગ્યની વાત છે કે સિંહ જ્યાંના કાયમી નિવાસી બન્યા છે, તેવા વિસ્તારોમાં વિકાસના નામ હેઠળ રસ્તા અને રેલવે લાઇનનો વિકાસ કરવામાં આવ્યો છે. ખૂબ સામાન ભરેલ માલગાડીઓ પૂરઝડપે આ વિસ્તારોમાંથી પસાર થાય છે. આવા ઝડપી વાહનવ્યવહારના કારણે હમણાં થોડા સમય પહેલાં કેટલાક સિંહ આકસ્મિક મૃત્યુને ભેટ્યા હતા. આપણે આવા બનાવો બનવા પાછળનાં કારણો પણ જાણવા જરૂરી છે.

સિંહ મોટાભાગે ઘોંઘાટવાળા વિસ્તારો તરફ જવાનું ટાળે છે. આવા વિસ્તારોમાં જતા નથી. રેલવેના પાટા ઉપર જઈને વળી તેઓ કરશે શું? આનો એક સામાન્ય જવાબ છે : "તેઓ પાટા ઓળંગે છે." અમને આ માટે પ્રશ્ન છે. આ વિધાન ખોટું નથી. આના સિવાય અન્ય કોઈ તર્ક છે જે આ પ્રશ્નને વધુ સ્પષ્ટ કરી શકે? સિંહ એ ગરમ લોહી ધરાવતું પ્રાણી છે. તેને ઠંડી હવા અને ઠંડું વાતાવરણ ખૂબ આનંદ આપે છે. મોટાભાગે વહેલી સવારે અથવા સૂર્યાસ્ત બાદ રાત્રિના સમયે તેઓ ફરવાનું વધુ પસંદ કરે છે. બપોરના સમયે મોટાભાગે સિંહ આરામ કરે છે. દરિયાકાંઠાના વિસ્તારો જ્યાં સિંહ વિકાસ પામી રહ્યા છે, ત્યાં ઘાસિયાં મેદાનો આવેલાં છે. રેલવેના પાટા જમીનથી થોડાક ઉપર બનાવવામાં આવ્યા છે. તો આવા વિસ્તારોની સિંહ સવારે અથવા સાંજે નિયમિત મુલાકાત લેતા હશે. આવા સમયે કદાચ ટ્રેનની હડફેટમાં ચઢી ગયા હશે. સિંહ એક એવું પ્રાણી છે જેમને બીજાની હાજરીથી કોઈ ફરક પડતો નથી અને તેઓ કદી પોતાની ચાલવાની પદ્ધતિ બદલતા નથી. જો તમે શેરીના કૂતરાને જોયો હશે તો તમને ખ્યાલ હશે કે તમે તેની નજીકથી પસાર થાવ તો તેને કોઈ ફરક નથી પડતો. જો કોઈ ગાડી પસાર થશે તો છેલ્લી ઘડીએ કૂતરો તેની પાછળ દોડશે. શું જંગલના રાજા આવી રીતે ડરીને કાયરતાપૂર્વક વર્તન કરે?

રેલવેના પાટા પર બેઠેલા વનરાજે કદાચ આવતી રેલગાડીને જોઈ હશે, પરંતુ પાટા ઉપરથી ભાગી જવાના બદલે ધીમે રહીને સરકીને રેલવે દ્વારા મૃત્યુને ભેટવાનું પસંદ કર્યું – એક કરુણાસભર બનાવ આ રેલવે અકસ્માત દરમિયાન બન્યો હતો. આશરે દોઢ વર્ષ પહેલાં એક વહેલી સવારે માલગાડી દ્વારા થયેલ અકસ્માતના કારણે બે સિંહણનાં મૃત્યુ થયાં હતાં. આ મૃત્યુઆંક માત્ર બે સિંહણ પૂરતો મર્યાદિત ન હતો. જ્યારે વનવિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે જાણવા મળ્યું કે એક સિંહણ ગર્ભવતી હતી અને તેના ગર્ભમાં ત્રણ બચ્ચાં હતાં. આવા બનાવો માટે કોને જવાબદાર ગણવા તે નક્કી કરવું ઘણું મુશ્કેલ છે. આપણી તંત્રવ્યવસ્થા કે જેમણે વિકાસની આવી તકોને પ્રોત્સાહન આપ્યું છે કે, મનુષ્યો કે જેઓ સતત આવા નિર્દોષ પ્રાણીઓના ભોગે વધુ વિકાસ કરવા સતત પ્રયત્નશીલ રહે છે. આપણે આશા રાખીએ કે આવા ભવ્ય પ્રાણીની રક્ષા કાજે ટૂંક સમયમાં સારાં પગલાં લેવામાં આવશે.

=

# એશિયાઈ સિંહમાં આવતું નોંધપાત્ર પરિવર્તન

"હું પડ્યો, ઊભો થયો, દુઃખી થયો, જીવ્યો, હું શીખ્યો પણ હું હજી જીવિત છું." હા, હું એશિયાઈ સિંહ બોલું છું! અત્યારે તમે મને માત્ર ગિરના જંગલોમાં અને તેની આસપાસના વિસ્તારોમાં જોઈ શકો છો. મારું વૈજ્ઞાનિક નામ `*Panthera leo persica*' છે.

એવું માનવામાં આવે છે કે, એક સમયે એશિયાઈ સિંહ યુરોપથી એશિયાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારો અને મધ્ય ભારત સુધી વિસ્તરેલા હતા. તમે જોઈ શકો છો કે છેલ્લાં ૨૦૦ વર્ષમાં તેમના જનીનો વિભિન્ન વસવાટોમાં રહીને જીવ્યા છે. ક્યાં યુરોપ, ક્યાં પર્શિયા, ક્યાં ભારતનું બિહાર અને ક્યાં ગુજરાતનું ગિર! સમય અને પરિસ્થિતિ અનુસાર એશિયાઈ સિંહે જુદાં જુદાં સ્થળે અનુકૂલન સાધ્યું છે. જ્યારે તેઓ આફ્રિકાથી જુદા પડી પર્શિયા થઈ ભારત પહોંચ્યા ત્યારે તેમણે નવું અનુકૂલન વિકસાવી લીધું હતું. અંતમાં તેઓ ગિરમાં સ્થાયી થયા અને અહીં તેમણે પોતાનો વંશ આગળ વધાર્યો.

આમાં કોઈ આશ્ચર્યની વાત નથી. ભૌગોલિક પરિસ્થિતિ અને નિવસનતંત્રીય સંજોગો મુજબ એશિયાઈ સિંહ વિકસ્યા છે. ૧૮૮૪થી ગિરનાં જંગલોમાં જ એશિયાઈ સિંહ જોવા મળે છે. અત્યારે તેઓએ પોતાના વસવાટો ખડકાળ વિસ્તારો, ઘાસનાં ખુલ્લાં મેદાનો, દરિયાઈ વિસ્તારો અને શુષ્ક પહાડી વિસ્તારોમાં વિસ્તાર્યા છે. જો તમે સિંહના દરિયાઈ વસવાટ વિસ્તારોને જોશો તો તમને લાગશે કે, આ પ્રાણી અહીંયાં આટલી કપરી પરિસ્થિતિમાં જીવી કેવી રીતે શકે છે? હજી તેઓ અહીં જીવે છે અને પ્રજોત્પત્તિ પણ કરે છે.

એક માન્યતા છે કે, સિંહણ શિકાર કરે છે અને સિંહ તેના શિકારમાં ભાગ પડાવે છે. એશિયાઈ સિંહ સિંહણની મદદ વગર જ શિકાર કરતા હોય છે. અમરેલી, ભાવનગર જેવા પૂર્વીય વિસ્તારોમાં જ્યાં સિંહનું પ્રમાણ વધુ છે, ત્યાં સિંહ એકલો જ શિકાર કરે છે. અહીં તેણે પોતાના સામ્રાજ્યનું રક્ષણ પણ સમૂહની સાચવણીની સાથે-સાથે કરવાનું હોય છે. પશ્ચિમ ગિરના વિસ્તારોમાં સિંહનાં ભોજનની મુખ્ય વાનગી ચીતલ છે, તો પૂર્વીય ગિરમાં નીલગાય. માનવીય વસ્તીની આસપાસ વસતા એશિયાઈ સિંહને પોતાના વસવાટ અંગેની પસંદગી ઘણી ઓછી હોય છે. તેઓ વાતાવરણીય પરિસ્થિતિઓ સાથે ગજબનું સમાયોજન ધરાવે છે.

પ્રાચીન સમયથી જ દરેક ધર્મ-સમુદાયમાં લગ્ન પહેલાં પરિવારની ચકાસણી કરવામાં આવે છે. અમુક જ્ઞાતિમાં વડીલો એ ચકાસે છે કે, વર અને કન્યા એક જ કુટુંબનાં તો નથી ને? પહેલાંના સમયમાં બધાંને પોતાનાં અંગત કારણો હતાં. પરંતુ પછી વિજ્ઞાને એ પુરવાર કરી દીધું છે કે, સગોત્ર લગ્નો બાદ જન્મેલાં બાળકો અન્ય બાળકો જેટલાં સામાન્ય નથી હોતાં. સામાન્ય ભાષામાં કહીએ તો ભાઈ, બહેન કે પિતરાઈ લગ્નોથી જન્મેલાં સંતાનોમાં જનીનોની ખામી જોવા મળે છે.

આ બાબત માત્ર મનુષ્યો પૂરતી મર્યાદિત નથી. પ્રાણીઓમાં પણ આંતરિક પ્રજોત્પત્તિ તેમની પ્રજાતિ વિલુપ્ત થવાનું કારણ બની શકે છે. ઘણાં બધાં વન્યપ્રાણીઓ એક સમયે મોટી સંખ્યામાં અસ્તિત્વ ધરાવતાં હતાં. પછી તેમની સંખ્યા ઘટતી ગઈ અને અમુક આંકડામાં જ તેમની સંખ્યા રહી. પ્રાણી સંગ્રહાલયો તેમનાં છેલ્લાં નિવાસસ્થાન બન્યાં. આ આપણા વિશ્વમાં પ્રવર્તમાન વિચારો, લાગણીઓ અને માન્યતાઓ છે જે અસ્તિત્વ ધરાવે છે.

જો આપણે આ વિચારો સાથે સહમત નથી તો શું આપણે તેને માત્ર પૌરાણિક માન્યતા

કહીશું? તમે એવો જવાબ આપશો કે તો પછી તેને સાબિત કરો! તો ચાલો, કંઈક આવી રીતે વિચારીએ : વસ્તીનું પ્રમાણ ઘટવું એ સજાતીય સમાગમ અથવા આંતરિક પ્રજનન માટેનું કારણ ગણી શકાય. પૃથ્વીની કોઈપણ પ્રજાતિને પોતાનાથી નજીકના સાથી સાથે સમાગમ કરવાની જરૂર ત્યારે જ પડે જ્યારે તેની પાસે વિકલ્પ ન હોય. એક સમયે એશિયાઈ સિંહ પર્શિયાથી લઈને ભારત સુધી ફરતા હતા. ૧૮મી સદીમાં તેઓ આટલા મોટા વિસ્તારમાંથી નામશેષ થઈ ગયા અને માત્ર ગુજરાતના ગિરમાં જ બચ્યા. તે સમયે તેમની સંખ્યા ૫૦ કરતાં પણ ઓછી હતી. જન્મદર નીચો હોવાના કારણે તેમના દ્વારા ઉત્પન્ન થયેલાં સંતાનો પણ ઓછી માત્રામાં હતાં. આંતરિક પ્રજનનની અસરો શું છે? જન્મ સમયે વજન ઓછું હોવું, જન્મ પછી તરત મૃત્યુનું ઊંચું પ્રમાણ, વિકાસનો નીચો દર, વયસ્કોની ઓછી સંખ્યા, રોગપ્રતીકારક શક્તિનું ઓછું પ્રમાણ, પ્રજનન ક્ષમતાનું નીચું પ્રમાણ વગેરે થઈ શકે છે. આ બધા આંતરિક પ્રજનનના સામાન્ય પરિણામો છે.

આપણે અહીં કોઈના સંશોધનને પડકારતા નથી. એશિયાઈ સિંહ અંગેનો આપણો મૂળભૂત વિચાર તદ્દન અલગ છે. પહેલાં એશિયાઈ સિંહની સંખ્યા ૫૦થી ઓછી હતી. અત્યારે ૫૦૦થી વધુ છે. જો તે વખતે આંતરિક પ્રજનનના કારણે મૃત્યુદર ઊંચો હોત તો અત્યારે એશિયાઈ સિંહ માત્ર સંગ્રહાલયમાં જ જોવા મળતા હોત. એશિયાઈ સિંહની વસ્તી, તેમની તંદુરસ્તી, પ્રજોત્પાદનની ક્ષમતા અને તેમની સાઇઝ કે કદને જોતાં જણાય છે કે એશિયાઈ સિંહમાં આંતરિક પ્રજનન નહોતું થતું. અત્યારના સંશોધનો પણ આ બાબતની ખાતરી કરાવે છે.

મોટા ભાગના સમૂહમાં રહેતાં પ્રાણીઓ જેમ કે, સિંહ પોતાના સમૂહમાં જન્મેલા ઉછરેલા પાઠડાને સમૂહમાંથી હાંકી કાઢે છે. જે આંતરિક પ્રજનન થતું અટકાવે છે. માનવોમાં સગાંઓ વચ્ચેના શારીરિક સંબંધો પર ઘણો સખત પ્રતિબંધ છે. નાનકડી માખીઓ પણ આંતરિક પ્રજનન ન થાય તે માટેનું અલગ વ્યવસ્થાપન ધરાવે છે. સિંહ પણ મનુષ્યની માફક સામાજિક પ્રાણી છે. સિંહના સમૂહમાં પણ ભાઈ અને બહેન સમાગમ નથી કરતાં. પિતા-પુત્રી સમાગમ નથી કરતા, માતા અને પુત્ર ક્યારેય સમાગમ નથી કરતાં. આ બધામાં ભટકતા સિંહ જનીનોના વહનમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

એશિયાઈ સિંહના જનીનગત આંતરિક પ્રજનન અને જનીનગત સ્વભાવને સમજવા માટે Centre for Cellular and Molecular Biology હૈદરાબાદ દ્વારા એક સંશોધન કરવામાં આવ્યું હતું, જેમાં એશિયાઈ સિંહના ત્રણ અલગ-અલગ જૂથ ઉપર અભ્યાસ કરવામાં આવ્યો.

૧. પૂર્ણ જંગલી (જંગલમાં રહેતા) એશિયાઈ સિંહ

૨. પ્રાણી સંગ્રહાલયમાં જન્મેલા અને ઉછરેલા સિંહ

૩. એશિયાઈ-આફ્રિકન સિંહ

સામાજિક મૂલ્યો, સમાગમની વર્તણૂક, વિશાળ વિસ્તાર વગેરે બાબતોના કારણે એશિયાઈ સિંહમાં આંતરિક પ્રજનનની કોઈ શક્યતા જ નથી. અત્યારે એશિયાઈ સિંહોએ તેમનું સામ્રાજ્ય ૧૪૦૦ ચો.કિ.મી.થી વધારીને ૨૨,૦૦૦ ચો.કિ.મી. કરી નાખ્યું છે. દરિયાકાંઠે વસતા સિંહ, પૂર્વીય વિસ્તારના સિંહ, પશ્ચિમ વિસ્તારના સિંહ અને રક્ષિત વિસ્તારમાં વસતા સિંહનાં વર્તનો અલગ અલગ હોય છે. નવી પેઢીનો જન્મ, વિકાસ અને ઘડતરની પ્રક્રિયા, તેમના બચ્ચાંની સંખ્યા અને પ્રજોત્પત્તિના દરમાં વધારો, આવાં બધાં કારણોના લીધે સિંહની વસ્તી ઘટવાનો ડર હવે ખતમ થઈ ગયો છે. તેમ છતાં આપણે હજુ સિંહનો સ્વસ્થ અને સ્થિર વિકાસ ઇચ્છીએ છીએ.

આપણે મનુષ્યોનું જ એક ઉદાહરણ લઈએ, જેમાં `હમ દો, હમારે દો' છે. આ સૂત્ર

ભારતના વસ્તીઆંકને નિયંત્રિત કરવા માટે છે. આમાં ઘણા ફાયદા રહેલા છે. તમારી આસપાસ નજર કરો, જુઓ અને સમજો, પરિવારમાં એક બાળક હોય અને પરિવારમાં બે બાળકો હોય અને એક એવો પરિવાર વિચારો કે જેમાં ત્રણથી ચાર બાળકો હોય. બે બાળકોવાળો પરિવાર એક અથવા ત્રણ-ચાર બાળકોવાળા પરિવાર કરતાં વધુ ખુશ હશે.

અહીં પ્રશ્ન થવાના ઘણાં બધાં કારણો છે. બે બાળકો મિત્રભાવે બધું વહેંચીને ઉપયોગમાં લેતા હોય છે. માતા-પિતા તેમનું યોગ્ય ધ્યાન રાખી શકતા હોય છે. સ્રોતોની વહેંચણી સમાનપણે થઈ શકે છે. બે કરતાં વધુ બાળકો હોય તો વહેંચણી અસંતુલિત થઈ જાય છે. જીવનવિકાસની લગભગ દરેક બાબત ઉપર તેની અસર જોવા મળે છે. હું માનું છું કે તમને ખ્યાલ આવી ગયો છે. જો તમારાં બે બાળકો હશે તો અભિનંદન અને જો તમે કુંવારા હો તો આ બાબત જરૂર ધ્યાનમાં રાખજો!

આપણે મનુષ્યોનાં બાળકોના સારા વિકાસની અપેક્ષા રાખી શકીએ, પણ સિંહ પરિવારની પરિસ્થિતિ કંઈક અલગ હોય છે. આશરે ૧૧૦ દિવસના ગર્ભકાળ બાદ સિંહણ ૨થી ૫ બચ્ચાંને જન્મ આપે છે. સિંહણને ચાર ડીંટડીઓ(TEATS) હોય છે. આથી એક સાથે તે ચાર બચ્ચાંને સ્તનપાન કરાવી શકે છે. જો સિંહણને ચાર કરતાં વધુ બચ્ચાં હોય તો શું થાય? સૌથી વધુ ક્રિયાશીલ બચ્ચું પહેલાં, પછી બીજું, પછી ત્રીજું, પછી પાંચમું બચ્ચું સૌથી નબળું હોય છે. તેને દૂધ પીવાનો મોકો ઘણો ઓછો મળે છે. આથી આવા બચ્ચાની જીવતા રહેવાની શક્યતા ઘણી ઓછી હોય છે.

એશિયાઈ સિંહમાં, સિંહબાળને જીવતાં રહેવાની શક્યતા વધુ હોવાના કારણો છે. પ્રથમ તો સિંહબાળની સંખ્યા મોટાભાગે ૨થી ૩ હોય છે. સિંહણ સમૂહમાં રહે છે. સમૂહની બધી સિંહણ એક સાથે માતા નથી બનતી. જો સમૂહમાં ત્રણ સિંહણ હોય તો એક કદાચ બચ્ચાંને જન્મ આપશે, બીજી સિંહણનાં બચ્ચાં છ માસની આસપાસનાં હશે અને ત્રીજી સિંહણનાં બચ્ચાં પાઠડા બની ચૂક્યાં હશે. આ એક મહત્ત્વપૂર્ણ આયોજન છે. જીવવા માટે સિંહણે શિકાર કરવો જરૂરી છે. જો બધી સિંહણ શિકાર માટે જતી રહેશે તો તેમનાં બચ્ચાંનું ધ્યાન કોણ રાખશે? તેથી તેઓ તેમના જૈવિક ચક્રનું નિયમન કરે છે. બે સિંહણ શિકાર માટે જાય છે અને બાકીની સિંહણ બીજાં બધાં બચ્ચાંઓનું ધ્યાન રાખે છે. હવે ટૅક્નિકલ સુવિધાની વાત કરીએ તો એશિયાઈ સિંહ માટે હવે અદ્યતન દવાખાના અને સારવાર કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ છે. ક્ષેત્રીય કર્મચારીઓ દ્વારા નિયમિત રીતે વન્યપ્રાણીનું અવલોકન કરવામાં આવે છે. વળી, અહીં સંશોધન પણ ઘણા મોટા પ્રમાણમાં થાય છે. સંશોધનથી પ્રાપ્ત થતાં તારણોમાં સંરક્ષણ અને વર્તમાન પરિસ્થિતિની યોગ્ય માહિતી મળે છે.


=

# હું મારા ઘરમાં સુરક્ષિત છું

`સિંહે માણસ પર હુમલો કર્યો', `માણસને સિંહે ઈજા પહોંચાડી', `રેલવે અકસ્માતમાં સિંહનુ મૃત્યુ', `રાતમાં સિંહે સાત ભેંસોનું મારણ કર્યું', આ અને આવા ઘણા સમાચાર છાપાના મુખ્ય સમાચાર બનતા હોય છે. ઘણા લોકો માત્ર સસ્તી પ્રસિદ્ધિ મેળવવા ખાતર આવા સમાચાર ફેલાવતા હોય છે. અને પછી અમુક દોઢડાહ્યા માણસો ચર્ચાઓ કરે છે. ગિરમાંથી અમુક સિંહનું સ્થળાંતર કરવું જોઈએ એવી ચર્ચાઓ ચાલ્યા કરે છે. ચાલવા દો, વાંધો નહીં. ચાલો, લોકો વિચારે એવું આપણે વિચારીને અમુક સિંહ પસંદ કરી, તેને બેભાન કરી, એક ટ્રકમાં ભરી તેને બીજા જંગલમાં મૂકી આવીએ. બીજા જ દિવસથી તેઓ ત્યાં પ્રજનન કરવાની શરૂઆત કરી દેશે અને પછી ત્યાં નવા સિંહની ગર્જના સાંભળવા મળશે. વાહ, કેટલો સં ુદર વિચાર છે! પણ આ શક્ય જ નથી! આ કંઈ ઇન્ટરનેટ પર કે ફેસબુક ઉપર ફોટો અપલોડ કરવા જેટલું સરળ નથી. સિંહ અને સિંહને લગતી બાબતો વિશે સંશોધકો અને વૈજ્ઞાનિકો સૈકાઓથી અભ્યાસ કરી રહ્યા છે.

૧૯મી સદીની શરૂઆતમાં જૂનાગઢના નવાબસાહેબ દ્વારા સિંહને સંરક્ષણ મળવાની શરુઆત થઈ. જ્યારે જંગલમાં સિંહની ગણતરી કરવામાં આવી ત્યારે તેમની સંખ્યા ૫૦થી પણ ઓછી હતી. ૧૯૪૭માં સ્વતંત્રતા મળ્યા બાદ, વનવિભાગ સિંહ અને તેના વસવાટનું વ્યવસ્થાપન કરે છે. સિંહનું પુન:સ્થાપન એ ઘણી અઘરી બાબત છે, માનવ અને સિંહના સંઘર્ષની વિગતો જાણતાં પહેલાં સ્થાનિક લોકોની સિંહ માટેની લાગણી જાણવી ખૂબ જરૂરી છે. એક સમયે સિંહ ભારતના ઘણા વિસ્તારમાં ફરતા હતા. બિહારથી લઈને રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ અને બીજાં ઘણાં રાજ્યોમાં પણ સિંહ જોવા મળતા. કાળક્રમે આ બધા પ્રદેશોમાંથી સિંહ શા માટે વિલુપ્ત થઈ ગયા અને માત્ર ગિરનાં જંગલોમાં જ સાવજ કેમ બચ્યા? તે અંગે નિષ્ણાતો કારણો આપે છે. જંગલોનું પ્રમાણ ઘટવા માંડ્યું અને શહેરીકરણ, આધુનિકીકરણ, શિકાર વગેરે તેનાં કારણો છે. `સિંહસંવર્ધનમાં સ્થાનિક લોકોનો સહકાર' તમે જ્યારે ગિરના સ્થાનિક લોકોને સિંહના પુન:વસન વિશે પૂછશો ત્યારે તેઓ કંઈક આવો જવાબ આપશે. `એક પણ સાવજને ગુજરાતની બહાર લઈ જવા દઈશું નહીં.' ગુજરાતમાં સિંહ પ્રયત્નોથી નહીં પણ લાગણીઓના અવિરત ટેકાથી સંવર્ધન પામ્યા છે. ગિરના લોકો પોતાના પશુનો શિકાર કરવા છતાં પણ પોતાને ભાગ્યશાળી માને છે. તેમને લાગે છે કે આખી દુનિયામાં માત્ર તેઓ જ નસીબદાર છે કે જેઓ સિંહસંવર્ધનમાં મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે અને આમાં ખોટું કશું નથી. માત્ર સંઘર્ષની માહિતી આપીને સિંહને પુન:સ્થાપિત કરી શકાય. સ્થાનિક લોકોને આ વાત માટે રાજી કરવા અઘરા છે. માલધારી, જેઓ હજારો વર્ષોથી આ ગિરની ધરા પર સાવજ સાથે હળીમળી વસી રહ્યા છે. તેમનો સિંહસંવર્ધનમાં મહત્ત્વનો ફાળો છે. એક સમયે સિંહ માલઢોરનો ખૂબ શિકાર કરતાં, છતાં પણ ગિરના માલધારી માટે સાવજો ક્યારેય ખતરારૂપ નથી બન્યા. છેલ્લાં ૨૫ વર્ષમાં સિંહ દ્વારા માલધારી પર હુમલો કરવામાં આવ્યો હોય તેવો એકપણ બનાવ નથી નોંધાયો. અહીં એક અચરજની વાત એ પણ છે કે સિંહ મોટાભાગે વૃદ્ધ અને દૂધાળાં ન હોય તેવાં જ પશુઓનો શિકાર કરે છે અને માલધારી પણ આવા શિકારને સાવજના સામ્રાજ્યના ઉપયોગના વળતર સમું માને છે! ઘણી વખત સિંહ ગામમાં જઈને પણ મારણ કરે છે. આમાં સિંહ ગામ પર આક્રમણ નથી કરતા, તેઓ તો પોતાનું ગુમાવેલું સામ્રાજ્ય પાછું મેળવી રહ્યા છે. સિંહના મૃત્યુ અને તેનાં કારણો આ પ્રકૃતિપ્રેમીઓ માટે સળગતો પ્રશ્ન છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું સિંહની વસ્તીમાં અંતરાય

આવશે?




પવનચક્કીની બાજુમાં
પાણી પીતો સિંહસમૂહ

વનવિભાગ ક્યારેય આવા પ્રશ્નો કે મુદ્દાઓને હળવાશથી નથી લેતું. તેઓ તો આવા કઠિન પ્રશ્નો ઉકેલવા માટે સતત મથ્યા કરે છે. સંરક્ષણ અને વ્યવસ્થાપન કંઈ એક-બે વર્ષથી નથી થઈ રહ્યું, સંરક્ષણની પ્રવૃતિઓએ તો કયારનુંય રજતજયંતી વર્ષ પણ ઊજવી લીધું છે.

વનવિભાગ દ્વારા પ્રથમ પગલું લેવામાં આવ્યું માલધારીના પુનઃવસનનું. પણ બધા માલધારીને એક સાથે પુનઃસ્થાપિત કરવામાં નથી આવ્યા. તેમને ધીમેધીમે પુનઃસ્થાપિત કરવામાં આવ્યા. માલધારીનું પશુધન એ સિંહના આહારનો ભાગ છે. વળી વનવ્યવસ્થાપનમાં તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. નવાં છોડવાં અને ઝાડવાનું વાવેતર કરવામાં આવ્યું. અનુકૂળ વસવાટની જાળવણી કરવામાં આવી. પરિણામસ્વરૂપ જંગલમાં ચીતલ, નીલગાય વગેરેની સંખ્યામાં વધારો થયો. આ વધારો કાંઈ કાગળ પરની ખેતી જેવો નથી. જંગલમાં વૈજ્ઞાનિક પદ્ધતિની મદદથી તૃણાહારી પ્રાણીઓની વસ્તી-ગણતરી કરવામાં આવે છે. આના પરિણામે સિંહના આહારમાં વિવિધતા અને વળાંક આવ્યો. માલધારી લોકો ગિરને છોડવા તૈયાર ન હતા, પરંતુ સારું જીવન અને વધુ આર્થિક ઉપાર્જનની આશા સાથે તેઓએ ગિરને `આવજો' કહ્યું.

કોઈ પણ પ્રાણી કે મનુષ્યને જીવન જીવવા માટે ત્રણ મહત્ત્વની જરૂરિયાત હોય છે. અહીંનાં ખોરાક, પાણી અને આવાસ. પ્રાણીઓ નદી, કુદરતી તળાવો, કૃત્રિમ પાણીના કુંડો અને નાના મોટા જળ સ્રોતોમાંથી પાણી મેળવે છે. જો વરસાદ સારો હશે તો આવનારા ૬થી ૯ મહિના પાણીની અછત વગરના જશે. પણ જો વરસાદ નિષ્ફળ ગયો, તો કોઈપણ જંગલવિસ્તાર માટે પાણીની તંગી મોટો પ્રશ્ન બનતો હોય છે. જો પાલતુ પશુઓની વાત હોય તો આ બહુ મોટો પ્રશ્ન નથી. કારણ કે આપણે તેમને એક જગ્યાએ ભેગા કરીને કે લઈ જઈને પાણી પીવડાવી શકીએ, તમે જો હજારો પ્રાણીઓની વાત કરતા હો, તો તમારે સારો વિકલ્પ વિચારવો જોઈએ. ગિરના જંગલના આ જાજરમાન પ્રાણીને ખબર છે કે તેણે પાણીની શોધ ક્યાં કરવી જોઈએ.

ગિરના જંગલમાં ઘણા બધા એશિયાઈ સિંહ માંસાહારી અને શાકાહારી પ્રાણીઓ સાથે પોતાનું સામ્રાજ્ય ભોગવે છે. સિંહ ઘણું પાણી પીતા હોય છે અને ઉનાળામાં તેમની જરૂરિયાત બમણી થઈ જાય છે. સંરક્ષણ એ પ્રાણીઓને માત્ર જગ્યા આપી દેવાથી કે શિકારીઓ સામે રક્ષણ આપવાથી જ નથી થતું. એ સમજવું પણ જરૂરી છે કે, એના માટે આ વસવાટો અનુકૂળ છે કે નહીં. હાલનાં વર્ષોમાં ગિર વનવિભાગે સિંહની સાથેસાથે અન્ય પ્રાણીઓના સંરક્ષણની પ્રક્રિયા માટે ઘણાં મોટાં પગલાં લીધાં છે. ચાલો આપણે કલ્પના કરીએઃ અત્યારે ૫૦૦ સિંહ છે અને દરેક સિંહની પાછળ એક માણસની નિમણૂક કરીએ! આ ઘણો સારો વિચાર છે. દરેક સિંહને અનન્ય મહત્ત્વ મળશે અને તેનાથી સિંહની વસ્તીમાં ચોક્કસ વધારો થશે અને પછી બીજું કશું કરવાની જરૂર નહીં રહે. જોકે, આવા વિચારો માટે `અદ્ભુત'ની જગ્યાએ `મૂર્ખ' શબ્દનું પ્રયોજન યોગ્ય લાગે છે. જો આપણે માત્ર સિંહની જ વાતને ધ્યાનમાં રાખતા હોઈએ તો તેઓ ચોક્કસ બચી જશે. પરંતુ આવતી કાલે તમે જ સિંહનો શિકાર બની જાવ તેવું પણ બને. જો તમે ને હું સિંહને જંગલમાં ખુશ જોવા માંગતા હોઈએ તો આપણે કોઈ એક પ્રજાતિનું સંરક્ષણ કરવાને બદલે સમગ્ર નિવસનતંત્રનું સંરક્ષણ કરવું પડશે. ગિરનાં જંગલોમાં વરસાદ બાદ ઘણા વિસ્તારોમાં પાણીના સ્રોત જોવા મળે છે. નદીઓમાં હંમેશાં પૂરતા પ્રમાણમાં પાણી વહેતું હોય છે. વર્ષાઋતુ બાદ પાણીના સ્રોતો ઝડપથી સુકાવા લાગે છે અને માર્ચ મહિનો આવતાં સુધીમાં માત્ર થોડા વિસ્તારમાં જ પાણી જોવા મળે છે. બાકી બધું સુકાઈ જાય છે. અહીંના વિશિષ્ટ ડુંગરાળ વિસ્તાર અને અર્ધશુષ્ક જંગલનાં કારણે પ્રાણીને દિવસમાં ઓછામાં ઓછું બે વખત પાણી પીવાની જરૂરિયાત હોય છે.



તો આ તે ક્યાંથી મેળવશે? તમે માત્ર પાણી માટે થઈને તેમને સ્થળાંતરિત ન કરી શકો. ઉનાળાનો આ પ્રશ્ન ઉકેલવા વનવિભાગે જંગલમાં પાણીના ઘણા બધા કૃત્રિમ કુંડ બનાવ્યા છે. દરરોજ પાણીના ટાંકા દ્વારા આ પાણીના કુંડ ભરવામાં આવે છે. જેથી પ્રાણીઓને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે. જંગલના ગીચ વિસ્તારમાં પાણીના ટૅન્કરની મદદથી હંમેશાં પાણી


ભરવું શક્ય નથી. વાહનને ઘણા પ્રશ્નો નડી શકે છે, તો વનવિભાગે એક ડગલું આગળ વધવાનું વિચાર્યું. ઉનાળા દરમ્યાન અને આખા વર્ષ દરમ્યાન પૂરતું પાણી આપવા માટે વનવિભાગે પર્યાવરણને અનુકૂળ એવા પગલાં તરીકે આવા વિસ્તારમાં પવનચક્કીની મદદથી પાણીની મોટર ચલાવી પાણી મેળવવાની વ્યવસ્થા ગોઠવી. પવનચક્કી દ્વારા પ્રાણીઓને આખું વર્ષ પાણીની સુવિધા મળી રહે છે. કુંડમાં ભરવામાં આવતાં પાણી કરતાં પવનચક્કી થોડી વધુ ફાયદાકારક છે. ભૂતકાળમાં બનાવવામાં આવેલા પાણીના કુંડ હાલ સારી અવસ્થામાં છે અને પાણી પણ આવે છે. પવનચક્કીને લીધે ભલે ધીમી ગતિએ મળતું હોય પણ પ્રાણીઓને વહેતું પાણી પીવા મળે છે. પીવા માટે વહેતું પાણી હંમેશાં પહેલી પસંદગી હોય છે. જંગલમાં જ્યારે તમારી પાસે પાણી ખૂટી જાય ત્યારે બંધિયાર પાણી કરતાં વહેતું પાણી પીવાનું પસંદ કરજો. બંધિયાર પાણીનાં કુંડોમાં ધૂળ અને પાંદડાં પડતાં હોય છે. જ્યારે પવનચક્કીને લીધે તાજું અને વહેતું પાણી મળે છે. જોવા મળ્યું છે કે પ્રાણીઓ પણ આવું પાણી પીવાનું અને ત્યાં રોકાવાનું પસંદ કરતા હોય છે. પવનચક્કીમાંથી સતત વહેતા રહેતા પાણીના કારણે તેની આસપાસ પાણીનો ભરાવો થાય છે અને કાદવના નાનકડા ખાડા રચાય છે. જંગલીભૂંડ અને સાંભર જેવાં પ્રાણીઓને કાદવમાં આળોટવું ખૂબ પસંદ હોય છે. ચીતલ, સાંભર અને નીલગાય જેવા તૃણાહારી પ્રાણીઓ પાણીની સાથેસાથે ઘાસની પણ મજા માણતા હોય છે. ઊભરાઈને બહાર નીકળતા પાણીના લીધે ત્યાં આસપાસ નાનું ઘાસ ઊગી નીકળે છે. વનવિભાગ માટે આવી પવનચક્કી ઘણી ઉપયોગી સાબિત થઈ છે. વનવિભાગે ઘણાં સ્થળોએ આવી પવનચક્કીઓ લગાવી છે અને હજુ પ્રક્રિયા ચાલી રહી છે.

હમણાં થોડા સમયથી સિંહના મૃત્યુનું કારણ રેલવે બની છે. રેલવેલાઇન જંગલની મધ્યમાંથી પસાર થાય છે. પરિણામે આ રેલવે ઘણી વખત સિંહના મૃત્યુનું કારણ બને છે. આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખતાં વનવિભાગ અને રેલવે વિભાગે સાથે મળીને સલામતીના અમુક પગલાં લીધાં છે. જેથી કરીને આ મોભાદાર પ્રાણીના અકુદરતી મૃત્યુને અટકાવી શકાય. જંગલની અંદરથી પસાર થતી રેલવે લાઇન ઉપર રેલવેની ગતિમર્યાદા ઘટાડી નાખવામાં આવી. રેલવેના ડ્રાઇવર અને ગાર્ડને પણ સિંહ અંગેની માહિતી આપતી તાલીમો આપવામાં આવી. જે વિસ્તારમાં સિંહની અવરજવર વધુ હોય ત્યાં પુલ કે આવવા-જવાના નાનકડા રસ્તા બનાવવા અને તાર ફેન્સિંગ કરવું. આ ફેન્સિંગ માટે અભ્યાસ કરવામાં આવ્યો. સિંહની સૌથી વધુ અવરજવરવાળો વિસ્તાર તપાસી ૩૦ કિ.મી. લાંબી ફેન્સિંગની દરખાસ્ત મૂકવામાં આવી છે. આવા સંવેદનશીલ વિસ્તારમાં ટ્રૅકર્સ અને વનવિભાગના કર્મચારીઓની સંખ્યા પણ વધારવામાં આવી છે જેથી સિંહની ગતિવિધિ ઉપર નજર રાખી શકાય.

વહનક્ષમતા એટલે ઇચ્છિત વાતાવરણમાં મોટી સંખ્યામાં જાનવરો ટકી રહે અને વિકાસ કરી શકે છે. બધાં પ્રાણીઓ માટે આ વિચાર સાવ સરળ છે. જો વહનક્ષમતા પોતાની મર્યાદા વટાવી જાય તો ઘણી અણધારી પરિસ્થિતિઓ સર્જાય છે. પ્રાણીની વસ્તી ઘટવા માટે તેનાં પર્યાવરણને થતું નુકસાન જવાબદાર હોય છે. ઘણી પરિસ્થિતિઓમાં વસ્તી ખૂબ ઝડપથી ઘટે છે. પ્રાણીની વસ્તી ઘટવાનું અન્ય એક કારણ છે, પ્રાણીનું તણાવમાં આવવું. માણસના બિનજરૂરી હસ્તક્ષેપના કારણે પણ પ્રાણીઓની વસ્તી ઉપર અસર પડે છે. પ્રાણીઓ જંગલો ઓળંગીને મનુષ્યોની માલિકીવાળા વિસ્તારોમાં જતાં થયાં છે. દરેક પ્રજાતિનું આગવું મહત્ત્વ છે. પ્રજાતિનો એક ચોક્કસ સમયગાળો અને રીત હોય છે, જેનો આધાર બે પ્રજોત્પત્તિ વચ્ચેનો સમયગાળો, જન્મેલાં બચ્ચાંની સંખ્યા અને તેમનાં જીવિત રહેવાની ક્ષમતા પર હોય છે. અનિયંત્રિત વસ્તી હંમેશાં વસવાટ, પાણી અને પોષણ પર દબાણ લાવે છે. જુદાજુદા વિસ્તારોની વહનક્ષમતા મોટી અથવા નાની હોય છે. વસ્તી વધારામાં સ્થાનિક વાતાવરણ અને

ભૌગોલિક પરિસ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. કોઈ પણ વિસ્તારની વહનક્ષમતા સ્થિર નથી. કોઈ પણ પ્રજાતિની વહનક્ષમતા ઘટવાના કારણો તેના સ્રોતોનો ઘટાડો અને વિનાશ હોઈ શકે. પ્રશ્ન એ છે કે એશિયાઈ સિંહે ૨૨,૦૦૦ ચો.કિ.મી. જેટલા વિસ્તારમાં સામ્રાજ્ય કેવી રીતે સ્થાપ્યું? જવાબ ઘણો સરળ છેઃ ઇચ્છાશક્તિ + ચોક્કસ નિર્ધાર + સખત મહેનત = સફળતા! એશિયાઈ સિંહની સંખ્યામાં પણ વધારો થયો. તે સંખ્યા વધીને ૫૦ થી ૫૦૦ થઈ. સ્થાનિક લોકોનો સહકાર, વનવિભાગની મહેનત અને કાર્યનિષ્ઠ કર્મચારીઓના સતત સંવર્ધનનાં કાર્યો, સંશોધકોના સંશોધનોનાં મદદરૂપ તારણો અને પ્રાણીપ્રેમી સંસ્થાઓના પીઠબળે આ પ્રગતિ શક્ય બનાવી છે.

અત્યારે વનવિભાગ સિંહના વસવાટોને બચાવવા સખત મહેનત કરી રહ્યું છે. સિંહ સ્થિર ગતિએ વધી અને વિસ્તરી રહ્યા છે. વર્તમાન વર્ષમાં વનવિભાગે પણ તેમના હાલના નિવાસસ્થાનોને વિસ્તારવા માટે કમર કસી છે. તમારો ચાર સભ્યોનો પરિવાર છે. જેમાં પતિ-પત્ની અને બે બાળકો. બે ઓરડાના મકાનમાં રહે છે. બાળકો હવે મોટાં થઈ રહ્યાં છે અને પોતાના અલગ ઓરડા માંગી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં નવું ઘર ખરીદવું પોસાય તેમ નથી અને તમારાં બાળકો માનતાં નથી. આવી મૂંઝવણભરી પરિસ્થિતિમાં તમને યાદ આવે છે કે શયનકક્ષ અને પેલા બીજા ઓરડાને ભેળવી બીજા બે સરખા ઓરડા બનાવી શકો છો. આને કહેવાય જૂની જગ્યાનો નવો ઉપયોગ! આનાથી તમારા પ્રશ્નનું નિરાકરણ પણ આવી જાય છે. અને ખોટો બિનજરૂરી ખર્ચ પણ નથી થતો. આવી જ રીતે એશિયાઈ સિંહના પ્રદેશમાં પણ સ્થાયી વસવાટોમાં જગ્યા બનાવવાની જરૂરિયાતો પૂરી કરવાને બદલે સિંહ ખુલ્લા અર્ધશુષ્ક પ્રકારના અને ઘાસિયા મેદાનો પ્રકારના વિસ્તારોમાં રહેવાનું પસંદ કરે છે. ગિરનાં જંગલોમાં સાગનાં વૃક્ષો વધુ છે. વૃક્ષોની ગીચતા સૂર્યપ્રકાશને જમીન સુધી પહોંચવામાં અડચણરૂપ થાય છે તેથી જમીન ઉપર ઊગતા ઘાસનો વિકાસ અવરોધાય છે. ઘાસિયા વિસ્તારો એ તૃણાહારી પ્રાણીઓ માટે આવશ્યક છે. ઓછો પ્રકાશ આવા વિસ્તારોના વિકાસને અસર કરે છે, જેથી તૃણાહારીઓની સંખ્યા ઘટે છે. જે સિંહના શિકાર ઉપર સીધી અસર કરે છે. પછી સિંહ આવા વિસ્તારોનો ઉપયોગ નથી કરતા. સિંહ આવા ઘટાદાર વૃક્ષોવાળા વિસ્તારોનો ઉપયોગ ઉનાળા દરમિયાન ઠંડક અને આરામ મેળવવા જ કરે છે. બાકીના સમયમાં સૂકું જંગલ જ ફાવે! ઘાસ નહીં તો તૃણાહારી નહીં તેથી સિંહને નવા વિસ્તારો શોધવાની ફરજ પડે છે. ઘાસના વિસ્તારો બનાવવામાં અમુક મુશ્કેલીઓ છે. અહીંનો *Prosopis Juliflora* એટલે કે ગાંડો બાવળ એ એક પ્રકારનું નીંદામણ છે, જે ગિરના વિસ્તારોને અસર કરે છે. બીજું છે *Cassia spp.* (કુવાડિયો) આ નીંદામણ સારો વરસાદ થવાથી કુદરતી રીતે ખૂબ ઝડપી વિકાસ પામે છે અને દુકાળમાં સુકાઈ જાય છે. કૂંવાડિયો એ સ્થાનિક નીંદામણ છે, જે ગિરના વસવાટોને ખૂબ ખરાબ અસર કરે છે. ગંધારી *(Lantana)* એ ગિરનો ખૂબ મોટો પ્રશ્ન છે. પક્ષીઓ દ્વારા વહન કરવાથી અથવા જમીન પર ઝડપી રીતે ફેલાવાથી એ જલદી વિસ્તાર પામે છે. આ છોડવામાંથી બનતી ઝાડીઓ વન્યપ્રાણીઓ માટે બિન ઉપયોગી છે. હું તમને છોડવા કે વનસ્પતિશાસ્ત્રમાં મૂંઝવવા નથી માંગતો, પણ આવી બિનજરૂરી વનસ્પતિને જો દૂર કરવામાં આવે તો પ્રાણી માટેનાં ઉપયોગી છોડવા અને ઘાસનો વિકાસ થઈ શકે. જેથી મોટી સંખ્યામાં તૃણાહારીઓને આકર્ષી સિંહને સીધો ફાયદો પહોંચાડી શકાય. ગિર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન કુલ મળીને ૧૮૦૦ ચો.કિ.મી. વિસ્તાર થાય છે, પણ સાવજના ઉપયોગમાં ઘણો ઓછો વિસ્તાર છે. જો તેમને અહીં જ વધુ જગ્યા કરી આપવામાં આવે તો મનુષ્યોના વસવાટના વિસ્તારો તરફ દબાણ ઘટાડી શકાય.



ચોમાસા દરમિયાન ડુંગરાળ વિસ્તારમાં આરામ ફરમાવતો સિંહ પરિવાર

સિંહની વસ્તીમાં અંતરાય પેદા થાય કે ઘટાડો થાય તો શું કરવું? વસ્તીમાં અંતરાય ત્યારે જ ઊભો થાય જ્યારે જે-તે વસ્તી કોઈ ભારે નુકસાન ભોગવીને વિનાશના આરે આવીને ઊભી હોય. જે કદાચ બચી જાય પણ તેમની પ્રજનનક્ષમતા ઉપર ખૂબ ખરાબ અસર થાય છે. પ્રકૃતિવિદોએ એક પ્રશ્ન કર્યો છે કે જો કોઈ કુદરતી કે અકુદરતી હોનારતના કારણે સિંહનો

સર્વનાશ થઈ જાય તો શું? આ પણ સારો પ્રશ્ન છે અને તેનો જવાબ પણ આનંદદાયક છે કે સરકારે ઘણા લાંબા સમય પહેલાં ભયજનક સ્થિતિમાં મુકાયેલા સિંહ માટે લાંબા ગાળાની સંરક્ષણ યોજનાની જાહેરાત કરી દીધી છે. આ પ્રજાતિનાં લોહી અને DNA ના નમૂનાની જાળવણી કરીને તેના જનીનોની વિવિધતાને જાળવવામાં આવી રહી છે. સિંહના લોહીના નમૂના, DNA ના નમૂના, વીર્યના નમૂના, કોશોના નમૂનાનો સંગ્રહ કરવાની યોજના છે. ગુજરાતમાં ચાર અલગઅલગ જગ્યાએ આવાં સંગ્રહકેન્દ્રો સ્થાપવામાં આવશે. આપણે અહીં જ્યારે વાત કરી રહ્યા છીએ ત્યારે ચારમાંથી ત્રણ કેન્દ્ર તો કાર્યરત થઈ ચૂક્યાં છે. સંવર્ધન કરતી છથી આઠ જોડીઓ અહીં રાખવામાં આવેલી છે. આ કાર્યક્ષેત્રમાં નવી પદ્ધતિના ઉપયોગથી આ પચાસ વર્ષની યોજના અમલમાં મુકાવાની છે. જોકે ગિરના અભયારણ્યમાંથી કોઈ સિંહની જોડીને લેવાની વાત નથી. આકસ્મિક કે કુદરતી કારણોસર ત્યજાયેલા કે અનાથ બનેલા સિંહ-સિંહણની જોડી બનાવાશે અને તેમને રાખવાનાં પાંજરાં પ્રાણી સંગ્રહાલય કરતાં પણ મોટાં હશે.

છ વર્ષ પહેલાં ગિરના આસપાસના ભાગોમાં ઍન્થ્રેક્સનો રોગ ફેલાયો હતો. ઍન્થ્રેક્સ એ માનવી અને પ્રાણીઓમાં સૂક્ષ્મ જિવાણુઓના વધુ પ્રમાણના કારણે જોવા મળતો રોગ છે. ઍન્થ્રેક્સની દવાઓ ઉપલબ્ધ છે. ગિરમાં રોગની ગંભીરતાને ધ્યાનમાં લઈ રક્ષણાત્મક પગલાં લેવામાં આવ્યાં હતાં. ગિરના જંગલમાં સઘન તપાસ આદરવામાં આવી હતી. ગિરના સાવજ જંગલ બહાર કોઈ શિકાર ન કરે તેનું ધ્યાન રાખવામાં આવતું. પાણીના કૃત્રિમ કુંડને જંતુરહિત કરવામાં આવ્યા હતા. બીજી તરફ રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા ૧૫૦૦ જેટલી ઍન્થ્રેકસની રોગપ્રતીકારક રસી મંગાવવામાં આવી હતી જેથી કરીને આ રસી અસરગ્રસ્ત ગામોમાં પશુચિકિત્સક દ્વારા માલઢોરને રસી આપી શકાય. વનવિભાગ દ્વારા પણ ગાર્ડ, ફૉરેસ્ટ અધિકારીઓની વિવિધ ટુકડીઓ ગિરના સાવજ અને અન્ય વન્યપ્રાણીઓની હિલચાલ ઉપર નજર રાખી રહ્યા હતા. સ્થાનિક લોકો પણ સહકાર આપી રહ્યા હતા. દિવસરાત મહેનત કરીને આ બચાવટુકડીઓ વન્યપ્રાણીઓને અસરગ્રસ્ત ગામોથી દૂર રાખી રહી હતી. સદ્ભાગ્યે આ રોગચાળા ઉપર ખૂબ જલદી કાબૂ મેળવી લેવાયો અને કોઈ પણ સિંહ કે અન્ય જનાવરનું મૃત્યુ ઍન્થ્રેકસથી થયું ન હતું. આ બધું શક્ય બન્યું સ્થાનિક લોકો અને પ્રાણીપ્રેમી કર્મચારીઓની મદદથી! અત્યારે ગિરનું જંગલ કોઈપણ આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવા ચોવીસે કલાક તૈયાર છે. ઉત્તમ કક્ષાની સુવિધા અને અધતન સાધનોથી સજ્જ રેસ્ક્યુ સેન્ટર પણ ગિરમાં આવેલું છે.

સિંહ અહીં ત્રણ અભયારણ્યમાં વસવાટ કરે છે! ૧. ગિર અભયારણ્ય,
૨. પાણિયા અભયારણ્ય અને ૩. મિતિયાળા અભયારણ્ય. ઘણા સમયથી જેની રાહ જોવાતી હતી તેવા બરડા અભયારણ્યમાં પણ સાવજ પહોંચી ચૂક્યા છે અને પ્રજનનની શરૂઆત પણ થઈ ચૂકી છે.

પુન:સ્થાપન એ ઘણી લાંબી પ્રક્રિયા છે અને તે અંગેનો કોઈ નિર્ણય હજી આવ્યો નથી. છેલ્લા થોડા સમયમાં સરકારે અને વનવિભાગે સિંહ સંરક્ષણ માટે ઘણાં અસરકારક પગલાં લીધાં છે. ગામોમાં વનરાજ ફરી રહ્યા છે. ગ્રામજનોનાં પશુઓનો શિકાર કરી રહ્યા છે. સંઘર્ષ ઘણો છે, છતાં સાવજની આ સોનેરી ધરા ઉપર સાવજની ફરિયાદ કરવાવાળી વ્યક્તિ શોધ્યે નથી જડતી!


=

# બરડા : સિંહનું બીજું ઘર

આપણે મનુષ્યોએ દુનિયાને અકુદરતી સંકટોની ભેટ આપી છે. પર્યાવરણ અને નિવસનતંત્રને મનુષ્યો દ્વારા થતા નુકસાનનો કોઈ વિકલ્પ નથી. આધુનિકીકરણનો સૌથી વધુ ભોગ બન્યા છે વન્યજીવો. છેલ્લાં સો વર્ષમાં આધુનિકીકરણ અને કહેવાતા વિકાસના કારણે ઘણા બધા પ્રકારની વન્યજીવ પ્રજાતિઓને પારાવાર નુકસાન થયું છે અને અમુક પ્રજાતિઓ તો વિલુપ્ત જ થઇ ગઈ છે.

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇને કહ્યું છે કે પૃથ્વી પરથી જો મધમાખી વિલુપ્ત થઈ જશે તો મનુષ્ય પાસે ચાર વર્ષનું જ જીવન બચશે. આ વાક્યને ચકાસવાની જરૂર નથી. મૂળ વાત એ છે કે પૃથ્વીનો દરેક જીવ એકબીજા સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે જોડાયેલો છે.

કોઈ જીવની વિલુપ્તિ માટે પણ આપણે જ જવાબદાર છીએ. આપણે ભલે અત્યારે કરેલી ભૂલનો સ્વીકાર કરવા તૈયાર નથી, પણ વધુ ભૂલો નહીં કરવાનો પ્રયત્ન તો જરૂર કરી શકીએ. પ્રાણીશૃંખલાના કોઈપણ જીવને જો નુકસાન પહોંચે તો આખી પ્રાણીશૃંખલાને અસર થતી હોય છે.



પશ્ચિમ આફ્રિકામાંથી દીપડાની સંખ્યામાં ઘટાડો થતાં વાનરોની વસ્તીમાં વધારો થયો હતો,

જે આજે મનુષ્યો સાથે ખોરાક માટે સંઘર્ષમાં છે. વિશ્વમાં અત્યારે ટોચના શિકારી પ્રાણીઓ ખૂબ ઓછી સંખ્યામાં અને મર્યાદિત વિસ્તારમાં રહી ગયા છે. જો આપણે આહારશૃંખલાના ટોચના શિકારી પ્રાણીની વાત કરીએ, તો છેલ્લાં થોડાં વર્ષોમાં તેઓ ભયજનક સ્થિતિમાં મુકાઈ ગયાં છે. એક સમયે હજારો સિંહ માત્ર રાજ્ય કે રાષ્ટ્ર નહીં, પણ ઉપખંડોમાં જોવા મળતા હતા. અત્યારે માત્ર આફ્રિકા અને એશિયામાં જ સિંહ જોવા મળે છે.

જો આપણે એશિયાઈ સિંહની વાત કરીએ તો તેઓ માત્ર અમુક સંખ્યામાં ગુજરાતના ગિરનાં જંગલોમાં જોવા મળે છે. હવે ફરી પ્રકૃતિપ્રેમીઓ અને જિજ્ઞાસુ લોકો પ્રશ્ન કરે છે કે સિંહની વસ્તી જો નામશેષ થઈ જશે તો શું થશે? આવા પ્રશ્નો કરનાર અને તેમને અનુસરનારની સંખ્યા ઘણી મોટી છે, પણ ગુજરાત એ પવિત્ર ભૂમિ છે. મદદરૂપ થતા સ્થાનિક લોકો અને કાર્યનિષ્ઠ કર્મચારીઓ સિંહ અંગેના આવા પ્રશ્નોનો હસતાંહસતાં જવાબ આપે છે. ગુજરાત દ્વારા સિંહની વૈયક્તિક માલિકી અંગે ઘણા પ્રશ્નોના વિગતવાર જવાબ આપવામાં આવે છે.

એશિયાઈ સિંહ અત્યારે ૨૨,૦૦૦ ચો.કિ.મી.માં મુક્ત રીતે વિહરી રહ્યા છે. તેઓ અત્યારે ગિર અભયારણ્ય, ગિરનાર અભયારણ્ય અને પાણિયા અભયારણ્ય, મિતિયાળા અભયારણ્ય, દરિયાકાંઠાના વિસ્તારો જેવા કે કોડીનાર, રાજુલા, જાફરાબાદ, ભાવનગરના અમુક વિસ્તારોમાં વસી રહ્યા છે. અઢારમી સદીના અંત સુધી સિંહ માત્ર ગિર પૂરતા જ મર્યાદિત હતા, પણ હવે દૃશ્ય બદલાયું છે. પ્રશ્ન હતો કે સિંહ માટે બીજી જમીન ક્યાં?

જવાબ જાણે કે સિંહ દ્વારા જ મળ્યો : અમે અમારું ખોવાયેલું સામ્રાજ્ય વ્યવસ્થિત રીતે પાછું મેળવ્યું. ૧૯મી સદીની શરૂઆતમાં સિંહ બરડા, ગોંડલ, મિતિયાળા, રાજુલા અને સોમનાથમાં ફરતા જોવા મળતા. છેલ્લા દશકામાં સિંહે પોતાનું ગુમાવેલું સામ્રાજ્ય ધીરેધીરે પાછું મેળવવાનું શરૂ કર્યું છે. ઘણાં સંશોધન અને અભ્યાસ બાદ બરડાને સિંહના અન્ય નિવાસસ્થાન તરીકે માનવામાં આવ્યું છે. અહીં અમુક સિંહ ખસેડી શકાય પણ ક્યારે? કેવી રીતે? બરડા એ સિંહના વડવાઓનું સ્થાન છે. તેઓ બરડાના માલિક છે. આપણે તેમને ત્યાં ખસેડી નથી રહ્યા, પરંતુ તેમના ગુમાવેલાં સામ્રાજ્યમાં પાછા પહોંચવામાં મદદરૂપ થઈ રહ્યા છીએ. તો ચાલો આજે એ જાણીએ કે બરડા શું છે અને ક્યાં આવ્યું છે?

ગિર અને જૂનાગઢથી બરડા લગભગ ૧૦૦ કિ.મી. દૂર આવેલું છે. ગાંધીજીના જન્મસ્થાન પોરબંદરથી ૧૫ કિ.મી. દૂર આવેલું છે. એક સમયે બરડા રાણાવાવ રજવાડાની માલિકીનું જંગલ હતું.

અત્યારે પણ બરડા, રાણાબરડા અને જામબરડાથી ઓળખાય છે. આ એક રક્ષિત જંગલ હતું. ૧૯૭૯માં ૧૯૨.૩૧ ચો.કિ.મી. વિસ્તાર અભયારણ્ય હેઠળ આવરી લેવામાં આવ્યો. ઐતિહાસિક રીતે બરડાનું મહત્ત્વ કંઈક અલગ છે. દસમી સદીમાં અહીં અલગ અલગ જ્ઞાતિના લોકો રહેતા `જેઠવા' જે પોરબંદરના રાજા હતા, તેમની રાજધાની દરિયાકિનારે આવેલા શ્રીનગર ગામમાં હતી. નવમી સદીના અંતમાં તેઓ ઘુમલી આવીને વસ્યા. ૧૩૯૨માં ઘુમલીનો નાશ થયો.

બરડાના જંગલો વિશે ઘણી ઓછી માહિતી ઉપલબ્ધ છે. સ્વતંત્રતા પહેલાં આ વિસ્તાર દેશી રજવાડાંઓના શાસન હેઠળ હતો અને તેના શાસકો જામનગર અને પોરબંદર એમ બંનેના રાજવીઓ હતા. ત્યારે આ જંગલોનો ઉપયોગ મોટા ભાગે શિકાર ખેલવા માટે થતો અને અત્યારે માલધારીઓ આ અભયારણ્યમાં વસે છે. ૧૯૪૮માં બરડા સૌરાષ્ટ્રમાં ભળ્યું, પહેલાં તે હાલાર જિલ્લા(હાલનું જામનગર)માં હતું. પછી જૂનાગઢ જિલ્લામાં તેનો ૧૯૪૯માં જ સમાવેશ કરવામાં આવ્યો.

બરડા અભયારણ્ય પોરબંદર અને દેવભૂમિ દ્વારકા એમ બે જિલ્લામાં પથરાયેલું છે. પોરબંદરમાં આવતો બરડાનો ભાગ રાણાબરડા તરીકે અને દેવભૂમિ દ્વારકામાં પથરાયેલો બરડાનો વિસ્તાર જામબરડા તરીકે ઓળખાય છે.

જ્યારે તમે સ્થાનિક લોકો સાથે વાત કરશો ત્યારે બરડા ડુંગરની ઘણી વાર્તાઓ સાંભળવા મળશે. પહેલાંના સમયમાં બરડા ડુંગર સાધુસંતો માટે ધ્યાન અને મોક્ષ મેળવવાનું સ્થળ હતું. જંગલનું પોતાનું અલગ સૌંદર્ય છે. ડુંગર વિસ્તાર તીવ્ર ઢોળાવો, સપાટ જમીન, ખડકાળ વિસ્તારો વગેરે આવેલાં છે. આ અભયારણ્ય સ્વર્ગ જેવું છે. ઔષધિઓની વૈવિધ્યતાથી ભરપૂર બરડાની સુંદરતા અપ્રતિમ છે

એક સમયે અહીં સિંહ વસતા હતા. સિંહ બાદ દીપડા અહીંના મોટા માંસભક્ષી પ્રાણી છે. ચીતલ અને સાંભર અહીંથી વિલુપ્ત થઈ ગયા હતા. પરંતુ ૨૦૦૨માં અહીં `ચીતલ સંવર્ધન કેન્દ્ર' અને ૨૦૦૭માં `સાંભર સંવર્ધન કેન્દ્ર' અહીં સ્થાપવામાં આવ્યાં. બરડાનાં જંગલોમાં નીલગાય પણ જોવા મળે છે.

બિલેશ્વરી અને જોગરી અહીંની મુખ્ય નદીઓ છે. ખંભાળા અને ફોદારા અહીંના મહત્ત્વના ડૅમ છે. બરડા અભયારણ્ય પણ આપણા દેશના અન્ય અભયારણ્યોની માફક માનવવસ્તી ખેતરોથી ઘેરાયેલી છે.

બરડા અભયારણ્યમાં ૫૮ નેસ આવેલા છે અને નેસોમાં ૭૦૦થી વધુ માલધારીઓ વસે છે. માલધારીની આવક પશુધનમાંથી થાય છે. અહીં આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી છે. પહેલાં આ માલધારીઓ જંગલ છોડવા તૈયાર ન હતા, પણ હવે મોટા ભાગના લોકો જંગલની બહાર જવા તૈયાર છે. સરકાર પણ આ માલધારીઓને બનતી મદદ કરવા તૈયાર છે. જંગલની આસપાસ આવેલાં ખેતરો ઉનાળા દરમિયાન પાણીની તંગી અનુભવે છે.

જંગલ કેવી રીતે ખારાશને રોકે છે તે દર્શાવવા બરડા યોગ્ય ઉદાહરણ છે. બરડા અભયારણ્યથી દરિયો બહુ દૂર નથી, છતાં બરડા લીલુંછમ છે. પર્યાવરણની દૃષ્ટિએ પણ બરડા મહત્ત્વનું છે અહીંનાં વૃક્ષો, છોડવા અને વનસ્પતિમાં વિવિધતા છે. કાંટાળી વનસ્પતિના જંગલ, અર્ધશુષ્ક નાનાં છોડવા અને જળપલ્લવિત વિસ્તારો અહીંનાં પ્રાણીઓ માટે ઘણું મહત્ત્વ ધરાવે છે. પહેલાંના સમયમાં આ વિસ્તાર ગિર સાથે જોડાયેલો હતો, પણ હવે નથી. વસવાટના ઘટાડાના લીધે વન્યપ્રાણી ઉપર ઘણી નકારાત્મક અસરો પડી છે. આ વિસ્તારમાંથી સિંહની વિલુપ્તિ માટે આ કારણો જવાબદાર હોઈ શકે.

બરડામાં સિંહની હાજરી હતી, પણ ૧૯મી સદીમાં શિકારના શોખે આ મોભાદાર પ્રાણીઓને જાણે ગાયબ કરી નાખ્યાં. ૧૮૭૯માં એક સિંહ પરિવાર, જેમાં સિંહ, સિંહણ અને તેનાં બચ્ચાં ત્યાં જોવા મળ્યાં હતાં. પોરબંદરના રાજવી તેને બચાવે તે પહેલાં સ્થાનિક લોકોએ તેમને મારી નાખ્યાં. બરડાના સંરક્ષણનો મુખ્ય હેતુ બરડાને સિંહ માટે એક વૈકલ્પિક નિવાસસ્થાન બનાવવાનો છે, જે પોતાની રીતે એક વિશિષ્ટ સ્થળ પણ છે. તેથી બરડાની જૈવવિવિધતાનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવી રહ્યું છે. બરડાના અભયારણ્યને સિંહના વસવાટ યોગ્ય બનાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. સિંહને ત્યાં પુનઃસ્થાપિત કરતાં પહેલાં વનવિભાગ દ્વારા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

એશિયાઈ સિંહના સંવર્ધનમાં બરડા મહત્ત્વનું સ્થાન છે. ઘણાં વર્ષોની અથાગ મહેનત બાદ એશિયાઈ સિંહના ઇતિહાસમાં એક મહત્ત્વનો દિવસ આવ્યો. ૧૬ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ સિંહની બે જોડીઓ બરડા અભયારણ્યમાં ખસેડવામાં આવી. સિંહે તેમના વડવાઓની જમીન જાણે કે પાછી મેળવી. અત્યારે બરડાની રાત્રિ ગિરની જેમ જ સુંદર છે. સિંહની ગર્જના જંગલ ધ્રુજાવે છે. સિંહના યુગલોને બરડામાં ફાવી ગયું છે. અભયારણ્ય ટૂંક સમયમાં સિંહની બીજી

પેઢી જોશે. સિંહસંવર્ધનમાં આ એક મહત્ત્વનો વળાંક છે અને મહામારીના ભયને લગતા પ્રશ્નોનો યોગ્ય જવાબ પણ છે.

=

# રાજુ : એક મોજીલો નર

એક સુંદર યુવાસિંહ શિકારની શોધમાં જંગલમાં રખડી રહ્યો હતો. નવજુવાન એવા આ સિંહની ઉંમર છથી નવ વર્ષની આસપાસ હશે. કોઈપણ ઈજા કે ઘસરકા વગરનો તેજસ્વી ચહેરો, ગરદનને શોભાવતી ઘેરી સોનેરી કાળી કેશવાળી! જાણે રાજા એ વિસ્તારની ચકાસણી કરવા ન નીકળ્યો હોય તેમ ફરી રહ્યો હતો!

વાસ્તવમાં તેનો કોઈ વિસ્તાર જ નથી. હા, તે રખડવા જરૂર નીકળ્યો હતો. વિસ્તાર ચકાસણી માટે નહીં, પોતાના પૌરુષત્વનું પ્રદર્શન કરવા! એક બેદરકાર યુવાન જે, વ્યવસ્થિત પોષાક પહેરી આકર્ષક દેખાય છે. તો આખરે તે છે કોણ? શું તે ભટકતું જીવન જીવે છે? હા, તે ભટકતું જીવન જીવે છે. ઉંમરના કારણે કે સમૂહમાંથી હાંકી કાઢવાના કારણે નહીં, પરંતુ મદમસ્ત બનીને પોતાની મસ્તીમાં એ જીવે છે! તે ચાલતો ચાલતો એક જગ્યાએ બેઠો અને એક મોટી ગર્જના કરી. સામે તેનો ઇચ્છિત એવો અવાજ પ્રત્યુત્તરમાં સંભળાયો.

ખુશ થઈ ચકાસણી કરવા તેણે ફરી વખત ગર્જના કરી તો ફરી વખત જવાબ આવ્યો. સિંહે વિચાર્યું કે વાહ આજે તો મારો સોનેરી દિવસ છે! ફરી તેણે ગર્જના કરી, ફરી સિંહણે આમંત્રણ આપતો જવાબ આપ્યો. થોડો સમય આ રમત ચાલતી રહી. આ રમતમાં સિંહને ખબર પડી ગઈ કે સિંહણ ક્યાં છે. બસ પછી તો આ છબીલાકુમારે અવાજની દિશામાં ચાલવા માંડ્યું! કિલોમીટરનું અંતર ફૂટમાં ફેરવાઈ ગયું! બસ, પછી શું! જંગલમાં પ્રેમનો રંગ પથરાયો. ત્રણ દિવસ સુધી અવિરત સંવનનનો આનંદ અને સંતોષ મેળવીને પછી સિંહે સિંહણને `આવજો' કહી દીધું!

આ સિંહ બીજો કોઈ નહીં પણ ગિરનો પ્રખ્યાત હીરો `રાજુ' છે. રાજુની વાર્તા અહીં સમાપ્ત થતી નથી. ધીમે ધીમે રાજુ જંગલ અને સિંહણમાં પ્રસિદ્ધ થવા લાગ્યો. રાગ-દ્વેષ એ માત્ર મનુષ્યો પૂરતું મર્યાદિત નથી, સિંહમાં પણ જોવા મળે છે. અન્ય સિંહ રાજુ સાથે લડાઈ કરે છે. ક્યારેક તો તેને માર મારી ચાલ્યા જાય છે પણ કુમળું હૃદય ધરાવતો રાજુ કંઈ ગણકારતો નથી. એ પોતાનું જીવન મસ્તીથી જીવે છે. બીજા સિંહ એકબીજા સાથે સિંહણ માટે ઝઘડતા હોય છે, પણ આપણા રાજુભાઈ તો નસીબદાર છે. ઘણી વખત આ પ્રભાવશાળી સિંહને ત્રણ-ત્રણ સિંહણ સાથે સંવનન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. રાજુભાઈને આનાથી વધારે બીજું શું જોઈએ?!


રાજુની લાક્ષણિક મુદ્રા

બીજા સિંહ આ જ કારણથી રાજુ પર હુમલા કરતા હતા. રાજુનું કામ માત્ર આનંદ મેળવવાનું નથી, પરંતુ તંદુરસ્ત અને સ્થાયી પ્રજોત્પત્તિ માટે મહત્ત્વનું યોગદાન આપવાનું પણ છે. જ્યારે રાજુ કોઈ અન્ય સિંહને જોતો હશે ત્યારે કોઈપણ નખરાં કર્યાં વિના ગીત ગણગણતો હશે, મેં જિંદગીકા સાથ નિભાતા ચલા ગયા, હર ફિક્ર કો ધૂંએ મેં ઉડાતા ચલા

ગયા!

તમે જ્યારે ટીવીમાં, જંગલોમાં કે પ્રાણીસંગ્રાહલયમાં સિંહ જુઓ છો, ત્યારે તેને વિશિષ્ટતાથી જોવાનું પસંદ કરો છો. લોકો સિંહને બચ્ચાં, પાઠડા અને વૃદ્ધ સુધીની જ અવસ્થા વિચારે છે. સિંહની આગવી વિશિષ્ટતા પણ છે. એ છે તેનું પોતાના સમૂહ સાથેનું જોડાણ અને જવાબદારીપૂર્ણ વર્તન, જે તેને અલગ ઓળખ આપે છે. બધા સિંહ એક સરખી વર્તણૂક ધરાવતા નથી. વળી જીવનના દરેક તબક્કામાં તેમની ભૂમિકા બદલાયા કરે છે.

સિંહણ કરતાં સિંહ વધુ ઉગ્ર અને ભિન્ન વર્તન પ્રણાલીવાળો હોય છે. જીવનનું પ્રથમ વર્ષ સિંહબાળ પોતાની માતાના સંપૂર્ણ સંરક્ષણમાં ગાળે છે. એક વર્ષના પાઠડા જાતે એકલા જીવી શકે તેટલા સક્ષમ હોતા નથી. આથી તેઓ પોતાના પરિવાર સાથે રહે છે. શિકાર અને બચાવની પ્રવૃત્તિઓ શીખે છે અને મારણને પણ વહેંચીને ખાતાં શીખે છે.

બે વર્ષ કે તેથી વધુ ઉંમરના સિંહ મહત્ત્વના નવયુવાન ગણાય છે. તેમને કેશવાળી દેખાવાની શરૂઆત થઈ જાય છે. એક ચપળ સાથીદાર તરીકે શિકારની પ્રવૃતિમાં ભાગ લે છે. સિંહ–સમૂહનો વડો સિંહ આ નવયુવાસિંહને હવે સમૂહમાંથી હાંકી કાઢે છે. ત્રણ વર્ષની ઉંમરના આવા હાંકી કઢાયેલા સિંહ વિચરતું-રખડતું જીવન જીવતા થઈ જાય છે. સમૂહના વડાને જ્યારે એમ લાગે કે આ નવયુવાસિંહ ભવિષ્યમાં વધુ શક્તિશાળી બની શકે છે અને તેની સાથે લડાઈ કરી શકે છે, તો આવા સિંહને સમૂહનો વડો સિંહ તાત્કાલિક સમૂહમાંથી કાઢી મૂકે છે. આવા રખડતા થયેલા સિંહ અન્ય સિંહથી પોતાની જાતને છુપાવી રાખે છે. ઘણી વખત સમૂહમાંથી હાંકી કઢાયેલા બે સગાભાઈ એવા સિંહ મળીને અન્ય સિંહને લડાઈ માટે પડકાર કરે છે. જો તેમને સફળતા મળે તો તેઓ હાલના વડાને પણ હાંકી કાઢે છે અને પછી તે સમૂહના રાજા બની જાય છે. આ તેમનો સુવર્ણકાળ હોય છે.



શ્રેષ્ઠ સિંહને માત્ર તેના સામ્રાજ્ય ઉપર વર્ચસ્વનો જ આનંદ નથી મળતો, પરંતુ તેને પોતાના વંશને આગળ વધારવાની પણ તક મળે છે. બે કે ત્રણ સિંહણનું સુખ તેને સામ્રાજ્ય પર વર્ચસ્વ જમાવ્યા બાદ મળ્યું. શ્રેષ્ઠ સિંહનો સામ્રાજ્ય પર વર્ચસ્વનો સમયકાળ તેની શક્તિ અને કૌશલ્યો ઉપર આધાર રાખે છે. એક સિંહ બેથી ત્રણ વર્ષ સુધી રાજ કરતો હોય છે. સિંહ

સમજે છે કે એકતામાં બળ છે. આથી મોટા ભાગે બે સિંહ ભેગા મળી પોતાનું સામ્રાજ્ય સ્થાપે છે અને તે લાંબું ટકે છે, પણ બધા દિવસો સરખા નથી હોતા. જેમ તેઓ ઉંમરલાયક અને અશક્ત થતા જાય છે તેમ બીજા સિંહ પેલા સિંહ પાસેથી સામ્રાજ્ય છીનવી લે છે. એક વખત સિંહ પાસેથી સામ્રાજ્ય છીનવાઈ જાય પછી તે રખડતો સિંહ બની જાય છે. આવા સિંહ પોતાને સામ્રાજ્યની સરહદ પર રહીને પોતાનું શેષ જીવન પસાર કરે છે. એકલવાયા આ સિંહને ખોરાક મેળવવા માટે ખૂબ પ્રયત્નશીલ રહેવું પડે છે. બચ્ચાં, પાઠડા, રખડતા સિંહ, મુખ્ય શાસક, ભૂતપૂર્વ શાસક સિવાય સિંહના અન્ય બે પ્રકાર છે. પ્રજોત્પત્તિ માટે રખડતા યુવાસિંહ અને પ્રજોત્પત્તિમાં નિષ્ક્રિય થઈ ગયેલ રખડતા સિંહ.

તેમની ઉંમર પાંચથી નવ વર્ષની હોય છે. તેઓ જાતીય રીતે ઘણા આવેગવાન હોય છે, પરંતુ તેમનું કોઈ સામ્રાજ્ય કે પરિવાર નથી હોતું. પ્રજોત્પત્તિમાં નિષ્ક્રિય એવા રખડતા સિંહ પોતાના સમગ્ર જીવનમાં ક્યારેય પણ સિંહણ સાથે સમાગમ કરતા નથી. અમુક કિસ્સામાં સમલૈંગિક સંબંધો જોવા મળ્યા છે. પ્રજોત્પત્તિમાં સક્રિય સિંહ પ્રજનન માટે ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. આવા સક્રિય, પણ રખડતા સિંહ ક્યારેય પોતાના સામ્રાજ્યની ઇચ્છા નથી રાખતા. તેઓ ક્યારેય કોઈ બચ્ચાંને નથી મારતા. તેઓ કદી કોઈ પણ સિંહણ કે સિંહના સમૂહ પર હુમલો નથી કરતા. તેઓ કદી પણ કોઈનો પરિવાર ખરાબ નથી કરતાં. તેઓ બસ એકલવાયું જીવન જીવે છે.

સિંહનાં સામાજિક મૂલ્યો મનુષ્યો જેવાં હોય છે. જ્યારે સમૂહની પાઠડી પુખ્ત બની પ્રજનન કરવા સક્ષમ બની જાય છે ત્યારે સામાજિક મૂલ્યો મુજબ તે ક્યારેય પણ પોતાના પિતા કે ભાઈ સાથે સમાગમ કરતી નથી. જો સમૂહના વડા બદલાઈ જાય તો તેના વડા સાથે શારીરિક સંબંધ બાંધે છે. સિંહની જેમ સિંહણ માટે અન્ય સમૂહમાં સ્થાન મેળવવું અઘરું છે. આવી સિંહણો માટે રખડતા સિંહ મદદરૂપ પુરવાર થાય છે. ઘણી વખત સિંહણ પોતાના સમૂહથી થોડા સમય માટે દૂર થઈ જાય છે. રખડતા સિંહ સાથે સંવનન ભોગવી તે પોતાના સમૂહમાં પાછી આવી જાય છે. તેનાં બચ્ચાંને સમૂહ સ્વીકારી લે છે. સમૂહના વડા સિંહને ખબર હોય છે કે આ બચ્ચાં તેનાં પોતાનાં નથી, પણ સિંહ આનો વાંધો લેતો નથી, કારણ કે તે પિતા છે અને તે પોતાની દીકરી સાથે સમાગમ ન કરી શકે. વળી, આવા રખડતા સિંહ તેના સામ્રાજ્યને હાનિકર્તા હોતા નથી. ઘણી વખત ઈર્ષામાં આવી સામ્રાજ્યના વડા આવા રખડતા સિંહ સાથે લડાઈ કરી લે છે, પણ આવું ખૂબ ઓછું બને છે.

આપણે અહીં એક સિંહ વિશે વાત કરી, બે સિંહ વિશે વાત કરી, પણ તમને ખબર છે, અહીં ત્રણ-ત્રણ સિંહ એક સાથે જોવા મળે છે! એક એ એકી સંખ્યા છે, બે એ બેકી અને ત્રણ પણ ચોક્કસ એકી સંખ્યા છે. જ્યારે એક સિંહ શાસન કરતો હોય ત્યારે અન્ય રખડતા સિંહ તરફથી હુમલો થવાનો ખતરો રહે છે. એટલા માટે સૌથી સફળ ગોઠવણ એ જ છે કે, એક કરતાં બે સિંહ દ્વારા શાસન કરવામાં આવે તે જરૂરી છે. તેઓ સમૂહમાં સમતુલા જાળવી શકે છે. તેઓ લડાઈ કરી શકે છે અને તેઓ પોતાના ક્ષેત્રીય વિસ્તારનું અસરકારક રીતે રક્ષણ કરી લાંબો સમય શાસન ભોગવી શકે છે. આ બે સિંહ ઉપર વિજય મેળવવાની કોઈ યુક્તિ છે?

કુંવારા મરવું કોને ગમે? જે વિસ્તારમાં સિંહણ કરતાં સિંહનું પ્રમાણ વધુ છે ત્યાં સ્પર્ધા વધુ છે. આથી તેઓ રાષ્ટ્રીય ઉદ્યાનના પશ્ચિમ અને મધ્ય વિસ્તારમાં પ્રવેશવાનો પ્રયત્ન કરે છે, પણ ત્યાં તો બે શાસકોનું શાસન છે જ. બે સામે બેને પડકારવા ખૂબ જ અઘરા છે, તેથી હવે રખડતા સિંહોએ ત્રણનું જૂથ બનાવવાનું શરૂ કર્યું છે. જેથી તેઓ બે શાસકો સામે પડકાર ફેંકી શકે, પણ ક્યારેક જૂની ફૅશન નવા પ્રયોગો કરતાં વધુ સારી હોય છે.

જૂની પદ્ધતિની સફળતા પાછળ હંમેશાં કંઈક કારણો જવાબદાર હોય છે. આ ઘણું સરળ

દેખાય છે. ત્રણ સિંહ ભેગા થઈ બે શાસકોને ભલે હરાવી દે. તેઓ સ્પર્ધામાં સફળ જરૂર થશે, પણ પાછળથી સમૂહની સમતુલા જાળવવાનું આ ત્રણ સિંહ માટે અઘરું પડશે. દરેક સિંહનો હેતુ હોય છે કે પોતાનો વંશ આગળ વધારવો. દરેક સમૂહમાં ત્રણથી ચાર સિંહણ હોય છે. એવું જરૂરી નથી કે બધી સિંહણો સંવનન માટે એક જ સમયે તૈયાર હોય. આવા સમયે ત્રણ સિંહમાં ઘર્ષણ વધી શકે છે. ત્રણ સિંહ વચ્ચે કોઈપણ પ્રકારની ભાગીદારીમાં સફળતા મળી હોય એવું હજુ જોવા મળ્યું નથી.

આપણે અહીં સક્રિય શાસકોના શાસનની વાત કરીએ છીએ, પરંતુ ત્રણ સિંહ દ્વારા શાસન એ પણ અસામાન્ય નથી. જ્યારે સમૂહનો એક સિંહ મૃત્યુ પામે અને બીજો સિંહ ઘરડો થઈ જાય, ત્યારે આવી પરિસ્થિતિમાં ઘરડો સિંહ અન્ય બે યુવાસિંહ સાથે જોડાઈ જાય છે. આ યોજનાથી ઘરડો સિંહ હંમેશાં પ્રમુખ રહે છે અને તેનું સામ્રાજ્ય સચવાયેલું રહે છે. બે રખડતા સિંહ પણ આ વૃદ્ધનું વર્ચસ્વ સ્વીકારે છે, કારણ કે તેઓ કોઈપણ સંઘર્ષ વગર શાસક બની ગયા છે. બીજું, સમૂહની બધી સિંહણને નજીકના ભવિષ્યમાં આ ઘરડો સિંહ સંભાળી નહીં શકે, તો તેમની સાથે સંવનનની તક પણ છે! એવા ઘણા ઓછા સિંહ હોય છે, જે લાંબો સમય સુધી શાસન કરી શકે છે. વધુમાં વધુ ૨થી ૩ વર્ષ સુધી શાસન કર્યા બાદ આ રખડતા સિંહસમૂહ પર આધિપત્ય જમાવવા તૈયાર છે. નેતૃત્વ પરિવર્તન હંમેશાં ઘાતક યુદ્ધમાં જ પરિવર્તન પામે છે. લડાઈનો પડકાર કરનારને મારીને બહાર ફેંકી દે છે અને રખડતા સિંહ શાસક સિંહને મારી નાખવા કે ભગાડી મૂકવા તત્પર હોય છે.

=

# લક્ષ્મી – માતૃદેવી

સૌરાષ્ટ્રના લોકોની જીવનશૈલી જોઇ તમને આશ્ચર્ય થશે. મોટાભાગના લોકો મધ્યમવર્ગીય જીવનશૈલી જીવે છે, પરંતુ તેમનાં સામાજિક મૂલ્યો ઘણાં ઊંચાં છે. તેઓ હંમેશાં બીજાને મદદ કરવા ઉત્સુક હોય છે. અહીં લોકો તણાવમુક્ત અને આનંદિત જીવન જીવે છે.

પહેલાંના વર્ષોમાં `કાઠિયાવાડ' તરીકે ઓળખાતા આ વિસ્તારમાં અનેક રજવાડાંઓનું રાજ્ય હતું. સ્વતંત્રતા પછી રજવાડા પ્રથા બંધ થઈ અને પછી કાઠિયાવાડ વિભિન્ન જિલ્લાઓમાં વહેંચાઈ ગયું. અહીંના લોકોની બોલી કાઠિયાવાડી અને ગુજરાતી છે. અહીં દરેક તહેવાર અને ઉત્સવ બહુ સાંસ્કૃતિક વાતાવરણમાં ઘણા ધામધૂમથી ઊજવવામાં આવે છે. સૌરાષ્ટ્ર પ્રદેશ આદર-સત્કાર, મહેમાનગતિ માટે વખણાય છે. તમે જાણીતા હો કે અજાણ્યા, જો તમે કોઈકના ઘરે મહેમાન બનીને ગયા હો તો તે ઘરમાં તમારું આતિથ્ય ઘરના એક સભ્યની જેમ કરવામાં આવશે.

સૌરાષ્ટ્રની અન્ય એક પ્રસિદ્ધિ છે – `સિંહ-સાવજ'! સૌરાષ્ટ્રવાસીઓને તેઓ એશિયાઈ સિંહના એક માત્ર નિવાસસ્થાનના ભાગ હોવાનો ગર્વ છે. સમગ્ર ગુજરાતમાંથી સિંહ મોટાભાગે જૂનાગઢ, ભાવનગર અને અમરેલીમાં મુક્ત રીતે વિહરે છે. અન્ય એક રસપ્રદ બાબત એ છે કે અહીંના લોકો પોતાના પાલતુ પશુને પોતાની જાણીતી વ્યક્તિ કે સગાસંબંધીનું હુલામણું નામ આપે છે. આ વિસ્તાર વનરાજના સામ્રાજ્યનો ભાગ હોવાથી સિંહને પણ ઘણાં નામ આપવામાં આવે છે.



લક્ષ્મી સિંહણ અને પાંચ બાળસિંહ

અહીં નામકરણ માટે કોઈ વિશિષ્ટ પદ્ધતિ અમલમાં નથી. સ્થાનિક લોકો સિંહ જ્યાં રહે છે અથવા તેમના જન્મસ્થળ, ઘાના નિશાન, શરીરના રંગ અને તેના સ્વભાવના આધારે નામકરણ કરતા હોય છે. અનેક સિંહ માટે અગણિત વાતો છે. પરદાદા અને દાદા પોતાના પૌત્ર-પૌત્રીઓને સિંહના નામકરણ માટેની વાર્તાઓ કહેતા હોય છે. આવી વાર્તાઓ એક પેઢીથી બીજી પેઢી

પાસે જતી હોય છે. ગિરનો વનવિભાગ હંમેશાં સ્થાનિક સંસ્કૃતિ અને પરંપરાને માન આપે છે. અહીં સ્થાનિકોના બિનશરતી પ્રેમ અને વાત્સલ્યના કારણે જ સિંહ આટલું વિકસી અને જીવી શક્યા છે. સિંહની હાજરી સામાજિક અને આર્થિક સ્તરને કેવી રીતે અસર કરે છે તેને વનવિભાગ સારી રીતે સમજે છે. અહીં અમુક રમૂજ આખા વર્ષના મહત્ત્વના સમાચાર કેવી રીતે બની જાય છે તેનું ઉદાહરણ જોઈએ.

આપણે વિભિન્ન વિસ્તારોમાં વસતા સિંહનાં વર્તન વિશે વાત કરી. સિંહ ખૂબ મોટા પ્રદેશમાં રહે છે અને ત્રણ જિલ્લાઓના ઘણાં બધાં ગામોમાં ફરે છે. અહીંનો અમુક વિસ્તાર પ્રવાસન હેઠળ છે, જ્યારે અમુક વિસ્તાર રાષ્ટ્રીય ઉદ્યાન છે. અભયારણ્ય અને રક્ષિત વિસ્તાર પણ છે, જ્યાંથી આવતાં સિંહના સમાચાર સાંભળવા મળે છે. આ સિંહનાં વિભિન્ન નામ પણ છે : રાજુ, વલ્લભ, મોલાના, ગબ્બર, રામ, શ્યામ અને બીજાં ઘણાં બધાં. આ બધાં નામ ટ્રૅકર્સ અથવા સ્થાનિકો દ્વારા આપવામાં આવ્યાં છે. સિંહના નામ વિશે અમે ઘણી ઔપચારિક વાત કરી રહ્યા હતા અને અચાનક એક યુક્તિ સૂઝી. આપણે સિંહના નામકરણનો પ્રસંગ ઊજવીએ તો! આ એક હાસ્યાસ્પદ વિચાર ભલે લાગે, પણ જ્યારે વિચારીએ ત્યારે આપણે સમજી શકીએ કે સિંહને, જંગલના રાજાને મહત્ત્વ આપવાનો અને સિંહ અંગે જાગૃતિ ફેલાવવાનો. આના સિવાય અન્ય સારો રસ્તો કયો હોઈ શકે! અમે લખવાનું શરૂ કર્યું કે આ યુક્તિને અમલમાં કેવી રીતે મૂકી શકાય! નામકરણવિધિ માટે અમે થોડાક સમયમાં અમુક સભ્યોની એક ટુકડી બનાવી,

જ્યારે તમે કામ પ્રત્યે હકારાત્મક વિચારસરણી ધરાવતા હો ત્યારે તે માટેની યુક્તિઓ કુદરતી રીતે જ મળતી હોય છે. આ નામકરણવિધિને અમે સિંહ પ્રત્યેની જાગૃતિના એક ભાગરૂપ જોતા હતા તેથી વધુ ને વધુ લોકોનું, આ નામકરણ વિધિમાં સામેલ થવું જરૂરી હતું. પણ સાંભળો તો ખરા, હું બધાની વાત કરું છું, પણ તમે તો કહો, કે તમે કયા સિંહને નામ આપવા ઇચ્છો છો? અહીં ૪૦૦થી વધુ સિંહ છે અને અમારી રમત રોકાઈ. થોડી શાંત ક્ષણો બાદ `લક્ષ્મી' નામ આવ્યું. `લક્ષ્મી' એ ઘણું સુંદર નામ છે. સર્વાનુમતે નામ નક્કી થયું, પણ `લક્ષ્મી' જ શા માટે? લક્ષ્મી વિશે જાણવા ઉત્સુક છો? તો જાણો!

લક્ષ્મી એ ત્રણ વર્ષની સિંહણ છે, જેનો જન્મ એક દુર્લભ બાળ તરીકે થયો હતો. લક્ષ્મી પાંચ બચ્ચાંના જૂથમાંની એક હતી. સામાન્ય રીતે સિંહણ બેથી ચાર બચ્ચાંને જન્મ આપે છે, પણ પાંચનો અંક દુર્લભ છે. કોઈપણ સિંહણ માટે એક સાથે પાંચ બચ્ચાં ઉછેરવાં એ ઘણું મુશ્કેલીભર્યું હોય છે. દુર્ભાગ્યની વાત એ છે કે નવજાત અવસ્થામાં જ બે બચ્ચાં મરી ગયાં અને ત્રણ બચ્ચાં મોટાં થવાં લાગ્યાં. લક્ષ્મી તેમાંની એક હતી.

ત્રણ વર્ષ બાદ આ દુર્લભ કથાને જાણે આગળ વધારતાં લક્ષ્મીએ પણ દેવળિયા ગિર પરિચયખંડ ખાતે પાંચ બચ્ચાંને જન્મ આપ્યો. અમે કુદરતના આ સુંદર પ્રસંગના સાક્ષી બન્યા. બધા જ પ્રકારનાં બંધનોને તોડીને લક્ષ્મીએ પોતાનાં પાંચ બચ્ચાંનો ઉછેર કરવામાં સફળતા મેળવી. કુદરતની આ સુંદર ભેટના જતન માટે અને જૈવવિવિધતાના સંરક્ષણમાં પોતાની જવાબદારીપૂર્ણ ભૂમિકા નિભાવવા વનવિભાગે પણ કમર કસી લીધી.

કુદરતની આ અમૂલ્ય ભેટ એવાં પાંચ બચ્ચાંની તંદુરસ્તી અને વજનની ચકાસણી યોગ્ય અને વ્યવસ્થિત હોવાની જાણકારી ડૉક્ટરે આપી. ત્યારબાદ ત્યાંના સ્ટાફને કડક સૂચના આપી દેવામાં આવી કે આ અમૂલ્ય સંપત્તિનું યોગ્ય સારસંભાળ રાખી જતન કરવું. લગભગ પંદર દિવસ બાદ આ નાનકડાં બચ્ચાંઓએ જ્યારે પહેલી વખત પોતાની નાનીનાની આંખો ખોલી ત્યારે લક્ષ્મીએ એક પછી એક પોતાનાં બધાં બચ્ચાંને વહાલથી ચાટી ચાટીને જાણે પ્રેમની અમૃતવર્ષા કરી. વનવિભાગના કર્મચારીઓ રાત-દિવસ લક્ષ્મી અને તેના બચ્ચાં પર સતત નજર

રાખી રહ્યા હતા. બચ્ચાંની તંદુરસ્તીમાં ઉતાર-ચઢાવ આવતો, પણ તેઓ માટે અમે ક્યારેય આશા નહોતી છોડી. ઉત્તમ ભોજન, અન્ય આહાર અને દવાની મદદથી બચ્ચાં ફરી તંદુરસ્ત અને સ્ફૂર્તિલાં થઈ ગયાં. આ પ્રવાસ કાંઈ સહેલો નથી. બચ્ચાં જન્મથી લઈને છ મહિનાનાં થાય ત્યાં સુધી અત્યંત નાજુક અવસ્થામાં હોય છે. રાત-દિવસની મહેનત અને વનવિભાગ દ્વારા ત્વરિત કાર્યવાહીના પરિણામ સ્વરૂપ પાંચેય બચ્ચાંની તબિયતમાં દિવસે દિવસે સુધારો આવતો ગયો અને બચ્ચાંઓએ તેની માતા સાથે માંસ આરોગવાનું પણ શરૂ કર્યું.

આ તો લક્ષ્મી અને તેના સિંહબાળોની વાર્તા છે. નામકરણવિધિના યોગ્ય ઉમેદવારો એવા પાંચેય સિંહબાળને નામ આપવાનું નક્કી કર્યું. આમાં ત્રણ નર અને બે માદા સિંહબાળ હતાં. અમે તેના ઉપર કામ શરૂ કર્યું.

આજના સમયમાં છાપું અને ઇન્ટરનેટ, એ કોઈપણ સંદેશ લોકો સુધી પહોંચાડવાનાં સૌથી શક્તિશાળી માધ્યમ છે. સૌપ્રથમ અમે ફેસબુક અને છાપાંમાં આ પ્રસંગ અંગેની ઘોષણા કરી. અમે જણાવ્યું કે નામકરણવિધિ માટે મને સારા નામ જણાવશો. અમને લાગ્યું હતું કે અમને થોડાંક સારાં નામ મળશે, જેની મદદથી અમે પાંચેય સિંહબાળનાં નામ રાખી લઈશું, પણ બે દિવસમાં તો જાણે વિવિધ નામોની વર્ષા થઈ. ફેસબુક દ્વારા, ઇમેઇલથી, અને રૂબરૂમાં લોકો દરેક શક્ય પરિસ્થિતિમાં સિંહબાળ વિશે જુદાંજુદાં નામ પહોંચાડવા લાગ્યાં. આ નામ માત્ર ગિર નહીં પણ સમગ્ર વિશ્વમાંથી આવ્યાં. વનવિભાગના કર્મચારીઓ, પ્રકૃતિપ્રેમીઓ, પ્રવાસીઓ, પ્રવાસનના ગાઇડ, સ્થાનિક લોકો વગેરે પણ નામ સૂચવવાની આ પ્રક્રિયામાં હરખભેર સામેલ થયા.

અમે પ્રતિભાવોથી જાણે ઊભરાઈ ગયા હતા. ખરેખર તો મૂંઝવણમાં મુકાઈ ગયા હતા. એકવાર નામકરણ માટે નામ નોંધાવવાની સમયમર્યાદા પૂરી થઈ ગઈ કે તરત જ અમે બીજાં પગલાં તરફ આગળ વધ્યા. નામકરણની આ પ્રક્રિયા લોકોની હાજરીમાં કરવાની હોઈ અમે આમાં કશું છુપાવ્યું ન હતું. સાસણ-ગિર ખાતે એક મોટા વાસણમાં જુદી જુદી ચિઠ્ઠીઓમાં છેલ્લે નક્કી થયેલાં નામ લખીને નાખવામાં આવ્યાં. કેવો સુખદ સમન્વય! એક તરફ વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી અને બીજી તરફ નામકરણ વિધિ! એ સવાર ઘણી સુંદર હતી. નામકરણ વિધિના સમારોહમાં ભાગ લેવા ગાઇડ અને ડ્રાઇવર, પ્રકૃતિપ્રેમીઓ, વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ અમુક માનનીય વડીલો અને સ્થાનિક લોકો એક સ્થળે એકત્ર થયા.

દીપપ્રાગટ્ય બાદ દરેક સમૂહમાંથી એક પછી એક વ્યક્તિને બોલાવીને એક ચિઠ્ઠી ઉપાડવાનું કહેવામાં આવ્યું. દરેક વ્યક્તિને આ બાબત ખૂબ સૌભાગ્યપૂર્ણ લાગતી કે આટલા બધા માણસોમાંથી તેઓની પસંદગી આ માટે કરવામાં આવી! ૨૦ જેટલી ચિઠ્ઠી લોટરી સિસ્ટમથી કાઢવામાં આવી. લોટરી સિસ્ટમ દ્વારા નામ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અમે નામોને જુદાં પાડવાનું શરૂ કર્યું. અમારી એક ટુકડી કલાકોની મહેનત બાદ એક નામાવલી નક્કી કરી શકી, જેમાં ૧૫ સિંહબાળનાં નામ હતાં અને ૧૦ માદા સિંહબાળ માટે. એક અઠવાડિયા પછી ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી અને અન્ય ઉચ્ચ અધિકારીઓ દ્વારા પાંચેય સિંહબાળોનું નામકરણ કરવામાં આવ્યુ. અંતમાં સમાચારપત્રો અને અન્ય પ્રચાર-પ્રસારના માધ્યમોને નામકરણની માહિતી અપાઈ.

આજે પાંચેય સિંહબાળ તંદુરસ્ત છે અને પોતાની જીવનચર્યા મુજબ વિકાસ પામી રહ્યાં છે. અમે ક્યારેય નહોતું વિચાર્યું કે એક નાનકડી પ્રક્રિયા આટલી ઝડપથી રાજ્યકક્ષાની બાબત બની શકશે. નામકરણની એક સામાન્ય પ્રક્રિયા જૈવવિવિધતાના સંરક્ષણની જાગૃતિ ચળવળનો ભાગ બની. જેમાં મળ્યો લોકોનો પ્રેમ અને સહકાર. અમે એ જાણીને ખુશ છીએ કે લોકો

સિંહના અસ્તિત્વને સમજે છે અને તેનો આદર કરે છે. માનવતાનું રક્ષણ એ કુદરતના સંરક્ષણને આધીન છે તે સત્ય છે. હવે આપણે તો મનુષ્યો છીએ, પૃથ્વી પરની ખૂબ હોંશિયાર જાતિ! નક્કી આપણે કરવાનું છે કે આપણી આવનાર પેઢી પૃથ્વીને કયા રંગમાં જોશે, લીલા કે ભૂખરા?

=

# પુનઃગઠન

સ્ત્રીઓ પોતાના જીવનકાળ દરમિયાન અલગ અલગ ઘણી બધી ભૂમિકાઓ ભજવે છે. માતા, બહેન, પત્ની, પુત્રી, પુત્રવધૂ, મિત્ર, પ્રેમિકા વગેરે, પણ આ સૌમાં માતા તરીકેની પ્રેમાળ અને સુંદર ભૂમિકા જેવી બીજી કોઈ નથી. બાળકના જીવનમાં માતાનું મહત્ત્વ શું છે? બાળકના જીવન ઘડતરમાં માતા અગત્યનો ભાગ ભજવે છે. માતા શિક્ષક, ડૉક્ટર, મિત્ર અને એક પ્રેમાળ કાળજી રાખનાર છે. બે-ત્રણ બાળકો હોય પણ માતા એક બાળક તરફ વધુ ધ્યાન આપે છે. આવું થવાનાં બે કારણો હોઈ શકે. કાં તો એ બાળક વધુ અશક્ત અને ઓછું ક્રિયાશીલ હોય અથવા તો બીજાં બાળકોને સંભાળવામાં તેના પર ધ્યાન આપી શકાતું ન હોય તે અશક્ત બાળકને આગળ વધવા ઘણી મદદ કરે છે. પરંતુ જનીનોની ખામીના કારણે તે બાળક વિકાસ કરી શકતું નથી. બાળકોને પણ અલગ-અલગ પ્રકારની માનસિક તકલીફો થતી હોય છે. ગભરામણ, બેધ્યાનપણું અને વર્તણૂકની ખામી ઉપરાંત જમવાની, વિકાસની, સાંભળવા અને વાત કરવામાં પણ ખામી તેમજ બીજી ઘણી તકલીફો હોવા છતાં માતા પોતાના બાળકને ખૂબ ધીરજપૂર્વક ઉછેરે છે.

પણ શું પ્રાણીઓમાં આવો સંબંધ હોઈ શકે? પ્રાણીઓની સામાજિક જીવનશૈલી તમે જુઓ તો તમને તે ખૂબ કઠોર અને તકલીફપૂર્ણ લાગશે. પ્રાણીઓના વિશ્વમાં નબળાં પ્રાણીઓ માટે કોઈ સ્થાન જ નથી. આપણે મનુષ્યોમાં જોઈએ તો, જો કોઈ બાળક અશક્ત કે નબળું હોય તો આપણે તેને તેના નસીબ ઉપર છોડી કે ત્યજી દેતા નથી. તેનું સ્વાસ્થ્ય સુધારવાનો અને તેને પોષણ આપવાનો બનતો પ્રયત્ન કરાય છે અને આપીએ છીએ. બે, ત્રણ કે ચાર સિંહબાળોમાંથી ઘણી વખત કોઈ એક પોતાનાં ભાઈબહેનોની જેમ સામાન્ય હોતું નથી. એવું જરૂરી નથી કે જન્મેલાં ત્રણ, ચાર કે પાંચ સિંહબાળોમાંથી બધાં જ તંદુરસ્ત અને જનીનોની ખામી વગરનાં છે. મોટા ભાગે એક અથવા બે જનીનોની ખામીવાળાં હોય છે. આવાં સિંહબાળ દેખીતી રીતે જુદાં તરી આવે છે. જ્યારે સિંહણ જઈ રહી હોય ત્યારે તમે જોઈ શકો કે, બધાં સિંહબાળોમાં એકાદ બાળ બધાંયથી અલગ થઈને એકલું ચાલતું હોય છે. જ્યારે બીજાં બધાં તેની માતાની આગળ પાછળ ગેલ-ગમ્મત કરતાં દોડતાં–કૂદતાં હોય છે. સિંહણ આ નબળા સિંહબાળને ટેકો તો કરે છે, પણ તેને ખબર પડી જાય છે કે આ બાળ વધુ જીવી શકશે નહીં. માણસોની જેમ સિંહણ પણ પોતાના બાળકની પરીક્ષા કરે છે. સિંહણ તેને ત્રણ, ચાર કે પાંચ કિલોમીટર ચાલવા ફરજ પાડે છે. તે ચાલવાનું ચાલુ રાખે છે અને નિરીક્ષણ કરે છે કે સિંહબાળ તેને આંબી શકે છે કે નહીં. બાળક પોતાની માતાને રોકવા માટે પોતાની નિ:શબ્દ ભાષામાં કહે છે, પરંતુ માતાને ખબર છે કે તે શું કરી રહી છે. તે પોતાનાં બાળકોની પરીક્ષા ચાલુ રાખે છે. જ્યારે તેને ખાતરી થઈ જાય છે કે, અશક્ત કે નબળું સિંહબાળ બચી નહીં શકે ત્યારે તેને ત્યજીને આગળ વધી જાય છે. આપણે ક્યારેય આપણા બાળકને ત્યજવાનું વિચારી પણ ન શકીએ, પણ જંગલમાં તેની પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી. તેને ખબર છે કે આ અશક્ત બાળ જંગલમાં વધુ બચી નહીં શકે આથી તેના પર વધુ મહેનત કર્યા વગર બીજાં ત્રણ બાળકોના વિકાસમાં વધુ ધ્યાન આપવું. બાળકો છ માસનાં થાય તે પહેલાં આવી કપરી પરીક્ષા આપવાની હોય છે.

માતાના અચાનક મૃત્યુથી, વીજકરંટનાં કારણે મૃત્યુ થવાથી, બીજા સિંહ દ્વારા થયેલા હુમલામાં માતાનું મૃત્યુ થવાથી, કે પછી ખુલ્લા કૂવામાં પડી જવાથી, કોઈક રોગના કારણે મૃત્યુ થવાથી આવી પરિસ્થિતિ વિપુલ પ્રમાણમાં ઉદ્ભવે છે. બાળસિંહ અચાનક અનાથ બની જાય

છે. સિંહ હંમેશાં સમૂહમાં રહે છે. એવું ભાગ્યે જ બને છે કે, સમૂહની બીજી સિંહણ આવા અનાથ બનેલાં બચ્ચાંને સ્વીકારે અથવા તેની ઉપર ધ્યાન આપે કારણ કે, તેને પોતાના બચ્ચાંઓના પાલનપોષણ ઉપર ધ્યાન આપવાનું હોય છે. આવી પરિસ્થિતિમાં અનાથ કે ત્યજાયેલાં સિંહબાળ જંગલમાં કુદરતની દયા ઉપર જીવે છે. જો બાળ ઘણું નાનું હોય તો, બીજા શિકારી પ્રાણીઓ અથવા અન્ય સિંહસમૂહ દ્વારા તેને મારી નાખવામાં આવે છે. ગિર વનવિભાગમાં આવેલ રેસ્ક્યુ સેન્ટર હંમેશાં આવા ત્યજાયેલાં અથવા અનાથ બાળકોનું આશ્રયસ્થાન રહ્યું છે. ઘણી મોટી સંખ્યામાં ટ્રૅકર્સ નિયમિત રીતે જંગલમાં વન્યપ્રાણીનું અવલોકન કરતા હોય છે. તેમના દ્વારા આવા સિંહબાળની ભાળ મળે, અથવા ઘણી વખત માલધારી પણ વનવિભાગને આવા બચ્ચાં વિશે માહિતી આપતાં હોય છે. બચાવટુકડી દ્વારા આવા નાનકડાં બચ્ચાંઓને રેસ્ક્યુ સેન્ટરમાં લાવવામાં આવે છે અને તેમની ઘનિષ્ઠ શારીરિક તપાસ કરવામાં આવે છે. જો જરૂર હોય તો સારવાર પણ આપવામાં આવે છે. પછી થોડા જ દિવસમાં ટ્રૅકર્સ આ સિંહબાળના સમૂહને શોધવાનો પ્રયત્ન પણ કરે છે.

બાળસિંહનું આવું પુન:મિલન ઘણું અઘરું કામ છે. અહીં તમે સમૂહને શોધી બાળને તેમની સામે મૂકી દો અને સમૂહ સહર્ષ તેને સ્વીકારી લે તેટલું સરળ હોતું નથી. પુન:મિલનમાં હંમેશાં જોખમ રહેલું છે. જંગલમાં હંમેશાં આ બાળને અપનાવી શકે તેવો સમૂહ શોધવો આવશ્યક છે. જો બાળને કોઈ ખોટા સમૂહ સાથે ભેળવી દેવાય તો તેને મારી નાખવાની શક્યતાઓ વધી જાય છે. સિંહબાળોનાં આવા પુન:મિલન માટે અમે ઘણી સરળ પણ અસરકારક પદ્ધતિનો ઉપયોગ કરીએ છીએ. પહેલાં તો અમે બાળની તદ્દન નજીકના સમૂહને શોધવાનો પ્રયત્ન કરીએ છીએ. ત્યારબાદ અમે એક પાંજરામાં આ સિંહબાળને એકલું રાખીએ છીએ. જો બાળ આ સમૂહનું જ હશે તો સમૂહના સભ્યો તેની પાસે આવી તેને વહાલ કરવાનું શરૂ કરી દેશે. આવી બધી હકારાત્મક સંજ્ઞાઓ, પ્રતિભાવોને ધ્યાનમાં રાખી. પછી અમે સિંહબાળને આ સમૂહ પાસે મુક્ત કરીએ છીએ, પરંતુ જ્યારે ધાવણ આવતું હોય તેવી સિંહણની સારવાર કરવાની હોય અને પછી ફરી તેને તેના જ બાળક સાથે મેળાપ કરાવવાનો હોય ત્યારે ઘણી મુશ્કેલી ઊભી થાય છે. જો સમૂહમાં એક કરતાં વધુ આવી સિંહણ હોય તો વધુ મુશ્કેલી નથી પડતી. કારણ કે બીજી સિંહણ બચ્ચાંનું ધ્યાન રાખશે, પણ જો આ જ એક સિંહણ હોય તો મુશ્કેલી છે. આવી પરિસ્થિતિમાં પ્રથમ બચ્ચાંઓને પકડવામાં આવે છે. પછી સિંહણને બેભાન કરીને પકડવામાં આવે છે. પછી સારવાર બાદ માતા અને બચ્ચાંનું પુન:મિલન કરાવવામાં આવે છે. ઘેનની દવાની અસરના કારણે સિંહણ તનાવ અનુભવે છે. તે એક વન્યપ્રાણી છે. તેના આવાસમાં ફેરફાર થવાના કારણે તાત્કાલિક તે તેના બાળકોને અપનાવી શકતી નથી. અમે માતા અને બચ્ચાં બંનેને અલગઅલગ પાંજરામાં રાખી તેમનું નિરીક્ષણ કરીએ છીએ. જો સિંહણ તેનાં બચ્ચાં જોઈને પ્રતીક્રિયા આપવાનું શરૂ કરે અને બચ્ચાં પણ તેને પ્રતિભાવ આપવાનું સામાન્ય વર્તન કરવા લાગે તો, અમે બંને પાંજરા વચ્ચેનો દરવાજો ખોલી નાખી ફરી મા અને બચ્ચાંને ભેગાં કરી દઈએ છીએ. થોડા દિવસ બાદ તેઓને જંગલમાં છોડવામાં આવે છે અને પછી ફરી વખત તે તેના સમૂહમાં ભળી જાય છે. ઘણી વખત બચ્ચાંના સમૂહની ખબર હોવા છતાં તેને પાછું સમૂહમાં ભેળવી શકાતું નથી. તેની માતા સિંહણનું મૃત્યુ થઈ જવાના કારણે સિંહબાળને પાછું સમૂહમાં ભેળવી શકાતું નથી. કારણ કે અન્ય સભ્યો જો કદાચ તેને નહીં અપનાવે તો ફરી તે એકલું પડી જશે. અમે આવાં અનાથ બચ્ચાંઓને પુન:વસન કેન્દ્રમાં રાખીએ છીએ. બચ્ચું જ્યારે નાનું હોય ત્યારે તેને નાનકડા પાંજરામાં રાખવામાં આવે છે. પછી મોટું થતાં તેને મોટા પાંજરામાં ખસેડવામાં આવે છે. છેલ્લે યુવાન અને શક્તિશાળી બનતાં તેને જંગલમાં મુક્ત કરવામાં આવે છે. નાનાં બચ્ચાંને યુવાન થતાં સુધી પાંજરામાં રાખવામાં આવે

છે. તેને કોઈપણ શિકાર કરવાનો હોતો નથી. તેના પાંજરામાં જ તેને માંસ આપવામાં આવે છે. જ્યારે આ પાંજરામાં રખાયેલ પ્રાણીને જંગલમાં છોડવામાં આવે છે, ત્યારે બીજાનું અનુકરણ કરી શિકાર કરતાં શીખે છે. જો તેમને છોડવામાં ન આવે તો તેઓ સંરક્ષણના કામમાં ઉપયોગી થાય છે. આવાં પ્રાણીઓ જનીન જાળવણી અને પ્રાણીઓને મૂળસ્થાને સંરક્ષણ માટે ઉપયોગી છે. અત્યારે પોરબંદર ખાતે બરડા અભયારણ્ય, જૂનાગઢ ખાતે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, રામપરા અને હિંગોળગઢ અભયારણ્ય ખાતે આ સંવર્ધન અને સંરક્ષણનો કાર્યક્રમ અમલમાં છે.

ઘણી વખત આ નિર્દોષ બચ્ચાં તમારા જીવનનો એક ભાગ બની જાય છે. નાનપણથી જ ત્યાંના કર્મચારીઓના હાથે મોટા થવાના કારણે આ પ્રાણીઓ પછી તેમની ખૂબ નજીક આવી જાય છે. જો તમે તેના રોકાણ દરમિયાન બચ્ચાંની સંભાળ રાખી હશે, તેને મટન ખવડાવ્યું હશે, તો મોટું થયા બાદ સો માણસોની વચ્ચે પણ એ તમને ઓળખી જશે. કર્મચારીઓ નિયમ અને સમજપૂર્વક પ્રાણીઓ સાથે ખૂબ ઓછું હળેભળે છે, પણ ઘણી વખત તેઓની નજીક જવું જરૂરી હોય છે. અમને જાણીને આશ્ચર્ય થયું કે પ્રાણીઓ તેના પર ધ્યાન રાખનાર વ્યક્તિને તેના શરીરની ગંધથી પારખે છે. જ્યારે તેને ખ્યાલ આવી જાય કે તે વ્યક્તિ આસપાસ છે ત્યારે તે તેને બોલાવવા પ્રયત્ન કરે છે. તેની નજીક જઈ તેને ચાટીને પોતાની લાગણી દર્શાવે છે. તમને તમારા કરેલા કાર્યમાં વિશ્વાસ હશે તો આનંદ આવશે. તમે જે કરો તે જાણો અને માણો. સિંહને પણ હૃદય છે, સમજશક્તિ છે. તેમને જીવન આપી શકાય, તેમની લાગણીઓને માન આપી શકાય. અમે ભગવાનના આભારી છીએ કે તેઓએ આવા સુંદર કામને સફળતા અને જવાબદારીપૂર્વક પાર પાડવા અમને પસંદ કર્યા.

=

# પાર્થ અને પૂજા

ભારતમાં સિંહનું સ્થાન જાણવાની જો કોઈના મનમાં ઇચ્છા હશે તો એક જ નામ આવશે, સાસણ-ગિર! વિશ્વમાં એશિયાઈ સિંહનું છેલ્લું નિવાસસ્થાન. દુનિયા માટે ગિર ભલે સિંહનું અંતિમ નિવાસસ્થાન છે, પરંતુ ગિરની અન્ય બીજી પણ ખાસિયતો છે, જેનાથી આપણો સુધરેલો સમાજ હજી અપરિચિત છે. સિંહ માંસાહારી પ્રાણી છે અને તે શિકાર કરે છે. લોકો જાણે છે કે શિકાર દરમિયાન ઘણી વખત સિંહને ઈજા પણ થાય છે. અહીં લોકો એ પણ સમજે છે કે ઘણી વખત શારીરિક નબળાઈના કારણે સિંહને ચેપ પણ લાગી જતો હોય છે. તેને સમયે સમયે સારવાર પણ આપવી જોઈએ. ઘણા ઓછા લોકો જાણે છે કે અન્ય સિંહ સાથેની લડાઈમાં ઘણી વખત સિંહ મરી પણ જાય છે. તેમાં પણ ઘણા ઓછા લોકોને ખબર હશે કે સિંહ અનાથ થાય છે. તો ચાલો, આપણે માની લઈએ કે ખૂબ ઓછા લોકોને આ વિશે ખબર હશે તો ઉપરોક્ત પરિસ્થિતિ થાય તો શું કરવામાં આવે છે? જવાબ છે `રેસ્ક્યુ સેન્ટર.' એ એક યુદ્ધ જેવું છે. લોકો ટેલિવિઝનમાં જોતા હોય છે કે વિમાનની હડતાલ પડે છે, લશ્કરની લડાઈઓ થાય છે, નેતાઓ ચર્ચાઓ કરે છે અને પછી યુદ્ધ સમાપ્ત થાય છે. `સાસણ-ગિરમાં આવેલું રેસ્ક્યુ સેન્ટર' કલાના એક ઉત્તમ ઉદાહરણ રૂપ છે. સુરક્ષાના કારણોસર માત્ર અધિકારીઓ સિવાય રેસ્ક્યુ સેન્ટરમાં અન્ય કોઈ વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ છે. લોકો રાત-દિવસ રેસ્ક્યુ સેન્ટરમાં કામ કરે છે. સારવાર માટે વન્યપ્રાણીને રેસ્ક્યુ સેન્ટરમાં લાવવામાં આવે છે. ઘણાં પ્રાણીઓ અહીં આવે છે અને જાય છે, પરંતુ અહીં અમુક પ્રાણીઓ જીવનભર એક ઉષ્માભર્યા સંબંધોની છાપ છોડતા જાય છે. આ બધામાં બચાવાયેલાં અને રેસ્ક્યુ સેન્ટરમાં ઉછરેલાં બે સિંહબાળની વાત કંઈક અલગ છે.

પાંચ વર્ષ પહેલાં એક ગામમાંથી સમાચાર આવ્યા કે ખેતરમાં એક સિંહણ વીજકરંટના કારણે મૃત્યુ પામી છે. ઘણી વખત કોઈ અણઘડ ખેડૂત પોતાના ખેતીના પાકને બચાવવા ખેતરની ચારેબાજુ વીજ કરંટની વાડ કરે છે. ગિરના જંગલની ચારેબાજુ પણ ઘણાં બધાં ખેતરો આવેલાં છે. નીલગાય અને જંગલીભૂંડ ઘણી વખત ખેતરોમાં જઈ પાકને નુકસાન પહોંચાડે છે. પોતાના પાકને બચાવવા ઘણી વખત ખેડૂત આવા ભયાનક વિકલ્પો પસંદ કરે છે. તે રાત્રે પણ સિંહણ કદાચ નીલગાય કે જંગલીભૂંડને પકડવાનો જ પ્રયત્ન કરતી હશે, તેને તો ખબર પણ નહીં હોય કે તારની વાડમાંથી વીજ કરંટ પસાર થઈ રહ્યો છે. સિંહણ વાડમાં ફસાઈને મૃત્યુ પામી. બચાવટુકડી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી. સિંહણના નિશ્ચેત દેહને જોઈને ચકાસણી કર્યા બાદ તેનું મૃત્યુ વીજ કરંટ લાગવાથી જ થયું છે તે નક્કી થયું. મૃતદેહનો કબજો મેળવ્યા બાદ ફરજના ભાગરૂપ ખેતરની આજુબાજુના વિસ્તારની તપાસ કરવામાં આવી, ત્યાં નજીકના જંગલ વિસ્તારમાં ટુકડીને નાનું સિંહબાળ તદ્દન એકલું મળી આવ્યું. સમગ્ર ટુકડીએ એવું અનુમાન કર્યું કે, આ બચ્ચું પેલી મૃત્યુ પામેલી સિંહણનું જ હશે, પરંતુ હજુ આખો દિવસ તેમણે રાહ જોઈ. કુદરતની આ કેવી ક્રૂર મજાક! ત્રણ માસથી નાનું બાળ નિ:સહાય બની પોતાની માતાને બોલાવવા અવાજ કરે છે, પણ ક્યાંયથી કોઈપણ પ્રતિસાદ નથી મળતો. હવે કોઈ શંકા ન હતી કે આ બાળ પેલી મૃત્યુ પામેલી સિંહણનું જ છે. બચ્ચાંને રેસ્ક્યુ સેન્ટરમાં લાવવામાં આવ્યું. દરેક વ્યક્તિ ભલે તે ગમે તેટલી કઠણ હોય પણ હૃદય તો કોમળ ધરાવે છે. રેસ્ક્યુ સેન્ટરના તમામ સભ્યો ઉદાસ થઈ ગયા.

રેસ્ક્યુ સેન્ટરમાં બચ્ચાંના અવાજના પડઘા સંભળાતા, તે પોતાની માતાને શોધવાનો પ્રયત્ન કરતું પણ કોઈ જવાબ મળતો નહીં. ડૉક્ટરે તેને તપાસીને તે તંદુરસ્ત હોવાનું જાહેર કર્યું. કોઈક

રીતે તેને દૂધ પિવડાવીને સુવાડવામાં આવ્યું. બીજા દિવસે અન્ય એક દુઃખદ સમાચાર આવ્યા કે બીજી એક સિંહણનું પણ વીજ કરંટથી મૃત્યુ થયું છે. ફરજ ઉપર હાજર એક વનઅધિકારીએ નિસાસો નાખ્યો : "હે ભગવાન, હવે ફરી આવું નહીં!" બીજા એક અનાથ સિંહબાળને રેસ્ક્યુ સેન્ટરમાં લાવવામાં આવ્યું. રેસ્ક્યુ સેન્ટરના સભ્યો નાનકડી માદાને જોઈ સાવ સ્તબ્ધ બની ગયા. ભગવાન આટલો ક્રૂર ન બની શકે. બે દિવસમાં બે બચ્ચાં અનાથ થયાં. આ બચ્ચું પણ તંદુરસ્ત હતું. આ સિંહબાળને પણ પેલા નર સિંહબાળ સાથે એક જ પાંજરામાં રાખવામાં આવ્યું. નર સિંહબાળ સૂઈ રહ્યું હતું. બાલવાડીમાં એક નવું બાળક આવ્યું. નર સિંહબાળ થોડું ગંભીર અને થોડું મૂંઝવણમાં હતું. માદા સિંહબાળને પણ આશ્ચર્ય થતું હતું. બચાવટુકડી બંનેનું નિરીક્ષણ કરી રહી હતી. બંને એકબીજાને, અંતર જાળવીને તાકી તાકીને જોઈ રહ્યાં હતાં. પાંજરાના એક ખૂણામાં નર સિંહબાળ અને બીજા ખૂણામાં માદા સિંહબાળ બેસે. આમ તો આ ઘણી મજાની પરિસ્થિતિ હતી. એક જિજ્ઞાસુ નર, માદાને મળવાનો પ્રયત્ન કરી રહ્યો છે પણ તે મળવાનું ટાળી, દોડીને બીજી દિશામાં ભાગી જાય છે. લગભગ એક કલાક સુધી આ દોડપકડની રમત ચાલી. જ્યારે માદા સિંહબાળ, નર પાસે જવાનો પ્રયત્ન કરે ત્યારે નર ભાગી જાય અને જ્યારે નર સિંહબાળ, નજીક આવવા પ્રયત્ન કરે ત્યારે માદા તેને ભગાડી મૂકે. થોડા સમય પછી તેઓને જમાડવાનો સમય થયો. ડૉક્ટરે ફરી તેમને તપાસ્યા અને તંદુરસ્ત જાહેર કર્યાં. આવા પ્રાણીઓનો બચાવ અને તેમની સારવાર કરવી એ રેસ્ક્યુ સેન્ટરના કર્મચારીઓ માટે રોજિંદી વાત છે

થોડાંક દિવસોમાં આ બે બચ્ચાંએ રેસ્ક્યુ સેન્ટરના લોકોનાં હૃદય જીતી લીધાં. દરેક સભ્ય દિવસ હોય કે રાત, પોતાના કામ માટે જેવા આવે કે તરત જ કામની શરૂઆત કરતાં પહેલાં આ બે બચ્ચાંની મુલાકાત કરતા, સ્ટાફના સભ્યોના આ મિત્રતાપૂર્ણ વ્યવહારનો, બચ્ચાં પણ ખૂબ સારો પ્રતિભાવ આપતા. એક કર્મચારીએ જણાવ્યું કે ચાલો, આપણે બચ્ચાંનાં નામ રાખીએ. કમનસીબે તેઓ હવે અનાથ છે. આપણે જાણીએ છીએ કે આપણે તેઓને જંગલમાં તરત છોડી શકવાના નથી. નહીં તો બીજા શિકારી પ્રાણીઓ તેમનો શિકાર કરી નાખશે. બધા સભ્યો દ્વારા ઘણાં બધાં સૂચનો આપવામાં આવ્યાં. કર્મચારીઓમાં આ સિંહબાળો ખૂબ પ્રખ્યાત હતા તો દરેક પોતાના સૂચન અમલમાં મૂકવા માંગતું હતું. એક જાગૃત કર્મચારી રેસ્ક્યુ સેન્ટરમાં આ પ્રથમ શ્રેણીનાં પ્રાણીઓ સાથે પોતાનો મોટા ભાગનો સમય પસાર કરે છે. અહીં બધા બાળક બની ગયા હતા. જાણે માનવસમાજમાં બાળકની નામકરણ વિધિ થતી હોય અને બધાં જાણે માતા, પિતા, ભાઈ, બહેન, કાકા, કાકી ન હોય! ઘણી બધી ચર્ચાઓના અંતે `પાર્થ' અને `પૂજા' નામ જાહેર થયાં. નક્કી કરવામાં આવ્યું કે નર સિંહબાળને `પાર્થ' તરીકે અને માદા સિંહબાળને `પૂજા' તરીકે બોલાવવામાં આવશે.

હવે તેઓ માત્ર નાનકડાં બચ્ચાં નથી. બંને સિંહબાળ વચ્ચે ખચકાટ દૂર થયો. હવે તેઓ સાથે રમતાં, સાથે જમતાં અને સાથે આરામ કરતાં હતાં, જાણે કે ભાઈ-બહેન ન હોય! કુદરતના દરેક પ્રાણીના અસ્તિત્વને ટકાવવાનું અને યોગ્ય સમતુલા જાળવવાનું આ ઉત્તમ ઉદાહરણ છે. જ્યારે પાર્થને અહીં લાવવામાં આવ્યો ત્યારે તેની તંદુરસ્તીની કાળજી કેવી રીતે રાખવી એ અમારા માટે મોટો પ્રશ્ન હતો. ભગવાને તેના રક્ષણ કાજે તેને બચાવવા એક જોડીદાર મોકલી આપ્યો! દિવસો, મહિના અને વર્ષ વીતતાં ગયાં. પાર્થ અને પૂજાનો દિવસે દિવસે વિકાસ થતો રહ્યો. નાનકડાં બચ્ચાં તરીકે લાવવામાં આવેલાં પાર્થ અને પૂજા હવે મોટાં સિંહ અને સિંહણ બની ચૂક્યાં. નરનું કદ અને વજન માદા કરતાં વધવા લાગ્યું. તેમને મોટા પાંજરામાં ખસેડવામાં આવ્યાં હતાં.

આ જોડી મોટાભાગના કર્મચારીઓને ઓળખતી હતી. જો કર્મચારીઓ દ્વારા કોઈને પણ

નામ દઈને બોલાવવામાં આવે તો તરત પ્રતિસાદ મળતો. નર સિંહનો જન્મ જ અધિકાર જમાવવા થયો હોય છે. જમવાના સમયે પાર્થ હંમેશાં પોતાનું પ્રભુત્વ બતાવતો અને પૂજા હંમેશાં તેનું ભોજન પૂરું થવાની રાહ જોતી. આમ ને આમ બીજાં બે વર્ષ પૂરાં થયાં. જોતજોતામાં પાર્થ ત્રણ વર્ષનો થઈ ગયો અને પૂજા પણ તેની પુખ્ત અવસ્થામાં પહોંચી ચૂકી હતી. બંને જણાં પોતપોતાની તંદુરસ્ત અને યુવાન વયનો આનંદ માણી રહ્યાં હતાં.

એક સુંદર સાંજે બંનેને ભોજન આપવામાં આવ્યું. નિયમ મુજબ પાર્થે ઊભા થઈ માંસ સૂંઘ્યું, પણ ખાધું નહીં. આ જોઈને ખોરાક આપનારને પણ થોડું આશ્ચર્ય થયું અને માદાએ પણ તેવું જ કર્યું. નર પાછો પોતાની જગ્યાએ આવીને બેસી ગયો. કર્મચારીને લાગ્યું કે કદાચ તેઓને ખાવાની ઇચ્છા નહીં હોય, માદાએ પોતાનો ખોરાક આરોગી લીધો. રેસ્ક્યુ સેન્ટરના એક અનુભવી મહિલા કર્મચારીએ પાર્થની તબિયત અંગે કંઈક શંકા દર્શાવી, પણ કોઈ શંકાસ્પદ હિલચાલ ન હોવાના કારણે તેને એનેસ્થેસિયા આપી, ફરી ચકાસણી કરવાની જરૂરિયાત ન લાગી. રાત્રે ફરજ ઉપર બે કર્મચારીઓ હોય છે. બંને કર્મચારીએ પાર્થને બોલાવ્યો પણ કોઈ પ્રત્યુત્તર ન મળ્યો. તેમણે વિચાર્યું કે તે સૂઈ જવા માંગે છે. વહેલી સવારે પૂજાએ ગર્જના કરવાનું શરૂ કર્યું. એક વખત, બે વખત એમ થોડા દબાણ સાથે તે સતત ગર્જના કરતી રહી. ફરજ પર હાજર કર્મચારીને તેનું આ વર્તન વિચિત્ર લાગ્યું. જોકે સ્ટાફ તેના આ વર્તનથી પરિચિત હતો. તરત જ તેઓ પાંજરા પાસે ગયા અને દૃશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયા. પાર્થ જમીન પર બેભાન અવસ્થામાં પડ્યો હતો. કોઈ પ્રકારનો પ્રતિભાવ તેના તરફથી ન હતો, તેના શરીરમાં કોઈ હલનચલન ન હતું. પૂજા ધીમો અવાજ કરતાં કરતાં આમથી તેમ દોડી રહી હતી. તેના મુખ ઉપર ભયના ભાવ સરળતાથી જોઈ શકાતા હતા. સવારના છ વાગી ચૂક્યા હતા. એક કર્મચારીએ ડૉક્ટરને અને અન્યને ફોન ઉપર જાણ કરી. થોડીક ક્ષણોમાં મોટાભાગના કર્મચારીઓ ત્યાં પહોંચી ગયા. પાર્થ એ માત્ર સિંહ નહોતો, પણ સૌનો માનીતો પરિવારનો સભ્ય પણ હતો. બધાએ તેને પોતાના બાળકની જેમ ઊંચકી લીધો. પૂજા અને પાર્થ પુખ્તસિંહ અને સિંહણ બની ગયાં હોવા છતાં, કર્મચારીઓ સાથે બાળકની જેમ વર્તતાં હતાં. “હું જાણતી હતી”, મહિલાએ ફરી કહ્યું, “હું જાણતી હતી”, ગઈકાલથી મારું હૃદય કહે છે કે પાર્થની તબિયત કંઈક સારી નથી. આ બધામાં પૂજાને ખબર હતી કે ડૉક્ટર કોણ છે, તે ડૉક્ટર પાસે આવી. પાંજરાની અંદર જાણે તે કહેતી હોય, મારો ભાઇ બીમાર છે, મહેરબાની કરી તેની સારવાર કરો. એક પણ ક્ષણ ગુમાવ્યા વગર, પૂજાને સુરક્ષાના હેતુથી અન્ય પાંજરામાં ખસેડવામાં આવી અને પાર્થની ખૂબ વિસ્તારપૂર્વક ચકાસણી કર્યા બાદ ડૉક્ટરે જાહેર કર્યું કે પાર્થને પૅરાલિસિસનો હુમલો આવ્યો છે.

બધાં સ્તબ્ધ થઈ ગયાં. બધાંના હૃદય જાણે તૂટી ગયાં. બે ડૉક્ટરોએ સવાર-સાંજ તેની સારવાર કરવાનું ચાલુ કર્યું. તેને ડૉક્ટરનાં સંપૂર્ણ નિરીક્ષણમાં રાખવામાં આવ્યો. રેસ્ક્યુ સેન્ટરમાં ઉદાસી અને ગંભીર શાંતિ છવાઈ ગઈ. લોકો કામ પર તો આવતા, પણ મૌન રહીને કામ કરીને જતા રહેતા. આજે અહીં કોઈ મસ્તી નથી. બધા લાગણીશૂન્ય બનીને કામ કરી રહ્યા છે. કર્મચારીઓ નારાજ છે. જ્યારે પણ કોઈ પૂજાના પાંજરા આગળથી પસાર થાય કે તરત જ તે આશાથી ડોક ઊંચી કરીને જુએ છે. તે પોતાના ભાઈ પાસે જવા માંગે છે, તેને તેની સાથે રમવું છે. તેને પોતાના ભાઈની જોહુકમી જીવવી છે. તે એકલી પડી ગઈ છે. રેસ્ક્યુ સેન્ટરના કર્મચારીઓ પાર્થની નિયમિત મુલાકાત લે છે. દરેક જણ પાર્થ માટે મનોમન પ્રાર્થના કરી રહ્યાં છે. ગમે તેમ કરી દિવસ પસાર થાય છે. સાંજ પડે છે. ફરી ભોજનનો સમય થાય છે.

આ સમયે અમે સિંહણના હાવભાવ જોઈએ છીએ. પૂજાની આંખો તેના ભાઈની તકલીફ અનુભવી રહી છે. તે માંસને અડકી પણ નથી. તેને માત્ર સૂંઘ્યા બાદ દરવાજા પાસે તે એવી

રીતે બેસી ગઈ, જાણે એક માતા કામ પર ગયેલા પોતાના દીકરાની પાછા ફરવાની રાહ જોતી હોય! ઘરે જતાં પહેલાં બધા કર્મચારીઓ પાર્થના પાંજરા આગળ ભેગા થયા. માણસ ભલે વૈજ્ઞાનિક પદ્ધતિઓથી સજ્જ થઈ ગયો હોય, પણ પ્રાર્થનાનું ફળ તો ભગવાન જ આપી શકે. ભારે હૈયે કર્મચારીઓ પોતાના ઘરે ગયા. ઘણા ભાવુક કર્મચારીઓ પોતાની જાતને રોકી નહીં શકવાને કારણે રાત્રે પાર્થના સાજા થઈ જવાની આશા સાથે પાર્થની ખબર જોવા આવે છે. પૂજાને તેની ભૂખની ચિંતા નથી. તેને તો માત્ર તેના ભાઈને જોવો છે. એ રાત્રિ પૂજાની દયામણી ગર્જનાના અવાજો સાથે પૂરી થઈ. ડૉક્ટરના ત્રણ દિવસના નિરંતર પ્રયત્નોના કારણે પાર્થમાં એક નવી શક્તિનો સંચાર થતો જોવા મળ્યો. ડૉક્ટર બોલી ઊઠયા, “શું પરિવર્તન છે!” અન્ય એક ડૉક્ટર પાર્થની તબિયતને લઈ મૂંઝવણ અનુભવી રહ્યા હતા પણ ભગવાને બધાંની પ્રાર્થનાઓ સાંભળી. ઈશ્વરે પૂજાને એકલી ન પડવા દીધી. એક અઠવાડિયા પછી પાર્થ ફરી એક સામાન્ય સિંહ બની ગયો. પૂજા અને પાર્થ ફરી પાછાં એક સાથે જીવવા લાગ્યાં. બધા કર્મચારીઓ આ અદ્ભુત દૃશ્ય જોઈ રહ્યા હતા. પાર્થને ધક્કો મારવો, તેના મોઢાને ચાટવું, તેના માથા સાથે માથું ઘસવું આ બધી ક્રિયાઓ દ્વારા જાણે પૂજા પાર્થને પૂછતી હોય, ક્યાં જતો રહ્યો હતો ભાઈ? હું ક્યારની એકલી પડી ગઈ હતી. ફરી વખત તેમનું સહિયારું ભોજન શરૂ થાય છે. અંત સુખદ તો બધું સુખદ. આ રીતે અન્ય એક વર્ષ તેઓએ સફળતાપૂર્વક પસાર કર્યું. હવે તે પાઠડા કે પાઠડી નથી રહ્યાં. ચાર વર્ષનો સિંહ તેમની ચરમસીમા પર હોય છે. પૂજા અને પાર્થ ભાઈ-બહેન તરીકે રહ્યાં છે. તેમનું મન અને મગજ ક્યારેય એકબીજા સાથે સમાગમ કે પ્રજનન કરવા માટે નહીં સ્વીકારી શકે. આવું વિચારી કર્મચારીઓએ ચર્ચા વિચારણા બાદ એવો નિર્ણય લીધો કે બંનેને અલગઅલગ રાખવામાં આવે અને બંનેને એક-એક વિજાતીય સાથીદાર આપવામાં આવે. આની પાછળ એક ગણિત હતું. બંનેને અલગ કરવામાં આવ્યાં. પાર્થ સાથે જોડીદાર તરીકે એક અન્ય સિંહણને રાખવામાં આવી અને પૂજા સાથે અન્ય એક સિંહને રાખવામાં આવ્યો. બંને મૂંઝવણમાં હતાં. શું કરવું? બંને જુદાં તો છે, પણ એકલાં નથી. લાગણી સરખી જ છે. ઘરે કોઈ વણજોઈતા મહેમાન આવ્યા હોય અને આપણને અતડાપણું કે અભાવ રહ્યા કરે એવું પાર્થ અને પૂજા પેલા અજાણ્યા સાથીદારો સાથે અનુભવવા લાગ્યા. જો કે થોડા દિવસમાં સિંહણ તો સમાગમ કરવા માટે તૈયાર થઈ. તેણે પાર્થની પાસે જવાનું શરૂ કર્યું, પણ કોણ જાણે કેમ પાર્થે તે ટાળ્યું. પાર્થે ક્યારેય પણ આવી કુદરતી પ્રક્રિયાઓ નથી જોઈ, તેથી તેને ખબર નથી પડતી શું કરવું. આ તરફ સાથીદાર તરીકે લવાયેલો પેલો સિંહ પૂજા પાસે જાય છે અને તેને સમાગમ કરવા ફરજ પાડે છે.

ગભરાયેલી પૂજા તેની પાસેથી ભાગીને દૂર જતી રહી. તેને લાગ્યું કે આ સિંહ તેને હાનિ પહોંચાડશે. કર્મચારીઓનો આ પ્રયોગ પણ નિષ્ફળ ગયો. અન્ય એક યોજના મુજબ પાર્થ અને પૂજાની બાજુના પાંજરામાં અન્ય એક સિંહ અને સિંહણને રાખવામાં આવ્યાં. ધાર્યા મુજબ થોડા દિવસોમાં સિંહ અને સિંહણની બીજી જોડી સમાગમની શરૂઆત કરે છે. ત્રણ દિવસ સુધી પાર્થ અને પૂજા આ સમગ્ર પ્રક્રિયા નિહાળે છે. ફરી વખત તેઓને અલગ અલગ પાંજરામાં જુદા જુદા સાથીદાર સાથે રાખવામાં આવે છે. આ વખતે તેમની આંતરિક ખૂબીઓ જેના માટે તેઓએ જન્મ લીધો છે તે ખીલવા માંડે છે અને બંને પોતપોતાના સાથીદારો સાથે સફળતાપૂર્વક સમાગમનો આનંદ લઈ એક અલગ દુનિયામાં પ્રવેશે છે. તે દિવસે પહેલી વખત અમે પાર્થ સિંહની ગર્જના સાંભળી અને પૂજા સિંહણનો પ્રેમ જોયો. અમે ક્યારેય વિચાર્યું નહોતું કે આ અનાથ બાળસિંહ આવી અવિસ્મરણીય યાત્રાનો સાથીદાર બનશે! બંને પોતાના સાથીદારો સાથે ઘણા આનંદથી જીવી રહ્યાં છે અને ટૂંક સમયમાં તેમના જીવનમાં એક નવું પ્રકરણ ઉમેરાશે!

=

# અમે આરોપી નથી

જો તમે પચાસ કેરીઓનો એક કરંડિયો ખરીદો અને પચાસેપચાસ કેરી એક સરખા સ્વાદની અને તાજી હોય એ શક્ય નથી. ખૂબ જ નસીબદાર માણસ હોય એના ભાગમાં પણ બે કે ત્રણ ખરાબ કેરી તો આવે જ. કેરીના કરંડિયામાં વિવિધતાની જેમ જ તમે એક જ વિસ્તારમાં સરખા વિચારવાળી વ્યક્તિઓની આશા ન રાખી શકો. પ્રાણીજગત માટે હજારો વ્યક્તિઓનો અભિગમ સકારાત્મક હોય છે. પણ થોડા લોકો નકારાત્મક મળે એમાં નવાઈ નહીં. જ્યાં સકારાત્મકતા છે ત્યાં નકારાત્મકતા પણ છે. આવા મનુષ્યોનો રાફડો આજે ફાટી નીકળ્યો છે અને આપણે એના સાક્ષી છીએ. આપણે સતત ઘટતી જૈવવિવિધતાથી પણ અજાણ નથી. સુખશાંતિ અને આરામદાયક જીવન જીવવાના નામે માનવી, જૈવિકતાનું નિકંદન કાઢવા નીકળી પડ્યો છે. જેમજેમ વસ્તી વધી રહી છે. તેમ તેમ અનાજ, પાણી અને રહેઠાણની જરૂરિયાતો વધી રહી છે. આ બધું જોતાં લાગે છે કે આપણાં નામો જૈવિકતાના સમાનાર્થીની જગ્યાએ વિરોધી બની રહ્યાં એવો આભાસ થાય છે. જૈવિકતાના ભોગે માનવી આધુનિકતા અને ટૅક્નિક આનંદ માણી રહ્યો છે. આ તો જાણે માનવી અને બીજી દરેક પ્રજાતિઓ વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું હોય એમ લાગે છે અને આ યુદ્ધમાં માનવીની હાર જે પ્રમાણે મજબૂત જણાઈ રહી છે તે જોતાં કદાચ આવનારાં વર્ષોમાં પ્રાણીજગત અને જંગલો છેલ્લા શ્વાસ લેતા જ થઈ ગયાં હશે. થોડાં વર્ષો પછી અંતરિક્ષમાંથી માનવી પૃથ્વીને જોશે. તો એને પૃથ્વી કદાચ માત્ર બે રંગોમાં જ દેખાશે. એક તો વાદળી રંગમાં અને બીજો તોતિંગ ઈમારતોથી બનેલા રાખોડી રંગમાં. માનવી અને પ્રાણીજગત વચ્ચે જોડાયેલા સંબંધોની દોરી દિવસે દિવસે પાતળી થતી જાય છે. આ સળગતા પ્રશ્નનો કોઈ ઉકેલ છે ખરો? દુનિયાની સૌથી વધુ વસ્તી ધરાવતા બીજા નંબરના દેશ ભારતમાં વિવિધ જૈવિકતાને બચાવવાના ઘણા પ્રશ્નો સામે આવી રહ્યા છે. તમારા આધુનિક ઘરની નજીક સિંહ અથવા વાઘ રહે છે, એવી કલ્પના ઘણી સુંદર લાગે છે. પરંતુ વાસ્તવિકતા સાવ જુદી છે. જે લોકો આ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે, એમના માટે આ એક અઘરો પ્રશ્ન છે. જ્યારે તમે ટીવી અને કમ્પ્યૂટર ઉપર સુંદર અને વિકરાળ પ્રાણીઓને જુઓ છો, ત્યારે રોમાંચિત થઈ જવાય છે. આ વાસ્તવિકતા તદ્દન બદલાઈ જાય છે, જ્યારે આજ સુંદર પ્રાણીઓ કોઈ ગામડા અથવા શહેરમાં પ્રવેશે છે ત્યારે પ્રાણીઓ અને માનવજાત વચ્ચેના લોહિયાળ જંગ સામાન્ય થતા રહ્યા છે. પાકને નુકસાન, પ્રાણીનું મૃત્યુ, માનવીને ઈજા અથવા મૃત્યુ, આ બધી સામાન્ય બાબતોનો સામનો મનુષ્ય અને પ્રાણીજગત કરી રહ્યું છે. પરંતુ આવાં ઘર્ષણ પાછળનાં સાચાં કારણો જાણ્યાં વગર આપણે પ્રાણીજગતને જ જવાબદાર ન ગણી શકીએ. જંગલોનો વિનાશ અને તેના કારણે ઘટી રહેલાં રહેણાંકો, જેવા મોટા મુદ્દાનો સામનો આ પ્રાણીજગત કરી રહ્યું છે. વસવાટનો અભાવ, પ્રાણીજગતને ગામડામાં પ્રવેશવા માટે મજબૂર કરી રહ્યા છે.

ભારતના જુદા જુદા પ્રાંતમાં અને જુદાજુદા ભૌગોલિક પ્રદેશોમાં ત્યાં રહેતા પ્રાણીજગતને અનુલક્ષીને વિવિધ પ્રકારના પડકાર અને પ્રશ્નો ઉદ્ભવી રહ્યા છે. પ્રાણીઓ, પુરાતન સમયથી ભારતીય સંસ્કૃતિનો હિસ્સો રહ્યાં છે. આ વાતને સાબિત કરવા ગુજરાત એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. જૈવિવિધતાને સાચવવા, પ્રાણીજગતનું વ્યવસ્થાપન અને સંવર્ધનના પ્રયત્નો વ્યવસ્થિત રીતે અને હેતુસર સરકાર અને પ્રજા બંનેએ સાથે મળીને કરવા જરૂરી છે. દરેક જીવિત પ્રાણી એકબીજા સાથે જોડાયેલું છે અને દરેક પ્રાણી એક અગત્યનો ભાગ છે. આ પૃથ્વી ઉપર એશિયાઈ સિંહ ગુજરાતનું માત્ર સાંસ્કૃતિક ચિહ્ન નથી પણ પર્યાવરણને ચલાવનારું એક

મહત્ત્વનું અંગ છે. સિંહ ગિરના જુદા જુદા વિસ્તારોમાં કોઈપણ સરહદ વગર મુક્ત રીતે વિચરણ કરે છે. સમય જતા માંગ અને ઇચ્છાઓ વધતાં ગામડાંઓ શહેરો બન્યાં અને માંગ અને પુરવઠા વચ્ચેનું સંતુલન બગડ્યું અને જંગલના વિસ્તારો ધીમેધીમે ખતરામાં આવતા ગયા.

સમૂહમાં રહેવાની આદત હોવાને લીધે એશિયાઇ સિંહને ઘણા મોટા વિસ્તારની જરૂરિયાત રહે છે. વસ્તીવધારા અને આધુનિકીકરણ અને સામે સિંહના વસ્તીવધારાના કારણે બંને એકબીજા જોડે જટિલ રીતે સંકળાઈ ગયા છે. આજે સિંહ માત્ર અભયારણ્ય પૂરતા સીમિત નથી રહ્યા. જમીનો વપરાશની રીતો બદલાયા બાદ ગિરમાં મનુષ્ય અને મોટા શિકારી પ્રાણીઓ વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા વધી રહી છે. તેમજ વધુ પડતા ઘર્ષણ અભયારણ્યની આસપાસના વિસ્તારોમાં જ થાય છે. નવાં અને જૂનાં ગામડાંઓના વિસ્તારમાં ઢોર ચરાવનારાઓનો જંગલ વિસ્તારમાં પ્રવેશ સિંહને માણસ અને ઢોર ઉપર હુમલો કરવા નોતરું આપે છે. છેલ્લાં થોડાક દાયકાઓથી ગિર ઉપર મનુષ્યનું દબાણ વધ્યું છે. માનવી જંગલની જમીન ઉપર આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યો છે, જ્યાં સિંહ પહેલાંથી વસવાટ કરી રહ્યા છે. જંગલમાં ઢોર ચરાવનારા પગપેસારો કરે છે. બીજી બાજુ જંગલની સરહદ ઉપર ખેડૂતો ખેતી કરે છે. પરિણામ સ્વરૂપે સિંહ અવારનવાર ઢોર ઉપર હુમલો કરે છે.

મોટા ભાગના અભયારણ્યો અને સુરક્ષિત વિસ્તારોને દીવાલો નથી. જેના કારણે સિંહ અને મનુષ્ય વચ્ચે ઘર્ષણ વધી રહ્યું છે. સિંહના હુમલાઓ અને બીજી તકલીફો હોવા છતાં ગિરની આસપાસ રહેનારી કોઈ પણ વ્યક્તિ સિંહને દુશ્મન ગણતી નથી. તિરસ્કાર અને હેરાન કરવાને બદલે લોકો એને મિત્ર ગણે છે. સ્થાનિક લોકોની મદદથી વનવિભાગ આવા ઘર્ષણને રોકવા હંમેશાં તૈયાર રહે છે. આફ્રિકન સિંહની સરખામણીમાં એશિયાઇ સિંહને માનવ મૃત્યુ કરતાં કે માણસખાઉ બનતા જોવા મળ્યા નથી. હમણાં થોડાં વર્ષોમાં સંઘર્ષોનું પ્રમાણ વધ્યું છે પણ સિંહ દ્વારા મૃત્યુ થયાના કિસ્સા ભાગ્યે જ જોવા મળે છે.

સિંહ જ્યારે કોઈ દૂધાળા પશુને મારે છે, ત્યારે લોકો માને છે કે તેઓ સિંહને તેના સામ્રાજ્યના વિસ્તારનો ઉપયોગ કરવા માટે વળતર ચૂકવી રહ્યા છે. તમે જીવનના બધા દિવસો સુખી ન માની શકો. દરેક દિવસે આપણે નવા પડકારોનો સામનો સહન કરવાનો હોય છે. આ બધું આપણા ઉપર આધાર રાખે છે કે આપણે પડકારનો સામનો કેવી રીતે કરીએ છીએ. આપણે યુદ્ધમાંથી ભાગી જઈએ છીએ કે આપણી ભૂલોમાંથી શીખીને આપણી જાતને નવા પડકારો માટે તૈયાર કરીએ છીએ.

દુનિયા એ મૂર્ખોની પેઢીઓ ધરાવે છે. આલ્બર્ટ આઇન્સ્ટાઇનના આ વિચારમાં ઘણો તર્ક રહેલો છે. માનવી પોતાના મૂર્ખામીભર્યા કાર્યો દ્વારા ક્યારેક વિનાશને આમંત્રણ આપી દે છે. તેમાં વસતા સજીવો માટે કુદરતે અમુક નિયમો ઘડ્યા છે અને જો તે આ નિયમોનું ઉલ્લંઘન કરે છે ત્યારે તેનું નુકસાન અથવા અઘરા પરિણામો ભોગવવાં પડે છે. આજકાલ લોકો પ્રસિદ્ધિ મેળવવા ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરતા હોય છે અને તેમની અનિયંત્રિત ઇચ્છાઓની પૂર્તિ કરવાના પ્રયત્નો ઘણી વખત દુષ્પરિણામો આપે છે. અહીં હું એક એવા યુવાનની વાત તમને કરીશ જેણે ઇન્ટરનેટ અને પ્રસાર માધ્યમો પર પ્રસિદ્ધ થવાની હોડમાં અમુક દૃશ્યોના ફોટા પાડવા માટે પોતાનો જીવ ગુમાવ્યો.

સિંહ અત્યારે માત્ર ગિરના જંગલ પૂરતા જ મર્યાદિત નથી રહ્યા, પણ ગુજરાતના ચાર જિલ્લામાં અને હજારો ગામડાંઓમાં મુક્તપણે વિહરી રહ્યા છે. આવાં ગામડાંઓમાં વસતા ગ્રામજનો ઘણા સુમેળથી સિંહ સાથે જીવી રહ્યા છે. સિંહના પરિભ્રમણ માટે જંગલ કે ગામડાના કોઈ સીમાડા નથી હોતા. તમે એવું કહી શકો કે ગામમાં જંગલ છે અને જંગલમાં ગામ છે. તક મળે ત્યારે ઘણી વખત સિંહ પાલતુપશુનો પણ શિકાર કરતા હોય છે. જૂનાગઢ

જિલ્લાના માળિયાના બાબરા ગામ પાસે ગિરનું જંગલ આવેલું છે. આ એશિયાઈ સિંહનો સંરક્ષિત વિસ્તાર છે. અહીં ઘણા સમયથી સિંહના ઘણા પરિવાર વસી રહ્યા છે અને લોકો પણ આ વાત જાણે છે. સંરક્ષિત વિસ્તારમાં માનવીય અવરજવર પર પ્રતિબંધ હોય છે. આનું કારણ એ છે કે, આવા વિસ્તારમાં વન્યપ્રાણી મુક્ત રીતે હરીફરી અને વિકસી શકે. અમુક અતિ જિજ્ઞાસુ અને મૂર્ખ લોભી લોકો માત્ર થોડા પૈસા મેળવવાની લાલચમાં આવા વિસ્તારમાં વસતા સિંહની નજીક જઈ તેના ફોટા પાડવાની અને પોતાનો જીવ જોખમમાં મૂકવાની ભૂલ કરે છે. આવા જ બે મિત્રોએ જંગલખાતાની પરવાનગી વગર ગેરકાયદેસર રીતે સંરક્ષિત વિસ્તારમાં જવાનું નક્કી કર્યું. વહેલી સવારે થોડાંક ખેતર ઓળંગીને તેઓ સંરક્ષિત વિસ્તારની સરહદે પહોંચ્યા. સંરક્ષિત વિસ્તારની ફરતે કરવામાં આવેલ દીવાલ ૪થી ૫ ફૂટ ઊંચી હતી. આ યુવાનો તે દીવાલ ઉપર ચડી બેઠા. જંગલમાં વહેલી સવારનો કૂણો તડકો આવી રહ્યો હતો, પોતાની મસ્તીમાં મસ્ત આ યુવાનો દીવાલ પર બેસી `માવા' (તમાકુ અને ચૂનાનું મિશ્રણ)નો આનંદ માણી રહ્યા હતા. ઠંડી હવા અને માવાના નશાના લીધે જાણે તેઓ સ્વર્ગની અનુભૂતિ કરી રહ્યા હતા. તેઓને ખબર ન હતી કે આ તેમનો અંતિમ આનંદ હશે, એમાં અચાનક તેમણે એક સિંહની જોડી જોઈ, એક ખડકાળ જમીન પર બેસી સિંહ-સિંહણ કુમળા તડકાનો આનંદ માણી રહ્યાં હતાં. એક યુવાનને સિંહના ફોટા પાડવાનું મન થયું. ફોટો પાડવા યુવાનો ધીમે ધીમે આ સિંહ-સિંહણની નજીક જવા લાગ્યા. જે યુવાન કૅમેરાથી ફોટા પાડી રહ્યો હતો તે સિંહ-સિંહણની એકદમ નજીક પહોંચી ગયો. સલામત અંતર જાળવી રાખવાની જગ્યાએ યુવાનો મૂર્ખામી કરી ગયા. એકદમ નજીક પહોંચ્યા બાદ યુવાનોને સમજાયું કે આ તો સમાગમ કરી રહેલાં સિંહ-સિંહણ છે! સિંહણે તેઓને જોયા, ચેતવણી આપતો ડારો પણ દીધો, પણ બંને યુવાનોએ સિંહણની ચેતવણીને અવગણીને ફોટા પાડવાનું ચાલુ રાખ્યું. લોકોને ખબર નથી હોતી કે સિંહનાં વર્તનો અલગઅલગ હોય છે. સિંહે પણ યુવાનોને જોયા અને પછી ફરી તેઓ પોતાની રતિક્રીડામાં મગ્ન થઈ ગયાં. કૅમેરાથી ફોટા પાડતા યુવાનને લાગ્યું કે દુનિયાનો સૌથી નસીબદાર માણસ એ જ છે, પણ તેને ખબર ન હતી કે ટૂંક સમયમાં તેનું નસીબ કંઈક અવળું જોર કરશે. સિંહણે ફરી વખત ડારો દઈ ચેતવણી આપી. જાણે તે કહેવા માંગતી હોય કે, મહેરબાની કરીને દૂર રહો. અમારી આ અંગત ક્ષણોને તમારી મૂર્ખામીથી બગાડશો નહીં. આ સમયે સિંહે પણ આવેગમાં આવી મોટી ગર્જના કરી તેના પડઘા ખૂબ જોરદાર હતા. બીજા યુવાને કહ્યું, `ભાઈ, ચાલ ઘણું થયું.' સિંહણે યુવાનો તરફ ઝંપલાવ્યું અને તેમને દોડાવ્યા. બંને યુવાનો હાંફળાફાંફળા ભાગતા દીવાલ કૂદીને બીજી તરફ જતા રહ્યા. સિંહણ પાછી ફરી. બીજા મિત્રએ ફોટોગ્રાફરને કહ્યું, `યાર માંડ માંડ બચ્યા, ચાલો હવે જઈએ.' વિનાશકાળે વિપરિત બુદ્ધિ. સંસ્કૃતનું આ વાક્ય ઘણું સાચું છે, જ્યારે અંત નજીક હોય ત્યારે માણસની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ફોટોગ્રાફર સાહેબે મિત્રની વાત ગણકારી નહીં અને તેણે પોતાના મિત્રને ફરી વખત પોતાની સાથે આવવા કહ્યું. ઘણી ચેતવણી મળ્યા છતાં, ફોટોગ્રાફર ફરી વખત દીવાલ કૂદી ફોટો પાડવા સિંહ અને સિંહણ તરફ ગયો. સિંહ યુગલ પોતાની કામક્રીડામાં મગ્ન હતું. આ તકનો લાભ લઈ ફોટોગ્રાફર તેનું સલામત અંતર ઓળંગીને તેમની સાવ નજીક પહોંચી ગયો. આ એની છેલ્લી ભૂલ હતી. છંછેડાયેલી સિંહણે ગર્જના કરતાં યુવાન પર તરાપ મારી. આ છલાંગ તેણે આ રમતને પૂરી કરવાના આશયથી જ લગાવી હતી. ગભરાયેલો ફોટોગ્રાફર કંઈ સમજે તે પહેલાં સિંહણ તેની એકદમ નજીક પહોંચી ગઈ. ફોટોગ્રાફર કૅમેરા ફેંકી જીવ બચાવતો દીવાલ તરફ દોડ્યો. સિંહણે દોડવાનુ શરૂ કર્યું, તેની ક્રોધિત આંખો અને વિકરાળ સ્વરૂપ સિંહણની નારાજગી સ્પષ્ટ રીતે વ્યકત કરતું હતું. પહેલાં તેણે કૅમેરો તોડી નાખ્યો. જાણે તે જાણતી ન હોય કે, બધી સમસ્યાનું મૂળ આ જ છે. પછી તરત તેણે યુવાન પાછળ દોડવાનું

શરૂ કર્યું. યુવાને દીવાલ કૂદવા કૂદકો લગાવ્યો પણ તેનો પગ સિંહણે પકડી લીધો. યુવાનનો આ છેલ્લો કૂદકો હતો. સિંહણનો ગુસ્સો બેકાબૂ બની ગયો હતો. માત્ર એક તીક્ષ્ણ દાંત અને યુવાને તેનો છેલ્લો શ્વાસ લઈ લીધો. બીજો યુવાન આ સમગ્ર ઘટનાક્રમનો પ્રત્યક્ષદર્શી હતો. યુવાને ગામ તરફ દોટ મૂકી અને ત્યાંથી વનવિભાગની કચેરીમાં જાણ કરી. તેની જીભ જાણે લકવાગ્રસ્ત થઈ ગઈ હતી. વનવિભાગના કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા. સ્થળની પરિસ્થિતિ જોઈ કર્મચારીઓ અચંબામાં પડી ગયા. સિંહણ ફોટોગ્રાફરના દેહ ઉપર પંજો રાખીને બેઠી હતી. તેના હાવભાવ જાણે કહી રહ્યા હતા કે તેને આવું કરવાનો કોઈ ઇરાદો નહોતો પણ આ યુવાને મારા માટે કોઈ વિકલ્પ બાકી રાખ્યો ન હતો. મેં તેને ઘણી ચેતવણી આપી પણ તેણે ગણકારી નહીં. આ ઘણી હતાશાપૂર્ણ ક્ષણો હતી. સિંહણને બેભાન કરી પાંજરે પૂરવામાં આવી અને પછી તેને રેસ્ક્યુ સેન્ટર ખાતે લાવવામાં આવી.

સિંહ માણસ ઉપર ક્યારેક જ હુમલો કરે છે. દરેક પ્રાણીને પોતાની અંગત ક્ષણો જીવવી હોય છે. સિંહ માટે સંવનનકાળ ઘણી અગત્યની ક્ષણો હોય છે. આ સમય દરમ્યાન કોઈપણ દખલગીરી કરે તે તેને પસંદ નથી. કહેવાતા પ્રકૃતિ પ્રેમીઓ અને ફોટોગ્રાફર માટે આ એક બોધકથા છે. તેમણે ક્યારેય પણ કુદરતના નિયમોને તોડીને પોતાની જીદ પૂરી ન કરવી જોઈએ.

મોરુકા ગામ નવનિર્મિત ગિર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકામાં આવેલું એક ગામ છે. મોરુકા તાલાલાથી ૧૫ કિ.મી. દૂર પણ સાસણ-ગિરથી બહુ દૂર નથી. ગિર સોમનાથ જિલ્લો જૂનાગઢથી અલગ પડેલ જિલ્લો છે.

મોરુકા મોટું ગામ નથી અને ખેતી મુખ્ય ધંધો છે. મોરુકા નાનો વિસ્તાર છે પણ કેસર કેરી માટે મોટું નામ છે. મોરુકાની આસપાસ કેસર કેરીના પુષ્કળ બગીચા છે. ગિરની તથા તાલાલા વિસ્તારમાં પાકી અને કાચી કેરીઓ પુષ્કળ પ્રમાણમાં જોઈ શકો છો. આંબાના ઝાડ પર એક જ સાથે કેરીઓ પાકતી નથી. ઘણી કાચી કેરીઓ નીચે પડી જાય છે. સ્થાનિક ગ્રામજનો નીચે પડેલ કેરીઓ ભેગી કરી તેનો વિવિધ રીતે ઉપયોગ કરે છે.

થોડાં વર્ષ પહેલાં માર્ચ માસમાં જ કેરીઓ પાકવાની શરૂઆત થયેલી. એક સ્ત્રી વહેલી ઊઠીને ઘરકામ કરી, થોડી કાચી કેરી વીણવા ઘરેથી નીકળી. ગ્રામ્ય સ્ત્રીઓ ચોવીસ કલાક એકલી રહેતી હોય છે. એને આખો દિવસ નાનાંમોટાં તમામ કામો કરવાં પડે છે. અહીંનો શુદ્ધ ઑક્સિજન જ તેમને આખો દિવસ કામ કરવાની શક્તિ પૂરી પાડે છે.

આપણી પાસે ઊંચી બિલ્ડિંગો, અવનવાં વાહનો, મોંઘાં રેસ્ટોરાં અને અમર્યાદિત મનોરંજનનાં સાધનો છે પણ તંદુરસ્તી ક્યાં છે? ગ્રામ્ય સ્ત્રી ભાગ્યે જ ત્રણ વખત ખાય છે છતાં ઘણી સારી તંદુરસ્તી ધરાવે છે. આધુનિક શહેરમાં રહેતી મહિલાઓ છ-છ વખત ખાય છે છતાં શારીરિક રીતે તંદુરસ્ત નથી.

આંબાનો બગીચો ઘરની નજીકમાં હતો. ત્યાં થોડી જ મિનિટોમાં એ સ્ત્રી બગીચામાં પહોંચે છે. દુર્ભાગ્યે એક (નોમેડિક) તરછોડાયેલ અર્ધપુખ્ત સિંહ આંબાના ઝાડની નીચે સૂતેલો છે. આ સ્ત્રી સિંહની હાજરીથી અજાણ છે, કારણ કે તે નાની કેરીઓ વીણવામાં મગ્ન છે. સિંહ માટે માણસની હાજરી કોઈ નવીનતા નહોતી. સિંહ સદીઓથી માનવસમાજ સાથે રહેતા આવ્યા છે. તેઓ સંવાદિતાથી રહે છે, પણ ક્યારેક માનવસમાજ અને સિંહ વચ્ચે બનતી તણાવપૂર્ણ સ્થિતિ માટે કોને દોષિત ગણવા? તેની મૂંઝવણમાં મુકાઈ જવાય છે.

તરછોડાયેલા સિંહ માટે આવી અર્ધપુખ્ત અવસ્થા ખૂબ તણાવભરી હોય છે. આવા નર પોતાને કુટુંબમાંથી શા માટે તગેડી મૂકવામાં આવ્યો છે તે સમજવાનો પ્રયત્ન કરે છે. તેમજ આવા નરને બીજા સશક્ત નરનો ભય પણ હોય છે. આવા નર સિંહને પોતાનો શાસિત વિસ્તાર કે કુટુંબનું રક્ષણ મળતું ન હોવાથી પોતે સ્વયં પ્રસ્થાપિત ન થાય ત્યાં સુધી બીજા

સિંહના સમૂહથી તેમજ બીજા સિંહથી સંતાતા ફરવું પડે છે. આ અર્ધપુખ્ત સિંહને કુટુંબે તગેડી મૂકેલો હોય છે. સલામત સ્થળની શોધ માટે બગીચામાં આવી ચડ્યો છે. બગીચામાં પાણી તેમજ ધોમધખતા સૂર્ય સામે સારો છાંયડો મળે, તેથી બગીચામાં સમય પસાર કરવાનું નક્કી કર્યું હોવું જોઈએ.

સિંહને માનવીની હાજરીની ખબર હોય, પણ માનવને સિંહની હાજરીની ખબર ન હોય, ત્યારે જ મુશ્કેલી સર્જાય છે. બીજી પરિસ્થિતિ જેવી કે માનવ અને સિંહ બંને એકબીજાની હાજરીથી અજાણ હોય ત્યારે તણાવ સર્જાય છે. પણ આશ્ચર્ય એ છે કે સૌથી વધુ ઘર્ષણના બનાવો જ્યારે માનવ અને સિંહને એકબીજાની હાજરીની ખબર પડે છે ત્યારે જ બને છે! ઘણી વખત માણસો સિંહની હાજરીને ઓછું મહત્ત્વ આપીને સિંહના સલામત ક્ષેત્રની હદ વટાવે છે. દસકાઓથી સ્થાનિક લોકો માને છે કે, સિંહ આપણો મિત્ર છે અને આપણને હાનિ પહોંચાડતો નથી. સિંહ માનવને હાનિ પહોંચાડવા માંગતો નથી. સિંહ તેવું સારી રીતે જાણે છે, પણ આખરે સિંહ વન્યપ્રાણી છે. સિંહ માનવીની ભાષા બોલી શકતો નથી અને સમજી પણ શકતો નથી. હંમેશાં મર્યાદા રેખા દોરી શકતો નથી. સિંહની હાજરીની જાણ આ સ્ત્રીને હતી કે નહીં, તેની કોઈને ખબર નથી. આ સ્ત્રીએ અતિવિશ્વાસમાં તેની અને સિંહની હદ મર્યાદામાં આવતાં, સિંહ સ્ત્રીની હાજરીને સહન ન કરી શક્યો. ઘર્ષણ આખરે પેલી સ્ત્રીનાં મૃત્યુમાં પરિણમ્યું.

આજુબાજુની વાડીમાં કામ કરતા ગ્રામજનો સ્ત્રીની મદદે આવ્યા, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. આ સ્ત્રી આખરી જીવનસંગ્રામ હારી ચૂકી હતી. ગ્રામજનો માટે આ ઘણી દુ:ખદ ઘટના હતી. થોડી જ મિનિટોમાં લોકો એકઠાં થઈ જતાં, પરિસ્થિતિ તણાવભરી બની. જંગલખાતાના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા અને મૃતદેહને પોસ્ટમૉર્ટમ માટે રવાના કર્યો.

સિંહ માનવપ્રભુત્વ ધરાવતા લૅન્ડસ્કેપમાં સંવાદિતાથી રહે છે, પણ ઘણી વખત આવા બનાવો બને છે. ત્યારે આપણી જાતને એક સવાલ પૂછીએ કે આવા બનાવ માટે કોણ જવાબદાર છે? સિંહની વસ્તી વધે છે અને પોતે ગુમાવેલા સામ્રાજ્ય પર ફરી હક્ક પ્રસ્થાપિત કરવા ઇચ્છે છે, જ્યારે આપણે માનવોએ તેના આવાસમાં અતિક્રમણ કરી અને ચારે બાજુએથી દબાણ કરી, વિસ્તરવા માટે કોઈ જગ્યા છોડી નથી.

=

# હોશિયાર અને જિજ્ઞાસુ

એક સવારે જૂનાગઢના એક રહીશ સવારની ચાની મજા માણતા માણતા વર્તમાનપત્ર વાંચી રહ્યા હતા. વર્તમાનપત્રમાં ભૂતકાળની વાતોનો ઉલ્લેખ વર્તમાન પરિસ્થિતિ સાથે સાંકળીને કરવામાં આવે છે અને તેમણે એક સમાચાર વાંચ્યા. મથાળું હતું : ગઈ રાત્રે સિંહના એક સમૂહે ગણેશજીની મૂર્તિ ખંડિત કરી. સમાચાર વાંચતા હતા ત્યાં એક ફોન આવ્યો. વાત કરતાં કરતાં શ્રીમાને આ સમાચાર સામી વ્યક્તિને જણાવ્યા. ફોન પૂરો થયા બાદ સામી વ્યક્તિએ આ સમાચાર પોતાના ધર્મપત્નીને કહ્યા : `જોયું. સિંહનાં ટોળાંએ ભગવાન ગણેશની મૂર્તિને નિશાન બનાવી.' શબ્દ બદલાયો `ખંડિત'થી `નિશાન' શબ્દ બની ગયો. સ્ત્રીઓ માટે વાત પચાવવી અઘરી હોય છે. શાકભાજી ખરીદતાં શ્રીમતીજીએ આ સંદેશ પોતાના પાડોશીને આપ્યો. `શું તને ખબર છે? કાલે રાત્રે પેલા સાવજોનાં ટોળાંએ જાણી જોઈને ગણપતિ બાપાની મૂર્તિ તોડી નાખી.' અહીં શ્રીમતીજીએ એક નવો શબ્દ ઉમેર્યો `જાણી જોઈને.'

વિશ્વમાં બે બાબત તદ્દન અનિયંત્રિત છે. એક સુંદર સ્ત્રી સાથે વાત કરતા પુરુષનું મન કાબૂમાં રહેવું અને બીજું, શહેરમાં ફરતી મફત અફવાઓનો ફેલાવો થતો રોકવો. આખા શહેરમાં આ વાત વાયુવેગે પ્રસરી ગઈ. આવી વાતો ફેલાવનારા લોકો આખો દિવસ નવરા બેઠા હોય છે, પણ દેખાવ એવો કરે છે કે જાણે તેઓ માનવ સંસાધન વિકાસ મંત્રાલય ચલાવતા હોય! આવા મહાનુભાવો વાતોને અલગ વળાંક આપવામાં કાબેલ હોય છે. તમે માત્ર એક શબ્દ આપો, તેઓ આખી વાર્તા તમને બનાવી આપશે. તમે મુશ્કેલીમાં મુકાઈ જશો કે આ શું છે? સાંજ સુધીમાં આ પાયા વગરની વાત વિશેષ સમાચાર બની ગઈ. અરે, મહેરબાની કરીને આ નિર્દોષ જનાવરોને તો આ પીળા પત્રકારત્વથી દૂર રાખો! તમે જ્યારે તેમને હેરાન કરો છો ત્યારે તે છંછેડાય છે. આપણે પ્રાણીઓને હેરાન કરીએ છીએ. તેમના વસવાટોનો નાશ કરીએ છીએ. તેમના વસવાટો ઘટી રહ્યા છે અને ઊલટાનું એમ કહીએ છીએ કે આપણે તેમના શિકાર બનીએ છીએ! આ ખોટું છે. આ મોભાદાર પ્રાણીઓ પણ જિજ્ઞાસુ છે. તેમને પણ તેઓની આસપાસ થઈ રહેલા ફેરફારો વિશે જાણવાની ઇચ્છા હોય છે. જો કોઈ દીપડાને ગામમાંથી પકડવામાં આવે અને પછી તેને જંગલમાં છોડવામાં આવે તો સૌથી પહેલાં તે કોઈ ઊંચાઈવાળી જગ્યાએ જઈ ચારે તરફ જોશે. જો તેને ક્યાંક અજવાળું દેખાશે તો તે અજવાળાની દિશા તરફ ચાલવા લાગશે. ઘણી વખત દીપડા એક જ ગામમાંથી વારંવાર પકડાય છે. સિંહ સતત શીખતું પ્રાણી છે. સિંહ માણસો પાસેથી ઘણું શીખ્યો છે. ખેતરમાં કામ કરી રહેલા ખેડૂત પર સિંહ ક્યારેય હુમલો નથી કરતો. તે માત્ર શાંતિથી તેને જોયા કરે છે. ગિરનાં જંગલોની ફરતે ઘણાં ગામડાંઓ આવેલાં છે. ગામના લોકો વાર તહેવારે પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરતા હોય છે. ઘણી વખત આવી ઉજવણીઓ મોડી રાત સુધી ચાલતી હોય છે. જંગલમાં રાત્રે દીવાનું અજવાળું નથી હોતું. સિંહ જ્યારે ઝળહળતો પ્રકાશ જુએ કે તરત જ જિજ્ઞાસાવશ તે અજવાળાને વધુ નજીકથી જોવા જશે. બીજું આવા સાંસ્કૃતિક કાર્યક્રમો, લગ્ન તેમજ અન્ય પ્રસંગોમાં ખૂબ મોટા અવાજે ગીત સંગીત વગાડતા હોય છે. જંગલ હંમેશાં શાંત હોય છે. પણ તમને ક્યારેક જંગલમાં અવાજ સંભળાશે. ગામમાંથી આવતા આવા ઘોંઘાટનું રહસ્ય જાણવા ધીમેધીમે સિંહ ગામની નજીક જાય છે. ભૂતકાળમાં એવું બન્યું છે કે ઘોંઘાટથી સિંહ અચાનક ગામમાં આવી ચડે ત્યારે તે કોઈને રંજાડ્યા વગર શાંતિથી બેઠો હોય. અચાનક તેની હાજરીની જાણ થતાં ગામમાં નાસભાગ મચી ગઈ હોય, થોડા મહિના પહેલાં એક ગામમાં ધાર્મિક કાર્યક્રમ ચાલી રહ્યો હતો. સંગીતના અવાજથી કે ટમટમતી

રોશનીના પ્રકાશથી સિંહનો એક સમૂહ ગામમાં આવી ચડ્યો. કોઈને પણ સિંહના આગમનની જાણ નહોતી અને સિંહનો સમૂહ પણ કાર્યક્રમથી દૂર સલામત અંતરે બેઠા હતા. પણ દુર્ભાગ્યે સમૂહે એક ઢોર જોઈ લીધું. વાંધો નહીં, કાર્યક્રમ પૂરો થયા બાદ આપણે ઉજાણી કરીશું. આવું સિંહ વિચારી ન શકે. ઢોરને સિંહની ખબર પડી તે પહેલાં તો સમૂહે ઢોર ઉપર હુમલો કરી દીધો. ચાલુ કાર્યક્રમ અચાનક બંધ થઈ ગયો. લોકોએ નાસભાગ મચાવી દીધી અને અહીં વળી પાંચ-છ સિંહ એકસાથે હતા. ઢોરને પકડવા બધા સિંહે ચારે તરફથી હુમલો કર્યો. આમાંથી એક સિંહ ગણેશજીની મૂર્તિ પાસે પહોંચી ગયો. નાસભાગમાં ગણપતિની મૂર્તિ ખંડિત થઈ. સિંહ પાસેથી ધાર્મિક બાબતોને લગતા વર્તનોની આશા ન રાખી શકાય. તેમણે શિકાર જોયો અને હુમલો કર્યો. સિંહનું આ એક સાહજિક વર્તન જ હતું અને બીજા દિવસે મરીમસાલાથી ભરપૂર સમાચાર ફેલાયા!

કોઈપણ જાનવર માણસને હાનિ પહોંચાડવા નથી માંગતો. તે તો દરેકને એક વસ્તુ તરીકે જુએ છે. તમે જો સ્થિર રહો તો તેમને વાંધો નથી, પણ જો તમે હલનચલન કર્યું તો તેઓ માટે તમે ભયજનક છો. ટિટોડી આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તમે જો તેની પાસેથી પસાર થઈ જાઓ તો તેને કોઈ ફેર પડતો નથી, પણ જો તમે તેની સામે બેઠા તો તે તેને ગમતું નથી. આપણે મનુષ્યો ઘણી સારી સમજશક્તિ અને વિચારસરણી ધરાવીએ છીએ. પણ ઘણી વખત મૂર્ખામીભરી વાતોને અનુસરીને ખોટાં ઘર્ષણ ઊભાં કરી દઈએ છીએ.

થોડાં વર્ષો પહેલાંની વાત છે. અમને સમાચાર મળ્યા કે સિંહના એક સમૂહે એક રાતમાં સાત માલ-ઢોરને મારી નાખ્યાં છે. માલ-ઢોરનું મારણ એ મોટી વાત નથી, એ તો સદીઓથી થતું આવ્યું છે. સિંહનો સમૂહ ઘણી વખત માલધારીના પશુઓનું મારણ કરે છે, પરંતુ તે એક સમયે એક જ ઢોરનું મારણ કરે છે. એક ગાય કે એક ભેંસ તેમના એક સમૂહ માટેનું પર્યાપ્ત ભોજન છે.

સાત ઢોરનું મારણ, એક રાતમાં! આ ઘટના જ સૂચવતી હતી કે સિંહનો સમૂહ ગામમાં પ્રવેશ્યો હશે અને ચોક્કસપણે રહેણાંક વિસ્તારમાં પ્રવેશીને માલ-ઢોરને મારી નાખ્યાં હશે. આ થોડી સંવેદનશીલ બાબત હતી, છતાં અમે તે સ્થળની મુલાકાત લેવાનું નક્કી કર્યું. જેથી અમને એ વાતની જાણ થાય, કે ખરેખર શું બન્યું હતું. અમે ત્યાં પહોંચીને જે દૃશ્ય જોયું તે જોઈ અમારી ધારણા ખોટી પડી. અમે આશ્ચર્યમાં ડૂબી ગયા. આ એક સામૂહિક કતલ હતી. પશુઓનાં શરીર વેરણછેરણ હતાં અને એક-બે પશુ અડધાં ખવાઈ ચૂકેલાં હતાં.

અહીં માલધારીઓને તેમનું વળતર આપવાનો નિયમ છે. માલધારીના પશુને સિંહ મારી નાખે તો વનવિભાગ વળતર રૂપે અમૂક રકમ ચૂકવવા બંધાયેલો છે. આ બાબતે માલધારીની ઉંમર અને ઉત્પાદનક્ષમતા, બંનેને ધ્યાનમાં લેવામાં આવે છે. પણ અહીં સાત માલ-ઢોરનાં નુકસાન સામે વનવિભાગે કોઈ જ વળતર આપવાનું નહોતું. એનું માત્ર એક જ કારણ – સિંહની ઉપયોગિતા.

જંગલ વિસ્તાર અને રહેણાંક વિસ્તાર વચ્ચે સરહદી રેખા છે. નિયમ એવો છે કે જો સિંહ જંગલની હદની બહાર કોઈ માલ-ઢોરની હત્યા કરે તો તેનો માલિક તે પશુ સામે વળતર મેળવવા માટે હકદાર છે.

પણ અહીં તો સાતેય પશુ જંગલની હદની અંદર મૃતઅવસ્થામાં મળી આવ્યાં અને આશ્ચર્યની વાત એ હતી કે એ પશુ જંગલની હદથી બહુ અંદર પણ નહોતાં. છેલ્લા મૃત પશુનો મૃતદેહ સરહદી રેખાથી ફક્ત ૧૫ ફૂટ દૂર હતો. અમે માલ-ઢોરના માલિકને મળ્યા તો વળી વધુ આશ્ચર્યમાં મુકાઈ ગયા.

તેણે જણાવ્યું કે આગલા દિવસે બપોરે માલ-ઢોર ચરાવીને તે પાછો વળી રહ્યો હતો, ત્યારે

તેને જાણવા મળ્યું કે રસ્તામાં કેટલાક સિંહ સૂતા છે. તેણે પોતાના પશુઓને આગળ વધતાં અટકાવી દીધાં, કારણ કે તે જાણતો હતો કે પશુઓને લઈને તે આગળ વધશે તો પરિણામ શું આવશે! થોડા સમય પછી તેણે ખાતરી કરી કે સિંહનો સમૂહ તે જગ્યા છોડી ચાલ્યો ગયો છે, તેથી તે આગળ વધ્યો. જેવો તે સરહદી રેખા સુધી પહોંચ્યો, કે એક સિંહ જે સરહદની બહાર રાહ જોઈને ઊભો હતો, તેણે પશુઓનાં ધણ પર હુમલો ન કર્યો, પણ પશુઓને જંગલની હદમાં ધકેલવા લાગ્યો. જ્યારે ડરી ગયેલાં પશુઓ જંગલમાં પ્રવેશ્યાં અને બાકીનો સિંહસમૂહ, જે તકની રાહ જોઈ રહ્યો હતો તેણે હુમલો કરીને સાત પશુઓને મારી નાખ્યાં. સમગ્ર સિંહસમૂહની આ એક પૂર્વઆયોજિત વ્યૂહરચના હતી. સિંહ પોતાના જંગલની હદને સારી રીતે જાણે છે. સામાન્ય રીતે તેઓ ગ્રામ્યવિસ્તારમાં પ્રવેશતા નથી, પણ તક મળતાં તે આવી રીતે હુમલો કરી મારણ કરી લે છે. સિંહ સારી રીતે જાણે છે કે તેઓ ક્યાં સલામત છે અને ક્યાં અસલામત!

અમારા માટે આવા પ્રસંગો નવા નથી. વર્ષોના અનુભવથી સિંહ પોતાના જંગલની હદ અને માનવ હદને સારી રીતે ઓળખે છે. કોઈ પ્રાણીને તેણે જંગલની હદની નજીક માર્યું હોય તો પહેલાં તેને જંગલ વિસ્તારમાં લઈ જાય છે. પછી તેનું મારણ કરે છે.

=

# જન્મજાત રાજવી સ્વભાવ

ભિન્નતા, આકર્ષણનો આ મૂળભૂત સિદ્ધાંત છે. નર અને માદાના સંવનનથી નવા જીવનની શરૂઆત થાય છે, પણ કોની સાથે સંવનન કરવું એ હંમેશાં માદા જ નક્કી કરે છે. સિંહ ગમે તેટલો બળવાન અને જોહુકમી કરનાર કેમ ન હોય, પણ માદાની પસંદગી ઉપર જ બધો આધાર રાખે છે.

તમે ધનવાન છો એટલે શું કોઈ પણ સ્ત્રી તમારા ચરણમાં મસ્તક ઝુકાવી દેશે? તમે તમારા પૈસા તમારા ખિસ્સામાં રાખો. એવી ઘણી સ્ત્રીઓ છે જે પૈસા કરતાં જ્ઞાન અને શાણપણને મહત્ત્વ આપે છે. સ્ત્રીઓની પસંદગીમાં પુરુષ દેખાવડો, શક્તિશાળી, ભરોસાપાત્ર અને તેના પરિવારની કાળજી રાખવાવાળો વ્યક્તિ હોવો જોઈએ આ પ્રકારની પસંદગીપ્રક્રિયા મનુષ્યો અને પ્રાણીઓમાં લગભગ સમાન જ હોય છે.

પ્રાણીઓમાં માદાને આકર્ષિત કરવા નરે વધુ મહેનત કરવી પડે છે. મનુષ્યોમાં પુરુષ પોતાનું શરીર સૌષ્ઠવ વિકસાવીને, સારા પહેરવેશથી અને બીજી અમુક સારી ટેવો વિકસાવીને સ્ત્રીઓને આકર્ષિત કરવા પ્રયત્ન કરે છે. પ્રાણીઓમાં પણ આવી ખાસિયતો કુદરતે બક્ષેલી છે. જેમ કે મોરને આકર્ષક પીછાં આપેલાં છે. પક્ષીઓમાં નરને સુંદર મધુર કંઠ આપેલા છે. નીલગાય પાસે ધારદાર શિંગડા છે, ચીતલ પણ સુંદર વાંકાચૂંકા શિંગડા ધરાવે છે, જંગલીભૂંડના દાંત ધારદાર હોય છે. તેમના મોટા દાંત માદાને આકર્ષિત કરવા અને સંવનન સમયે વર્ચસ્વ બતાવવા ખૂબ ઉપયોગી હોય છે.

આપણે સિંહની વાત કરીએ તો સિંહની કેશવાળી એ તેના તાકાતના પ્રતીક સમાન છે. કોઈપણ પુરુષની કલ્પના કરવાની હોય ત્યારે તેની સરખામણીએ સિંહનાં લક્ષણો જેવાં કે, આક્રમક, હિંમતવાન અને પ્રભાવશાળી યાદ આવે.

સિંહનો આકર્ષક દેખાવ માત્ર થોડા શબ્દોમાં વર્ણવી શકાય. સિંહના સમૂહમાં પાઠડા, શાસક સિંહ, ભાગેડુ સિંહ, આવા અલગ અલગ પ્રકાર હોય છે. જે તેના કદ અને વ્યક્તિત્વના સૂચક હોય છે. એશિયાઈ સિંહમાં તેમના બાળપણથી જ તેમનો વિકાસ શરૂ થઈ જાય છે. તમે બાળસિંહની આછીઆછી કેશવાળી જોઈ શકો છે. આ કેશવાળી તેમની ઉંમર વધતાં ભરાવદાર થતી જાય છે. સિંહની ભરાવદાર કેશવાળી અને સંવનન માટે પાત્ર પસંદગીના જોડાણને અમે જોયું છે. થોડાં વર્ષો પહેલાં બે સિંહ દ્વારા એક સમૂહ ઉપર નવું નવું આધિપત્ય જમાવવામાં આવ્યું હતું. સમૂહની સિંહણે ધીમે ધીમે તેમનું વર્ચસ્વ સ્વીકાર્યું હતું. સમૂહની બધી માદાઓ એક પછી એક સંવનન માટે તૈયાર થઈ હતી. આશ્ચર્યની વાત એ હતી કે આ સમૂહની સિંહણે બંને સિંહમાંથી પ્રથમ કાળી અને ભરાવદાર કેશવાળી ધરાવતા સિંહ પાસે જવાનું પસંદ કર્યું હતું. બીજા સિંહની કેશવાળી સોનેરી હતી અને ભરાવદાર પણ વધુ હતી, પણ સિંહણોએ કાળી કેશવાળી ઉપર પસંદગી ઉતારી હતી. કદાચ કાળી કેશવાળી તેમને વધુ આકર્ષિત કરતી હોય તેવું બને. સિંહણ માટે કેશવાળી લાંબી કે ભરાવદાર હોવી કદાચ મહત્ત્વની બાબત ન હોય, પણ હા, કાળી કેશવાળી તેમને કંઈક અલગ અનુભૂતિ જરૂર કરાવે છે!

અવલોકનો એવું કહે છે કે કાળી કેશવાળી ધરાવતા નર પ્રમાણમાં વધુ તંદુરસ્ત હોય છે, કારણ કે તેમના શરીરમાં ટેસ્ટોસ્ટેરોનનું પ્રમાણ સોનેરી કેશવાળી ધરાવતા સિંહ કરતાં વધારે હોય છે. અન્ય એક વાસ્તવિકતા એ પણ છે કે કાળી કેશવાળી ધરાવતા સિંહ જો ઘવાય તો તેઓ વહેલા સાજા થઈ જાય છે. સામ્રાજ્ય વિસ્તારની લડાઈમાં આવા સિંહની જીતવાની અને બચી જવાની શક્યતા વધુ હોય છે.

એશિયાઇ સિંહ અને આફ્રિકન સિંહની કેશવાળીમાં તફાવત હોય છે. આફ્રિકન સિંહની કેશવાળી લંબાઈમાં મોટી અને ભરાવદાર હોય છે. તે એના આખા ચહેરાને ઢાંકે છે. એશિયાઈ સિંહના માથા ઉપર કેશવાળી નથી હોતી, પણ શરીરના બીજા ભાગો ઉપર હોય છે. કેશવાળીનો રંગ, તેની લંબાઈ અને કદ કરતાં વધુ મહત્ત્વ ધરાવે છે.

ફાયદાના કેટલાક ગેરફાયદા પણ હોય છે. આપણે બધા જાણીએ છીએ કે સિંહ એ જંગલનો રાજા છે. તેનું પ્રભાવશાળી વ્યક્તિત્વ તેને બીજાં પ્રાણીઓથી અલગ તારવે છે. કાળી અને ભરાવદાર કેશવાળીથી આવા સિંહ તેના શિકારની નજરમાં સરળતાથી આવી જાય છે. જે સિંહને શિકારમાં તકલીફરૂપ સાબીત થાય છે. મનુષ્યોમાં પણ રંગભેદ હોય છે.

જંગલની કેટલીક વિકરાળ બિલાડીઓ સાથેના ઘણા બધા અનુભવો અમે કર્યા છે. તેમની બુદ્ધિચાતુર્યની તો વાત જ કંઈક અલગ છે. ઘણાં લોકો એવી ખોટી માન્યતા ધરાવે છે કે સિંહ એ આળસુ પ્રાણી છે, તેઓ ખાય છે અને સૂઈ જાય છે. પણ જ્યારે તેમની દુનિયામાં ડોકિયું કરશો ત્યારે તેમના વિશ્વની વાતો તમને આશ્ચર્યચકિત કરી દેશે.

સિંહ કુશળ શિકારી છે, તેઓ જાણે શક્તિનો સ્રોત છે, તેઓ કોમળ છે, રમૂજી છે, કઠોર છે, સંવેદનશીલ છે, જિજ્ઞાસુ છે અને સૌથી મોટી વાત એ કે તેઓ તમને મૂર્ખ બનાવવામાં હોંશિયાર છે! વિશ્વાસ કરો, તેઓ જે કરે છે તેમાં કંઈ ખોટું નથી.

તેમના કાર્યમાં પણ કળા રહેલી છે. તેમની ચાલવાની પણ આગવી છટા છે. હા, એ તમને ટીવી. સામે સ્થિર કરી શકે છે. ક્યારેક ટેલિવિઝનમાં આવતી ફૅશનની ચૅનલનોમાં આવી `ચાલ'ને `કેટવૉક' કહેવામાં આવે છે. આનું પણ કારણ છે. તેમની ચાલવાની છટા તેમના વ્યક્તિત્વને વધુ પ્રભાવશાળી બનાવે છે. આ શબ્દ પણ ક્યાંક બિલાડી સાથે સંકળાયેલો છે અને તેમની સરખામણી સિંહની “સંમોહક ચાલ” સાથે કરવામાં આવે છે.

સિંહ તમારી આગળ પોતાની મસ્તીમાં મગ્ન થઈને ચાલી રહ્યો છે. તેને કંઈ પડી નથી કે તેની આજુબાજુ શું થઈ રહ્યું છે. તેને ખબર છે કે તે જંગલનો રાજા છે. એને કોઈની પડી નથી. તે એક બહાદૂર અને વિનમ્ર રાજવી છે. તેને જરૂર હોય ત્યારે જ તે મારણ કરે છે. તમે સિંહની શક્તિ તેની આંખોમાં જોઈ શકો છો. એકદમ સંમોહક આંખો હોય છે. સિંહનું ગૌરવ અને રુઆબ તેની ચાલમાં જોઈ શકાય છે. તે ચાલતાં ચાલતાં અચાનક પાછું વળીને જુએ છે. તેની જોવાની આ અદા જ કંઈક અલગ અનુભૂતિ કરાવે છે. તેની જોવાની આ છટાને `સિંહાવલોકન' કહેવાય. સિંહાવલોકન એટલે સફળતા મળ્યા બાદ પરિસ્થિતિની માહિતી મેળવવા માટે કરવામાં આવતું અવલોકન.

એક સમી સાંજે અમે અમારા નિયમ મુજબ જંગલમાં આંટો મારવા ગયા હતા. અમુક કિલોમીટરની મુસાફરી બાદ અમે એક સિંહણ જોઈ. સાંજના લગભગ ૫-૩૦ થયા હતા. અમે અમારું વાહન સિંહણથી ૮૦ ફૂટ જેટલું દૂર ઊભું રાખ્યું. અમારું વાહન જોઈ સિંહણે ચાલવાનું શરૂ કર્યું. તેના હાવભાવ જોઈ અમે તેને અનુસર્યા. તે અમારી આગળ આગળ અને અમે તેની પાછળ પાછળ. તે એકદમ સામાન્ય રીતે ચાલી રહી હતી. અચાનક તેણે રસ્તા ઉપરથી ઊતરી જમણી તરફ વળાંક લીધો અને તેણે અમને જોવાનું શરૂ કર્યું. એ ઘાસવાળો એક વિસ્તાર હતો. ત્યાં તે બેસી ગઈ. અમે અમારું વાહન ઊભું રાખીને બંધ કર્યું તો સિંહણે ઊભા થઈ ફરી ચાલવાનું શરૂ કર્યું.

સિંહણ ચાલી જતી હતી અને અમે તેની પાછળ ગાડી ચલાવતા જાતજાતની ધારણાઓ કરતા જતા હતા. અમે સફરજન ખાવાનું શરૂ કર્યું. સામાન્ય રીતે અમારી ગાડીમાં કંઈક અલ્પાહાર તો હોય જ અને મોટાભાગે તે સફરજન જ હોય! કહેવાય છે ને કે, `રોજ એક સફરજન ખાઓ. દર્દ-ડૉક્ટરને ભૂલી જાઓ.' પણ અત્યારે એક સફરજન અમને ગાડી

હંકારવામાં મદદરૂપ હતું. ફરી વખત સિંહણે રસ્તો બદલ્યો. તેણે રસ્તા પરથી ઊતરી ડાબી તરફ આવેલા પાણીના કુંડ પાસે જઈને થોડું પાણી પીધું અને પછી ત્યાં પાણીના કુંડ પાસે બેઠી. ૧૦ મિનિટ પસાર થઈ. ફરી પાછી તે ઊભી થઈ અને ચાલવા લાગી. અમને અમારાં માથાં પછાડવાની ઇચ્છા થઈ, કારણ કે અમે જ્યાંથી તેને અનુસરવાનું શરૂ કર્યું હતું, ત્યાં જ એ અમને લઈ જઈ રહી હતી. તેનું વર્તન અમને મૂંઝવતું હતું. છેવટે અમે એ તારણ પર આવ્યા કે સિંહણે અમને મૂર્ખ બનાવ્યા. પણ જ્યારે અમે તેની નજીક પહોંચ્યા ત્યારે અમને તેની આ મહેનતનું કારણ જાણવા મળ્યું. તે બચ્ચાંવાળી સિંહણ હતી. કદાચ તે તેનાં બચ્ચાં પાસે જઈ રહી હતી. તેનાં બચ્ચાં કદાચ ચાર અઠવાડિયા કરતાં પણ નાનાં હતાં. આવા કિસ્સામાં ભાગ્યે જ કોઈ સિંહણ પોતાનાં બચ્ચાંને બહાર લઈ જાય છે. તે અમને તેનાં બચ્ચાં બતાવવા નહીં માંગતી હોય. તેણે અમને તેનાં બચ્ચાંથી દૂર રાખવા અમને ગોળ ગોળ ફેરવ્યા હતા. અમે મૂર્ખ જરૂર બન્યા, પણ તેની પાસેથી અમે ઘણું શીખ્યા!

સિંહ જ્યારે પોતાની મોજમાં હોય ત્યારે તેની ઉપરથી તમે નજર હટાવી શકતા નથી. એક જૂની કહેવત છે કે, સિંહ તમને સંમોહિત કરી શકે છે, જો તમે તેની સામે લાંબો સમય જોયા કરો! આ બધી વાતોને કોઈ વૈજ્ઞાનિક પુરાવાની જરૂર નથી. આ તો સ્થાનિક લોકોનું સિંહ પ્રત્યેનું માન અને સન્માન રજૂ કરે છે. અન્ય એક રમૂજી ઉદાહરણ છે. સિંહની તોફાની ચાલ અમને બરાબર યાદ છે. જૂન મહિનાની એક ઢળતી સાંજના સમયે અમે જંગલમાં અમારી ગાડી લઈને પસાર થઈ રહ્યા હતા. છ વાગ્યા હશે. અમે જોયું કે એક સિંહ કંઈક વિચિત્ર રીતે ખૂબ ઝડપથી ચાલી રહ્યો હતો. તે દોડી રહ્યો ન હતો પણ ઝડપથી ચાલી રહ્યો હતો, જાણે મૅરેથૉનનો કોઈ દોડવીર તાલીમ ન લઈ રહ્યો હોય! જો તમે દોડની સ્પર્ધામાં ભાગ લીધો હોય તો તમે જેમ બને તેમ ઝડપી દોડવાનો પ્રયત્ન કરશો, પણ આ સાહેબ તો ઝડપી ચાલવાની પ્રૅક્ટિસ કરી રહ્યા હતા! જાણે કે તેણે ગિર રમતોત્સવમાં ભાગ લેવાનો ન હોય!

દર વર્ષે વનવિભાગના ૧૨ જુદા જુદા ક્ષેત્રના લગભગ ૪૦૦ જેટલા સ્પર્ધકો પોતાની શારીરિક ક્ષમતા અને કૌશલ્યોની અજમાયેશ કરવા સાસણગિર પહોંચે છે. ગિર સ્ટાફ વેલ્ફેર ઍસોસિયેશન અને વન્યપ્રાણી વિભાગ દ્વારા દર વર્ષે પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગરૂપે `ગિર રમતોત્સવ'નું આયોજન કરવામાં આવે છે. ગિર રમતોત્સવના આયોજનનો ઉદ્દેશ્ય એશિયાઈ સિંહના રક્ષણ અને સંવર્ધનમાં દિવસરાત કાર્યરત રહેતા વનવિભાગના કર્મચારીઓને પોતાનો શારીરિક વિકાસ કરવાની અને પોતાના કૌશલ્યો પ્રદર્શિત કરવાની તક મળે તે છે. આવી સ્પર્ધાઓમાં ભાગ લેવાથી સ્પર્ધકને પોતાની શારીરિક ક્ષમતાનું જ્ઞાન થાય છે. સાથે-સાથે કર્મચારીઓમાં આંતરિક સમૂહજીવનની ભાવના પણ વધે છે. ગિરના રમતવીરો આ દિવસોની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. સિંહની ઝડપી ચાલ જોઈ અમને રમતોત્સવ યાદ આવ્યો. અમે તેને અનુસરવાનું શરૂ કર્યું ચાલતાં ચાલતાં સિંહ ઝાડવાં અને રસ્તાને સૂંઘતો સૂંઘતો જઈ રહ્યો હતો. હવે ખરો ખેલ થશે એમ અમે વિચાર્યું. કદાચ અહીં કોઈ બીજો સિંહ હશે, અને તેના વિસ્તારમાં ઘૂસી આવ્યો હશે એટલે આ મહાશય તેની તપાસ કરી રહ્યા લાગે છે! પણ ત્યાં કોઈ જણાયું નહીં. સિંહે ચાલવાનું ચાલુ રાખ્યું. ત્રણ કિલોમીટર જેટલું ચાલી નાખ્યા બાદ સિંહ ઊભો રહ્યો અને ડાબી બાજુ વળ્યો. અહીં એક ઢોળાવ હતો. તે ઉત્સુકતાપૂર્વક ઢોળાવ ઓળંગી ગયો. અમે સિંહથી સલામત અંતરે હતા. તેને અમે હેરાન કરવા નહોતા માંગતા. અમે જ્યારે ઢોળાવ પસાર કર્યો ત્યારે અમને સિંહની આ જિજ્ઞાસાપૂર્ણ પદયાત્રાનું રહસ્ય સમજાયું. રાજાસાહેબ તો એમનાં રાણીને શોધતા શોધતા આટલું ચાલી ગયા હતાં! સિંહને હવામાં સૂંઘીને ખબર પડી ગઈ હતી કે કોઈ સિંહણની સાથે મેળાપ થવાની શક્યતા છે. આ ઘટના સિંહની છઠ્ઠી ઇન્દ્રિયનો પરિચય કરાવે છે. તે સૂંઘીને કે જમીન ચાટીને જાણી લે છે કે અહીં

આસપાસ કોઈ સિંહણ કે બીજો સિંહ છે કે નહીં! જંગલમાં સિંહને કોઈનાથી ભય નથી અને સિંહ બીજા માટે થઈને પોતાની ચાલ બદલતો નથી.

ઈશ્વરે સિંહને તેનો અવાજ જાણે ભેટ સ્વરૂપે આપેલો છે. દુનિયામાં સિંહ સિવાય બીજા કોઈપણ પ્રાણીનો અવાજ આટલો પ્રભાવશાળી નથી હોતો. તેની ગર્જનાઓ કોઈ કારણ વગર નથી હોતી. પરંતુ સિંહના પોતાના પરિવારના વ્યવસ્થિત સંદેશાવ્યવહારનો ભાગ હોય છે. સિંહ ગર્જના કરીને આખા વિશ્વને જણાવે છે કે તે આખા વિશ્વનો રાજા છે. પ્રાણીઓની દુનિયામાં સિંહની ગર્જનાનો અવાજ સૌથી અદ્ભુત છે. અન્ય મોટી બિલાડીઓ કરતાં સિંહ એ સામાજિક પ્રાણી છે અને તે સમૂહમાં રહે છે. તેમના મોટા પરિવારમાં સંદેશાવ્યવહાર માટે વિવિધ અવાજો મદદરૂપ થાય છે. મોટા અવાજે સિંહની ગર્જના એ તેના સામ્રાજ્યની જાણકારી છે, જે તેના સાથીદારને માત્ર આકર્ષિત જ નથી કરતી, પરંતુ તેના સગાની સાથે સંપર્કમાં રહેવાનું માધ્યમ પણ બને છે. બધી બિલાડીઓથી ભિન્ન એવા સિંહનો સંદેશાવયવહાર જટિલ હોય છે. સિંહ જુદાજુદા અવાજ કાઢી શકે છે અને દરેક અવાજની પોતાની આગવી વિશિષ્ટતા હોય છે. ગર્જના, કણસવાનો અવાજ, નિશ્વાસભર્યો અવાજ અને ઘુરકાટ કરવો એ સિંહના વિવિધ અવાજોના પ્રકાર છે.

સિંહ ઘણાબધા કારણોસર ગર્જના કરે છે. પોતાના સામ્રાજ્યના વિસ્તારની પ્રસિદ્ધિ માટે, દુશ્મનોને ચેતવણી આપવા માટે, પોતાના સમૂહના સભ્યોની ભાળ મેળવવા માટે, સામાજિક સંબંધોને મજબૂત કરવા માટે અને સિંહ મોટા ભાગે સક્રિય હોય ત્યારે તે ગર્જના કરે છે. નિશાચર પ્રાણી હોવાના કારણે સિંહની ગર્જના રાત્રિના સમયે વધુ સંભળાય છે. જ્યારે સિંહપરિવારના સભ્યો એકબીજાંના હોઠ ચાટીને વહાલ કરે છે. પોતાનાં પડખાં પણ એકબીજાંને ઘસે છે. સિંહ એકબીજાં પર પૂંછડી પણ પછાડે છે. આ બધું તેઓ એકબીજાંને પ્રેમનો અનુભવ કરાવવા કરે છે.

માત્ર સમૂહનું આધિપત્ય ધરાવતો સિંહ ગર્જના કરે છે, ભટકતો સિંહ ગર્જના કરતો નથી. તે એકલા અને શાંત રહેવાનું પસંદ કરે છે. તેની વિરુદ્ધમાં આધિપત્ય ધરાવનાર ગર્જના કરીને પોતાની હાજરી અને વર્ચસ્વના પુરાવા આવે છે. ઘણી વખત બીજા સામ્રાજ્યના સત્તાધીશની ગર્જના સાંભળીને પ્રમુખસિંહ એકધારી ગર્જના કરે છે. તેઓ બને તેટલા મોટા અવાજો કરવાનો પ્રયત્ન કરે છે. જે તેમની શક્તિ અને સમૂહની સત્તાના સૂચક હોય છે. આવી ગર્જનાઓ ભટકતા સિંહ માટે આશીર્વાદ સમાન કોય છે. ભટકતા સિંહ માત્ર મુખ્ય સિંહને ભયજનક પરિસ્થિતિમાં આકર્ષવા આવું બધું કરે છે. અલગ અલગ દિશાઓમાંથી સંભળાતી ગર્જનાઓ અંતર, શક્તિ અને સિંહના સમૂહમાં સંખ્યાનો ક્યાસ કાઢવા મદદરૂપ થાય છે.

સમૂહના અન્ય સભ્યો સાથે સિંહણ જ્યારે ઉદાસ હોય ત્યારે હાવભાવથી પોતાની લાગણી વ્યકત કરે છે. આવું ત્યારે બને છે, જ્યારે તેનાં બચ્ચાંને મારી નાખવામાં આવ્યાં હોય અથવા બીજા માંસાહારી પ્રાણીઓએ મારી નાખ્યાં હોય. માત્ર નાનકડાં ઘુરકિયાં અને આંખોના હાવભાવથી સમૂહના સભ્યોને શિકાર કરવાના સમયની પોતાની ભૂમિકા સમજાઈ જાય છે. શિકાર ક્યારે કરવો તે પ્રમુખસિંહણ નક્કી કરે છે અને બીજી સિંહણ તેના હાવભાવ દ્વારા મળેલા સંદેશાનું વહન કરે છે. તેઓ એકબીજાને પડખાં ઘસીને પણ સંદેશા આપે છે. સિંહ બધો સમય સમૂહની સુરક્ષા માટે હાજર નથી હોતા. તેઓ હંમેશાં પોતાના સામ્રાજ્યના વિસ્તારને જોવા અહીંતહીં ફરતા હોય છે. જો સમૂહમાંની સિંહણને કોઈ વિચિત્ર ગર્જના સંભળાય, તો તે તરત બાકીના સભ્યોને સૂચિત કરે છે. જો સમૂહમાં એક જ સિંહણ હોય તો તે જે જગ્યાએ હોય ત્યાં જ રહે છે અને સાવધાન થઈ જાય છે. જો સમૂહમાં એક કરતાં વધુ સિંહણ હોય તો તે અવાજની દિશા તરફ જઈ પરિસ્થિતિ જાણવા પ્રયત્ન કરે છે.

=

# સિંહનું ભોજન

અહીં ૧૫૦૦ ગામડાંઓ છે અને સિંહ અંગે ૧૫૦૦૦ વાર્તાઓ છે. જ્યારે તમે ગ્રામવાસી સાથે સિંહ અંગે કંઈક વાત કરો, ત્યારે તેમની પાસે સિંહ વિશે કહેવા માટે ઘણીબધી નવી વાતો હોય છે.

તમે ગ્રામવાસીને પ્રશ્ન પૂછો કે, "તમારે ત્યાં સાવજ આવે છે?" બસ આના જવાબમાં તમે જોઈ શકશો કે તેના હાવભાવ અને વર્તણૂક બદલાઈ જાય છે. જાણે કે, એક દેશના વડાપ્રધાન પોતાના દેશ માટે એક લાંબું પ્રવચન આપતા હોય એમ શરૂ થાય છે. ક્યારેય પણ અંત ન પામે એવી અનંત સિંહકથાઓ. તમે વાર્તા સાંભળતાં થાકી જશો પણ તેઓ વાર્તા કહેતાં નથી થાકતા. આશ્ચર્યની વાત છે કે માણસો સિંહની સરખામણી કેવી રીતે કરે છે? માણસો સિંહના રંગ અને કદના ફેરફાર શોધવાનું પસંદ કરે છે. ભાવનગરમાં રહેતા અને વસવાટ કરતા સિંહ કદમાં મોટા હોય છે.

દરિયાકાંઠે વસવાટ કરતા સિંહ ગૌરવર્ણા હોય છે. ગિરના સિંહ સહેજ શ્યામવર્ણા હોય છે. ભલે તમે જે જોયું એ તમે જણાવ્યું. સ્થાનિક લોકોની લાગણીઓને હંમેશાં માન આપવું જોઈએ, પણ દરેક દલીલ પાછળ કંઈક તર્ક રહેલો હોય છે. દરિયાકાંઠાના સિંહ ગૌરવર્ણા હોય છે. એ કાંઈ ભગવાનનું વરદાન નથી, પરંતુ એ અરબી સમુદ્રને આભારી છે. દરિયાકાંઠાની ખારાશના કારણે દરિયાઈ વિસ્તારોમાં `મેલાટોનીન'નું પ્રમાણ શરીરમાં સહેજ ઓછું હોય છે. જેના લીધે મધ્ય પશ્ચિમ ગિરના સિંહના પ્રમાણમાં દરિયાકિનારાના સિંહની ચામડી ગૌરવર્ણી લાગે છે. એટલે હવે તમે ભવિષ્યમાં જ્યારે પણ ગિર અભયારણ્યની મુલાકાત લો અને સિંહ તમારી તરફ ગુસ્સાથી જુએ ત્યારે, તમારે ગીત ગાવું : બૂરી નજરવાલે તેરી સ્કિન કાલી અને સિંહ તેની આગવી અદામાં જવાબ આપશે, હમ કાલે હૈ તો ક્યા હુઆ દિલવાલે હૈ! મધ્ય જંગલ વિસ્તારો અને ગિરના અભયારણ્યમાં રહેતા સિંહનો વર્ણ સહેજ ઘેરો હોવાનું એક મહત્ત્વનું કારણ છે, જાતિ પ્રમાણનું કારણ. અરે ભગવાન, સિંહના ઘેરા રંગનું કારણ સમજાવતાં પહેલાં હું તમને સિંહના જાતિપ્રમાણ વિશે ઉપરછલ્લી વાત કરવાનું જ ભૂલી ગયો!

એક સ્થળેથી બીજા સ્થળે ફરતા સિંહને વસવાટ પસંદગીની પ્રાથમિકતા નથી હોતી. તેઓ ગામની આસપાસ પણ વસવાટ કરતા હોય છે. આરામ અને સંવર્ધન માટે તેઓને એક ચોક્કસ પ્રકારના વસવાટની જરૂર હોય છે. પૂર્વીય સમૂહોમાં સિંહણ માટે જરૂરિયાત મુજબના સંવર્ધન માટેના યોગ્ય વસવાટોની ઉપલબ્ધતા ઓછી હોવાના કારણે અહીં નર જાતિના પ્રમાણનું સ્તર ઊંચું જોવા મળે છે. હવે મને અહીં આવતા-જતા સિંહ અને પૂર્વીય વિસ્તારના સિંહ વચ્ચેનો તફાવત પૂછશો નહીં. અગાઉ મેં આપને તે જણાવી દીધું છે. અલગ અલગ વિસ્તારના, અલગ અલગ જાતિના પ્રમાણ વિશેની માહિતી આ મુજબ છે. હું એવું માની લઉં છું કે તમે જાણો છો કે જાતિપ્રમાણ એટલે શું? બહુ વિચાર કરવાની જરૂર નથી. હું અહીં નર અને માદા જાતિપ્રમાણની વાત કરી રહ્યો છું. તો આપણે ગિર રાષ્ટ્રીય ઉધાન અને અભયારણ્યથી અને તેને જોડતા વિસ્તારોની વાત કરીએ. અહીં નર અને માદાનું જાતિ પ્રમાણ ૧:૨.૦૪ છે. વધુ સામાન્ય ભાષામાં કહું તો દર બે માદાએ એક નર જોવા મળે છે. હજી એક ડગલું આગળ વધીએ, ગિરનાર અભયારણ્યમાં નર-માદા જાતિ પ્રમાણ ૧:૧.૫ છે. વાંધો નહીં, ૧.૫ કંઈ ખરાબ નથી.

દરિયાકાંઠા તરફ નર અને માદા જાતિનું પ્રમાણ ૧:૦.૬ છે. અહીં સરેરાશ એક નરે ૦.૬ માદા છે. આ બહુ ખોટું કહેવાય, પણ ગભરાશો નહીં. આ વિસ્તાર આપણા વડીલો માટે છે. અમરેલીના મિતિયાળા અભયારણ્યમાં નર અને માદાનું જાતિ પ્રમાણ ૧:૧.૫ એટલે કે સરેરાશ

એક નરે ૧.૫ માદા. આનું કારણ ગિર અભયારણ્ય ત્યાંથી ખૂબ નજીક છે, એ છે. હજી થોડા જમણી તરફ સાવરકુંડલા, લિલિયા, અમરેલી અને ભાવનગરના આસપાસના વિસ્તારોમાં આ જાતિનું પ્રમાણ જોઈએ તો અહીં ૧:૦.૮ છે. સરેરાશ ૦.૮ માદા દર એક નર સામે જોવા મળે છે. અહીં તમારું ભવિષ્ય ઉજ્જ્વળ છે. હવે તો કહો, વિજેતા કોણ કાળા કે ગોરા?

ગિર અને તેની આસપાસના વિસ્તારમાં રહેતા સિંહનો રંગ શ્યામવર્ણ હોવાનું રસપ્રદ કારણ છે. ગિર અભયારણ્યમાં સિંહ કરતાં સિંહણનું પ્રમાણ વધુ છે અને સિંહણ દ્વારા સિંહની પસંદગી હંમેશાં તેના કદ અને રંગ આધારિત થતી હોય છે. સિંહણ હંમેશાં ઘેરા રંગવાળા સિંહને વધુ પ્રાધાન્ય આપે છે. તો આવા ચામડીના રંગ બેવડો ફાયદો અપાવે છે. (૧) સિંહણની પ્રથમ પસંદગી બનાવે છે. (૨) બધા સિંહમાં વધુ શક્તિશાળી હોવાનું માન અપાવે છે.

લોકો અન્ય એક તર્કબદ્ધ દલીલ પણ કરતા હોય છે કે પૂર્વીય વિસ્તારમાં ફરતા સિંહ કદ અને આકારમાં ઘણા વિશાળ હોય છે. આવા સિંહ અમરેલી અને ભાવનગર જિલ્લાની સરહદના ગ્રામ્ય વિસ્તારોની આસપાસ વધુ જોવા મળે છે. સત્ય એ છે કે તેઓ કદ અને આકારમાં મોટા નથી, પરંતુ તેઓ તંદુરસ્ત વધુ છે. આમ પણ અત્યારના જમાનામાં યુવાનો તેમના પોતાના શારીરિક દેખાવને કસરત અને યોગ્ય આહારની મદદથી સુડોળ બનાવે છે. સ્નાયુઓ યોગ્ય કરવાનો એક સામાન્ય નિયમ છે. કૅલરીની બાદબાકી કરો. જો તમે જમશો ઓછું અને ચરબી વધુ બળશે તો તમે તમારું કદ (વજન) ઓછું કરશો. જો તમે ઓછી ચરબી બાળશો અને વધુ જમશો તો વધારાની ચરબી સ્નાયુ બનાવશે.

સિંહ માટે આ પ્રદેશ વધારાની કૅલરી સમાન છે. ભાવનગરમાં સદીઓથી ઘણાંબધાં ધાર્મિક સ્થળોની સ્થાપના કરવામાં આવી છે. આ ધાર્મિક સ્થળોની સ્થાપના વિવિધ સમુદાયો દ્વારા કરવામાં આવી છે. થોડા દાયકા અગાઉ આ ધાર્મિક સ્થાનોમાં અન્ય એક સુવિધા ઊભી કરવામાં આવી જેને પાંજરાપોળ કહેવામાં આવે છે. પાંજરાપોળ એટલે પશુને રાખવાની જગ્યા. આ પ્રથાની શરૂઆત જૈન સંપ્રદાય દ્વારા કરવામાં આવી. અહીં બધા પ્રકારનાં પાલતું, રખડતા, બચાવેલાં પશુઓ રાખવામાં આવતા. સાવરકુંડલા, જેસર, પાલિતાણા, શિહોર, તળાજા, વલ્લભીપુર, ગઢડા, ઉમરાળા વગેરે સ્થળોએ આવાં આશ્રયસ્થાનો આવેલાં છે. આ એવા વિસ્તારો છે જ્યાં, સિંહે પોતાનું સામ્રાજ્ય સ્થાપી દીધું છે અને નિયમિત રીતે આ વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે.

હવે જ્યારે પાંજરાપોળમાં કોઈ પાલતુ પશુનું મરણ થઈ જાય તો તેના મૃતદેહને પાંજરાપોળમાંથી બહાર ફેંકી દેવામાં આવે છે, કે જેથી રોગચાળો ન ફેલાય. આવાં પ્રાણીઓ સિંહના શિકાર માટે આસાન છે. માત્ર થોડાક પ્રયત્નો દ્વારા પુષ્કળ પ્રમાણમાં ખોરાક મળે છે. ગિરની અંદર નીલગાય, જંગલીભૂંડ, સાંભર વગેરે હોવા છતાં સિંહનો મુખ્ય આહાર ચીતલ જ છે જે ઘણો નાનો ૪૦-૫૦ કિલોની આસપાસનો શિકાર છે અને ચીતલ સિંહના પ્રમાણમાં ઘણું ઝડપથી દોડે છે. પાલતુ પશુ અને નીલગાયની સરખામણીમાં ચીતલનો શિકાર અઘરો છે. મરેલાં પશુઓ સિવાય પણ ભાવનગરનો ઘાસિયા મેદાનનો વિસ્તાર છે. જ્યાં સિંહોએ પોતાનું રહેણાંક બનાવ્યું હોય. અહીંનો મુખ્ય તૃણાહારી શિકાર નીલગાય છે, જે કદમાં મોટું છે.

ગુજરાતના વિશાળ ભૂભાગમાં રહેતા સિંહ પોતાના પ્રદેશ અનુસાર પોતાની આહાર પદ્ધતિ વિકસાવે છે. વળી, જે-તે વિસ્તારમાં શિકારની ઉપલબ્ધતા પણ સિંહના આહારનો આધાર છે. એક સમયે સિંહના મુખ્ય આહાર તરીકે માલઢોર હતાં. સંરક્ષણના હકારાત્મક પગલાંઓના લીધે માલધારીઓનું પુનઃસ્થાપન, જળ વ્યવસ્થાપન અને વસવાટ વ્યવસ્થિત થયાં. જંગલ અને ઘાસના મેદાનો સુધર્યાં. આવા સુધારાઓના કારણે ઘાસની ગીચતા વધી. સુધારેલા વસવાટોના પરિણામે જંગલી શિકારમાં પણ સુધારણા થઈ. ચીતલ, સાંભર, નીલગાય અને જંગલીભૂંડની

સંખ્યામાં વધારો થયો. અત્યારે સિંહનો ૭૬% જેટલો આહાર જંગલમાંથી આવે છે. જે એક સમયે ૭૩% જેટલો માલઢોરમાંથી આવતો. સિંહના ભૂતકાળના આવાસ ક્યાં હશે? સાસણ-ગિર અભયારણ્ય મોટાભાગના લોકો આવો સામાન્ય વિચાર ધરાવે છે. શું તમે જાણવા માંગો છો કે સિંહ કેટલા પ્રદેશમાં વિભાજિત થયેલો છે? તેની માહિતી કંઈક આવી છે. ગિર પશ્ચિમ વિભાગ, મધ્ય ગિર પ્રદેશ, ગિર પૂર્વ વિભાગ, ગિરનાર અભયારણ્ય, જૂનાગઢ ક્ષેત્રીય વિસ્તાર, અમરેલી ક્ષેત્રીય વિસ્તાર, અમરેલી વનવિસ્તાર, ભાવનગર વનવિસ્તાર, ભાવનગર ક્ષેત્રીય વિસ્તાર અને દરિયાકાંઠાના વિસ્તાર. શું તમને લાગે છે કે જંગલમાં રહેતા અને દરિયાકિનારે રહેતા સિંહની આહાર પ્રણાલી એક સમાન હશે? ના, જરાપણ નહીં. મધ્યગિર વિસ્તારમાં ચીતલની સંખ્યા વધુ છે. જ્યારે દરિયાકાંઠાના વિસ્તારમાં ચીતલની સંખ્યા નથી, ત્યાં નીલગાયની સંખ્યા વધુ છે. ગિરમાં મહેસૂલ વિસ્તાર અથવા ખેતવિસ્તારમાં જંગલીભૂંડ એક અગત્યનો શિકાર છે. વિવિધ ઋતુઓ પણ તેના આહારને અસર કરે છે. ચોમાસા દરમિયાન તેમની આહારશૃંખલા કંઈક અલગ હોય છે. ઉનાળા દરમિયાન કંઈક અલગ જોવા મળે છે. ચોમાસા દરમિયાન ચીતલ મોટી સંખ્યામાં ઉપલબ્ધ હોય જ. જ્યારે સાંભર જાણે અદૃશ્ય થઈ જાય છે. એવી જ રીતે શિયાળા દરમિયાન ચીતલ દેખાવાના ઓછા થઈ જાય છે. ઉનાળો આવતાં તેની સંખ્યા ઘણી ઘટી જાય છે. તમને એવું જોવા મળે કે સિંહ પાસે ચીતલ, સાંભર, જંગલીભૂંડ જેવા વિકલ્પો ઉનાળામાં ઉપલબ્ધ છે. પણ ચોમાસું આવતાં જ આ વિકલ્પોમાંથી સાંભર જાણે ગાયબ જ થઈ જાય છે. આવું શા માટે? સાંભર એ ઊંચાઈવાળા વિસ્તારોમાંથી ઉનાળા દરમિયાન નીચે આવે છે. જોકે ચોમાસા દરમિયાન પાણીની તંગીનો કોઈ પ્રશ્ન રહેતો નથી, જેથી તેઓ ઊંચાઈવાળા વિસ્તારોમાં રહેવાનુ પસંદ કરે છે. વળી આવા ઊંચાઈવાળા વિસ્તારોમાં ઘાસચારાનું પ્રમાણ ખૂબ સારા પ્રમાણમાં છે. જેમાં પોષકતત્ત્વો અને પૂરતા પ્રમાણમાં કુમાશ હોય છે. ચીતલ સપાટ મેદાન વિસ્તારોમાં રહેવાનું વધુ પસંદ કરે છે. આ બાબતને વધુ સરળતાથી સમજવા સિંહની સાથે પોતાને સરખાવી જુઓ, આપણે મનુષ્યો ઋતુ પ્રમાણે જુદાંજુદાં ફળ શાકભાજી ખાઈએ છીએ, ખરું ને? ઉનાળામાં કેરી, તો શિયાળામાં સ્ટ્રોબેરી ખૂબ લિજ્જતથી ખાતા હોઈએ છીએ. શિયાળામાં આપણે પાંદડાંવાળા શાકભાજી ખૂબ આનંદથી ખાઈએ છીએ અને એજ પાંદડાંવાળાં શાકભાજી ચોમાસામાં નથી ખાતા. આમ, સિંહ અને માણસની ભોજનપ્રણાલી સરખી જ છે. આ બધામાં ફક્ત તૃણાહારી પ્રાણીએ સિંહના વિસ્તરણમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. છેલ્લા બે દાયકામાં નીલગાયની સંખ્યામાં નાટ્યાત્મક રીતે વધારો થયો છે. નીલગાય મોટાભાગે ઘાસનાં ખુલ્લાં મેદાનો પસંદ કરે છે, જે દરિયાકિનારા વિસ્તારોમાં આવેલા છે. જે અમરેલી જિલ્લા અને ભાવનગર ક્ષેત્રની સીમાનો વિસ્તાર છે. સિંહ સીમાડાઓની અછતના કારણે વિસ્તર્યા છે અને જ્યાં સારી માત્રામાં શિકાર મળી રહે છે તે તરફ તેઓ આગળ વધે છે. આંકડાઓ દર્શાવે છે કે નીલગાયની સંખ્યા જે તરફ વધુ હોય ત્યાં સિંહ વધુ પસંદ કરે છે. સિંહણની સરખામણીમાં પુખ્તવયનો સિંહ નવા વિસ્તારો તરફ આગળ વધવાનું વધુ પસંદ કરે છે. યોગ્ય ઊર્જાવાળો આહાર મેળવી વધુ ને વધુ શક્તિશાળી બને છે. તમે જોયું ને કે નીલગાય સિંહને પોતાનું સામ્રાજ્ય ફેલાવવામાં શિકાર તરીકે કેવી રીતે ઉપયોગ કરે છે! પહેલાંના સમયમાં સિંહ જ્યારે ગિરના પશ્ચિમ અને મધ્ય વિસ્તારમાં ફરતા ત્યારે નીલગાયનો ૧૪% જેટલો શિકાર કરતા. જ્યારે પૂર્વ ગિર, અમરેલી, ભાવનગર તરફ સિંહ ઝડપથી ફેલાઈ રહ્યા છે. તેઓ ૫૮થી ૬૪% જેટલો નીલગાયનો શિકાર કરે છે. અહીં એવું માની લેવાની જરાપણ જરૂર નથી કે માત્ર સિંહને જ નીલગાયનો શિકાર કરવાથી લાભ થાય છે. ખરેખર તો સિંહ નીલગાયની વસ્તી જૈવિક રીતે નિયંત્રિત કરે છે. જંગલના સરહદ વિસ્તારની નજીક આવેલાં ખેતરોને નીલગાયથી સૌથી વધુ

ભય હોય છે. નીલગાય ખેતરના પાકને નુકસાન પહોંચાડે છે અને નીલગાય એ સિંહનો માનીતો ખોરાક છે. એક જૂથ એવું નોંધવામાં આવ્યું હતું. કે જે માત્ર નર નીલગાયનો જ શિકાર કરતા હતા. જ્યારે સિંહનું અન્ય એક જૂથ ગામડાની તદ્દન નજીક રહેતું હોવા છતાં ક્યારેય પણ તેઓએ ગામના માલઢોરનું મારણ નથી કર્યું. આ સંપૂર્ણ રીતે તેની પસંદગી ઉપર આધારિત છે. તો આ બધામાં સિંહ અને મનુષ્ય વચ્ચે અંતર શું? જેમ ગુજરાતીઓને નાસ્તામાં જલેબી-ફાફડા ખાવાની મજા આવે છે, એમ આની પાછળ કોઈ દલીલ નથી. આ તો માત્ર વ્યક્તિગત પસંદગીનો જ સવાલ છે.

સિંહ પણ ખોરાકમાં અલગઅલગ પસંદગી ધરાવતા હોય છે. જંગલની અંદર શિકાર કરવા છુપાઈને રહેલો સિંહનો એક સમૂહ ચીતલના એક ટોળાને જુએ છે. નજીકમાં સાંભર પણ છે. થોડાં ડગલાં આગળ નીલગાય પણ ચરી રહી છે. કોઈ અનુમાન કરશે કે સિંહ શું વિચારી રહ્યા હશે? આ ઘણું રસપ્રદ છે. સિંહનો સમૂહ એક જ સમયે એક માત્ર સાંભર અને ચીતલનું ટોળું બંને જોઈ રહ્યા છે. તેઓ વિચારી રહ્યા છે કે ચીતલની પાછળ જવું કે સાંભરની પાછળ? અહીં નીલગાય પણ વિકલ્પ તરીકે છે. હવે આ ચીતલ, સાંભર, નીલગાય એકસાથે છે. ત્યાં તેઓ અવલોકન કરે છે કે નીલગાય નર છે કે માદા, ચીતલ નર છે કે માદા, સાંભર નર છે કે માદા? તેઓ ઋતુના હિસાબે પણ ગણતરી કરે છે. આ ઉનાળો છે, ચોમાસું છે કે શિયાળો તેનો અંદાજ પણ કાઢતા હોય છે. શિકારનું કદ, જાતિ, તેઓના જૂથની બનાવટ, તેઓ એકલા છે. બે છે કે તેમના જૂથની સંખ્યા છ છે કે આઠ કે દસ? છેલ્લે શિકારનું કદ, પ્રકાર, જાતિ અને તંદુરસ્તીનો અંદાજ કાઢ્યા બાદ તેઓ શિકારની પાછળ દોડી જાય છે. જો માત્ર એક સિંહણ હશે તો તે સાંભરની પસંદગી કરશે. તેને નીલગાય પકડવાની જરૂરિયાત નથી, કારણ કે એકલા તેને પકડવું થોડું જોખમભર્યું હોય છે. પણ એ જ સમયે સાંભર અને ચીતલ એમ બંને વિકલ્પો હોય તો પણ સિંહણ સાંભરનો જ શિકાર કરવાનું પસંદ કરશે કારણ કે સાંભરની સરખામણીમાં ચીતલ વધુ ઝડપથી ભાગે છે. વળી ચીતલ કરતાં સાંભરમાંથી વધુ ઊર્જા પ્રાપ્ત થાય છે. પણ જો અહીં છથી આઠ સિંહનું જૂથ હોય તો તેઓ માત્ર એક ચીતલને નિશાન નહીં બનાવે, તેઓ આખા જૂથને ઘેરી લેશે. જેમાં ચીતલ, સાંભર, નીલગાય હશે અને પછી તેઓ હુમલો કરશે. અહીં જૂથના દરેક સભ્ય જે મળ્યું તેને પકડવાનો પ્રયત્ન કરશે. જૂથમાં આવેલા સિંહ, ચીતલ કે સાંભર કરતાં નીલગાયનું મારણ કરવાનું વધુ પસંદ કરશે કે જેથી તેમને વધુ માંસ મળે. સિંહની આવી રસપ્રદ રીતો સિંહને તેમના મારણને મેળવવામાં મદદ કરે છે.

શું તમને એવું લાગે છે કે હું કોઈ પદ્ધતિ તરફ તમને વાળી રહ્યો છું? જરાપણ નહીં. તમને તમારી સ્કૂલમાં ભણાવેલાં પુસ્તકિયા જ્ઞાનથી તમે કંટાળી ગયા હશો! ફરી તમને ૨+૨=૪ કોઈ નહીં શીખવાડે.

સિંહના શિકાર અને આહાર વિશેની ખોટી માન્યતાઓને અનુસર્યા વગર સિંહ વિશેના અમુક ખ્યાલો સમજવા ખૂબ જરૂરી છે. નિવસનતંત્રમાં સિંહ હંમેશાં ટોચ ઉપર કેમ છે? માંસભક્ષી પ્રાણીઓની યાદીમાં અન્ય બીજાં ઘણાં બધાં કુશળ પ્રાણીઓ છે, પણ સિંહને જ શા માટે સૌથી શ્રેષ્ઠ શિકારી ગણવામાં આવે છે? સિંહ અને મનુષ્યની જીવનપદ્ધતિમાં ઘણું સામ્ય રહેલું છે. સિંહ પોતાના પરિવારમાં રહે છે અને પરિવાર સાથે શિકાર કરે છે. પણ જંગલના બીજાં પ્રાણીઓની માફક ગમે ત્યારે શિકાર નથી કરતા. સિંહ જ્યારે જરૂર હોય ત્યારે જ શિકાર કરે છે. તેઓ ઘણી કુશળતાપૂર્વક જૈવવિવિધતાનું પ્રમાણ જાળવે છે.

સિંહ પોતાના નક્કી કરેલા પ્રદેશમાં રહે છે. એક પ્રદેશવિસ્તાર ૫૦ કિ.મી.નો હોઈ શકે. આ પ્રદેશમાં તેમના શિકાર પથરાયેલા હોય છે. તેઓ એક સ્થળે રહેતા નથી. તેના વિસ્તારના

એક ભાગમાં ચીતલ રહે છે અને બીજા ભાગમાં સાંભરનો એક સમૂહ રહે છે. એવી જગ્યા પણ હોય છે જ્યાં ચીતલ, સાંભર અને નીલગાય એક સાથે પણ રહેતાં હોય. જો આજે તેઓ તેમની જરૂરિયાત મુજબ ચીતલનું મારણ કરશે, તો જરૂરી નથી કે ફરી વખત આ સ્થળે તેઓ ચીતલનું જ મારણ કરે.

સિંહ તેના શિકારનો એક અંદાજ કાઢે છે કે જો તેના શાસિત વિસ્તારમાં સાંભરની સંખ્યા વધુ હશે તો તેઓ સાંભરના શિકાર પર વધુ ધ્યાન આપશે. ઘણાં મારણ થવા છતાં જુદાં જુદાં પશુઓની સંખ્યામાં એક સ્થિર વધારો થતો જોવા મળી રહ્યો છે. આ પદ્ધતિના કારણે નવાં પ્રાણીઓનો વિકાસ પણ થઈ રહ્યો છે. સિંહ ક્યારેય પોતાના શિકારના બચ્ચાંને નથી મારતાં, કારણ કે તેઓ જાણે છે કે જો બચ્ચાં મોટાં થશે તો ભવિષ્યમાં તેમને જ સારો શિકાર મળશે. અન્ય એક ઉદાહરણમાં જોઈએ તો ભાવનગરમાં સિંહ નીલગાયનો શિકાર કરે છે. આ વિસ્તારમાં તેઓ ચીતલ, સાંભરનો શિકાર કરતા નથી. કુદરતી રીતે જ તેઓ નીલગાયનું પ્રમાણ જાળવી રહ્યાં છે. એવું જોવામાં આવ્યું છે કે ગિરમાં જો સિંહ એક જગ્યાએ નીલગાયનું મારણ કરશે તો એ જ જગ્યાએ બીજી વખત સાંભર કે ચીતલનું મારણ કરશે. એ વાત સામાન્ય છે કે સિંહ ઘણાં બધાં ચીતલ, સાંભર અને નીલગાયનું મારણ કરે છે, પરંતુ તેમનું સ્વાદિષ્ટ ભોજન તો જંગલીભૂંડ છે. તેને પકડવાં સરળ નથી, પણ મહેનત કરવાથી જ ફળ મળે છે.

સિંહના આહારમાં જંગલીભૂંડનો ભાગ ઘણો નાનો છે. જોકે તેઓને માટે જંગલીભૂંડનું મારણ કરવું સરળ પણ નથી. જંગલીભૂંડ સમૂહમાં રહે છે. તેઓ જંગલમાં રખડ્યા કરે છે અને તેમના રસ્તામાં આવતી વનસ્પતિઓનો નાશ કરી નાખે છે. જંગલીભૂંડનો શિકાર એ કોઈ એકલા સિંહ કે સિંહણ માટે અઘરું છે. ચારથી પાંચના સમૂહ માટે પણ જંગલીભૂંડનો શિકાર અઘરો છે. ઉનાળામાં સિંહ સૌથી વધુ ભૂંડનો શિકાર કરે છે. તેનાં બે કારણ છે. પહેલું કારણ એ કે ઉનાળા દરમિયાન કુદરતી પાણીના સ્રોત અદૃશ્ય થઈ જાય છે અને ત્યારે ભૂંડ પાણી પીવા પાણીની કુંડી પાસે આવે છે. બીજું કારણ એ કે તેમને કાદવમાં ઓળટવું ખૂબ ગમે છે. ઉનાળા દરમિયાન પાણીના કુંડની નજીક કાદવ હોય છે. સિંહ આ વાત ઘણી સારી રીતે જાણે છે. તેઓ ટોળકી બનાવીને ઘાત લગાવીને બેઠાં હોય છે અને તક મળતાં જ તેઓ જંગલીભૂંડનો શિકાર કરે છે. ઘણી વખત ભૂંડ શિકાર થઈ ગયા બાદ પણ અડધું ખવાઈ જાય ત્યાં સુધી જીવિત હોય છે. સિંહનું નાનકડું જૂથ કદાચ માદા ભૂંડ અને તેમનાં બચ્ચાં પર હુમલો કરવાનું વિચારી શકે, જો તેમની સાથે એક નર હોય તો! જો તેઓ એક કરતાં વધુ જંગલીભૂંડ જુએ અને સિંહ પણ વધુ સંખ્યામાં હોય તો તેઓ બે-ત્રણ ભૂંડને નિશાન બનાવવા કરતાં, એકને જ નિશાન બનાવશે. ચિઝ એ સંપૂર્ણ ચરબી ધરાવે છે, જે ખાવા દરમિયાન ખૂબ સારું લાગે છે. એવી જ રીતે જંગલીભૂંડમાં પણ પૂરતી ચરબી રહેલી છે જે, સિંહને તેના આહારમાં લિજ્જત આપે છે. અને જ્યારે પણ તેઓને તક મળે છે ત્યારે મિજબાની કરે છે. શું વાત છે! જંગલમાં મિજબાની! વાહ, મજા આવી ગઈ!

=

# અસ્તિત્વ ટકાવવાની પ્રેરણા

ગિર જંગલમાં `દેવળિયા પરિચય ખંડ' પણ આવેલું છે. આ વિસ્તાર એવા પ્રવાસીઓ માટે છે, જેઓ કોઈક કારણોસર જંગલમાં સિંહદર્શન કરવા જઈ ન શક્યા હોય. દેવળિયા વિસ્તારને તારની વાડથી આરક્ષિત કરવામાં આવ્યો છે, જેથી અંદર સિંહ કે અન્ય કોઈ પ્રાણી ઘૂસી ન શકે. આ વિસ્તાર ઘણો મોટો અને જૈવવિવિધતાથી જળવાયેલો છે. અહીં સિંહ અને દીપડાને રાખવા મોટાં કદનાં પાંજરાં બનાવવામાં આવેલાં છે. ઈજા કે સારવારનાં સમયમાં સિંહ કે દીપડાને દેવળિયાના આ પાંજરાઓમાં અમુક સમય કે કાયમ માટે ખસેડવામાં આવે છે. દેવળિયા વિસ્તારમાં દીપડા, સિંહ, ચીતલ, નીલગાય, શિયાળ, જંગલીભૂંડ, કાળિયાર જેવાં પ્રાણીઓ જોવા મળે છે. તેઓ આ વિસ્તારમાં કોઈપણ પ્રકારના વિક્ષેપ વગર મુક્ત રીતે વિહરે છે.

`જે તંદુરસ્ત છે તે જ બચી શકશે' કુદરતનો આ નિયમ છે અને જીવિત પ્રજાતિઓને પણ આ નિયમ લાગુ પડે છે. એક માન્યતા મુજબ બળવાનના જીવનના દિવસો કુદરતે નક્કી કરેલા છે. પણ અમુક નિર્દોષ જીવચરો માટે કુદરતે પોતાના નિયમોમાં જાણે છૂટછાટ આપેલી છે. પૃથ્વી પરના દરેક પ્રાણીઓએ પોતાના આવાસ અને જરૂરિયાત મુજબ પોતાના જીવનરક્ષણની કળા વિકસાવી છે. અમે ચીતલનું એક ઉદાહરણ જોયું છે, જે તેના સ્વબચાવની કળાને દર્શાવે છે.

દેવળિયા પરિચય ખંડનું નિયમિત નિરીક્ષણ એ અમારી ફરજનો એક ભાગ છે. એક દિવસ અમે આજ રીતે મુલાકાતે ગયા હતા. અમે ત્યાં એક ઘવાયેલું ચીતલ જોયું. આ ચીતલ તેના ટોળાથી થોડા અંતરે ચાલી રહ્યું હતું. તેણે પોતાનાં ટોળાની ઝડપ સાથે તાલ મિલાવવાનો પ્રયત્ન કર્યો પણ તેને સફળતા મળતી ન હતી. ચીતલને એ પણ ખબર હતી કે ટોળાથી વિખૂટા પડવું એટલે શિકારીનો શિકાર બનવું. ચીતલ મનુષ્યથી પણ એક સલામત અંતર બનાવી રાખે છે અને જ્યારે તમે તેની સલામતી રેખા પાર કરો છો ત્યારે તે ત્યાંથી ભાગી જાય છે. અમે તેનું નિરીક્ષણ કરી રહ્યા હતા ત્યાં થોડી ક્ષણોમાં તેણે આશ્ચર્યજનક વર્તન કર્યું. ચીતલ અમારા વાહનની નજીક આવીને થોડાક ફૂટના અંતરે ઊભું રહ્યું. અમે તેના આ વર્તનને સમજીએ તે પહેલાં અમે અનુભવ્યું કે આ ઘવાયેલું ચીતલ પોતાને થયેલી ઈજા અમને જાણે બતાવી રહ્યું હતું. અમને જાણે કહી રહ્યું ન હોય કે, `સાહેબ મારો પગ જુઓ, હું દોડી શકતો નથી, મારી સારવાર કરાવો!' આ એક અવિસ્મરણીય અનુભવ હતો. અમે તેની સારવાર કરવાનું નક્કી કર્યું. સૂર્યાસ્તનો સમય થઈ ગયો હતો. આથી અમે બીજા દિવસે તેની સારવાર કરવાનું નક્કી કર્યું. જંગલ એ શિકાર અને શિકારી બંને માટે રમતનું મેદાન છે. એકનો ફાયદો એ બીજાનું નુકસાન છે. આજે જે જોવા મળ્યું હોય એ જરૂરી નથી કે પછીના દિવસે એ જોવા મળે જ. બીજા દિવસે તેને શોધી સારવાર કરવા ડૉક્ટર દેવળિયા ગયા. દુર્ભાગ્યે અમને જાણવા મળ્યું કે, ચીતલનો પગ કાપ્યા વગર તેની સારવાર કરી શકાય તેમ ન હતી. એટલે ડૉક્ટરે એવો નિર્ણય લીધો કે તે જે પરિસ્થિતિમાં છે તે જ પરિસ્થિતિમાં તેને છોડી દેવું. અમારા આ વિચારને જાણે ચીતલ સમજી ગયું હોય અને કહેવા માંગતું હોય કે `તમને મારા જીવન વિશે આવા નિર્ણય લેવાનો કોઈ હક નથી.' એમ તેના હાવભાવ જણાતા હતા. પછીના બેત્રણ દિવસ સુધી અમે તે ચીતલને શોધી શક્યા નહીં. અમે વિચારી લીધું કે જંગલે પોતાનો નિયમ ફરી પુરવાર કર્યો છે. `જો તમે નબળા હો તો પહેલાં તમારી જ બાદબાકી થશે.'

શિયાળાની ઋતુની એક ઢળતી સાંજના સમયે અમે દેવળિયા વિસ્તારની મુલાકાત લઈ

પાછા નીકળી રહ્યા હતા. ત્યારે અમારી ગાડીથી થોડે દૂર ચીતલનું એક ટોળું ચરી રહ્યું હતું. નીરવ શાંતિની વચ્ચે અમે દીપડાનો અવાજ સાંભળ્યો. આ અવાજ ચીતલનાં ટોળાએ પણ સાંભળ્યો. બધાં ચીતલ સચેત થઈ ગયાં. થોડી ક્ષણોમાં દીપડો ત્યાંથી પસાર થયો અને ઘાસમાં અદૃશ્ય થઈ ગયો. સર્વત્ર શાંતિ છવાઈ ગઈ. ચીતલ પાછા સામાન્ય બની ચરવા લાગ્યાં. અમે ત્યાંથી આગળ વધ્યા, થોડા મીટર આગળ જઈને સિંહના પાંજરા આગળ અમે હલનચલન અનુભવ્યું. ત્યાં પહોંચીને અમે જોયું, તો ત્યાંનું દૃશ્ય આશ્ચર્યજનક હતું.

પેલું ઘવાયેલું ચીતલ ત્યાં પાંજરાની નજીક હતું. તે અમારી ગાડીની નજીક આવ્યું અને પાછું પોતાના ટોળા પાસે જતું રહ્યું. લગભગ અંધારું થઈ ગયું હતું. વધુ વિચાર્યા વગર અમે પાછા આવ્યા. બીજા દિવસે ફરી વખત એ ઘવાયેલું ચીતલ ત્યાં સિંહના પાંજરા નજીક પોતાનો ખોરાક પ્રેમથી આરોગી રહ્યું હતું.

કુદરત આપણો શ્રેષ્ઠ શિક્ષક છે. અમુક બનાવો આપણને ઘણું બધું શીખવી જાય છે. અમે થોડાં દિવસ આ ચીતલનું નિયમિત અવલોકન કર્યું અને તેનું પરિણામ આશ્ચર્યજનક હતું. ચીતલને જાણે અનુભવાયું હશે કે, હવે તે પોતાનો જીવ બચાવવા દોડી શકે તેમ નથી, તેથી તેણે યુક્તિપૂર્વક પોતાના જીવનરક્ષણની પદ્ધતિ વિકસાવી લીધી.

તેને જ્યારે પણ પોતાની આસપાસ ભયનો અનુભવ થતો ત્યારે તે સિંહના પાંજરા પાસે પહોંચી જતું અને બધું સામાન્ય થયાની ખાતરી થાય ત્યાં સુધી તે ત્યાં જ રહેતું. તેને ખબર હશે કે સિંહ ભલે તેનો શિકારી છે, પણ અત્યારે તે પાંજરામાં હોવાથી તેને કોઈ ભય નથી અને બીજા કોઈ શિકારી પ્રાણી સિંહની હાજરી હોવાથી આસપાસ આવશે નહીં. આમ કરવાથી તેને દરેક બાજુથી સુરક્ષા મળે છે. એ દિવસે મને સમજાયું કે મક્કમ નિર્ણયમાં ઘણી શક્તિ રહેલી છે. ચીતલે જીવન જીવવાનો મક્કમ નિર્ધાર કર્યો હતો. તેના જીવન માટે ભલે દાક્તરી વિજ્ઞાને ના પાડી દીધી હતી. પરંતુ કુદરતે તેને ટેકો કર્યો હતો.

આ બનાવને ચાર વર્ષ થવા આવ્યાં. એ ચીતલ હજી પણ જીવિત છે. તેનો અડધો પગ નકામો થઈ ગયો છે. એ જ્યારે પણ અમારાં વાહન પાસેથી પસાર થાય છે ત્યારે તે અમને એકધારું જુએ છે. જાણે કહેતું ન હોય `હું જાણું છું કે તમે મારી સારવાર કરવામાં નિષ્ફળ ગયા, પણ આપણા બધાંની સારવાર કરવાવાળો ઉપર બેઠો છે. એ ઉપરવાળાએ મને બચાવ્યો અને જીવવાની નવી શક્તિ આપી અને એણે જ પોતાનો નિયમ ખોટો પાડ્યો કે જે તંદુરસ્ત છે તે જ બચી શકે છે.

કુદરતે બધાં પ્રાણીઓને પોતપોતાની જરૂરિયાત મુજબ બનાવ્યાં છે. મોટાભાગનાં તૃણાહારી પ્રાણીઓ દિવસના સમયમાં સક્રિય હોય છે. દિવસ દરમ્યાન તેઓ ખોરાક મેળવે છે અને રાત્રિના સમયે તેઓ ઓછા સક્રિય થઈ જાય છે. માંસાહારી પ્રાણીઓ રાત્રિના સમયે સક્રિય હોય છે. દિવસના સમયમાં તેઓ આરામ કરે છે, જેથી તેઓ રાત્રે શિકાર કરી શકે. સિંહ, દીપડા, ઝરખ વગેરે રાત્રે શિકાર કરતા પ્રાણીઓ છે અને ચીતલ, ચૌશિંગા, નીલગાય, સાંભર વગેરે દિવસે પોતાનો ખોરાક મેળવતાં હોય છે. રાતનું દૃશ્ય હંમેશાં બદલાતું હોય છે.

મનુષ્યની સરખામણીમાં નિશાચર પ્રાણીઓ રાત્રે અંધકારમાં સારું જોઈ શકે છે. તૃણાહારી પ્રાણીઓ રાત્રે ઓછું જોઈ શકે છે, પણ તેમણે પોતાના સ્વબચાવ માટે અન્ય સારી પદ્ધતિઓ વિકસાવી છે. ગિરનાં જંગલોમાં સિંહ હંમેશાં શિકાર પાછળ દોડીને શિકાર કરે છે. જો દિવસે નીલગાયને સિંહની આસપાસ હાજરી છે તેવો ખ્યાલ આવી જાય, તો પણ સિંહ તેની પાછળ ભાગીને પોતાની શક્તિનો વ્યય કરતો નથી. પણ સાંજે સિંહ ઘણો સક્રિય હોય છે. નીલગાય માટે આ જ સિંહ રાત્રે યમદૂત બની શકે છે. તેનો અર્થ એ નથી કે રાત્રે તૃણાહારી પ્રાણીઓ ભયમુક્ત નથી રહી શકતા. પવનની દિશા તેમને શિકારી પ્રાણીની હાજરીની માહિતી

આપે છે.

માંસાહારી પ્રાણીઓના શરીરમાંથી એક અલગ પ્રકારની ગંધ આવે છે. મનુષ્યો તેમની એકદમ નજીક પહોંચ્યા વગર ગંધ પારખી શકતા નથી, પરંતુ પ્રાણીઓમાં સાંભળવાની અને સૂંઘવાની શક્તિ તીવ્ર હોય છે. હવા જે તરફથી આવતી હોય તે દિશામાં તૃણાહારી બેસે છે. હવા તેમને શિકારી પ્રાણીના આગમનની ગંધ પારખવામાં મદદરૂપ થાય છે. તેઓ સૂંઘવાની ગજબની શક્તિ ધરાવે છે, પણ સિંહ એ ચપળ શિકારી છે. તેમને ખબર છે કે તેમનો શિકાર તેમને કેવી રીતે ઓળખે છે. સિંહની જોવાની અને સૂંઘવાની શક્તિ ખૂબ તીવ્ર હોય છે. સિંહ દૂરથી પોતાના શિકારને જોઈ શકે છે અને પોતાના શિકારના કદ અને આકારનો તાગ મેળવીને તે યોજનાબદ્ધ રીતે હવાની વિરુદ્ધ દિશામાંથી શિકાર ઉપર હુમલો કરે છે.

તૃણાહારી પ્રાણીને જન્મથી જ ખબર હોય છે કે જીવતા રહેવા માટે સમૂહમાં રહેવું જરૂરી છે. જો સમૂહથી અળગા થયા તો જીવન સંકટમાં મુકાઈ શકે છે. તૃણાહારી પ્રાણીઓની આંખો દિવસમાં સ્પષ્ટ જોઈ શકે છે. જે રાત્રિના સમયે એટલું સ્પષ્ટ જોઈ શકતી નથી. આથી તેઓ સમૂહમાં રહેવાનું પસંદ કરે છે. તૃણાહારી પ્રાણીઓ સમૂહમાં ચરે છે, પાણી પીએ છે. સમૂહના અમુક પ્રાણી ચરતા હોય ત્યારે બીજા સભ્યો આસપાસ નજર રાખે છે. પાણી પણ તેઓ વારાફરતી પીએ છે. આ સમયે માંસાહારી પ્રાણીઓ વધુ હુમલા કરે છે, રાત્રિના સમયે તૃણાહારી પ્રાણીઓ ખુલ્લી જગ્યામાં રહેવાનું વધુ પસંદ કરે છે, જેથી કરીને ભાગવામાં સરળતા રહે. અન્ય એક પદ્ધતિ મુજબ તૃણાહારી પ્રાણીઓ ગોળાકારે બેસે છે અને તેમનાં બચ્ચાંને વચ્ચે મધ્યમાં રાખે છે. રાત્રિ માટે આ યોગ્ય બચાવપદ્ધતિ છે. ગોળ ફરતે ઊભા રહેવા કે બેસવાથી બધી બાજુ નજર રાખી શકાય છે અને શિકારીને કોઈપણ ખૂણેથી આવતો જોઈ શકાય છે. અહીં સિંહ અનેક પ્રકારની પ્રયુક્તિઓ અજમાવે છે. તૃણાહારી પ્રાણીઓના સમૂહની જેમ સિંહ પણ સમૂહમાં રહે છે અને સમૂહમાં તે શિકારને ચારે બાજુથી ઘેરીને શિકાર કરે છે. ચારે તરફથી થતો હુમલો તૃણાહારીને ગમે તે દિશામાં દોડવા મજબૂર કરે છે અને પરિણામે તેઓ સરળતાથી સિંહનો શિકાર બની જાય છે.




તૃણાહારી પ્રાણીઓ માટે તેનો પાણી પીવાનો સમય સૌથી વધુ જોખમી હોય છે. જંગલમાં આવેલા પાણીના કુંડની આસપાસ શિકારી પ્રાણીઓ છુપાઈને બેઠાં હોય છે. તૃણાહારી પ્રાણીઓ દિવસના સમયમાં આવા પાણીના કુંડમાંથી પાણી પીવાનું જોખમ ઉઠાવે છે, પરંતુ રાત્રિના સમયે તેઓ આ પરિસ્થિતિ ટાળે છે. શિકારી હંમેશાં પોતાના શિકારને પાણી પીવા

માટે નીચે તરફ વળવાની જ રાહ જોતા હોય છે.

સિંહ આવા પાણીના કુંડની આસપાસ, ઉનાળાના સમયમાં આ પદ્ધતિનો ઉપયોગ કરવાનું વધુ પસંદ કરે છે. પાણીના કુંડની આસપાસ તે કલાકો સુધી આરામ કરતા હોય છે. જ્યારે સાંજ ઢળવાના સમયે તૃણાહારી પ્રાણી પાણી પીવા આવે છે, ત્યારે સિંહ તેના પર હુમલો કરે છે.

ઋતુઓ શિકારી અને શિકારની પદ્ધતિઓ ઉપર અસર કરે છે. ચોમાસા દરમ્યાન સરળતાથી પાણી મળી જવાના કારણે પ્રાણીઓ પાણીના કુંડનો ઓછો ઉપયોગ કરે છે. વળી ચોમાસામાં ઘાસની ઉપલબ્ધતા વધવાના કારણે તૃણાહારી પ્રાણીઓને બહુ દૂર સુધી જવું પડતું નથી. પરંતુ ઘાસનું વધુ પ્રમાણ પણ તેમના માટે ભયજનક છે. જંગલના બધા વિસ્તારમાં ઘાસનું કદ એક સરખું હોતું નથી. જેમ કે રાષ્ટ્રીય ઉદ્યાનમાં છ ફૂટ ઊંચું ઘાસ હોય છે. આવી જગ્યાએ શિકારી પ્રાણી સરળતાથી સંતાઈને શિકાર કરે છે. આવી પરિસ્થિતિ તૃણાહારી પ્રાણીઓની સમસ્યાઓમાં વધારો કરે છે. તૃણાહારી પ્રાણી આવા આકસ્મિક હુમલાઓથી બચવા માટે ઊંચાઈ અને ઢોળાવવાળા વિસ્તારો પર જતા રહેવાનું પસંદ કરે છે. જ્યાં તેમને ઘાસ પણ મળી રહે છે અને દૂર સુધી તેઓ જોઈ પણ શકે છે. પણ ફરી વખત ઊંચાઈ ઉપર તેમને પાણી મળતું નથી. આથી પાણી પીવા તૃણાહારી પ્રાણીઓએ નીચે તો આવવું જ પડે. આવી પરિસ્થિતિમાં માંસાહારી પ્રાણીઓને રાતનો સમય ખૂબ મદદરૂપ થાય છે. જંગલમાં લીલું ઘાસ અને પાણીના સ્રોત સુકાઈ ન જાય ત્યાં સુધી આવું દૃશ્ય જોવા મળે છે. ઉનાળાની ઋતુની શરૂઆતથી સમગ્ર પ્રદેશ શુષ્ક બની જાય છે. અહીં ફરી વખત શિકાર અને શિકારીની પદ્ધતિઓ બદલાય છે.

ઉનાળાની ઋતુમાં ઝાડવાનાં પાન સુકાઈને ખરી જાય છે. રાતના સમયે તૃણાહારી પ્રાણીઓ સુકાઈ ગયેલાં પાંદડાંવાળી જગ્યાએ ઊભા રહેવાનું પસંદ કરે છે. આ એક સરળ બચાવપ્રયુક્તિ છે. જેમાં શિકારી પ્રાણી આવાં સુકાઈ ગયેલાં પાંદડાં પરથી ચાલીને આવે તો તેના અવાજથી તૃણાહારી પ્રાણીઓ સતર્ક થઈ જાય છે. આપણા શિકારી પ્રાણીઓ પણ એટલા જ હોંશિયાર છે. તેઓ આવાં સૂકાં પાંદડાં પથરાયેલાં હોય કે વૃક્ષોની સુકાઈ ગયેલી ડાળીઓ પડી હોય તેવી જગ્યાએ ચાલવાના બદલે માટીવાળી જમીન પર ચાલવાનું પસંદ કરે છે, જેથી અવાજ ન થાય.



મોર સાથે ચતુર ચીતલનું બચ્ચું


તૃણાહારી પ્રાણીઓએ ઘણાં શારીરિક અનુકૂલનો વિકસાવ્યાં છે. તેમનાં મહત્ત્વનાં શારીરિક અનુકૂલનોમાં તેમના માથાની રચના અને સાથે સાથે આંખ, કાન અને દાંત છે. મોટા ભાગનાં તૃણાહારીઓની આંખો માથાની બાજુમાં હોય છે. આંખોનું સ્થાન તૃણાહારી પ્રાણીઓને પોતાની આજુબાજુનો વિસ્તાર જોવામાં વિશાળતા આપે છે. આવી આંખોની

મદદથી તેઓ માથું હલાવ્યા વગર બધી બાજુ જોઈ શકે છે. પણ આ પ્રાણીઓને આવા વિશાળ ક્ષેત્રમાં જોવાની જરૂર શા માટે પડે છે? ઘણાં બધાં તૃણાહારીઓ માંસાહારી પ્રાણીઓનો શિકાર બની જાય છે. શિકારી પ્રાણી તરફથી થતા હુમલામાંથી બચવા માટે તેમનું દૃષ્ટિ – અનુકૂલન તેમને મદદરૂપ થાય છે. આહારશૃંખલાના મહત્ત્વના ભાગ તરીકે તૃણાહારી પ્રાણીઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમના કાન પણ ખૂબ સતર્ક હોય છે. ઘણાં તૃણાહારી પ્રાણીઓના કાન મોટા હોય છે, જે વધુમાં વધુ અવાજ સાંભળવામાં મદદ કરે છે. આંખો અને કાનની મદદથી તૃણાહારી પ્રાણી શિકારીથી બચીને વધુ એક દિવસ જીવી શકે છે.

ગિરના જંગલમાં આશરે ૬૨૦૦૦ ચીતલની સંખ્યા છે. ચીતલની આટલી મોટી સંખ્યાના કારણે તેઓ સિંહનો મુખ્ય આહાર બન્યા છે. ચીતલ એ સહેલો શિકાર નથી. ચીતલ એ ઝડપી પ્રાણી છે. દોડીને ચીતલને પકડી લેવું એ સિંહ માટે અશક્ય છે, કારણ કે બંનેનાં વજનનાં પ્રમાણમાં ઘણો તફાવત છે. સિંહનું વજન ૨૦૦ કિલો હોઈ શકે. જ્યારે ચીતલનું વજન માંડ ૪૫થી ૫૦ કિલો હોય છે, પરિણામે તે ઝડપથી અને લાંબું ભાગી શકે છે. સિંહ તેના ભારે શરીરના કારણે ૩૦૦ મી. જેટલું લાંબું દોડી શકે છે. ચીતલની દોડવાની ઝડપ એ તેના માટે તેના બચાવના હથિયાર સમાન છે.

સિંહ માટે ચીતલને પકડવાં સહેલાં નથી. વજન અને આકારની ભિન્નતાને કારણે સરળતાપૂર્વક ચીતલ પકડી શકાતાં નથી. સિંહનું વજન ૨૦૦ કિલોની આસપાસ હોય, જ્યારે ચીતલ માંડ ૪૦-૫૦ કિલોનાં હોય છે. તેઓ ઝડપથી અને લાંબું દોડી શકે છે. સિંહ વધુમાં વધુ ૩૦૦ મીટર પોતાની મહત્તમ ઝડપે દોડી શકે છે. દોડવાની ઝડપ સિવાય ચીતલ પાસે અન્ય એક છૂપું હથિયાર પણ છે.

જો તમારે કુદરતની ખરી સં ુદરતા નિહાળવી હોય, ભગવાનમાં તમારો વિશ્વાસ મજબૂત કરવો હોય તો તમારે વન્યપ્રાણી અભયારણ્યની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. ત્યાંના વન્યજીવ અને તેની વર્તણૂકને સમજવાં જોઈએ. જો તમને સુંદરતા ગમતી હશે તો તમને ઈશ્વર દ્વારા ઘડાયેલી દરેક વસ્તુ પણ ગમશે જ. જંગલમાં શિકારી પ્રાણીઓ છે. તેઓ શક્તિશાળી અને કૌશલ્યપ્રધાન શિકારીઓ છે. તેનો અર્થ એ નથી કે, શિકાર હંમેશાં મદદવિહોણો જ હોય છે અને માત્ર ભાગદોડ કરીને જ તેમનું જીવન જીવે છે. એ સત્ય છે કે શિકારનું મૃત્યુ શિકારીના હાથમાં જ હોય છે. તેઓ કેટલું લાંબું જીવી શકે છે, તે તેમનાં કૌશલ્યો અને વિશ્વાસને આધારિત છે.



ઢેલને આકર્ષવા માટે નૃત્ય કરતા મોરને તાકી રહેલી બિલાડી

ચાલો, હું તમને તમારું જ એક ઉદાહરણ આપું. તમે એક કુટુંબમાં રહો છો. રજાના દિવસે દીવાનખંડમાં બેસી તમે ટીવી જોઇ રહ્યા છો, કે નાસ્તો કરી રહ્યા છો. અચાનક તમારી મમ્મી તમને બોલાવે છે. તમે અભાનપણે તેમને `હા' કે `ના'માં જવાબ આપો છો. થોડા સમય બાદ તમારાં બાળકો તેમની સાથે રમવા માટે તમને સાદ પાડે છે, પણ તમારું બધું ધ્યાન ટીવીમાં છે.

ફરી વખત તમે બેધ્યાન બનીને જવાબ આપો છો, પણ જ્યારે તમારી ધર્મપત્ની તમને પડોશીના ઘરના રૂમમાંથી બોલાવે છે, ત્યારે ટીવીનો અવાજ અને બીજો ઘોંઘાટ હોવા છતાં પણ તમને તેનો અવાજ સંભળાય છે. ફરી વખત તે બોલે છે ત્યાં તો તમે હાજર થઈ જાઓ છો! આવું શા માટે? ત્રણ અલગ અલગ અવાજમાં તમે માત્ર તમારી પત્નીના અવાજને યોગ્ય પ્રતિસાદ કેમ આપ્યો?

આવો જ `એક વિશિષ્ટ અવાજ' કુદરતે ચીતલને આપ્યો છે. જેને `એલાર્મ કોલ' કહેવામાં આવે છે. ચીતલ ઘણા બધા અવાજ કરે છે. આવા વિશિષ્ટ અવાજો તેમના માટે ઘણા અગત્યના અને જીવનરક્ષા માટે જરૂરી છે. ચીતલ ટોળામાં રહે છે. અમુક ચીતલ હંમેશાં જાગૃત રહીને શિકારીની હિલચાલ ઉપર જ નજર રાખતાં હોય છે. માત્ર જોઈને જ નહીં, પરંતુ સૂંઘીને પણ તેઓ નજીક આવતા શિકારીની માહિતી મેળવી લે છે. જો હવા તેમની તરફ હોય તો તેમની નજીકથી પસાર થતા શિકારી પ્રાણીની જાણ થતાં તેઓ અવાજ કરવો શરૂ કરી દે છે. બધી પરિસ્થિતિમાં એલાર્મ કોલ એક સમાન હોતા નથી. ગિરના જંગલમાં સિંહ અને દીપડો એ ચીતલના મુખ્ય શિકારીઓ છે. જો તેઓ દીપડાને જોઈ લે તો ખૂબ ઝડપથી કોલ આપે છે, કારણ કે દીપડો ઝડપથી છુપાઈ જતું પ્રાણી છે. દીપડાની ચાલવાની પદ્ધતિ સિંહ કરતાં ઘણી અલગ છે. તે ઝડપથી ચાલે છે. ઊંચું કૂદી શકે છે. ઝાડ ઉપર ચઢી શકે છે. તેઓ વજનમાં હલકા હોય છે. આથી જો ચીતલ દીપડાને ખૂબ દૂરથી પણ જોઈ જાય તો તેઓ અવાજ કરવાનું ચાલુ કરી દે છે. આવું શા માટે? સિંહ દીપડા જેટલા ઝડપી હોતા નથી. દીપડાની સરખામણીમાં સિંહને પહોંચવામાં સમય લાગે છે અને તેમની હાજરી સરળતાપૂર્વક દેખાઈ જાય છે. જ્યારે પણ ચીતલ કોઈ શિકારીને જુએ છે કે તરત જ એલાર્મ કોલ વગાડવાનું શરૂ કરી દે છે. વળી પોતાની પૂંછડી ઊંચી કરી પગ પછાડવાનું પણ શરૂ કરી દે છે. પછાડવાનું કારણ છે કે તેનાં જૂથનાં બીજાં સભ્યોને શિકારી વિશે ખબર પડે. જૂથનાં સભ્યો પણ દરેક દિશામાં જોઈ તપાસી, યોગ્ય દિશા તરફ જવા તૈયાર થઈ જાય છે. ચોમાસા દરમિયાન ચીતલ માટે શિકારીની તપાસ મુશ્કેલ બની જાય છે. જંગલ ગીચ થઈ જાય છે. ગીચતાના લીધે શિકારીની ગંધ પારખવી પણ મુશ્કેલ બની જાય છે. આવા એલાર્મ કોલ અન્ય જૂથ માટે ઘણાં ફાયદાકારક હોય છે. અહીં હંમેશાં બચાવ પ્રક્રિયા કામ કરે છે. શિકારી પ્રાણીથી બચાવવામાં તૃણાહારીઓને મદદ કરે છે.

એક રમૂજ છે. બે મિત્રો જંગલમાં રસ્તો ભૂલી ગયા. રસ્તો શોધવાનો તેઓ પ્રયત્ન કરી રહ્યા હતા. એટલામાં એક સિંહ ત્યાં આવી ચડ્યો. તેણે આ બંને મિત્રોને જોયા. એક મિત્રએ બીજાને કહ્યું : ``યાર, આપણે સિંહ કરતાં ઝડપથી ભાગવું પડશે." બીજા મિત્રએ જવાબ આપ્યો, ``ના રે ના, મારે તો તારા કરતાં ઝડપથી ભાગવું પડશે."

જંગલમાં કોઈને નફો તો કોઈને નુકસાન છે. આ રમૂજને લાગુ પડતી અન્ય એક બચાવપ્રયુક્તિ છે. જે ચીતલને જ નહીં, પરંતુ તેના બીજા બે મિત્રોને પણ કામ લાગે છે. તેના મિત્રો છે વાંદરા અને મોર! વાંદરા હંમેશાં ઝાડ ઉપરથી પાંદડાં અને ફૂલ તોડીને નીચે જમીન પર ફેંકે છે. આ ફેંકેલી વસ્તુઓ ચીતલને ખોરાક તરીકે ઉપયોગી છે. વાંદરા ચીતલને શિકારી પ્રાણીની હાજરીની ચેતવણી પણ આપતા હોય છે. વાસ્તવિકતામાં વાંદરા ચીતલનો જીવ બચાવવાની સાથે સાથે પોતાનો જીવ પણ બચાવતા હોય છે. એવું માનવામાં આવે છે કે સિંહ જો ઝાડવાં પાછળથી ગર્જના કરે તો વાંદરા કદાચ તેની ગર્જનાથી ગભરાઈને ઝાડ પરથી પડી જાય. પોતાનો જીવ બચાવવા વાંદરા ચારે તરફ નજર રાખતા હોય છે. જો આવો કોઈ શિકારી દેખાય તો ચીતલને તે જણાવવાનું શરૂ કરી દે છે અને એ વિસ્તારમાં દોડવાનું પણ શરૂ કરી દે છે. આવી પરિસ્થિતિમાં સિંહનું બધું ધ્યાન ચીતલ તરફ કેન્દ્રિત થાય છે અને તેના લીધે વાંદરાને

જીવનું જોખમ ઘટી જાય છે. મોર હંમેશાં આ અલગ પ્રકારના સંબંધનો લાભ ઉઠાવવાનો પ્રયત્ન કરે છે.

ચોમાસા બાદ મોર તેના પીછાં ખેરવી નાખે છે. આ એક કુદરતી પ્રક્રિયા છે, પણ શિયાળા પછી અને ચોમાસા પહેલાં પીછાં પાછાં આવી જાય છે. મોરના શરીર પર પીછાં તેમના સંવનન માટેની સજાવટનો મહત્ત્વનો ભાગ છે. આ પીછાં ઘણાં વજનદાર હોય છે. સંવનન સમયે યોગ્ય દેખાવ કરવા માટે મોરને કલાકોના કલાકો લાગે છે. માદાને રિઝવવા માટે આવી પરિસ્થિતિમાં મોર ઘણા સંવેદનશીલ બની જાય છે. આ સમયે તેમની ઉપર શિકારી દ્વારા હુમલા થવાની શક્યતા પણ ઘણી વધી જાય છે. આ ભારેખમ પીછાંના વજનના કારણે તેઓ ઊડી કે ભાગી પણ શકતા નથી, તો આવા સમયે મોર સંવનનકાળનો દેખાવ કરવા માટે વાંદરા અને ચીતલની હાજરી હોય તેવી જગ્યા પસંદ કરે છે. તમે જ્યારે જંગલમાં જાઓ, ત્યારે બે અલગ પ્રજાતિઓ તમને સાથે જોવા મળશે. આ ઘણી સામાન્ય બાબત છે. આ તેમની વચ્ચેનો એક સંબંધ છે. અને તેમનો સંબંધ માત્ર અને માત્ર બચાવ પ્રયુક્તિ આધારિત છે. એકબીજાને સમજવા કે સમજાવવા તેમની પાસે કોઈ ભાષા નથી. તેઓ મૌન રહીને, કોઈપણ વ્યક્તિગત સંબંધ વગર એકબીજાને મદદ કરે છે. મનુષ્યો કરતાં આ પશુ-પક્ષીઓ ઘણાં સારાં છે. જેઓ એકબીજાંને સતત નીચા બતાવવાના પ્રયત્નો તો નથી કરતા...!

વહેલી સવારે સિંહનું એક ટોળું શિકાર કરવા નીકળ્યું હતું. તેણે ચીતલના એક ટોળાને ઘેરી લીધું. સૂર્યોદય થવાનો હજુ બાકી હતો. જીવનમરણની આ દોડાદોડમાં એક ચીતલે તો પોતાનો જીવ પણ ગુમાવી દીધો. શિકાર અને શિકારીનો આ જ સંબંધ છે. આજે તમે જીવતા છો, કાલે તમે કદાચ મૃત્યુ પણ પામો. શિકારનો જન્મ ભાગવા માટે થયો છે અને શિકારીનો જન્મ તેને પકડવા માટે થયો છે.

આ ઉંદર-બિલાડીની એક રમત છે. ઘણી વખત બિલાડી જીતી જાય છે અને ઘણી વખત ઉંદર તેને મૂર્ખ બનાવીને ભાગી જાય છે. વહેલી સવારે ચીતલનું એક બચ્ચું તેના ટોળાથી વિખૂટું પડી ગયું હતું. આ એક રમત હતી અને તેમાં ટોળાના સભ્યો અંધારામાં ખૂબ ઝડપથી દોડ્યા, દુર્ભાગ્યે ચીતલનું બચ્ચું કાં તો દિશા ભૂલી ગયું, અથવા ખોટી દિશામાં દોડી ગયું. ચીતલનું એકલું બચ્ચું જંગલમાં જીવી શકે નહીં.

જંગલમાં ઘણાં શિકારી પ્રાણીઓ શિકારની રાહ જોઈને બેઠાં હોય છે. તેમાં આ બચ્ચું કંઈક ચમત્કાર થવાની આશાએ સાવ એકલું જઈ રહ્યું હતું. ખૂબ ડરી ગયેલાં બચ્ચાને ખબર હતી કે, જો તે અવાજ કરશે તો શિકારી પ્રાણીઓ તેના તરફ આકર્ષાશે. આથી તેણે ધીરજપૂર્વક પોતાના પરિવારને શોધવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. સૂર્યોદય થઈ ચૂક્યો હતો અને જંગલમાં હવે બધું સ્પષ્ટ દેખાવા લાગ્યું હતું. તેનો પ્રવાસ શરૂ થયો. પહેલાં તેણે પોતાનું નસીબ પાણીના કુંડે જઈ અજમાવ્યું.

ચીતલનું બચ્ચું જ્યારે પાણીનાં કુંડ પાસે પહોંચ્યું ત્યારે ત્યાં કાદવમાં મજા કરી રહેલા જંગલીભૂંડ સિવાય બીજું કોઈ ન હતું. થોડું પાણી પીને તેણે ચારે તરફ જોયું. ચીતલનું બચ્ચું પાણીના કુંડથી આગળ ચાલ્યું. તેને તે સ્થળની ભયાનકતાની ખબર હતી. એકલું અને મૂંઝાયેલુ બચ્ચું ઘાસના ઢોળાવવાળા એક વિસ્તાર પર પહોંચ્યું. થોડાંક ડગલાં ઉપર ચડી તેણે ઊંચાઈ પરથી પોતાના પરિવારને શોધવાનો પ્રયત્ન કર્યો. અહીં ચીતલનાં ટોળાની જગ્યાએ ઝાડીમાં બેઠેલું એક શિયાળ તેને દેખાયું. શિયાળ જંગલના સફાઈ કામદાર કહેવાય છે અને તે તકસાધુ હોય છે. નાનો શિકાર મળતાં તેનો શિકાર પણ કરી લે છે. એકલાં બચ્ચા માટે આ ક્ષણો ભયની હતી. અહીં એ દિશા ભૂલેલું હતું. સદ્ભાગ્યે શિયાળને એવું થયું કે આજે આ ખોરાકની જરૂર નથી. ફરી એક વખત નસીબે ચીતલના બચ્ચાને સાથ આપ્યો. બચ્ચું કૂદકા મારતું ટેકરી

ઊતરી ગયું. થોડા મીટર ચાલ્યા બાદ તેણે ઘાસના એક ખુલ્લા મેદાનમાં ઘણા બધા મોરને સૂર્યના તડકાની મજા માણતા જોયા. ચીતલનું નાનકડું બચ્ચું શિકાર અને શિકારી વચ્ચેનો ભેદ સારી રીતે સમજતું હતું. આ પહેલાં પણ તેણે પોતાના ટોળામાં રહીને જાણ્યું હતું કે મોર પણ એક શિકાર છે. તેની ઇન્દ્રિયો તેને જાણે કહી રહી હતી કે `જો તું મોરલાઓ સાથે રહીશ તો તું બચી જઈશ, તું ક્યાંય જઈશ નહીં. બસ મોરલાઓની પાછળપાછળ ચાલ્યો જા.'

બસ તે ક્ષણથી બચ્ચાએ મોરલા સાથે એકતરફી મિત્રતા બાંધી લીધી. તેણે મોરલાને અનુસરવાનું શરૂ કર્યું. મોરલા જ્યારે જમીન પરથી ચણતા ત્યારે એ તકનો લાભ લઈને ચીતલનું બચ્ચું પણ પાંદડાં અથવા જે મળે તે ખાઈ લેતું. મોરલા આગળ વધવા લાગતા અને બચ્ચું તેની પાછળ પાછળ જતું. જો મોર ઊડી જાય તો તરત જ બચ્ચું દોડીને જેમ બને તેમ તેની નજીક પહોંચી જતું. લગભગ બે કલાક સુધી આવું ચાલ્યા કર્યું. મોર ક્યારેય આવાં બચ્ચાંને ભયજનક નથી સમજતા. મોર હંમેશાં ગાઢ ઝાડીવાળા વિસ્તારમાં જવાનું ટાળે છે, કારણ કે જો ઓચિંતું ઊડવાનું થાય તો તેના પીછાં ઝાડીમાં ફસાઈ ન જાય.

મેદાનમાં બંને જ્યારે કંઈક ખાવામાં મસ્ત હતા ત્યારે ઝાડીમાંથી આવેલા અવાજે બંનેને ડરાવી દીધા. તરત જ મોર ઊડ્યો અને ઝાડ પર બેસી ગયો, પણ બચ્ચા પાસે ક્યાંય જવાનો રસ્તો ન હતો. તેણે ગભરાઈને અવાજની વિરુદ્ધ દિશામાં દોડવાનું શરૂ કર્યું. ઝાડીમાંથી આવતો અવાજ એ જંગલીભૂંડ અને તેનાં બે બચ્ચાંનો હતો. તમારા મનમાં જ્યારે ડર હોય ત્યારે તમારી પાસે પરિસ્થિતિને સમજવાની શક્તિ હોતી નથી. સંકટના સમયે જીવનરક્ષણ એ જ માત્ર ધ્યેય હોય છે.


ચીતલનાં બચ્ચાએ ખૂબ ઝડપથી દોડવાનો પ્રયત્ન કર્યો, પણ તે થાકી ગયું હતું, પણ અચાનક તેના પગમાં શક્તિનો સંચાર થયો, તેણે નજર સામે ચીતલનું એક ટોળું જોયું. લાંબા કૂદકા મારતું તે પોતાની માતા પાસે પહોંચી ગયું. તેના માટે આ અભૂતપૂર્વ આનંદની ક્ષણો હતી. તેની માતાને મળતાં જ તેણે રમૂજી ક્રિયાઓ કરવાની શરૂ કરી. જેમકે ઊંચા કૂદકા મારવા, લાંબા કૂદકા મારવા, આમતેમ દોડાદોડી કરવી અને અંતમાં હરખઘેલું આ બચ્ચું તેની માતા પાસે ગયું. તેના આત્માના અવાજે અને તેના પ્રયત્નોએ તેને શિકારીના આ જંગલમાં જીવતું રાખ્યું.

એ હકીકત છે કે કપાસનું રૂ આકાશમાં તેના ભાગ્યના કારણે ઊડે છે પણ પક્ષી હવામાં તેના પ્રયત્નોના કારણે ઊડે છે. તમારું નસીબ ભલે તમને સાથ ન આપે પરંતુ તમારા પ્રયત્નો હંમેશાં તમારા જ છે. બધાં આ ચીતલના બચ્ચા જેટલાં કંઈ નસીબદાર નથી હોતા. બચ્ચાએ એક અસાધારણ મિત્રની મદદથી પોતાનો જીવ બચાવ્યો, પણ એક મોર માટે આવી જ યુક્તિ તેમનું જીવન બચાવવામાં નિષ્ફળ પુરવાર થઈ.

પવનના સૂસવાટા સંભળાતાં હતા. આકાશ વરસાદી વાદળોથી ઘેરાયેલું હતું, કાળા ડિબાંગ વાદળો વચ્ચેથી સૂર્ય સંતાકૂકડી રમી રહ્યો હતો. જંગલની માટીની ભીનીભીની સુગંધ હવામાં પ્રસરેલી હતી. પક્ષીઓએ પહેલા વરસાદના આગમનના આનંદમાં ગીતો ગાવાનું શરૂ કરી દીધું હતું. ધરતી પર પથરાયેલી ધૂળ જાણે વરસાદનાં ટીપાંની રાહ જોઈ રહી હતી. ઝાડનાં પાંદડાં પર પડેલાં પાણીનાં ટીપાં મોતી સમાન લાગતાં હતાં. એક ઘેરા ભૂરા રંગના ગરદનવાળા સુંદર મોરે તેના મધુર સ્વરમાં ટહુકવાનું શરૂ કર્યું. મોરને તેના સંવનનકાળ દરમયાન કળા કરતા જોવા જેવું દુર્લભ દૃશ્ય બીજું કોઈ નથી. પોતાના સાથીને આકર્ષવા માટે મોર પોતાનાથી બને તેટલો પ્રયત્ન કરે છે. એક ઢેલ ઝાડની ડાળ પર બેસીને મોરની કળાનો આનંદ માણી રહી હતી.

મોરને જ્યારે ખ્યાલ આવ્યો કે ઢેલ તેને જોઈ રહી છે. ત્યારે તેણે પોતાનાં પીંછાં વધુ સરસ રીતે ખીલવીને કળા કરી. મોરનાં પીંછાં એ કુદરતની કારીગરીનું ઉત્તમ ઉદાહરણ છે. ભૂરા,

લીલા અને નારંગી રંગ મોરને એક આકર્ષક દેખાવ આપે છે. મોર એક હોશિયાર નર્તકની માફક તેના મધુર અવાજ સાથે પ્રેક્ષકોની સામે પોતાની કળાનું પ્રદર્શન કરી રહ્યો હતો. ઢેલ જ્યારે મોરની નજીક પહોંચી ત્યારે તેનું નૃત્ય ચરમસીમાએ પહોંચી ગયું હતું. તે આગળપાછળ થઈ ઢેલની આજુબાજુ નાચી રહ્યો હતો.



અંતમાં મોર ઢેલની પાસે પહોંચ્યો. ઢેલે તેની અવગણના કરી અને તે બેસી ગઈ. સંવનન માટે ઘણા દિવસ પછી મોકો મળ્યો હતો. આને જવા કેમ દેવાય? મોર તેની આગળ પહોંચ્યો અને તેણે તેનાં પીછાં ઢેલના માથે ફેલાવ્યા. ઢેલ હજી પણ નખરાં કરતી હતી. જાણે કે તેને મોરમાં રસ ન હોય.

ઢેલની સામે આજુબાજુમાં એમ ચારે તરફ ફરીને મોરે તેને રીઝવવાનો બનતો પ્રયત્ન કર્યો. આખરે ઢેલ રાજી થઈ. મોરની મહેનત સફળ થઈ. ઢેલ તેની સાથે નૃત્યમાં જોડાઈ. એક લાંબી લડાઈ પછી આ યોદ્ધાએ જંગ જીત્યો છે.

પ્રેમના હકારાત્મક પ્રભાવથી ઘેલા થયેલા મોરે આમતેમ દોડવાનું શરૂ કર્યું. ઢેલ તેના રમૂજી પ્રતિભાવો જોઈ રહી હતી. પક્ષીઓ અને વાંદરાંઓ પણ ઝાડ પર બેસીને મોરના નૃત્યની મજા લઈ રહ્યાં હતાં. અન્ય એક મોરે પણ આ ઢેલ સામે પીછાં ફેલાવીને કળા કરીને આગળપાછળ ફરવાનું ચાલુ કર્યું હતું.

પોતાની મસ્તીમાં મસ્ત થયેલા મોરને એ ખબર ન હતી કે ઝાડીમાંથી બે આંખો તેને જોઈ રહી છે. ભાન ભૂલી બેઠેલા મોરને તેની જોખમી પરિસ્થિતિઓ ભુલાઈ ચૂકી હતી. અચાનક ઢેલ ઊડી ગઈ અને પક્ષીઓ શાંત થઈ ગયાં. મોરે નૃત્ય બંધ કરી વિચાર્યું કે, `અરે, મારા સાથીને શું થયું? એ અચાનક ક્યાં જતી રહી? શું હું તેને યોગ્ય નથી?' આવા બધા પ્રશ્નનો હવે ક્યારેય જવાબ મળવાનો નથી. ક્ષણભરમાં એક સિંહ ઝાડીમાંથી બહાર આવ્યો અને તેણે મોર ઉપર તરાપ મારી. મોરે ઊડવાનો પ્રયત્ન કર્યો, પણ ઘણું મોડું થઈ ચૂક્યું હતું. ઊડતા મોરને હવામાં જ સિંહે પકડી લીધો. ઢેલને સિંહની હાજરીની જાણ થતાં જ ત્યાંથી તે દૂર ચાલી ગઈ હતી. જાણે માખણમાં છરી ફેરવતા હોઈએ, તેટલી સરળતાથી સિંહે મોરને મારી નાખ્યો. મોરનું આકર્ષક નૃત્ય તેના માટે મૃત્યુનું કારણ બન્યું. વાંદરાંઓએ ઝાડ પર બેઠાંબેઠાં તેને ચેતવણી આપી હતી, પણ પ્રણયઘેલા આ મોરે તેને ગણકારી નહીં. અમુક ક્ષણોની નીરવ શાંતિ બાદ જંગલ ફરી પાછું પોતાના સામાન્ય મિજાજમાં આવી ગયું.

=

# કમલેશ્વર : રણભૂમિનું મહાદૃશ્ય

અભયારણ્યમાં આવેલો પ્રવાસન માટે નક્કી કરાયેલો વિસ્તાર ખૂબ મોટો છે. આથી તેને આઠ પ્રવાસન માર્ગોમાં વહેંચવામાં આવ્યો છે. દરેક માર્ગની મુલાકાત લેતાં ઓછામાં ઓછો ત્રણ કલાકનો સમય લાગે છે. અભયારણ્યના વિસ્તારોનું નામકરણ થયેલું છે. આ નામ જૂના વખતમાં માલધારી, સ્થાનિક લોકો અથવા જંગલખાતાના કર્મચારીઓ દ્વારા અપાયાં હશે. બહારગામથી, અન્ય રાજ્ય કે વિદેશથી આવતા પ્રવાસીઓ ઑનલાઇન પરમિટ પણ નોંધાવી શકે છે. નક્કી કરાયેલા આઠે આઠ પ્રવાસનમાર્ગ સુંદર વનરાજીથી સુશોભિત છે. આઠ પ્રવાસનમાર્ગમાંથી જો તમને ૧, ૩, ૪ કે ૮ નંબરનો માર્ગ મળે તો તમે નસીબદાર છો. પરમિટ અને તેની સાથે ફાળવાતા પ્રવાસનમાર્ગ કમ્પ્યૂટર આધારિત છે. અહીંથી તમને મનપસંદ પ્રવાસનમાર્ગ (રૂટ) નહીં મળે. તો આ ચાર માર્ગની વિશિષ્ટતા શું છે? એ હું તમને આગળ જણાવીશ. પરમિટ લીધા બાદ વાહનમાં બેસી તમારે ચૅકપોસ્ટ સુધી પહોંચવાનું હોય છે. અહીં તમારી પરમિટ વનવિભાગના કર્મચારી દ્વારા ચકાસવામાં આવે છે. એ પછી તમારું વાહન અભયારણ્યમાં પ્રવેશી શકે છે.

ગિર અભયારણ્યમાં જો તમે પ્રથમ વખત ગિરની મુલાકાતે આવ્યા હો, તો આ એક અવિસ્મરણીય અનુભવ હોઈ શકે. ઘણી વખત તો ચૅકપોસ્ટથી થોડા અંતરે જ ચીતલનાં ટોળાં, સાંભર વગેરે જોવા મળતાં હોય છે. આગળ વધતાં વિવિધ પ્રકારનાં વૃક્ષો તમારી સાથે ચાલી રહ્યાં હોય તેવું તમને લાગશે. હરિયાળીનો દેખાવ, તમે કઈ ઋતુમાં ગિરની મુલાકાત લીધી છે તેના પર આધારિત છે. દરેક ઋતુમાં ગિરની સુંદરતા અલગ જ હોય છે. તમે જંગલમાં જઈ રહ્યા છો. તમારી ચારે તરફ જંગલ જ જંગલ છે.

આગળ વધવાની સાથેસાથે તમારી સાથે આવેલ ગાઇડ તમને જે તે વિસ્તારની વિશિષ્ટતા વિશે માહિતી આપે છે. તમને આ બધામાં રસ ઓછો પડે તેનાં બે કારણ છે : એક, તમારે સિંહ જોવો છે અને બીજું તમારા મનમાં તમે જંગલનું દૃશ્ય રચી લીધું છે. હવે એક ઢોળાવ ચઢી તમારું વાહન જ્યારે સપાટ રસ્તા તરફ આગળ વધે છે ત્યારે પ્રવાસે આવેલા તમારા સૌના મુખમાંથી એક સાથે ઉદ્ગાર નીકળે છે કે વાહ, અદ્ભુત, અમૂલ્ય, અવિસ્મરણીય, અલભ્ય! શું સુંદર જગ્યા છે! અહીં ગાઇડ તમને જણાવે છે કે સાહેબ, આ કમલેશ્વર ડૅમ છે. આ છે ૧, ૩, ૪ અને ૮ નંબરનાં પ્રવાસનમાર્ગની વિશિષ્ટતા! ગાઇડની વાતો તમે સાંભળો છો, પરંતુ તેના કરતાં કુદરતે છૂટા હાથે વેરેલી આ સુંદરતાને અનુભવવામાં તમે વધુ વ્યસ્ત બની ગયા છો. તમારી ગાડી કમલેશ્વર તરફ જતા રસ્તા ઉપર ચાલી રહી છે, જ્યાં એક તરફ વિશાળ ડૅમ છે અને બીજી તરફ ઝાડીઝાંખરાં. તમને કદાચ ખબર નહીં હોય, પણ આ ડૅમ ૩૦૦ મગરમચ્છનું કાયમી નિવાસસ્થાન છે. અચાનક તમારી ગાડીનો એક સભ્ય બૂમ પાડે છે, `અરે આ તો મગર છે!' ગાઇડ ત્યાં નજર કરે છે. ઘણા બધા મગર સૂર્યસ્નાન કરી રહ્યા છે. તમારા અન્ય એક સાથીદાર વાહનચાલકને વિનંતી કરે છે કે ગાડી થોડી ધીમે ચલાવો. એકને મગરનો ફોટો પાડવો છે, તો બીજાને જાતજાતના પક્ષીઓના ફોટા પાડવા છે! ઓહ, કેટલો અદ્ભુત સમન્વય! છેવટે તમે કમલેશ્વર ડૅમના લીલા રંગના પાટિયાવાળી જગ્યાએ પહોંચી જાઓ છો. જેના ઉપર લખ્યું છે : **End of Kamleshvar Route.**

આવો બીજો અદ્ભુત અનુભવ પણ તમે માણી શકશો. ત્યાં સપાટ મેદાનથી આગળ એક નાનકડો પુલ છે. જ્યાંથી તમે ડૅમની સુંદરતા માણી શકો છો. અહીં એક વૉચટાવર પણ છે જ્યાંથી તમે ગિરની સુંદરતાને અનુભવી શકો છો. વૉચટાવર પર જતાં પહેલાં એ ખાતરી જરૂર

કરજો કે ત્યાં બીજું કોઈ તમારા સ્વાગત માટે તૈયાર ન હોય! અરે મિત્રો, વૉચટાવર એ દીપડાનું પણ મનપસંદ સ્થળ છે! જો તમે નસીબદાર હશો તો કમલેશ્વર કાંઠે ચીતલ અથવા સાવજ તમને પાણી પીતાં જોવા મળી શકે છે. તમારી પાસે ભલે હજારો રૂપિયાનો મોંઘો કૅમેરો ન હોય, પણ ભગવાને આપેલ તમારી સુંદર આંખો તેના કરતાં વધુ કિંમતી છે! આ મહાદૃશ્ય મન ભરીને માણી લો. આખું જીવન એ તમારા મગજમાં અંકાઈ જશે!

એક મફતની સલાહ આપું છું કે, બસ કુદરતને અનુભવો, મજા આવશે! જો તમે સવારે કમલેશ્વરની મુલાકાત લેશો તો પાણીમાં પડતા સૂર્યનાં કિરણો કંઈક અલગ જ અનુભૂતિ કરાવશે. જો તમે સિંહદર્શન કદાચ ન પણ કરી શક્યાં હો તો કશો વાંધો નહીં, પણ સૂર્યનારાયણ તો ગિરમાં તમારું સ્વાગત કરે જ છે. થોડા રોકાણ દરમ્યાન ઘણા બધા ફોટા પાડી, અને કમલેશ્વર ડૅમની મુલાકાતની ન ભુલાય તેવી યાદની અસર હેઠળ, તમે ત્યાંથી બીજા વિસ્તાર તરફ જવા આગળ વધો છો. તો આ છે કમલેશ્વર ડૅમની વાત. ગિરનો દરેક વિસ્તાર સિંહ સાથે જોડાયેલો છે અને આ વિસ્તારો સાથે જોડાયેલી છે, ઘણી બધી વણકહી, વણલખી વાર્તાઓ, પ્રસંગો અને બનાવો.



૧૯૫૦માં હિરણ નદી ઉપર કમલેશ્વર ડૅમ બાંધવામાં આવ્યો. ગિરની આ મહત્ત્વની નદી છે. અભયારણ્યમાં આવેલા આ ડૅમ ગિર અને તેના આસપાસના વિસ્તારોને પાણી પૂરું પાડે છે. આ જળાશયને ડૅમ તરીકે મગરના નિવાસસ્થાન માટે બાંધવામાં આવ્યો છે. ઘણી વખત તેઓ ચીતલ અને બીજાં તૃણાહારીઓનો શિકાર કરે છે. પાણીની ઉપલબ્ધતાના કારણે

સાવજનો પણ આ પસંદગીનો વિસ્તાર છે. જોકે સિંહને નદીની નજીક રહેવું પસંદ નથી પણ આવા જળસ્રોત નાનાં નાનાં નાળાંની રચના કરે છે. જે સાવજને પસંદ છે અને અહીં આવા વિસ્તારોમાં તે આરામ કરવાનું પણ પસંદ કરે છે. ઘણી વખત સાવજ અને મગર વચ્ચે લડાઈ થતી પણ જોવામાં આવી છે. તેઓ એક શિકાર માટે ઝઘડતા જોવા મળ્યા છે. જમીન પર મગર કમજોર હોય છે પણ પાણીમાં તેમનાથી વધુ શક્તિશાળી કોઈ નથી. સિંહને પાણી પસંદ નથી, પણ પોતાના શિકાર માટે ઘણી વખત તે પાણીમાં પણ ઝંપલાવી દે છે. આમ પણ સાવજ જંગલનો રાજા છે અને નદી એ જંગલનો જ ભાગ છે. મગર સાથેનો સંઘર્ષ એ કોઈ નવી બાબત નથી. બે શક્તિશાળી માંસાહારીઓ વચ્ચે થતો સંઘર્ષ ક્યારેય સમાપ્ત થતો નથી. છેલ્લાં ૨૦ વર્ષમાં પેલિકન (જળકૂકડી) જોવા મળી નથી. પણ બે વર્ષ પહેલાં ગિરમાં વરસાદ ઓછો થયો હતો, જળાશયમાં પાણીનું સ્તર નીચું ગયું હતું. આવા વિસ્તારો પ્રવાસી પક્ષીઓ માટે ઉતમ સ્થળ હોય છે. એક પછી એક જળકૂકડીના ઝૂંડ કમલેશ્વર કાંઠે ઊતરવા લાગ્યા. સિંહ પણ કાંઠે આવતા અને શિકાર કરતા. જળકૂકડીએ ક્યારેય સિંહ નહોતા જોયા અને સિંહે પણ આ પક્ષીઓને ક્યારેય જોયા નથી. નાનાં પાઠડાં આ નવા પક્ષી વિશે જાણવા ખૂબ ઉત્સુક હતાં. તેઓ કુદરતની કરામતને જોઈ રહ્યાં હતાં. સિંહ માંસાહારી પ્રાણી છે. તેનાથી જળકૂકડી તદ્દન અજાણ હોય છે. આથી નિર્દોષ ભાવે તેઓ સિંહની નજીક તરી રહ્યાં હતાં. એક આગંતુક પાઠડાએ પેલિકન પર ઝંપલાવ્યું અને તેનો શિકાર કર્યો. પક્ષીઓ સમજી ગયાં કે આ મોટાં માથાળા પ્રાણીથી દૂર રહેવું સારું, અને ત્યારથી તે ડૅમની મધ્યમાં તરવા લાગ્યાં. પક્ષીઓ સિંહના આહારનો ભાગ નથી. એક પેલિકન એ સિંહના સમૂહ માટે મુખવાસ સમાન છે પણ પાઠડા, નાનાં બચ્ચાંઓ માટે આ શિકાર કરવાની કળાના ભાગરૂપ છે, કારણ કે એક સફળ શિકારી બનવા આવા વિવિધ પ્રયોગો જરૂરી છે.

સિંહ જંગલનો રાજા છે. જ્યારે તે ફરવા નીકળે છે ત્યારે કોઈ પ્રાણી તેના રસ્તામાં આવવાની હિંમત નથી કરતું. પણ એક પ્રાણી છે, જે સિંહ સામે હોવા છતાં પોતાની જગ્યા ન છોડવા મક્કમ હોય છે, એ છે ઘોરખોદિયું! ઘોરખોદિયું પૃથ્વી પરનાં સૌથી જિદ્દી પ્રાણીઓમાંનું એક છે. અમુક લોકો આ અદ્ભુત અને ગુસ્સાવાળા પ્રાણીથી વાકેફ છે. હમણાં જ આ વિચાર ઝબક્યો કે, સિંહ અને ઘોરખોદિયા વચ્ચેની પ્રતિક્રિયા વિશે જણાવતાં પહેલાં એ જાણવું મહત્ત્વનું છે કે, ઘોરખોદિયું શું છે અને એ કેવી રીતે સિંહને પણ પડકાર ફેંકે છે! તમને આશ્ચર્ય થશે કે ઘોરખોદિયું `વિશ્વનું સૌથી નીડર જીવ' તરીકે ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકર્ડ્ઝમાં સ્થાન પામ્યું છે. એટલે ઘોરખોદિયાને ડર શું છે, એ ખબર નથી. ગમે તેટલું મોટું કે શક્તિશાળી પ્રાણી સામે હોય તો પણ એ હુમલો કરી શકે છે. ભાગ્યે જ ૧૫ કિલોગ્રામ વજન ધરાવતા અને ૨ ફૂટ લાંબા આ ઘોરખોદિયાને શરીરના બધા જ અંગોનો ઉપયોગ કરવાની કળા આવડે છે. તેની રોગપ્રતીકારક શક્તિ ખૂબ જ સારી હોય છે. જે નાગના માથાને પણ કરડી શકે અને આખા સાપને પણ ખાઈ શકે. ઘોરખોદિયું દીપડાની જેમ જ વૃક્ષ પર ચડવામાં કૌશલ્ય ધરાવે છે. એ સખત જમીન પણ ઝડપથી ખોદી શકે છે. અમુક જ મિનિટોમાં પોતાને છુપાવી શકે તેટલું ઊંડું ખોદી શકે છે. શિકારી દ્વારા હુમલો થતાં તે ચીસો અને તીણા સીસકારા બોલાવે છે. શિકારીઓને ખબર છે કે તે કદાચ ઘોરખોદિયાને મારી શકે છે અને મરી પણ શકે છે. દીપડાઓ અને સિંહ ક્યારેક ઘોરખોદિયાને મારી નાખે છે, પણ ક્યારેય એવું જોવામાં નથી આવ્યું કે સિંહે ઘોરખોદિયાને મારી ખાધું હોય. તેમની નીડરતા અને આક્રમક સ્વબચાવ પ્રકૃતિ જંગલમાં ક્યારેક નાટક ઊભું કરે છે. સાંજના વ્યસ્ત સમયમાં મને એક ટ્રૅકરનો ફોન આવ્યો. કમલેશ્વર ડૅમ વિસ્તારમાં શિકારી અને શિકારની રમત ચાલી રહી હતી. એક પ્રાણી છ સિંહ સામે લડી રહ્યું છે. મનમાં કોઈ દ્વિધા ન હતી. ચીસો પાડતા ઘોરખોદિયાની છબી તરત જ

નજર સામે આવી ગઈ. કારણ કે અમને ખબર છે કે બીજા કોઈ પણ પ્રાણીની હિંમત નથી કે સિંહ સાથે સીધો યુદ્ધમાં કૂદી પડે. જોકે ઘોરખોદિયું પણ સામે ચાલીને ન આવે છતાં ક્યારેક જંગલમાં સિંહનો ભેટો થઈ જતો હોય છે. કોઈ નવા વર્તનને જાણવાની આ તક હતી, એટલે અમે તરત જ એ સ્થળે પહોંચી ગયા. જાણે કબડ્ડીની રમત ચાલી રહી હતી! ભાગી જવાના બદલે ઘોરખોદિયાએ એ જગ્યા નહીં છોડવાનું અને પ્રતીકાર કરવાનું નક્કી કર્યું, જ્યાં સુધી તેઓ રસ ગુમાવી ન દે. વાસ્તવમાં તેઓ યુવાસિંહનો સમૂહ હતો અને તેમનું શિકાર કૌશલ્ય અજમાવતા હતા. તેઓ ઘોરખોદિયા કરતાં દસ ગણા મોટા હતા. પણ ઘોરખોદિયાએ હાર નહોતી માની.



યુવાસિંહનો સમૂહ એ ઘોરખોદિયાને ઘેરી વળ્યા. આ ઘોરખોદિયું સિંહની વિરુદ્ધ દિશામાં ભાગી શકતું હતું, પરંતુ તેણે પસંદ કર્યું કમલેશ્વર ડૅમ પર તે શક્તિશાળી શિકારીઓનો સામનો કરવાનું! ચૂપચાપ મરવા કરતાં ઘોરખોદિયો હુમલાખોર સિંહની પકડમાંથી છૂટવા બધા જ પ્રયાસ કરી લે છે. અડધો કલાક થયો. સિંહનાં બચકાંઓ અને પંજાઓ તેને જખ્મી કરતાં રહ્યાં

તેમ છતાં એ યુવા ઘોરખોદિયો લડતો રહ્યો અને ઘૂરકતો રહ્યો. આખરે સિંહસમૂહે એનો શિકાર કરવાનો વિચાર પડતો મૂકયો અને ઘોરખોદિયો બચી ગયો. અમે મૂક પ્રેક્ષક બનીને જોઈ રહ્યા. એ પણ એક ક્ષણ હતી જ્યારે અમને જંગલના આ સૌથી હિંમતવાન પ્રાણીએ દેખાડી દીધું હતું કે, શા માટે તેનું નામ ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકર્ડ્ઝમાં છે!

અમે બીજા એક સિંહ અને ઘોરખોદિયાને આમનેસામને થઈ જવાના સાક્ષી હતા. થોડાંક વર્ષો પહેલાં અમને જાણ કરવામાં આવી હતી કે ગિર જંગલની બાજુના એક ગામમાં બે મૃતદેહ મળ્યાં હતાં. એ જાણવું જરૂરી હતું કે તેઓ કઈ રીતે મર્યા હતા. ઘોરખોદિયું દુર્લભ પ્રાણી છે, એટલે આ જાણવું અમારા માટે અગત્યનું બની ગયું હતું.

અમે જ્યારે ઘટનાસ્થળે પહોંચીને જોયું કે બે ઘોરખોદિયાંને નિર્દયતાપૂર્વક મારવામાં આવ્યાં હતાં. ટપકાંવાળાં ઘણાં બધાં પ્રાણીઓ જોયા પછી ખાતરી કરવા માટે કશુ બાકી રહ્યું ન હતું. ટ્રૅકર્સ દ્વારા શોધખોળ કર્યા બાદ એક કિ.મી. દૂર સિંહનો એક સમૂહ મળ્યો. ઘોરખોદિયાં માર્યાં ગયાં હતાં પણ સિંહે તેમનું ભક્ષણ કર્યું ન હતુ. સિંહ દ્વારા ભાગ્યે જ આટલાં નાનાં ભક્ષ્યને મરાય છે. વાસ્તવમાં આ પ્રાણી તેમની ભક્ષ્યયાદીમાં જ નથી. ક્યારેક તેઓ આરામ કરે છે અને અજગર તેમની આસપાસથી નીકળે છે. પણ તેમને તેની કોઈ દરકાર નથી હોતી. તેઓને ખબર છે કે અજગરની પોતાની એક આહાર શૃંખલા છે, અને તેમની વચ્ચે કોઈ સ્પર્ધા નથી. અમારું નિરીક્ષણ કહે છે કે આ સિંહના સ્વમાનની બાબત હોઈ શકે છે. સિંહને ખબર છે કે તેઓ શાસક છે અને ઉચ્ચ શિકારી છે. બધાં જ પ્રાણીઓને તેમની સામે શરણાગત થવું પડે, પરંતુ ઘોરખોદિયાં ભાગવા અને સંતાઈ જવાને બદલે તેમની સામે આક્રમક થાય છે. સિંહને એ નથી ગમતું! જ્યારે પણ તક મળે છે ત્યારે પોતાની સર્વોપરીતા દેખાડવા તેઓ તેમને મારી નાખે છે.

=

# માતૃપ્રેમ

આઠ અઠવાડિયાંથી છ મહિના દરમ્યાન સિંહબાળ જાણે બાલવાડીમાં હોય છે. આ સમય દરમ્યાન તેઓ રમે છે, શીખે છે અને ભાઈ-બહેનો સાથે જીવનભરના સંબંધો બાંધે છે. એક મોટા સમૂહમાં અલગ-અલગ વયનાં સિંહબાળ હોય છે. તેમનાં શરીર પરની જાડી રુવાંટીઓ તેમની રમત દરમ્યાન એકબીજાના નહોરથી એકબીજાને સુરક્ષિત રાખે છે. મોટાં સિંહબાળ નાનાં સિંહબાળ સાથે હળવાં બચકાંઓ ભરીને, ગબડાવીને અને થપાટો મારીને રમત કરતા હોય છે, પણ આ ઉંમરમાં નવું શીખવાના ઉમંગમાં ક્યારેક અકસ્માતો પણ સર્જાય છે.

નદીકિનારાની ગાઢ ઝાડીઓની મુલાકાત લેવાનું એક યુવાસિંહણની પાસે કારણ હતું. એ કારણ માટે તો તે જન્મી હતી. એ ખુશ હતી કે પહેલી વાર એ માતા બની હતી, પણ તેની સાથે બીજી કોઈ સિંહણ ન હતી, જે બીજા સિંહબાળોને જન્મ આપે. સિંહણમાં સામાન્ય રીતે પ્રસૂતિઓ આગળપાછળ હોય છે. જેથી તેઓ એક સાથે બધાં જ સિંહબાળોની કાળજી રાખી શકે અને બધાં જ બાળો રમતાં રમતાં મોટાં થાય છે. પણ અહીં સિંહણ માટે ચિંતાનું કારણ હતું. રોજ રાત્રે તે સિંહસમૂહ સાથે શિકાર કરવા જાય છે અને ત્યારે સિંહબાળોને ખતરામાં મૂકીને જાય છે. સિંહબાળો હવે જોઈ શકે છે અને વારંવાર ઝાડીઓમાંથી બહાર આવી જાય છે. સિંહણ તેમને મોઢા વડે હળવેથી પકડીને ગાઢ ઝાડીઓમાં છુપાવી દે છે. સિંહબાળો દૂધ પર નિર્ભર હતાં અને તેનું પેટ ભરવા સિંહણે પોતે સારી રીતે ખાવું પડતું હતું.

બીજી સિંહણ કરતાં તેણે વધુ ખાવું પડતું અને હવે તે શિકાર માટે તેના સમૂહ પર નિર્ભર ન રહી શકે. એટલે તે પોતે શિકાર કરવા ચાલી જાય છે. આ સમયે સિંહબાળો ખતરામાં હોય છે. સિંહ સામાન્ય રીતે પાણીથી દૂર રહે છે, જરૂર ન હોય ત્યાં સુધી તરતા નથી. સિંહ ત્યારે જ પાણીમાં પડે છે, જ્યારે તેઓ શિકારમાં પડે છે અથવા તેમને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું જ પડતું હોય છે.

એ સિંહણે ચીતલનો સમૂહ જોયો પણ તેણે નક્કી કરવાનું હતું, તેને એક તક લેવાની હતી, જો તે સફળ થાય તો તે જીવી શકે એમ હતું. ઘેરાં વાદળાં નીચે તે ચીતલનાં ટોળાં પાછળ ચાલતી થઈ. જ્યારે તે શિકાર કરવા ગઈ ત્યારે છ કલાક વીતી ગયા. સિંહબાળો ઝાડીમાંથી બહાર આવી ગયાં અને એકબીજાં સાથે રમવા લાગ્યાં.

આ દુનિયામાં તેઓ નવા હતાં, તેઓ ઘાસમાં દેખાતાં ન હતાં, પણ તેમની હાજરી કોઈ પણ શિકારી વર્તી શકે તેમ હતું. આવાં સિંહબાળોને શિકારી પ્રાણીઓ જ નહીં, પણ શિકારી પક્ષીઓથી પણ ભય હોય છે. જ્યાં સુધી સિંહબાળો તેમનાં પરિવારોને ન મળે ત્યાં સુધી સિંહણ તેમની છુપાવાની જગ્યાઓ બદલતી રહે છે, પણ આ સિંહબાળોએ હજુ તેમની જગ્યા બદલાવવાની બાકી હતી. એક સિંહબાળ ઝાડીઓનાં કિનારે પહોંચી ગયું અને બીજા બાળે તેને ધક્કો માર્યો. તે નદીમાં પડી ગયું પણ તે નસીબદાર હતું કે, એક નાના ઝાડની સૂકી ડાળ પર લટકી ગયું. તેણે મદદ માટે બૂમો પાડવાનું શરૂ કર્યું.


નસીબજોગે બીજાં સિંહબાળોને અંત:સ્ફુરણા થઈ અને તેઓ જ્યાં હતાં ત્યાં જ ઊભાં રહી ગયાં. લટકી રહેલું સિંહબાળ ડાળી પર ચડવામાં સફળ થયું અને પાણીમાં પડતાં પડતાં બચી ગયું. બે કલાક વીતી ગયા હતા અને હવે સિંહબાળની જિંદગી, કોઈની દયા અથવા ચમત્કાર પર નિર્ભર હતી. નાના કુમળા પગ ઉપરની તરફ ચડવાની મહેનત કરતા હતા, પણ ઊભું ચઢાણ ચડવામાં તેને તકલીફ પડતી હતી. એ સિંહબાળ લટકતું રહ્યું, પણ હવે તે થાકી ગયું હતું. ત્યાં તેની મદદ કરવાવાળું કોઈ ન હતું.

ત્યાં જ કોઈએ આ હળવી ચહલપહલ સાંભળીને પ્રતિભાવ આપ્યો. શિકારમાંથી પાછા વળતી વેળાએ કિનારાની બીજી બાજુએથી સિંહણે તેના બચ્ચાને તૂટેલી ડાળ પર લટકતાં જોયું હતું. વરસાદે નદીને બેઉ કાંઠે ભરી દીધી હતી. સિંહબાળને ખતરામાં જોઈ સિંહણ દ્વિધામાં હતી કે, પોતે આ નદીમાં કૂદે કે ન કૂદે! થોડી મૂંઝવણ પછી તેણે નદીમાં ઝંપલાવ્યું. તે સિંહબાળ તરફ તરવા લાગી. જ્યારે માતા રક્ષક બની જાય છે ત્યારે દુનિયાની કોઈ તાકાત તેને મારી શકતી નથી. વહેતી નદીમાં તરતાં તરતાં તે આખરે તેના બચ્ચાં સુધી પહોંચી. તેને મોઢામાં પકડી ફરી ત્યાં ગઈ, જ્યાંથી તેણે કૂદકો માર્યો હતો. બચ્ચાને નીચે મૂકી છટપટાવીને શરીર પરથી પાણી દૂર કર્યું અને પછી તેને ચાટવા લાગી. ઘેરાં વાદળો વચ્ચેથી સોનેરી સૂર્યકિરણો નીકળી આવતાં, તેના શરીર પરનાં પાણીનાં ટીપાં સોનેરી મોતીની જેમ ચમકવા લાગ્યા. એ ખુશ હતી અને તેના ચહેરા પર ગર્વની લાગણી છલકાતી હતી. ફરી એકવાર તેણે સાબિત કરી દીધું કે માતૃપ્રેમ મહાન હોય છે.

ગિરના જંગલ અને તેની આસપાસ સદીઓથી સિંહ વસવાટ કરે છે. એક સમય હતો જ્યારે મનુષ્યો ઘણા નાના વિસ્તારમાં વસતા હતા. હજારો ચો.કિ.મી. વિસ્તારમાં જંગલ જ હતાં. માનવવસ્તી વધી અને નવાં ગામડાંઓએ જંગલોની જગ્યા લેવા માંડી. ગામડાંઓએ પોતાના સીમાડા વધારવા માંડ્યા અને જંગલો નાનાં થવા લાગ્યાં. પહેલાંના વખતમાં માણસને પાણી અને ખોરાકની જરૂરિયાત રહેતી. કૂવો એ પાણીની ઉપલબ્ધતા માટે સૌથી સારો વિકલ્પ હતો. ખેતરો બન્યાં. ખેડૂતોએ ખુલ્લા કૂવા બનાવ્યાં. કૂવાના ખોદકામ પર કોઈ પ્રતિબંધ નથી. ખેડૂતો પોતાની જરૂરિયાત મુજબ કૂવાનું ખોદકામ કરતા હોય છે. આવા કૂવાનો ખેડૂતો ઘણાં વર્ષો સુધી ઉપયોગ કરતા હોય છે. જો ખેડૂત ખેતી કરવાનું બંધ કરી દે અથવા સિંચાઈ માટે અન્ય કોઈ માધ્યમ ખેડૂતને મળી જાય તો આ ખુલ્લા કૂવા બિનઉપયોગી બની જાય છે. તેઓને ક્યારેય પણ એવો વિચાર નથી આવતો હોતો કે આવા ખુલ્લા કૂવા ક્યારેક વન્યપ્રાણીઓ માટે મોતના કૂવા બની જતા હોય છે. વર્ષોથી આવા ઉજ્જડ પડેલા કૂવાની આસપાસ ઘાસ ઊગી નીકળે છે અને નાનાં-નાનાં ઝાડી-ઝાંખરાંથી ઢંકાઈ જવાના કારણે ભૂલથી વન્યપ્રાણીઓ આ ખુલ્લા કૂવામાં પડી જાય છે. વનવિભાગ અને સ્થાનિક લોકો આવા ખુલ્લા કૂવાને બંધ કરવા સતત કાર્યરત છે. એક અંદાજ મુજબ ગિરની આસપાસ ૨૦ હજાર જેટલા ખુલ્લા કૂવા છે. હજારો કૂવા બંધ કરવામાં આવ્યા છે. પરંતુ હજી મૃત્યુના મુખ સમા ઘણા ખુલ્લા કૂવા પ્રાણીઓની રાહ જોઈ રહ્યા છે અને મોટા ભાગે સિંહ અને દીપડા જેવાં પ્રાણીઓ જ તેનો ભોગ બને છે.

ત્રણ વર્ષ પહેલાં એક ખેડૂત પોતાના ખેતરમાં કામ કરી રહ્યો હતો, તેનું કામ લગભગ પૂરું થવા આવ્યું હતું. ખેતર જંગલની સરહદથી દૂર ન હતું. જંગલની હદ માટે કાયદાકીય જોગવાઈઓ છે પરંતુ વન્યપ્રાણીની કોઈ સરહદ નથી હોતી. બપોરે જમવા માટે સાથે લઈને આવેલા નાનકડા ટિફિનને હાથમાં લઈ ખેડૂતે ચાલવા માંડ્યું. થોડાંક ડગલાં આગળ વધ્યાં ત્યાં તો કંઈક અવાજ આવ્યો. આ અવાજ જંગલીભૂંડનો હતો. ખેડૂતોને જંગલીભૂંડ પસંદ નથી હોતાં કારણ કે ખેતરને અને ખેતરના ઊભા પાકને તે ખૂબ નુકસાન પહોંચાડે છે. ખેડૂત થોડીવાર ઊભો રહ્યો પણ અવાજના કારણે તે સમજી ગયું કે કોઈ તેને પકડવાની કોશિશ કરી રહ્યું છે. જ્યારે ધીમેધીમે અવાજ વધવા માંડ્યો ત્યારે ખેડૂતને સમજાયું કે ભૂંડ તેની તરફ જ આવી રહ્યું છે. તેણે હાથમાં લાકડી લીધી પણ શેરડીના ખેતરમાંથી જંગલીભૂંડની પાછળ આવતા મોટા લિસોટા જોઈ તે સ્તબ્ધ થઈ ગયો. એક સિંહણ તેનાં બે મોટાં બચ્ચાંની સાથે ભૂંડનો પીછો કરી રહી હતી. તેને ઘણું આશ્ચર્ય થયું કે બે બચ્ચાં તેની માતા સાથે શિકાર કરી રહ્યાં છે! તે ખેતરના બીજા છેડે હતો. અચાનક ખેડૂતે રાડ પાડી, `એ બાજુ નહીં સાવજો' પણ

આનાથી કોઈ ફરક પડ્યો નહીં. ભૂંડ તેના જીવનને બચાવવા માટે ભાગી રહ્યું હતું. સિંહના સકંજામાંથી બચવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. ખેડૂત નિઃસહાય બનીને તેને ખોટી દિશામાં જતાં જોઈ રહ્યો હતો. પાણીમાં ધુબાકાનો એક અવાજ આવ્યો અને પછી તરત જ બીજા બે ધુબાકા થયા. ખેડૂત આ દૃશ્યથી છક થઈ ગયો. જંગલીભૂંડ ઘાસથી ઢંકાયેલો ખુલ્લો કૂવો જોઈ ન શક્યું અને તે કૂવામાં જઈને પડ્યું. ભૂંડની પાછળ દોડી રહેલી સિંહણ અનુભવી હોવાના કારણે તરત રોકાઈ ગઈ પણ તેનાં બે બચ્ચાં જંગલીભૂંડનો શિકાર કરવા માટે એટલાં બધાં ઉત્સુક હતાં કે જંગલીભૂંડની પાછળ પાછળ તેઓ પણ કૂવામાં પડી ગયાં. ખેડૂતે આ દૃશ્ય જોયું. તે જાણતો હતો કે તે કશું કરી શકે તેમ નથી. ખેડૂત પાસે મોબાઇલ ફોન હતો પણ તેમાં સિગ્નલની તકલીફ હતી. ખેતરના થોડે દૂરથી તેને સિગ્નલ મળવા લાગ્યું. તેણે તરત જ વનવિભાગની કચેરીએ ફોન કર્યો અને આખી કથની કહી સંભળાવી. સમયનો વ્યય કર્યા વગર ટુકડી બચાવકાર્ય માટે રવાના થઈ. જ્યારે બચાવટુકડી ઘટનાસ્થળે પહોંચી, ત્યાં ખેડૂત બેધ્યાન બનીને ઊભો હતો. તેને ટુકડીના સભ્યોએ પૂછ્યું કે કૂવો ક્યાં છે? સિંહણ ક્યાં છે? ખેડૂતે કોઈ પ્રત્યુત્તર આપ્યો નહીં. તેનું વર્તન એવું હતું, જાણે કે કહેવા માટે કશું બાકી નથી રહ્યું! તેણે માત્ર આંગળી ચીંધી. સુરક્ષા માટે ટેકરી પાસે જઈ તેમણે ખાતરી કરી કે સિંહણ ત્યાં ક્યાંય આજુબાજુમાં નથી તો સિંહણ ગઈ ક્યાં? એ ટુકડી કૂવા પાસે પહોંચી અને અંદરનું દૃશ્ય જોઈ દરેકનાં હૃદય ધ્રૂજી ગયાં અને સૌ મૂગા થઈ ગયા. બંને બચ્ચાં તેની માના મૃતદેહ ઉપર બેઠાં હતાં અને નિર્દોષ ભાવે ટુકડી તરફ જોઈ રહ્યાં હતાં. કેટલું કરુણ દૃશ્ય! બચાવટુકડીના એક સભ્યએ કહ્યું `ખમ્મા, હમણાં કાઢું તને.' જો કે જંગલીભૂંડ હજી પણ પાણીમાં જીવિત હતું. બચાવટુકડીએ તે સૌને બહાર કાઢ્યાં. જંગલીભૂંડને છોડી મૂકવામાં આવ્યું અને બચ્ચાં તથા સિંહણના મૃતદેહને `રેસ્ક્યુ સેન્ટર'માં લાવવામાં આવ્યાં.



આ આખી ઘટનાને સમજવા બચાવટુકડીએ ખેડૂતને પણ સાથે લીધો અને ખેડૂતે આખી ઘટના કહી. વનવિભાગને જાણ કર્યા બાદ ખેડૂત પાછો ફર્યો. ત્યાં સિંહણ કૂવા ફરતે ચક્કર લગાવી રહી હતી. તે પોતાનાં બચ્ચાંને બચાવવાનો માર્ગ શોધી રહી હતી. કૂવાની અંદર બચ્ચાં મદદ માટે આક્રંદ કરી રહ્યાં હતાં. એક માનું હૃદય આ સહન ન કરી શક્યું. તે પોતાનાં

વહાલસોયાં બચ્ચાંને મરતાં જોઈ શકે તેમ ન હતી. તેની સહજવૃત્તિ તેને ચેતવણી આપી રહી હતી. આ કદાચ તેનો છેલ્લો કૂદકો હશે. સિંહણે કૂવામાં કૂદકો માર્યો. અમુક નિષ્ફળ પ્રયત્નો બાદ તે મૃત્યુ પામી. સિંહણનાં બચ્ચાં તેના મૃતદેહ ઉપર ચઢીને બેસી ગયાં અને તરવાં લાગ્યાં. અમે હજી સમજી શક્યાં નથી કે કૂદકો મારતા સમયે સિંહણના મનમાં શું ચાલતું હશે? પણ અન્ય એક બાબતની તેણે સાબિતી આપી કે માતાના વાત્સલ્યને દર્શાવી શકે તેવી શક્તિ, હિંમત કે વૈભવ કોઈ ભાષામાં નથી. તે ક્યારેય ઘટતો કે ઓછો થતો નથી. જીવનપર્યંત તે અગણિત અને અમૂલ્ય રહે છે.

=

# વર્ષાઋતુની સુંદરતા

"ગૂડ મૉર્નિંગ બૉસ!"

"વેરી ગૂડ મૉર્નિંગ ગુરુદેવ!"

અમે જ્યારે સાથે હોઈએ છીએ ત્યારે અમારી સવાર તોફાની અને તાજગીપૂર્ણ હોય છે. મેં કહ્યું ``સવારના પાંચ વાગ્યા છે અને હજી અડધી રાત હોય તેવુ લાગે છે." તેમણે જવાબ આપ્યો, "હા, ગઈકાલે સારો વરસાદ પડ્યો અને વાદળો પરથી મને નથી લાગતું કે આજે સૂર્ય દેખાય. અરે સોહિલ, જરા ગ્રીન ટી તો પીવડાવ." સોહિલ એ યુવાન અને સ્ફૂર્તિલો ટ્રૅકર છે અને સાથેસાથે સારો રસોઇયો પણ છે. અમે જ્યારે અમારા કાર્યક્ષેત્રમાં વ્યસ્ત હોઈએ ત્યારે તે અમારી ચા-કૉફીનું ધ્યાન રાખે છે. ચા આપતાં આપતાં સોહિલે જણાવ્યું કે, "સાહેબ, મનુભાઈ આવી ગયા છે."

અમે અહીં મનુભાઈને ન ભૂલી શકીએ. મનુભાઈ એ સરકારી ગાડીના ડ્રાઇવર અને ગિરના અનુભવી વ્યક્તિ છે. નાયબ વનસંરક્ષકશ્રીના વિશ્વાસપાત્ર વ્યક્તિ પણ છે. મનુભાઈ સાસણમાં જ જન્મ્યા અને મોટા થયા છે. ગિરના જંગલનો કોઈ ખૂણો એવો નહીં હોય, જેની મનુભાઈને ખબર ન હોય! અમે તૈયાર થઈ ગયા હતા. પણ મનુભાઈને ખબર નહોતી કે અમારે ક્યાં જવાનું છે."

મનુભાઈએ પૂછ્યું, "સાહેબ, ક્યાં જવું છે? આપણે નિયમ મુજબ વન્યપ્રાણી અવલોકન માટે જઈશું અને પછી થોડુ ચાલીશુ." મનુભાઈએ કહ્યું, "કાદવ હશે અત્યારે" સાહેબે જવાબ આપ્યો. "તો શું થયુ, ચલેગા ઇન્ડિયા તભી તો બઢેગા ઇન્ડિયા!" અને અમે બધા હસી પડ્યા. ગ્રીન ટી પૂરી કરીને અમે વાહનમાં બેઠા અને જંગલ તરફ ગયા.

ઈબ્રાહિમ અને મહમદ જેઓ ટ્રૅકર તરીકે ગિરમાં ફરજ બજાવે છે. તેઓ ચૅકપોસ્ટ આગળ ઊભા હતા. જંગલમાં આવી રીતે નિરીક્ષણ માટે જવાના સમયે કોઈ ટ્રૅકર ભેગા હોય તો વધુ સારું. સવારના ૫-૪૫ જેટલો સમય થયો હતો.

'Rain rain go away.

Come again another day.

Little Johnny wants to play.' અમે આ બાળ કવિતાને ફેરવી નાખી, `Rain rain come again.

Little Lion wants to play.' વરસાદ રોકાઈ ગયો હતો પણ વરસાદના અમુક છાંટા હજી અમારા ચહેરાને ભીંજવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. હવાની સુગંધ પ્રાણવાયુની હયાતીની સાક્ષી આપતી હતી. જંગલની જમીન ઉપર જાણે લીલી જાજમ પાથરી હોય તેવું લાગતું હતું. વૃક્ષો ઉપર નવાં પાંદડાં આવવાની શરૂઆત થઈ ગઈ હતી. નવા છોડ, નવાં ફૂલ, નવું વાતાવરણ, એવું લાગતું હતું કે જાણે પાણી વડે કોઈએ જંગલને નવડાવી નાખ્યું હોય! જમીન પર વાહન લસરતું સરકતું જઈ રહ્યું હતું. અમે ઘણી ધીમી ગતિએ આગળ વધી રહ્યા હતા. વાતાવરણ હજી વાદળછાયું હતું અને સૂર્ય હજી દેખાતો ન હતો. સવારનાં કિરણો આકાશમાં છવાયેલાં વાદળોમાંથી બહાર ડોકાવવાનો પ્રયત્ન કરતાં હતાં. જંગલનું આ વિવિધરંગી દૃશ્ય કંઈક અદ્ભુત શાંતિનો અનુભવ કરાવતું હતું. જંગલની બધી પ્રજાતિઓ એ જ છે, પરંતુ વર્ષાઋતુ જ પ્રજાતિને નવું જીવન આપે છે.

અમે એક સ્થળે રોકાયા. અમને લાગ્યું કે ત્યાં ઘાસમાં કશુંક છે. જાણે સિંહણે ઘાસમાંથી માથું બહાર કાઢ્યું હોય! ગીચ ઘાસ હોવાના કારણે અમે તેનું માથું અને આંખો બહુ મુશ્કેલીથી

જોઈ શક્યા. પાંચ મિનિટ બાદ અમે આગળ વધ્યા. રસ્તો થોડો ભીનો, થોડો સુકાયેલો હતો. રસ્તો આછા બદામી રંગનો, જાણે ક્રિકેટની પીચ હોય તેવો લાગતો હતો! થોડા મીટર આગળ વધ્યા પછી અમે રોકાયા. ચીતલનું એક ટોળું ત્યાં નજીકમાં ચરી રહ્યું હતું. ચોમાસાના કારણે તેના ભોજનમાં ઘણી બધી વાનગીઓ ઉમેરાઈ હતી. ચીતલનું એક નાનકડુ બચ્ચું અમારી ગાડી જોઈ, જેને દુનિયાનું સૌથી સુરક્ષિત સ્થાન કહી શકાય તેમ તેની મા પાસે લપાઈ ગયું. નર ચીતલ ત્યાં હાજર હતું. તેના માથે મોટાં વાંકાંચૂંકાં શિંગડાં શોભતાં હતાં. અમને જોતાં જ તે ટટ્ટાર થઈને ઊભું રહ્યું, જાણે તે અમને તેની જમીનની માલિકી બતાવવા ન માંગતું હોય!

અમારું વાહન ૨૦ કિ.મી. જેટલી મંદ ગતિએ ચાલી રહ્યું હતું. જોકે જાણીજોઈને ગાડી આટલી ધીમે ચલાવવામાં આવી રહી હતી, જેથી કરીને કુદરતની મજા માણી શકાય. સુકાયેલા અને ધૂળ ભરેલા ઘાસના વિસ્તારોમાં ઘાસ ઊંચું અને વધુ લીલા રંગનું થઈ ગયું હતું. રસ્તાની નજીક નાનું નાનું ઘાસ ઊગી નીકળ્યું હતું. આગળ જતાં ઘાસ મોટું થઈ રહ્યું હતું. મનુભાઈને અમે ચેતવ્યા, “ધીમે ભાઈ, આગળ પુલ ઉપર રસ્તો બહુ લપસણો છે.” મનુભાઈએ ગાડી ધીમી નહીં, પણ થોભાવી જ દીધી. મનુભાઈએ કહ્યું : “રસ્તા ઉપર સાપ છે.”

અમે બારીમાંથી ડોકું બહાર કાઢીને જોયું તો એક કાળોતરો સાપ ધીમી ગતિએ પુલ ઉપરથી પસાર થઈ રહ્યો હતો. “એને જવા દો.” અમે કહ્યું. વર્ષાઋતુ જંગલને લીલુંછમ બનાવે છે, પણ આ સમયે અવલોકન થોડું જોખમી બની જાય છે. ગીચ ઘાસના કારણે ઘાસમાં જો કોઈ જનાવર છુપાઈને બેઠું હોય તો ખબર નથી પડતી અને વરસાદનાં કારણે સાપ જેવાં ઝેરી જીવો બહાર રસ્તા ઉપર અથવા રસ્તાની બાજુમાં આવી જાય છે. જંગલમાં મોટાં ડાંસ (એક પ્રકારના મચ્છર)નો ઉપદ્રવ વધી જાય છે. ચોમાસામાં પગે ચાલીને વન્યપ્રાણીઓનું અવલોકન કરવું જરૂરી છે. અમુક સંવેદનશીલ જગ્યાઓએ વાહન પહોંચી ન શકતું હોય ત્યાં પગે ચાલીને જવું આવશ્યક છે.


ત્યાં એક નાનકડો પુલ હતો, જોકે એને પુલ તો ન જ કહેવાય. માત્ર નીચાણવાળા પટના બે કિનારાને જોડવા માટે બનાવેલો સિમેન્ટનો નાનકડો પટ્ટો કહી શકાય. સામાન્ય ભાષામાં આપણે તેને પાણીનું છેલું કહીશું. ગાડી આ છેલા ઉપરથી ખૂબ ધીમે પસાર થઈ રહી હતી. અમે જ્યારે છેલાની વચ્ચે પહોંચ્યા ત્યારે અહીં ફરી વખત રોકાયા. અમે એક બગલાને પાણીમાં તાકીને કંઈક શોધતાં જોયો. તેની નજીક પાણીમાં થઈ રહેલા વમળોમાં અન્ય એક કિંગફિશર પોતાનું ભાગ્ય અજમાવવાનો વિચાર કરી રહ્યું હતું અને આખરે અમે એક ખુલ્લા ઘાસવાળા વિસ્તારમાં પહોંચ્યા. અહીં પતંગિયાંનો ઉલ્લેખ કરવો જરૂરી છે. અસંખ્ય રંગબેરંગી પતંગિયાં અને બીજાં જંતુઓ અહીંતહીં હવામાં ઊડી રહ્યાં હતાં. પુષ્પો ખૂબ સુંદર રીતે ખીલેલાં હતાં. ત્રણ ફૂટ લાંબા, છ ઈંચના વ્યાસમાં ચારથી આઠ ઈંચના આકાર વાળાં trumpet shaped flowers સફેદ, ગુલાબી અને નારંગી રંગનાં પુષ્પોએ જાણે જમીન ઉપર મેઘધનુષ બનાવી દીધું હતું. હજારો પતંગિયાં ઊડી રહ્યાં હતાં.

મનુભાઈએ કહ્યું, “સાહેબ, સગડ દેખાય છે. નર ગયા લાગે છે.” બસ, તરત જ અમારી યોજના બદલાઈ. “સિંહને તેમની અંગત ક્ષણોનો આનંદ લેવા દો. આજે આપણે આંબલા ચઢીશુ.” બંને ટ્રૅકર ગાડીની પાછળ શાંતિથી ઊભા હતા. તેઓ બધું સાંભળતા હતા અને ગણગણ્યા, “સાહેબ આજે તોડવાના મૂડમાં લાગે છે." ગાડી ફરી જંગલમાં આગળ વધી. ચીતલ અને સાંભર કુણું કુણું ઘાસ ચરી રહ્યાં હતાં. અમુક કિલોમીટરના પ્રવાસ પછી અમે આંબલાની તળેટીમાં પહોંચ્યા. ઈબ્રાહિમે બધાને સચેત કર્યા “સર્પથી સંભાળજો” પાણી અને લાકડી સાથે અમે અમારી આંબલા ને આંબવાની ચઢાઈ શરૂ કરી. ઈબ્રાહિમ અમારી આગળ, અમે મધ્યમાં અને મહમદ અમારી પાછળ. અમે આગળ વધી રહ્યા હતા.

આ રસ્તો લપસણો અને ભીનો હતો. રસ્તો લીલાં ઘાસથી ઘેરાઈ ગયો હતો. નાનાં ડાળખાં, નવા ઉગેલા છોડવા અમારા રસ્તામાં આવી રહ્યાં હતાં. ઝાડવાં જાણે અમને તાકી રહ્યાં હતાં. શાંત વાતાવરણમાં નવાં ફૂટેલાં ઝરણાં જાણે ગીત ગાઈ રહ્યાં હતાં. મોટા વડના ઝાડમાંથી પાણીનાં ટીપાંનો છંટકાવ અમારી ઉપર થઈ રહ્યો હતો.

એક નીરવ શાંતિ હતી પણ વૃક્ષો અમને કંઈક કહી રહ્યાં હતાં : "તમે અમારી સાથે વાત કરી શકો છો. તમે અમને સાંભળી શકો છો. અમને અમારા વડવાઓ વિશે ખબર નથી. અમને અમારાં બીજમાંથી જન્મેલાં હજારો બાળકો (અન્ય વૃક્ષો) વિશે ખબર નથી. અમારામાં ઈશ્વર વસે છે અને જો તમને તેનામાં વિશ્વાસ છે તો એ વિશ્વાસ અમારામાં પણ વસે છે." કરોળિયાએ પોતાની કરામતથી બે છોડવાની વચ્ચે જાળું રચ્યું હતું અને તેના ઉપર પડેલાં વરસાદી પાણીનાં ટીપાંને લીધે તે મોતીની માળાની જેમ શોભતું હતું. અમારો પ્રવાસ ચાલુ જ હતો. આંબલાની ટોચ તરફ ઝાડવાંઓમાંથી માદક સુગંધ આવી રહી હતી. વૃક્ષનું થડ જાણે મગરની પીઠ જેવું લાગતું હતું. `ટુક ટુક, ટુક, ટુક, ટુક" એવો અવાજ સંભળાયો. લક્કડખોદ સાગના ઝાડની જાડી ડાળમાં બખોલ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યું હતું અને તેનો અવાજ દૂર સુધી સંભળાઈ રહ્યો હતો. ૨૦ મિનિટમાં અમે અડધા રસ્તે પહોંચી ગયા. અહીં એક થોડોક ખુલ્લો વિસ્તાર છે. અહીં ઘાસ ખૂબ મોટું, ઊંચું ન હતું અને ત્યાં અમારા માટે એક આકર્ષક બાબત રાહ જોઈ રહી હતી.

`સાવજ બેઠો છે.' ઈબ્રાહિમે કહ્યું. આશરે ૨૦થી ૩૦ ફૂટ દૂર સિંહ બેઠો હતો. ચારેક વર્ષનો, સોનેરી કેશવાળીથી તેનું મુખ શોભતું હતું. નિરાંતે તે અમને જોઈ રહ્યો. અમારે કશું કરવાનું ન હતું. `ચાલો આગળ વધીએ' અમારા શ્વાસ ઝડપથી વધી રહ્યા હતા. કોઈ ડુંગરનું ચઢાણ થોડું કપરું હોય છે. પણ આ તો, થોડા માઈલ જ જવાનું હતું અને આખરે અમે ટોચ ઉપર પહોંચ્યા.



પિંજરામાંથી બહાર નીકળતાં મામા અને ભાણિયાઓ

અમે જ્યારે ટોચ ઉપર સપાટ ભૂમિ ઉપર પગ મૂકયો કે તરત એક સાથે બોલી ઊઠ્યા `અદ્ભુત' ૩૬૦ ડિગ્રીનું એક આખું ગિરનું દૃશ્ય અમારી સામે હતું. જ્યાં નજર કરો ત્યાં ગિર જ દેખાય. જંગલની સુંદરતાનું માપ કોઈ વિજ્ઞાન કાઢી શકે નહીં. જંગલ વાસ્તવિકતા છે. આપણી આંખો જે નિહાળે છે તે સત્ય છે. અહીં કશું જ છુપાવવા જેવું નથી. આ જંગલ નથી, દરિયો છે

અને અમે હોડીમાં બેસી લીલા રંગના પાણીમાં જાણે તરી રહ્યા છીએ! અદ્ભુત દૃશ્ય હતું. છૂટાછવાયાં ગામડાં જાણે લીલા રંગના કાગળ ઉપર ટપકાં કર્યાં હોય તેવાં લાગતાં હતાં. ક્ષિતિજનાં ખેતરો રંગબેરંગી આભાસ રચતાં હતાં. અમુક ખેતર લીલાં હતાં અને અમુક બદામી રંગનાં થઈ ગયાં હતાં.

ગિરના જંગલમાં ઘણાં ડુંગરા આવેલા છે, પણ આંબલાનું અલગ જ મહત્ત્વ છે. ગીચ જંગલ, નાનાં વૃક્ષો, મોટાં વૃક્ષો, ખુલ્લા વિસ્તારો આ બધું એક દરિયાની લહેર જેવો આભાસ રચી રહ્યું હતું. અમારા માટે આ રંગની દુકાનમાંથી રંગ પસંદ કરવા જેવું હતું. લીલા રંગના દરેક પ્રકાર અહીં જોવા મળતા હતા. અમારું હૃદય આનંદથી ભરાઈ ગયું. શ્વાસ થંભાવી દે તેવો સ્વર્ગ સમો અનુભવ! અડધો કલાક જેટલો સમય કુદરતને માણ્યા બાદ અમે પાછું ઊતરવાનું શરૂ કર્યું. આ સમયે નીચે ઊતરવા અમે નવો રસ્તો પસંદ કર્યો.

અમે અમારો પાછા ફરવાનો પ્રવાસ ધીમે ધીમે શરૂ કર્યો. થોડા કિલોમીટર બાદ અમે શિકાર અને શિકારી પ્રાણીનું એક અસામાન્ય વર્તન જોયું. નોળિયો સસલાને મારવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. નોળિયો દિવસે શિકાર કરતું પ્રાણી છે. તે જીવજંતુ, મોટા કરોળિયા, વીંછી અને બીજાં જળચર પ્રાણીઓનો શિકાર કરે છે. આના સિવાય દેડકાં, ગરોળી, ખિસકોલી અને સાપનો પણ શિકાર કરે છે. સસલું એ તદ્દન જુદું પ્રાણી છે. અમે ત્યાં ઊભા રહીને આ અદ્ભુત દૃશ્ય જોઈ રહ્યા હતા.

પ્રાણીને જીવવા માટે ખોરાક જરૂરી છે. જીવતા રહેવાનો સિદ્ધાંત શિકાર અને શિકારી બંનેને લાગુ પડે છે. શિકારી હંમેશાં શિકારની શોધમાં રહે છે અને શિકાર હંમેશાં ભાગવાની જગ્યા શોધે છે. તમને દરેક શિકારીની શિકાર કરવાની જુદી જુદી રીતો જોવા મળશે. ઝડપ, દૃષ્ટિ, સાંભળવાની શક્તિ, છુપાવાની કળા. શિકારી આ બધું શિકારને પકડવા ઉપયોગમાં લે છે. અમુક પ્રાણી દોડીને શિકારને પકડે છે અને અમુક પ્રાણી સંતાઈને શિકાર કરે છે. બચાવ માટે જોકે શિકારે પણ અમુક રીત વિકસાવી છે.

નોળિયો બધી બાજુથી હુમલો કરી રહ્યો હતો અને સસલું બચવાનો પ્રયત્ન કરી રહ્યું હતું. થોડીવાર બાદ ઘવાયેલું સસલું થાકી ગયું. તમારા મગજમાં વધુ આશ્ચર્ય ઉમેરતી ઘટના જણાવું. ઉપરથી કાગડાઓએ હુમલો કરવાનું શરૂ કર્યું. આ કાગડાઓ નોળિયાને મદદ કરી રહ્યા હતા. કાગજોડીને ખબર હતી કે નોળિયાને મદદ કરવામાં ફાયદો છે, કારણ કે જો નોળિયો સફળ થશે તો તેને ખાધા પછી વધેલા માંસમાંથી તેમને ખાવા મળશે. આ જાણે દુશ્મનોની ટોળી હતી જે જમીન અને આકાશમાંથી હુમલો કરી રહી હતી. આટલા મોટા પ્રાણીનો શિકાર કરવા નોળિયાને વધારાની શક્તિ લગાડવી પડે. નોળિયો કદાચ ભૂખ્યો હતો અથવા રમત રમતમાં શિકારીએ સાચે જ શિકાર કરવા માંડ્યો હોય એવું નોળિયાના વર્તન ઉપરથી લાગ્યું.


આ આખું નાટક લગભગ અડધો કલાક સુધી ચાલ્યું, પણ સસલું આ બેવડા હુમલામાં બચી ન શક્યું અને નોળિયાને તેનું ભોજન મળી ગયું. કાગ જોડીએ નજીકનાં ઝાડવાં ઉપર બેસી પોતાનો વારો આવવાની રાહ જોવાનું શરૂ કર્યું. આ ઘટના જોયા બાદ અમે અમારા સ્થાન તરફ પાછા ફર્યા.

=

# ભોળી માતા

એ કંઈક અલગ જ દિવસ હતો! અમે અમારા કાર્યાલયમાં કૉફીની મજા માણતા ચર્ચા કરી રહ્યા હતા. માર્ચ મહિનો બધા માટે ઘણો વ્યસ્ત મહિનો હોય છે. ૩૧ માર્ચની સાંજ મગજને કુદરતી રીતે શાંતિ આપે છે. નવા નાણાકીય વર્ષની શરૂઆત પહેલાં અમે બાકી રહેલી અને પૂર્ણ કરેલી કામગીરીની ચર્ચા કરી રહ્યા હતા. તમે જ્યારે કૉફી પીવાનું મન બનાવ્યું હોય ત્યારે પહેલાં તો સારું અને આરામદાયક વાતાવરણ હોવું જરૂરી હોય છે.

મોબાઇલ ફોન એ ભલે એક ઉપયોગી સાધન છે. પરંતુ ઘણી વખત તેની રિંગટોન ખૂબ મૂંઝવી નાખે છે. આવી પરિસ્થિતિ ટાળવા આપણે આપણા રણકતા મોબાઇલને વાઇબ્રેશન મોડ પર મૂકીએ છીએ. તમે અનુભવી શકશો કે શાંત વાતાવરણમાં જ સૌથી વધુ અવાજ અનુભવાય છે. આપણને ક્યારેય એવું શીખવવામાં નથી આવ્યું કે વાઇબ્રેટ મોબાઇલ ક્યારેક આપણને પણ ધ્રુજારી આપે છે.



ફોનમાં સંભળાયું કે સિંહણે એક માણસને મારી નાખ્યો. આશ્ચર્ય સાથે મેં ફરી પૂછ્યું : "જરા ફરીથી કહો!" `સિંહણે એ ગામના એક માણસને મારી નાખ્યો છે.' મારા મગજ પર જાણે એક તીક્ષ્ણ પ્રહાર થયો. મોબાઇલ મૂકી મારી બાકીની કૉફી મેં પૂરી કરી. પ્રશ્નોની હારમાળા રચાઈ. સમય બગાડ્યા વગર નિર્ણય લઈ લીધો, બે ટ્રૅકર્સ અને ડૉક્ટરને ઘટના

સ્થળે મોકલ્યા. સમય વહી રહ્યો હતો. ટુકડી ત્રણ કલાકે ત્યાં પહોંચી. બીજાં પગલાં રૂપે, ખાતાકીય કર્મચારીઓની મિટિંગ બોલાવી. પહેલાં તો સિંહણને શોધવાનું નક્કી થયું. આખા ઘટનાક્રમના કેન્દ્રમાં હતાં, બે સિંહબાળ. સિંહણ બે બચ્ચાંની માતા હતી. અમે સૌ જાણતા હતા કે સિંહ કદી મનુષ્યનો શિકાર નથી કરતો, સિંહ હંમેશાં પોતાના અથવા પોતાના બચ્ચાંના રક્ષણ માટે હુમલો કરે છે, પણ તે પહેલાં તેઓ ચેતવણી આપે છે. પહેલી સાંકેતિક ચેતવણી નિષ્ફળ જતાં તેઓ હુમલો કરે છે. અમે વાસ્તવિક પરિસ્થિતિથી અજાણ હતા અને સાચી માહિતી મેળવવાની રાહ જોઈ રહ્યા હતા. પણ સફળતા નહોતી મળી. ૨૪ કલાક બાદ સમાચાર આવ્યા કે સિંહણ અને તેનાં બચ્ચાંની ભાળ મળી છે.

મેં ક્યાંક સાંભળ્યું છે કે, દુનિયા ગણતરી અને તર્ક ઉપર ચાલે છે. આ વિચાર સાથે મેં મારી શ્રેષ્ઠ ટુકડી તૈયાર કરી, સિંહણને પકડવા મને હજુ પ્રાથમિક માહિતી પર વિશ્વાસ નહોતો. મૂંઝવણ સાથે અમે ઘટનાસ્થળે પહોંચી ગામનું ચક્કર લગાવ્યું.

અમારું અગત્યનું કામ હતું સિંહણ અને ગ્રામજનોના સંબંધ વિશે જાણવાનું. સ્થાનિક ગ્રામવાસીઓ સાથે વાત કરતાં જણાયું કે, ગ્રામજનોને સિંહણ તરફથી કોઈ રંજાડ નથી. આ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં અમુક ગામો છે. આ ખેતીપ્રધાન વિસ્તાર છે. અહીંના લોકોનું આર્થિક ધોરણ મધ્યમ છે. અહીંના લોકોની આવકનો મુખ્ય સ્રોત ખેતી છે. મગફળી, કપાસ જુદાં જુદાં શાકભાજી પશુપાલન વિગેરે. લોકોએ જણાવ્યું કે સિંહણને લીધે નીલગાયથી તેમના ખેતરોની રક્ષા થાય છે. નીલગાય સિંહનો આહાર પણ છે. ગ્રામજનોએ એ પણ જણાવ્યું કે, સિંહણ ઘણી વખત અહીં વાછરડાંની જગ્યાએ બકરાંનો શિકાર કરે છે.

આટલી પ્રાથમિક માહિતી છતાં મારું મન પ્રશ્ન કરી રહ્યું હતું કે, આટલો સુમેળભર્યો સંબંધ હોવા છતાં સિંહણે શા માટે પેલા માણસની હત્યા કરી? તેણે શા માટે આવો ખોટો નિર્ણય લીધો? પછી લોકો સાથે મેં વનવિભાગના કર્મચારીની જેમ નહીં, પણ સામાન્ય માણસની જેમ વાત કરવાનું શરૂ કર્યું, અને ઘણા પ્રયત્નો બાદ સાચી માહિતી જાણવા મળી. જે માણસનું મૃત્યુ થયું હતું તે આ ગામનો નહીં, પણ બહારનો માણસ હતો. તેણે દારૂનો નશો કર્યો હતો અને નશાની હાલતમાં તે સિંહણની એકદમ નજીક પહોંચી ગયો હતો. તેણે સિંહણને હેરાનગતિ કરી હતી અને પોતાના જીવનની સૌથી મોટી ભૂલ એણે એ કરી હતી કે સિંહણનાં બચ્ચાંને પકડવાનો એ પ્રયત્ન કરી રહ્યો હતો. માતા એક શાંત સિપાહી હોય છે. તે તેનાં બાળકોને સંપૂર્ણ સમર્પિત હોય છે. બીજી જરૂરી માહિતી મેળવ્યા બાદ અમે અમારી કામગીરી આરંભી. સૂર્ય અસ્તાચલે હતો. પાણીના કુંડ નજીક ગોળ પાંજરું (પ્રાણીના સમૂહને પકડવા વપરાતું પાંજરું) ગોઠવવામાં આવ્યું. પાંજરામાં બકરી બાંધવામાં આવી. અમે પાંજરાથી દૂર છુપાઈને બેઠા. સૂર્ય અસ્ત થયો અને ચંદ્રનો પ્રકાશ રેલાવા લાગ્યો.

ઉનાળાની સાંજના સાત વાગવા આવ્યા હતા. આછા અજવાળામાં અમે જોઈ શકતા હતા. માત્ર રાહ જોવા સિવાય અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. બે કલાક બાદ અમે સિંહણ અને તેનાં બચ્ચાંની હાજરી અનુભવી. બકરીની મરણચીસ સંભળાઈ અને બધું શાંત થઈ ગયું. અંધકારમાં અમે અનુમાન કરી લીધું કે સિંહણ અને તેનાં બચ્ચાં પાંજરામાં આવી ગયાં છે અને દરવાજો બંધ કરી દેવામાં આવ્યો. સિંહણનો હવે શિકારમાંથી રસ ઊડી ગયો હતો. અમે પકડાઈ ગયા તેવી અનુભૂતિ તેને થઈ રહી હતી. ડર અને ગુસ્સામાં તેણે પાંજરાને હચમચાવવાનું શરૂ કર્યું. પરિણામે પાંજરું એક તરફ થોડું નમી ગયું. નીચેથી વાંકા થઈ ગયેલા પાંજરામાંથી બચ્ચાં બહાર નીકળી ગયાં. એવી ખાતરી થતાં સિંહણે પાંજરું હચમચાવવાનું બંધ કર્યું.

બીજા દિવસે બચ્ચાંની શોધખોળ કરવામાં આવી પણ સફળતા ન મળી. ગભરાટ વધી

રહ્યો હતો, કારણ કે બચ્ચાં સાથે કશું પણ થઈ શકે તેમ હતું. ઘણાં બધા લોકો બચ્ચાં શોધવામાં લાગી ગયા હતા. એક સંદેશ મળ્યોઃ બચ્ચાં કપાસનાં ખેતરમાં નજરે પડ્યાં છે. જીવને થોડી શાંતિ મળી. ચાલો, બચ્ચાં સલામત તો છે! અમે ઇચ્છતા હતા કે બચ્ચાં તેની મા પાસે આવે, પણ પછીના બે દિવસ બચ્ચાંની કોઈ ભાળ મળી નહીં. ચાર દિવસ આમ જ પસાર થઈ ગયા. પાંચમી રાત્રે હતાશ સિંહબાળો સિંહણની નજીક આવવા લાગ્યાં. ભગવાને દરેક માને એક છઠ્ઠી ઇંદ્રિય આપી છે. માતા પોતાના બાળકની રક્ષા કરવા કોઈપણ કપટ કરી શકે છે, સિંહણે પણ તેવુંજ કર્યું. તેણે પોતાનાં બચ્ચાંને દૂરથી વિચિત્ર હુંકાર કર્યો. અમને લાગ્યું કે બચ્ચાંને દૂર રહેવા એ કહે છે. તે કદાચ કંઈક આવું કહેવા માંગતી હશે : `ભાગી જાઓ અહીંથી અને જ્યાં સુધી ન બોલાવું ત્યાં સુધી અહીં આવતાં નહીં.' આજ્ઞાંકિત સિંહબાળો એ જ ક્ષણે ત્યાંથી ભાગી ગયાં.

છ દિવસ પસાર થઈ ગયા, જે અગ્નિપરીક્ષા જેવા હતા. કોઈ હકારાત્મક બાબત બનતી નહોતી. અધૂરામાં પૂરું સિંહણે બે દિવસથી ખાવાપીવાનું છોડી દીધું હતું, બીજી બાજુ નાનકડાં બચ્ચાં છ દિવસથી તેની માતાના દૂધથી વંચિત હતાં. ઘણું વિચાર્યા બાદ સિંહણને છોડી મૂકવામાં આવી.

બધી પરિસ્થિતિ આપણા હાથમાં નથી હોતી. સિંહણે બહાર આવી બે મિનિટ ઊભા રહીને ઘુરકિયાં કરતાં કરતાં ચાલવા માંડ્યું. સમાંતર અંતર જાળવીને અમે સિંહણની પાછળ પાછળ જવા લાગ્યા, પણ સિંહણ હોશિયાર હતી. પાંચ કિલોમીટર સુધી ચાલ્યા બાદ જુદી જુદી દિશામાં તેણે જવા માંડ્યું, જાણે કે તે અમને મૂર્ખ બનાવતી હોય. અમે સાવ મૂંગા અને મૂંઝાયેલા પણ હતા.

વન્યપ્રાણી બચાવ એ અમારી રોજિંદી કામગીરી છે. પણ આવી પડકારરૂપ પરિસ્થિતિ ક્યારેય જોઈ નહોતી. આઠ દિવસ પસાર થઈ ગયા અને ધાર્યું પરિણામ નહોતું મળતું. સહુ કોઈ મૂંઝાયેલા હતા કે શું કરવું? નવમા દિવસે વ્યૂહરચના બદલવાનો વિચાર કર્યો. આ સમગ્ર બચાવ પ્રક્રિયાનું હકારાત્મક પાસું એ હતું કે સિંહણ પણ હવે અમારી હાજરીથી ટેવાઈ ગઈ હતી.

એ દિવસે સાંજે પાણીના કુંડ આગળ સિંહણ પાણી પી રહી હતી. અમને ખબર હતી કે સિંહણ ભૂખી છે. અમારા એક અનુભવી ટ્રૅકરે બકરાંનો અવાજ કાઢી તેનું ધ્યાન આકર્ષિત કરવાનો પ્રયત્ન કર્યો. અવાજ સાંભળી તરત તેણે ઊંચું જોયું. તરત ટ્રૅકરે સિંહણની વિરુદ્ધ દિશામાં બકરાનો અવાજ કરતાં કરતાં ચાલવા માંડ્યું અને સિંહણ પણ અવાજ આવતો હતો તે દિશામાં જોઈ રહી, સમય બગાડ્યા વગર સિંહણને ભોજનમાં બકરો આપવામાં આવ્યો. સિંહણે પ્રેમથી ભોજન લીધું.

ધાર્યા મુજબ મોટા ભાગનું મારણ ખાઈને સિંહણ ત્યાંથી જતી રહી અને સાંજે ફરી વખત તે તેનાં બચ્ચાં સાથે મારણ આગળ ફરીથી દેખાઈ. તેને હેરાન નહીં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ફરી વખત તેને મારણ આપવામાં આવ્યું અને બીજા દિવસે સવારે આ બચાવપ્રક્રિયા આગળ વધારવાનો નિર્ણય કર્યો. દસમા દિવસે ત્રણ અલગઅલગ ટુકડી બનાવવામાં આવી, જેમાં એક ટુકડીએ સિંહણ અને તેના બચ્ચાંની ભાળ મેળવવી, બીજી ટુકડીએ સિંહણનાં પગલાંની ચકાસણી કરવી અને ત્રીજી ટુકડીએ પાંજરું ગોઠવવાની વ્યવસ્થા કરવી. બપોર સુધીમાં પાંજરું ગોઠવાઈ ગયું. સિંહણને પાંજરાની ખબર હતી, આથી તેને ઝાડી-ઝાંખરાથી ઢાંકવામાં આવ્યું. સાંજના પાંચ થવા આવ્યા. ફરી વખત પાંજરામાં જીવતું બકરું રાખવામાં આવ્યું. અમે એ સ્થળ છોડી થોડા દૂર જઈ ઊભા રહ્યા. સૂર્ય આથમવા લાગ્યો, અચાનક એક પડછાયો દેખાયો, ભૂખી સિંહણ પાંજરા તરફ આવતી દેખાઈ. બકરાનો કર્ણપ્રિય અવાજ

સાંભળતાં સાંભળતાં એ પાંજરા સુધી પહોંચી. થોડીવાર સુધી બહાર ઊભા રહ્યા બાદ સિંહણ પાંજરામાં પ્રવેશી. બકરાનો અવાજ આવતો બંધ થઈ ગયો. થોડીવાર બાદ સિંહણ પાંજરામાંથી બહાર નીકળી અને ખેતર તરફ ચાલવા માંડી. થોડી ક્ષણોમાં નાનકડા સિંહબાળ ખેતરમાંથી બહાર આવી પોતાની માતા પાસે પહોંચ્યાં, પોતાનાં બચ્ચાંને થોડીવાર વહાલ કર્યું. પાંજરા તરફ ત્રણેય ચાલવા લાગ્યાં. પાંજરાની નજીક પહોંચ્યાં બાદ પાંજરામાં જવાની જગ્યાએ તેઓ ખુલ્લા ઘાસના પટમાં આવીને બેઠાં. રાત શરૂ થઈ ચૂકી હતી.

દસ વાગવા આવ્યા હતા. ખુલ્લા તારાથી ટમટમતા આકાશ નીચે ચંદ્રના અજવાળે અમારી બચાવપ્રક્રિયા ચાલી રહી હતી. નીરવ શાંતિ હતી. અમે ક્યારેય નહોતું વિચાર્યું કે પાણીનો કુંડ આખા પ્રસંગની પરિસ્થિતિને ફેરવી નાખશે. માતાપિતાની ગેરહાજરી બાળકોને તોફાન કરવા મજબૂર કરે છે. માતાની ગેરહાજરીમાં બચ્ચાં જાતે ભોજન કરવા પાંજરામાં પહોંચી ગયાં. અમે બચ્ચાંને પૂરી દીધાં. કલાક પછી સિંહણ ત્યાં આવી. પરિસ્થિતિ સમજી જતાં બચ્ચાંને ઘુરકિયાં કરવા લાગી. જાણે કહેતી ન હોય કે મેં તમને કીધું હતું ને, કે પાંજરા પાસે ન જશો? ગુસ્સા અને મૂંઝવણમાં સિંહણ પાંજરા પાસે ઊભી રહી. મધરાત થઈ ચૂકી હતી. અમે બચ્ચાં અને મારણને બીજા પાંજરામાં ખસેડ્યાં, પાંજરું ફરી ગોઠવાયું. ભગવાન પણ આજે મહેરબાન હતા. રાત્રે ૧-૩૦ વાગે સિંહણ પાંજરામાં આવી ગઈ.

અમને અપાર શાંતિ મળી! બધા પ્રકારની ચિંતાનો અંત આવ્યો. સિંહણ અને તેનાં બચ્ચાંઓને સાસણ રેસ્ક્યુ સેન્ટર ખાતે લાવવામાં આવ્યાં. થોડા દિવસ અહીં રાખ્યાં. તેમની સંપૂર્ણ ચકાસણી કર્યાં બાદ તેમને સતત નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યાં.

સિંહણનાં મળનું પરીક્ષણ કરવામાં આવ્યું. પરીક્ષણના નમૂનામાં ક્યાંય પણ માનવીય અવશેષો મળ્યાં ન હતાં. સાસણ ખાતેના તેના રોકાણ દરમ્યાન તે તદ્દન શાંત હતી. ફરી વખતે તેઓને જંગલમાં પુન:સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો. માતા અને બચ્ચાંને અલગઅલગ પાંજરામાં પૂરી જંગલમાં લઈ જવામાં આવ્યાં અને અહીં તેમને મુક્ત કરવામાં આવ્યાં. પાંજરામાંથી પહેલાં માતાને મુક્ત કરવામાં આવી અને પછી બચ્ચાંને. બચ્ચાં કૂદતાં કૂદતાં માતાની પાછળ ચાલવા લાગ્યાં.

થોડું ચાલીને સિંહણ રોકાઈ. અમારી તરફ જોયું અને ઝાડીઓમાં અદૃશ્ય થઈ ગઈ. તેણે જતાં જતાં અમને જીવનનો મહત્ત્વનો બોધપાઠ શીખવાડ્યો. તેણે પાછું વળીને કેમ જોયું, તે મને હજી નહોતું સમજાયું. પણ તેની આંખો જાણે કહી રહી હતી કે, `મને સમજવા માટે હું તમારો આભાર માનું છું. પૃથ્વી પર હજી માનવતા જીવે છે.'

=

# બચાવ અને પુનર્વસન

`બચાવ'ને વન્યપ્રાણીના સંદર્ભમાં તમને સમજાવતાં પહેલાં હું તમને એક સુંદર વાર્તા કહેવા માંગું છું. આ વાર્તા ઘણી રસપ્રદ અને આનંદપ્રદ છે. તમને માણસનાં અમુક વિચિત્ર નામ સાંભળવા મળે તો કેવું લાગે? કંઈક અલગ લાગે, બરાબર છે. જો કોઈ પ્રાણીનાં માનવીય નામ સાંભળવા મળે તો? થોડું વિચિત્ર અને આશ્ચર્યજનક! ગિરમાં સિંહનાં નામની પાછળ હંમેશાં કંઈક કારણ હોય છે.

ગિરની જૈવવિવિધતામાં રોઝડું (નીલગાય) મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે સિંહનો મુખ્ય શિકાર પણ છે. તીક્ષ્ણ નખ ધરાવતો સાવજ ઘણી વખત ઈજાગ્રસ્ત થાય છે અને ઘણી વખત અન્ય શિકારી પ્રાણીને પોતાના સ્વબચાવ માટે મારી પણ નાખે છે. કેટલીક વખત લડાઈ ચરમસીમાએ પહોંચી જાય ત્યારે એક અથવા બંને પ્રાણીનું મૃત્યુ પણ થાય છે. રોઝડું એ સિંહના સમૂહ માટે મોટો શિકાર છે. જૂથ દ્વારા તેનો સહેલાઈથી શિકાર કરી શકાય છે, પણ એક માત્ર સિંહણ માટે આ બહુ મોટી વાત છે.

વહેલી સવારે રોઝડાનું એક જૂથ કુમળા ઘાસની લિજ્જત માણી રહ્યું હતું. તે સમૂહના વડા નરને તેના બે તીક્ષ્ણ અને સીધાં શિંગડાં બધાથી અલગ તારવી રહ્યાં હતાં. ઘાસના એક ખુલ્લા પ્રદેશમાં આ જાજરમાન નર તેના આખા સમૂહની આગેવાની કરી રહ્યો હતો. માદાનો સમૂહ તેમને અનુસરી રહ્યો હતો. આ આખો સમૂહ આનંદથી ચરી રહ્યો હતો. થોડાક મીટર ચાલ્યા બાદ નર રોકાઈ ગયો. તેને લાગ્યું કે કંઈક છે, પણ ત્યાં તેમની રાહ જોઈ રહેલી સિંહણની હાજરી તે વર્તી શક્યો નહીં.

નરે બધી દિશામાં સાવચેતીપૂર્વક નજર ફેરવીને જોઈ લીધું પરંતુ કશું જણાયું નહીં, એટલે તે નિર્ભય બની ગયો. રોઝડાની એક આદત હોય છે. તે હંમેશાં એક જ જગ્યાએ `હગાર' કરતા હોય છે. આ બીજું કંઈ નથી પણ પોતાના શાસિત વિસ્તારની જાણકારી આપવાની એક પદ્ધતિ છે. જંગલમાં ક્યારેક આવાં સ્થાન જોવા મળે તો માનવું કે આ કોઈ નર રોઝડાનો શાસિત વિસ્તાર છે. નર હંમેશાં પોતાની નક્કી કરેલ `હગાર'ની જગ્યા ઉપર જઈ ત્યાં ફરીથી નિશાની કરે છે. સિંહણ આ જ ક્ષણની રાહ જોતી હતી. નર રોઝડું જ્યારે પોતાની દૈનિક ક્રિયામાં વ્યસ્ત હતો ત્યારે સિંહણે તેની ઉપર પાછળથી અચાનક હુમલો કરી દીધો. રોઝડાને ખબર પડી ગઈ હતી કે શિકારી સિંહણ તેની તરફ આવી રહી છે. આથી તેણે દોડવાનું શરૂ કર્યું, પણ સિંહણ ઘણી નજીક આવી ગઈ હતી. તેણે પાછળથી એવી રીતે હુમલો કર્યો કે જેથી તે રોઝડાને ખેંચીને નીચે પછાડી શકે. ૧૬૦ કિલોનું આ માંસ કંઈ સરળતાથી પછડાટ થોડી ખાય? રોઝડાએ પ્રતીકાર કર્યો. તેણે સિંહણને પોતાની પીઠ ઉપરથી નીચે પછાડવાનો પ્રયત્ન કર્યો. આ સંઘર્ષ દરમ્યાન સિંહણે પોતાના નહોર રોઝડાનાં શરીરમાં ખૂંપાવી દીધા હતા, જેથી તેની પકડ મજબૂત થઈ ગઈ હતી. તેણે રોઝડાના પાછળના ભાગમાં બટકાં ભરવાનું શરૂ કર્યું. સિંહણ અને રોઝડાની આ ધમાલમાં આખરે સિંહણને નીચે પછાડવામાં રોઝડાને સફળતા મળી. મુક્ત થઈ ફરી તેણે ભાગવાનુ શરૂ કર્યું, પણ સિંહણે ફરી તેને પાછળથી પકડી લીધો. રોઝડા માટે આ `મારો યા મરો'ની પરિસ્થિતિ હતી. ગુસ્સામાં આવીને રોઝડાએ પોતાનું શરીર મરોડ્યું, સિંહણને નીચે પછાડી અને તેના ઉપર હુમલો કર્યો. રોઝડાએ પોતાનાં તીક્ષ્ણ શિંગડાં સિંહણના પડખામાં ખૂંપાવીને તેનું પડખું ચીરી નાખ્યું.

ઘવાયેલી સિંહણે રોઝડા ઉપરનો પોતાનો ઉશ્કેરાટ છોડી દીધો. જોકે એ જ ક્ષણે સિંહણને રોઝડાના મુખને પકડવાનો મોકો મળી ગયો. આ સમયે સિંહણ સતર્ક હતી અને તેણે રોઝડાને

મરણભીંસ આપી. નાક દબાવવાનાં કારણે રોઝડું શ્વાસ લેવામાં અસમર્થ હતું. આથી ધીમે ધીમે તેની પકડ ઢીલી થઈ ગઈ અને તે જમીન ઉપર પછડાઈ ગયો. સિંહણનાં પડખામાંથી લોહી અવિરત વહી રહ્યું હતું પણ જ્યારે તેને રોઝડાના મૃત્યુની ખાતરી થઈ ત્યારે જ તેણે રોઝડાનું મોઢું છોડ્યું. પોતાના પરાક્રમથી સંતૃપ્ત થયેલી સિંહણ ખૂબ ગંભીર રીતે ઘવાયેલી હતી. તેનામાં કોઈ તાકાત બચી ન હતી. નજીકના એક ઝાડ આગળ જઈ એ પછડાઈને ત્યાં બેસી ગઈ. સિંહણના સદ્નસીબે એક ફૉરેસ્ટર ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમણે આ ઘવાયેલી સિંહણને જોઈ. તરત જ ડૉક્ટર અને બચાવદળ ત્યાં પહોંચ્યું અને ઘવાયેલી સિંહણને સાસણ વન્યપ્રાણી સારવાર કેન્દ્ર ખાતે લાવવામાં આવી. સિંહણ ખૂબ ગંભીર રીતે ઘવાયેલ હતી છતાં જીવિત હતી. સારવાર કેન્દ્ર ખાતે તાત્કાલિક તેની શસ્ત્રક્રિયા કરવામાં આવી. શસ્ત્રક્રિયા કરવામાં લાંબો સમય લાગ્યો, પરંતુ હજી તેની હાલત ગંભીર હતી. ડૉક્ટરે તેના પડખાને બત્રીસ ટાંકા લઈને સારવાર કરી. થોડા સમયમાં તે ફરી પહેલાંની માફક સામાન્ય થઈ ગઈ. થોડો વખત આ સિંહણને સાસણ વન્યપ્રાણી બચાવ અને સારવાર કેન્દ્ર ખાતે નિરીક્ષણ હેઠળ રાખવામાં આવી. તેના સામાન્ય થયાની ડૉક્ટર દ્વારા ખાતરી કરાયા બાદ તેને ફરી જંગલમાં છોડી દેવામાં આવી. ત્યારબાદ જ્યારે પણ લોકો તેને જોતા, ત્યારે `ટાંકા લીધેલી' તેવું સંબોધન કરતા. પછી પાછળથી આ નામ અપભ્રંશ થઈને `ટાંકાળી' થઈ ગયું. અત્યારે પણ ટાંકાળી તેના કુદરતી આવાસમાં સારું અને તંદુરસ્ત જીવન જીવી રહી છે. જોકે તેણે રોઝડા ઉપર હુમલો કરવાનું બંધ નથી કર્યું.

સમશીતોષ્ણ પ્રદેશોથી દરિયાના જળપ્લાવિત વિસ્તારો સુધી, અને ઉષ્ણ કટિબંધીય જંગલોથી અલ્પાઇન વનસ્પતિ સુધીની ભારતીય જૈવવિવિધતાની સમૃદ્ધિને એક ફકરામાં કે એક પુસ્તકમાં વર્ણવવી અઘરી છે. વિશ્વના ૧૨ જૈવવિવિધતા ધરાવતા મુખ્ય દેશોમાં ભારત અગત્યનું સ્થાન ધરાવે છે. આપણે જાણીએ છીએ કે આટલી વિશાળ જૈવવિવિધતા ધરાવતા પ્રદેશમાં સંરક્ષણના પડકારો ઘણા મોટા છે. ભારતનો મોટો ભાગ ખેતીપ્રધાન છે. આપણે જાણીએ છીએ કે ખેતી માટે જમીન જરૂરી છે અને વધુ ખેતી કરવા વધુ જમીન જોઈએ. જો નવી જમીન જોઈતી હોય તો તેનાથી જંગલોને નુકસાન થાય. જો જંગલોને નુકસાન થાય તો વન્યપ્રાણીને નુકસાન થાય અને તેનાથી વન્યપ્રાણીનાં સંરક્ષણમાં મુશ્કેલી ઊભી થાય. જંગલો એ વન્યપ્રાણીનું ઘર છે. જો તમે તેના ઘરનો જ નાશ કરી નાખશો તો તેઓ ક્યાં જશે? પછી તે મનુષ્યો દ્વારા છીનવાયેલી જમીન પર બનાવેલાં ગામડાં કે નગરોમાં જ જશે! જો આવી પરિસ્થિતિ પેદા થઈ તો માનવ અને વન્યપ્રાણી વચ્ચેનો સંઘર્ષ વધશે. મોટાભાગે આપણે આ પરિસ્થિતિ માટે નિર્દોષ વન્યપ્રાણીઓને જ જવાબદાર ઠેરવીશું. જંગલોનું પ્રમાણ ઘટતું અટકાવવા માટે અને વન્યપ્રાણીઓને રક્ષણ આપવા માટે રાષ્ટ્રીય ઉધાન અને અભયારણ્યોની સ્થાપના કરવામાં આવી. પણ માનવીય વસ્તીવાળા વિસ્તારોમાં વન્યજીવ પ્રવેશે તો શું? માનવ અને વન્યપ્રાણી વચ્ચે સંઘર્ષ થાય તો શું? જ્યારે કોઈ વન્યપ્રાણીને ઈજા થાય, મૃત્યુ પામે અથવા તેને કોઈ મદદની જરૂર પડે ત્યારે શું કરવું?

આવી પરિસ્થિતિઓમાં યોગ્ય વ્યવસ્થાપનની સાથેસાથે પૂરતી સુવિધાઓની ઉપલબ્ધતા, તાલીમબદ્ધ બચાવટુકડી અને સૌથી મહત્ત્વનું, સ્થાનિક લોકોના સહકારની જરૂર પડે છે. મોટાભાગનાં વન્યપ્રાણી બચાવના કિસ્સામાં માનવીય હસ્તક્ષેપની અસર જોવા મળે છે. વન્યપ્રાણીઓને બચાવનારની એક અદ્ભુત અને જવાબદારીપૂર્ણ ભૂમિકા છે. ઘણી વખત લોકો કોઈ વન્યપ્રાણીને બચાવીને ઘરે લઈ જાય છે તે ભૂલ છે. ઘણી વખત નાનાં અનાથ બચ્ચાંઓને બચાવવામાં આવે છે અને તેમના કુદરતી આવાસથી દૂર લઈ જવામાં આવે છે. આ ખોટી પ્રક્રિયા છે. કોઈ બચ્ચાને તેની માતાથી દૂર લઈ જવું તે તેના જીવન જીવવાની ક્ષમતાની

શક્યતાઓ ઘટાડી નાખે છે. વન્યજીવને પ્રેમ કરવો એ અલગ બાબત છે. પરંતુ વન્યપ્રાણી પ્રેમ અને વન્યપ્રાણી સંભાળ, આ બે ભિન્ન બાબતોમાં ફેર છે. પાલતુ પશુની જાળવણી કરતાં વન્યપ્રાણીની સંભાળ માટે અલગ તાલીમ જરૂરી છે.

વન્યજીવ સંરક્ષણમાં `બચાવ' શબ્દનો પણ ઉપયોગ થાય છે. `બચાવકેન્દ્ર' આ શબ્દ જ તેની વ્યાખ્યા અને કાર્યની રૂપરેખા જણાવે છે. આપણે અહીં કોઈપણ બચાવકેન્દ્રની વાત નથી કરી રહ્યા. ગિર ખાતે આવેલાં બચાવકેન્દ્ર એ માત્ર કોઈ મોટી ઇમારત નથી, જ્યાં કોઈપણ વન્યપ્રાણીને સારવાર આપવામાં આવે. આ એક અત્યંત આધુનિક અને સાધનસંપન્ન બચાવકેન્દ્ર છે. વર્ષોના અનુભવોના આધારે આ બચાવકેન્દ્રમાં અત્યારના વન્યપ્રાણી બચાવને લગતા સળગતા પ્રશ્નો જેવા કે, માનવ વન્યપ્રાણી સંઘર્ષને ઉકેલવામાં મદદ કરવામાં આવે છે. આટલા મોટા વિસ્તારમાં આવા સળગતા પ્રશ્નો ઉકેલવા એ ઘણું અઘરું કામ છે. આવા સંઘર્ષોની અવળી અસરોને નિવારવા માટે મજબૂત સ્થાનિક સહકાર અને તેની સાથે સાથે અધતન સુવિધા તથા નાણાકીય જોગવાઈની જરૂર પડે. ગિરના વન્યપ્રાણી માટે બચાવકેન્દ્રનું પોતાનું આગવું વ્યવસ્થાપન છે. ગિરમાં સંઘર્ષને લગતા અમુક પ્રશ્નો છે. જેમકે, વન્યપ્રાણીઓની ગ્રામ્ય વિસ્તારમાં અવરજવર, અમુક વિસ્તારોમાં માલઢોરના મારણનું ઊંચું પ્રમાણ, વન્યપ્રાણી દ્વારા માનવ ઈજા, વન્યપ્રાણીને થતી ઈજાઓ, વન્યપ્રાણીનું કૂવામાં પડી જવું, વન્યપ્રાણીનું ગામમાં ઘૂસી જવું અને કોઈ મકાનમાં ભરાઈ જવું અને બીજા ઘણા બધા પ્રશ્નો હોઈ શકે. આ બધા પ્રશ્નોને ઉકેલવા વનવિભાગે એક ઉત્તમ કક્ષાનું અધતન સુવિધા સંપન્ન `વન્યપ્રાણી બચાવ અને સારવાર કેન્દ્ર' સ્થાપ્યું છે. બચાવકેન્દ્ર પાસે જરૂરી સાધનસંપન્ન વાહનો, અનુભવી વન્યપ્રાણી ચિકિત્સકો, શિક્ષિત અને અનુભવી કર્મચારીઓ અને ગિરમાં જ જન્મેલા તથા સિંહના અનુભવી એવા ટ્રૅકર્સ છે. દવા અને શસ્ત્રક્રિયા માટે જરૂરી સાધનો, બચાવદળની જરૂરિયાત મુજબની સાધનસામગ્રી, બચાવકેન્દ્રમાં રાખવામાં આવતાં પ્રાણીઓ માટે પાંજરાની સુવિધા, પોસ્ટમૉર્ટમ રૂમ, ઑપરેશન રૂમની સુવિધા પણ આ બચાવકેન્દ્રમાં ઉપલબ્ધ છે.

આ બચાવકેન્દ્રની મુખ્ય પ્રવૃત્તિઓ બચાવ, સારવાર, પુનઃવસન, વન્યપ્રાણી અવલોકન, સંશોધન અને રસીકરણ છે. ગિરના જંગલમાં સતત વન્યપ્રાણી અવલોકન અને સંશોધનની મદદથી વન્યપ્રાણીની તંદુરસ્તીનું સતત ધ્યાન રાખવામાં આવે છે. અહીં ગિરની આસપાસ આવેલાં ગામોમાં સ્થાનિક લોકોમાંથી પસંદ કરાયેલી અમુક વ્યક્તિઓને `વન્યપ્રાણી મિત્ર' તરીકે પણ નીમવામાં આવ્યા છે. અહીં સૌ કોઈ એકબીજાંના સાથ-સહકારથી વન્યપ્રાણી બચાવની કામગીરી કરે છે. અહીં મુખ્યત્વે સ્થાનિક લોકોનો સહકાર મળે છે, જે સંદેશાવાહક તરીકે કાર્ય કરે છે. આ લોકોને તાલીમ આપવામાં આવે છે. આટલા વિશાળ વિસ્તારમાં જો કોઈ બનાવ બને તો એમના દ્વારા માહિતી આપવામાં આવે છે. તેઓ માત્ર મદદરૂપ થતા લોકો જ નથી, પરંતુ ઘણી વખત એક ગ્રામવાસી તરીકે તેઓ આવી પરિસ્થિતિમાં ઘણા સારા ઉપાયો પણ આપી શકે છે.



વન્ય અધિકારીઓને માતાના
મૃતદેહ તરફ દોરતાં બાળસિંહો

અસરકારક વ્યવસ્થાપન, અનુભવી વ્યક્તિઓ અને સાધનસંપન્ન સુવિધાઓ, વન્યપ્રાણી બચાવકેન્દ્રને ભારતમાં એક આગવી ઓળખ આપે છે. આ કેન્દ્રની કાર્યપદ્ધતિ શીખવા, સમજવા ભારતના અન્ય રાજ્યોમાંથી પણ ઘણા અધિકારીઓ અને કર્મચારીઓ ગિરની મુલાકાતે આવતા હોય છે. ગિર વન્યપ્રાણી બચાવકેન્દ્ર આવા જિજ્ઞાસુ વનવિભાગના

અધિકારીઓ અને કર્મચારીઓને સહર્ષ આવકારે છે. જરૂરી એવી સંપૂર્ણ માહિતી રસપ્રદ રીતે આપવાનો પ્રયત્ન કરે છે. પૃથ્વીની માનવતાના ઉપકારને જિવાડવામાં જૈવવિવિધતા ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેનો સીધો ફાયદો હજારો મનુષ્યોને થાય છે. ૯૦ રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૪૫૦થી વધુ અભયારણ્યોમાં ગિર પ્રદેશ ભારતમાં જૈવવિવિધતાની અગત્યતા ધરાવતું એક મહત્ત્વનું સ્થાન છે.

=

# અજાણ્યા રખેવાળ

વહેલી સવારે લગભગ ૫-૩૦ કલાકે કેટલાક લોકો પોતાના ઘરેથી નીકળે છે. હજી અજવાળું થયું નથી. શિયાળાની સવાર છે. એક હાથમાં બૅટરી અને બીજા હાથમાં લાકડી લઈ તેઓ પોતાના રોજિંદા કામ ઉપર જઈ રહ્યા છે. ગિરના ગામમાં ચાની નાનકડી દુકાન હજી ખૂલી જ છે. આવી દુકાન આવા જલદી ઊઠનાર વ્યક્તિઓની સેવા માટે જ હોય છે. લોકો જૅકેટ અને ટોપી પહેરી ઠંડી ઉડાડવા હથેળીઓ ઘસતા કે જૅકેટમાં હાથ નાખતા ઊભા છે. ચાની મજા માણતાં માણતાં આગલા દિવસની વાત કરી રહ્યા છે. ચાની મજા માણી તેઓ જંગલ તરફ જઈ રહ્યા છે. સાથે જઈ રહેલા બધા અલગ અલગ દિશામાં ફંટાય છે.


તેમનું કામ છે સિંહના સગડ મેળવવાનું. રસ્તાની બાજુમાં પોતાનું વાહન ઊભું રાખી હાથમાં લાકડી લઈ, તેઓ ગીચ ઝાડીમાં પ્રવેશે છે. કોઈ ચીતલનાં અવશેષ, પંજાનાં નિશાન, નાનાં બચ્ચાંનો અવાજ, નીલગાય કે ચીતલનો ચેતવણી આપતો અવાજ, કોઈપણ દિશામાં સંભળાતી ગર્જના એ અહીંની આગવી ઓળખ છે. ખાખી ગણવેશ અને લીલા રંગનાં જૅકેટ પહેરેલા આ લોકો કોણ છે? સાવજના આ ખરા રખેવાળ છે. સિંહ કાગળ ઉપર સચવાઈ રહ્યા છે, ત્યારે આ લોકો વર્ષોથી ગિરનાં જંગલોમાં તેમની રખેવાળી કરી રહ્યા છે. તેઓ સાચા સાવજપ્રેમી છે.

કચેરી ખાતે બેઝ સ્ટેશન પર વાયરલેસ સંદેશો આવે છે. `ગૂડ મૉર્નિંગ, જય માતાજી' એક અદ્ભુત પશ્ચિમી અને ગુજરાતી શબ્દોનો સમન્વય `ચંદન-ચંદન' `આમલા' `મુરાદભાઈ કંટ્રોલ' સાગરભાઈ કંટ્રોલ' `મહંમદભાઈ કંટ્રોલ' `સુરેશભાઈ કંટ્રોલ' આ રીતે બધાંને સંદેશ પહોંચે છે. થોડીક ક્ષણોમાં જુદા જુદા ટ્રૅકર્સના જવાબ આવવા શરૂ થઈ જાય છે. `કાંઈ નથી મળ્યું' `બચ્ચાંવાળી માદા', `કોઈ સગડ નથી', "બે માદા, બે પાઠડા ને બે બચ્ચાં.' ચાલો, પહેલું કામ પૂરું. હવે આખો દિવસ તેઓ ત્યાં જ સાવજની સાથે રહેશે. ટ્રૅકર્સ એ બીજા કોઈ નહીં, પરંતુ આ જ ધરતી ઉપર જન્મેલા લોકો છે. દરેક ટ્રૅકરને જંગલનો અને પ્રાણીઓનો જુદો જુદો અનુભવ છે. ટ્રૅકર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન અવિશ્વસનીય એવા ઘણા બધા અનુભવો કર્યા છે. આ એક અવિરત કાર્ય છે. તમે જંગલમાં શાંત ચાલી રહ્યા હો ત્યારે અચાનક થોડી ક્ષણોમાં કંઈક અલગ અનુભવ થશે. દરેક ટ્રૅકર પાસે તેમના અનુભવોનો ખજાનો છે જે પ્રસંગ સ્વરૂપે રજૂ થયો હોય છે. તમે આટલી બધી માહિતીમાંથી કાંઈ પણ પસંદ કરીને એક આખું પુસ્તક લખી શકો છો. મહંમદભાઈ માત્ર બહાદુર નહીં પણ અનુભવી ટ્રૅકર છે. ગિરમાં તેઓ જીવન જીવ્યા છે. એવું માનવામાં આવે છે કે તમે આંખો બંધ કરીને જંગલની કોઈપણ જગ્યાનું નામ લો, તેઓ તમને ત્યાં લઈ જશે. ત્રણ વર્ષ પહેલાં તેઓ તેમના અવલોકનના કામમાં વ્યસ્ત હતા. શિયાળાની એ વહેલી સવાર હતી. ગિર હંમેશાં શિયાળામાં ખૂબ ઠંડું હોય છે. મહંમદભાઈ તેમના માર્ગે જ હતા. એક સિંહના સમૂહનું અવલોકન કરી રહ્યા હતા. એમનો વિચાર આ સમૂહને હેરાન કરવાનો જરા પણ ન હતો. બસ, એમણે માત્ર સિંહની સંખ્યા અને પરિસ્થિતિની માહિતી મેળવવી હતી. એટલામાં વાયરલેસ ઉપર સંદેશો આવ્યો. સામા છેડેથી સંદેશો કહેવાયો. પાંચાળીમાં સાવજ નીચે છે અને દીપડો ઝાડ માથે બેઠો છે. પાંચાળી એ ગિરનો એક વિસ્તાર છે. મહંમદભાઈએ તરત જવાબ આપ્યો : `ઊભા રહો તમે. હું ત્યાં આવું છું. કશું કરતા નહીં.'

મહંમદભાઈ તે જગ્યાથી વધુ દૂર ન હતા. સ્થળ ઉપર પહોંચીને જોયું તો બે મોટા સિંહ ત્યાં હતા. એક સિંહ ઝાડ નીચે બેઠો હતો અને દીપડો એ જ ઝાડની ઉપર બેઠો હતો. ઝાડથી થોડે

દૂર બીજો સિંહ ઊંઘી રહ્યો હતો. હવે શું કરવું? મહંમદભાઈને ગિર અને સાવજનો વર્ષોનો અનુભવ છે. `કુરરરરરહહહ' કંઈક આવો અવાજ કરી મહંમદભાઈએ સિંહનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કર્યું. ઘણી વખત આવો અવાજ કર્યા બાદ બેઠેલો સિંહ ઊભો થઈ, મહંમદભાઈ તરફ ચાલવા લાગ્યો પણ ત્યાર બાદ ન બનવા જેવું બન્યું. મહંમદભાઈને પેલી પ્રચલિત ડાયલૉગની ખબર ન હતી કે `પિક્ચર અભી બાકી હે મહંમદભાઈ.' દીપડો આ બધું જોઈ રહ્યો હતો! જ્યારે સિંહ ઝાડથી દૂર ગયો કે તરત જ દીપડાએ ઝાડ ઉપરથી કૂદકો માર્યો અને સિંહની વિરુદ્ધ દિશામાં, બીજી મુસીબત તરફ ભાગ્યો. તેને ખબર ન હતી કે, તે મૃત્યુના મુખમાં જઈ રહ્યો છે. `મરી ગ્યો' મહંમદભાઈએ રાડ પાડી. સામે સૂતેલા બીજા સિંહે આ દીપડાને પકડી લીધો. સિંહ દીપડાને પોતાનો પ્રતિસ્પર્ધી માને છે. જ્યારે પણ તક મળે ત્યારે તેઓ દીપડાને મારવાનું ચૂકતા નથી. તો આવો સરસ મોકો કેવી રીતે જવા દેવાય? મહંમદભાઈ તરફ આવતો સિંહ અવાજની દિશા તરફ વળ્યો. હવે ડબલ તકલીફ હતી. દીપડાની બચવાની શક્યતા નહીંવત્ હતી. બે સિંહે તેને પકડયો હતો. હવે ટ્રૅકર્સ મૂંઝાયા : શું કરવું? આ તો કુદરતનો કાયદો છે. તમે બધા ઉપર નિયંત્રણ રાખી શકતા નથી. જો આવું આફ્રિકાનાં જંગલોમાં થતું હોત તો તેનું વીડિયો રેકૉર્ડિંગ થાત. પરંતુ આ તો ગિર છે. અહીંના દયાળુ લોકો કોઈ પ્રાણીને વગર કારણે મૃત્યુ પામતું જોઈ ન શકે. મહંમદભાઈએ અચાનક મોટેથી બરાડા પાડવાનું શરૂ કર્યું. થોડા બૂમબરાડા પાડ્યા બાદ સાવજોએ આશ્ચર્યજનક રીતે પેલા દીપડાને છોડી દીધો. મહંમદભાઈએ મોટેથી રાડ પાડી : ``જા ભાગ! જીવ બચાવ!"

ભગવાન જાણે, દીપડાના મનમાં શું હતું, સિંહથી દૂર ભાગવાના બદલે તે મહંમદભાઈ તરફ વળ્યો અને તેમની ઉપર હુમલો કર્યો. મહંમદભાઈ આવા અણધાર્યા હુમલાથી સ્તબ્ધ થઈ ગયા. હાજર ફૉરેસ્ટર પણ આવા અચાનક અને અણધાર્યા હુમલાથી આશ્ચર્યચકિત થઈ ગયા. મહંમદભાઈએ તરત જ પોતાની જાતને સંભાળી, તેમને ખબર હતી કે દીપડો હવે શું કરશે? તેમણે તરત પોતાના ખભા ઊંચા કરી માથાને નીચું વાળી લીધું જેથી દીપડો તેમની ગરદન પર બટકું ન ભરી શકે. ધાર્યા મુજબ જ થયું. દીપડાએ ગરદન ઉપર હુમલો કરવાનો પ્રયત્ન કર્યો. મહંમદભાઈને તે પાછળથી ઈજા પહોંચાડવા માંગતો હતો. તેનો એક પંજો જાકીટ ખેંચી રહ્યો હતો અને બીજો ગરદન તરફ હતો.



બચાવેલા દીપડાને લાવતી ટુકડીની આગેવાની કરી રહેલ મહિલા કર્મચારી

આ બનાવ સમયે પાણીનું એક ટૅન્કર પાણીની કુંડી પાસે પાણી ભરવા આવ્યું હતું. તેમાં બેઠેલી વ્યક્તિએ આ દૃશ્ય જોયું. ટૅન્કર લઈને આવેલી વ્યક્તિએ એક પથ્થર ઉઠાવ્યો પણ તે તેનો ઘા ન કરી શકી, કારણ કે તેને ડર હતો કે જો નિશાનચૂક થશે તો પથ્થર મહંમદભાઈને વાગશે.

પણ મહંમદભાઈને હજુ ઘણું જીવવાનું હતું. સાવ જડ જેવા બની ગયેલા ફૉરેસ્ટરમાં જાણે જીવ આવ્યો હોય તેમ તેણે અચાનક પોતાની લાકડી હાથમાં લઈ જમીન પર પછાડવાનું શરૂ કર્યું. આ જોઈ દીપડો ગભરાયો અને ત્યાંથી ભાગ્યો. દીપડા પર ખિજાવાને બદલે મહંમદભાઈએ કહ્યું, "સરસ! મેં તારો જીવ બચાવ્યો અને તેં મારી ગરદન દબાવી મને ધન્યવાદ કહ્યું!" મહંમદભાઈએ ફરી વખત પોતાની જાતને તપાસી. ભગવાનની મહેરબાનીથી તેમને કંઈ ઇજા પહોંચી ન હતી. ફરી એક વખત મહંમદભાઈએ કુરરરરરહહહહ અવાજ કરી સાવજોને બોલાવ્યા અને બંને સિંહ જાણે કંઈ બન્યું જ ન હોય તેમ, તેમની તરફ એક નજર જોઈ પાછા નિદ્રાધીન થઈ ગયા.

ટ્રૅકર્સ એ માત્ર જંગલ ખાતાની શોધખોળ ટુકડી નથી, પણ તેઓ એક સારા વનસ્પતિ સંશોધકો પણ છે. તેમની પાસે ભલે આ વિષયની કોઈ શૈક્ષણિક લાયકાત કે પદવી નથી, પરંતુ તેમના અનુભવજન્ય જ્ઞાનને તમે પડકારી શકો નહીં. તેમનો સંબંધ માત્ર સિંહ સાથે જ નથી, પરંતુ આખા જંગલ સાથે છે. કલાકોના કલાકો તેઓ એક સ્થાને બેસીને તે જગ્યાનું નિરીક્ષણ કરે છે. નાની નાની માહિતીનું નિરીક્ષણ કરીને તેઓ તારણ સુધી પહોંચે છે. ગિરના આ વિરલાઓ માત્ર ગિર પૂરતા જ મર્યાદિત નથી. તેમના અનુભવ અને કાર્યકુશળતાનો લાભ અન્ય અભયારણ્યોને પણ મળ્યો છે.

પંચમહાલ જિલ્લો દીપડા માટે પ્રખ્યાત છે. જંગલનો આ વિસ્તાર ગીચ છે. અહીં સદીઓથી માનવો જંગલની અંદર અને તેની આસપાસ રહે છે. થોડાં વર્ષો પહેલાં આ વિસ્તારમાં એક દીપડો કોઈ દેખીતા કારણ વગર માનવભક્ષી બની ગયો. તે આ વિસ્તારમાં રહેતાં નાનાં બાળકો ઉપર જ હુમલો કરતો. અહીં વસતા લોકો ખૂબ ગરીબ છે અને તેઓ જંગલ આધારિત પણ છે. દીપડા આંખના પલકારે જ તમારી બાજુમાં સૂતેલા બાળકને ઉપાડીને લઈ જાય અને તમને ખબર પણ ન પડે. બાળકો એ સરળ શિકાર છે. વળી, એ બાળકો જંગલમાં આમતેમ રખડતાં હોય અને તેને ઉપાડવા પણ આસાન હોવાથી લોકો પોતાનાં બાળકો ગુમાવી રહ્યાં હતાં. વનવિભાગ આ દીપડાને પકડી શકતું ન હતું. વનવિભાગે દીપડાને પકડવાના દરેક પ્રયત્નો કરી જોયા પણ નિષ્ફળતા મળી. છેવટે તેમણે સાસણ વન્યપ્રાણી વિભાગને મદદ કરવા માટે જાણ કરી.

સાસણ ખાતેથી એક બચાવટુકડી પંચમહાલ મોકલવામાં આવી. જેમાં એક ફૉરેસ્ટર, ત્રણ ટ્રૅકર અને ડ્રાઇવરને મોકલવામાં આવ્યા. સાસણથી નીકળીને તેઓ ગણતરીના કલાકોમાં વણસિયા ડુંગરી થાણા, દેવગઢબારિયા ખાતે પહોચ્યાં. ત્યાંનો સ્થાનિક સ્ટાફ આ ટુકડીની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો હતો. સ્થાનિક ગાર્ડે દીપડા વિશે વિગતવાર માહિતી આપી. જગ્યાનો પ્રશ્ન હતો આ એક આદિવાસી વસ્તીવાળો વિસ્તાર છે. અહીં છૂટાછવાયાં ખુલ્લાં મકાનો હોય છે. વળી સમુદાય ગરીબ અને અશિક્ષિત હોય છે. શિકાર એ તેમનો મુખ્ય વ્યવસાય છે. આ સમુદાય મુખ્યત્વે માંસાહારી હોય છે. વળી, અમુક લોકો મૃત પશુઓ પણ ખાતા હોય છે. આ વિસ્તાર નાની-નાની ટેકરીઓથી અને ખીણથી ઘેરાયેલો હતો. ગાર્ડે વધુમાં જણાવ્યું કે, સ્થાનિક લોકો ખૂબ ઉશ્કેરાયેલા છે. ઉચ્ચ અધિકારીઓ પણ આ વિસ્તારની મુલાકાત લેવાનું ટાળી રહ્યા છે. તેમણે કહ્યું કે બચાવટુકડીએ સતર્ક રહેવાની જરૂર છે. બચાવટુકડીએ ગામમાં રહીને જ બીજા દિવસે સવારથી જ કામ શરૂ કરવાનું નક્કી કર્યું. બીજા દિવસે સવારે સંદેશો આપ્યો કે, ગઈ રાત્રે દીપડાએ બીજા એક બાળકને મારી નાખ્યું. બચાવટુકડી પોલીસ અને વનવિભાગના અન્ય કર્મચારીઓ સાથે ઘટનાસ્થળે પહોંચી. વનવિભાગ પાસે આ આદમખોર દીપડાને જોતાં `જુઓ ત્યાં ઠાર' કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. સ્થાનિક સમુદાયની ઉગ્રતા હવે વધુ તીવ્ર બની હતી. તેઓ આ દીપડાનો જેમ

બને તેમ જલદી નિકાલ કરવા ઇચ્છતા હતા. વનવિભાગ અને બચાવટુકડીએ જુદીજુદી બધી જગ્યાએ પાંજરાં ગોઠવી દીપડાને પકડવાનો પ્રયત્ન કર્યો, પણ દીપડાને પકડવામાં સફળતા મળતી ન હતી. બચાવટુકડીએ ગ્રામવાસીઓને મળી દીપડાની વર્તણૂક અને અવરજવર વિશે માહિતી એકત્ર કરી. તેમણે દીપડાનાં પગલાંનાં નિશાનનું અનુસરણ કર્યું અને પાંજરામાં જીવતું ભક્ષ મૂકી ફરીથી પાંજરું ગોઠવ્યું. બે રાત સુધી આ પ્રક્રિયા કરવામાં આવી પણ દીપડો પાંજરા સુધી આવે, તેની ફરતે આંટા મારી જતો રહે, તો પણ પાંજરામાં પ્રવેશતો નહોતો.

આ દરમિયાન અન્ય બે બાળકો દીપડાનો શિકાર બન્યા અને સાથે સાથે લોકોનો સંયમ પણ હવે તૂટી રહ્યો હતો. આ બધી પરિસ્થિતિમાં જાણવા મળ્યું કે, જંગલમાં દીપડાએ કરેલા મારણને સ્થાનિક લોકો પોતાના ઘરે લાવી, રાંધીને ખાય છે. આખા પ્રકરણનું કારણ સમજાઈ ગયું કે દીપડાને પકડવામાં સફળતા શા માટે નથી મળતી. બચાવટુકડીએ સ્થાનિક લોકોને ભેગા કર્યા અને દીપડાએ કરેલા શિકારનો ઉપયોગ ન કરવા જણાવ્યું. લોકો સુધી આ સંદેશો અસરકારક રીતે પહોંચ્યો હતો, પરંતુ તે રાત્રે દીપડાએ વધુ એક બાળકની હત્યા કરી.

બચાવટુકડીને સમજાઈ ગયું હતું કે, દીપડો બાળકોનો જ શિકાર કરે છે કારણ કે તે સરળ છે. તેમણે બંદુક હાથમાં લેતાં પહેલાં છેલ્લી યોજના અમલમાં મૂકવા વિચાર્યું. બાળકના આકારની સમાન વજનવાળી એક ઢીંગલી બનાવી દીપડાને પકડવાની યોજના ઘડવામાં આવી.

પ્રથમ પગલા તરીકે ઢીંગલી તૈયાર કરવામાં આવી. હવે બીજું પગલું એ હતું કે દીપડાને આ ઢીંગલી તરફ કેવી રીતે આકર્ષી શકાય? આ ઘણો મોટો વિસ્તાર છે પણ બચાવટુકડીએ દીપડાને પકડવા માટે વિચાર્યું. તેમણે પાંજરાની ચારેબાજુ દીપડાને આકર્ષવા માછલીની ગંધવાળા પાણીનો છંટકાવ કર્યો. આખી રાત બચાવટુકડી એ પાંજરા નજીક એક નાનકડી ઝૂંપડીમાં બેસી આ માનવભક્ષી દીપડાના આગમનની પ્રતીક્ષા કરી અને આખરે બીજા દિવસે સવારે પાંજરામાં બે દીપડા પુરાયેલા મળ્યા. આ માત્ર સ્થાનિક લોકો માટે જ આનંદનો અવસર ન હતો પરંતુ સ્થાનિક વનવિભાગ માટે જંગ જીત્યાનો આનંદ હતો. વન્યપ્રાણી બચાવટુકડીના સભ્યો ગર્વથી સાસણ પરત ફર્યા.



પ્રકૃતિના ખોળામાં શીખી રહેલા વિદ્યાર્થીઓ

ટ્રૅકર્સ માટે કોઈ નક્કી કરેલી નોકરીનો સમય નથી હોતો. માત્ર એક સંદેશો અને તેઓ ગમે ત્યાં હોય, કે તેવા અગત્યના પ્રસંગમાં હોય, કોઈના લગ્ન કે મરણના પ્રસંગમાં હોય, અથવા ગમે તેવા વ્યસ્ત હોય તોપણ તેઓ તરત જ હાજર થઈ જાય છે. તેઓ વન્યપ્રાણીની રક્ષા કાજે પોતાના જીવનની અગત્યની ક્ષણોને માણવાનું પણ એક તરફ રાખી દે છે. જંગલમાં કામ કરતા

આવા લોકો પાસે આવી માહિતીઓનો વણથંભ્યો પ્રવાહ હંમેશાં વહેતો રહે છે.

પ્રાણીઓ વગરનું મનુષ્ય જીવન! ધારો કે પૃથ્વી પરથી બધા જનાવરો વિલુપ્ત થઈ જાય તો માણસ એકલો પડવાથી મૃત્યુ પામી જશે. જાનવરો સાથે જે થશે તે માણસો સાથે થશે. સમગ્ર જીવસૃષ્ટિ એકબીજા સાથે જોડાયેલી છે. આ એક કુદરતી ચક્ર છે. આપણે મનુષ્યો જ દુનિયાના બુદ્ધિશાળી પ્રાણીઓ છીએ.

એક ફૉરેસ્ટર અને ટ્રૅકર જંગલમાં વન્યપ્રાણીઓનું અવલોકન કરી રહ્યા હતા. ૨૦ મિનિટ પછી તેઓ નિર્ધારિત જગ્યાએ પહોંચ્યા, જ્યાં તેમણે છેલ્લે સાવજો જોયા હતા. ઘણી વખત એવું પણ બને છે કે સાવજનો એક સમૂહ એક જ સ્થળે એક-બે દિવસ માટે રહે અને થોડા સમય પછી રાત્રે તે જગ્યાએથી ચાલ્યો પણ જાય. આ ફૉરેસ્ટર અને ટ્રૅકર બંને જણા ત્યાં સિંહના સગડ અને બીજાં ચિહ્નો તપાસી રહ્યાં હતાં. અનુભવના આધારે તેમને લાગ્યું કે આસપાસમાં જ ક્યાંક નાનકડું જૂથ છે. ઝાડીઓમાં અંદર જવાના બદલે તેમણે ત્યાં ઊભા રહીને જ રાહ જોવાનું નક્કી કર્યું. થોડી ક્ષણો બાદ એક ટ્રૅકરે માલધારી પોતાના ધણને આગળ હાંકવા જેવો અવાજ કરે તેવો અવાજ કર્યો. એશિયાઈ સિંહ આવા અવાજથી સારી રીતે પરિચિત છે. તેઓ આવા અવાજથી તરત સમજી જાય છે કે, માલઢોર આટલામાં જ છે. ટ્રૅકર્સ માલધારીનો અવાજ, ભેંસના અવાજની નકલ ખૂબ કુશળતાપૂર્વક કરે છે. તેમણે ફરી અવાજ કર્યો. પણ કશું થયું નહીં. થોડા સમય બાદ ફૉરેસ્ટરે પણ આ અવાજનું પુનરાવર્તન કર્યું. આ સમયે પાછળના ઢોળાવ તરફથી સૂકાં પાંદડાં કચડાવાનો અવાજ સંભળાયો પણ કોઈ જનાવર બહાર આવ્યું નહીં. સવારના સમયે સિંહ સૌથી વધુ સક્રિય હોય છે. તે ક્યાંક ને ક્યાંક બેસી જાય છે. અથવા ક્યાંક છાંયડો શોધી આખો દિવસ ત્યાં આરામ કરે છે. `જનાવર છે પણ બહાર નથી આવતું.' ટ્રૅકરે કહ્યું. ફરી પાછા તેઓ સિંહ ક્યાં ગયા હશે તે વિચારવામાં અને ચર્ચા કરવામાં વ્યસ્ત થઈ ગયા. ફરી વખત સૂકાં પાંદડાં કચડાવાનો અવાજ આવ્યો. આ વખતે બે નાનકડાં સિંહબાળ પચાસ ફૂટ દૂર દેખાયાં, "અરે, બચ્ચાં તો આ રહ્યાં." ફૉરેસ્ટરે હસીને કહ્યું, "તમારી માને ક્યાં મૂકી આવ્યાં?" સિંહબાળ થોડી વખત ફૉરેસ્ટરને જોઈ રહ્યાં અને પછી થોડા વધુ નજીક આવ્યાં. વારાફરથી બંનેએ નાનકડી ગર્જના કરી, ફરી તે આગળ વધ્યા. આ એક અસામાન્ય વર્તન હતું.

માતાની ગેરહાજરીમાં સામાન્ય રીતે બચ્ચાં માનવ સંપર્કમાં આવવાનું ટાળે છે. આ લોકોએ વિચાર્યું કે તેની મા આસપાસ ક્યાંક હશે, પણ બચ્ચાંઓએ ઘુરકિયાં કરવાનું ચાલુ રાખ્યું. સિંહના વર્તનને સમજવું એ ટ્રૅકરના લોહીમાં છે. આથી બચ્ચાંઓના આ વર્તનથી બંને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. માત્ર દસ ફૂટના અંતરે સિંહબાળનું કોઈ માણસની નજીક આવી જવું, આ કંઈ સામાન્ય બાબત નથી. બચ્ચાંઓ પાછાં વળીને ચાલવા લાગ્યાં અને બેસી ગયાં. એકાદ મિનિટ પછી એક સિંહબાળ એકદમ નજીક પહોંચી ગયું. બંને સિંહબાળે આવું અસામાન્ય વર્તનનું પુનરાવર્તન કરવાનું ચાલુ રાખ્યું. ટ્રૅકરે આ દ્વિધાની ખૂટતી કડીઓ જોડવાનું શરૂ કર્યું. `મને એવું લાગે છે કે આ બચોળિયાં કાંઈક કહેવા માંગે છે.' બચ્ચાં ઊભાં થઈને પોતે જે તરફથી આવ્યાં હતાં તે દિશામાં ચાલવા લાગ્યાં. હવે ટ્રૅકર્સ અને ફૉરેસ્ટરને ખાતરી થઈ ગઈ કે બચ્ચાં ખરેખર કંઈક બતાવવા માંગે છે, તેથી તેમણે બચ્ચાં પાછળ ચાલવા માંડ્યું.

સિંહબાળો અને ટ્રૅકર્સ વચ્ચે ૨૦ ફૂટ જેટલુ અંતર હતું. થોડું ચાલ્યા બાદ એક સિંહબાળે પાછું વળીને જોયું અને પાછું ચાલવા માંડ્યું. ટ્રૅકર્સ અને ફૉરેસ્ટરને હવે કોઈ શંકા ન હતી. તેઓ તો બસ, બચ્ચાંની પાછળ ચાલ્યા જતા હતા. થોડા મીટરના અંતરે તેઓ એક નાનકડા ઢોળાવવાળી જગ્યાએ પહોંચ્યાં. બચ્ચાં અહીંથી દોડીને સપાટ મેદાનમાં પહોંચ્યાં અને ત્યાં એક વૃક્ષની નીચે જઈ ઊભાં રહ્યાં.

ટ્રૅકર્સ અને ફૉરેસ્ટર જ્યારે બચ્ચાંની નજીક પહોચ્યા ત્યારે તેમની જિજ્ઞાસા દુઃખમાં ફેરવાઈ ગઈ. પહેલી વખત એવું બન્યું કે સિંહબાળના વર્તનને સમજીને આ લોકોને આનંદ ન થયો. તેઓ બચ્ચાંનો અવાજ સમજ્યા, પણ કોના માટે? એક મૃત સિંહણ માટે? કોઈ બચ્ચાં આવી પરિસ્થિતિ જોવા નહીં માંગતાં હોય, એમ જાણે આ ટ્રૅકર અને ફૉરેસ્ટરને મૂંગી આંખે પૂછી રહ્યાં હતાં, `શું તમે અમને અહીં મારી માની આ હાલત જોવા લાવ્યાં?' બચ્ચાં તેની માને જગાડવાનો પ્રયત્ન કરી તેને ચાટતાં હતાં, તેને ધક્કા મારતાં હતાં. જાણે કહેતાં ન હોય `મા ઊઠને, અમને ભૂખ લાગી છે.' બંને બચ્ચાંને જોઈ ફૉરેસ્ટરે કરુણ અવાજે કહ્યું, “નહીં ઊઠે બેટા.” બચ્ચાંની કરુણાસભર આંખો જોઈ ટ્રૅકર્સ અને ફૉરેસ્ટરનું મન દ્રવી ઊઠ્યું. ભારે હૈયે તેઓએ પોતાની ખાતાકીય કચેરીએ આ બનાવની જાણ કરી.

ગિર એ સાવજના સંરક્ષણનું ઉત્તમ ઉદાહરણ છે. સંરક્ષણની આ મહેનતપૂર્ણ પ્રક્રિયાએ એશિયાઈ સિંહને વિલુપ્ત થતા બચાવ્યા છે. અહીં પ્રકૃતિના ઘણા રખેવાળ છે. અહીં સ્થાનિક લોકો પણ પડદા પાછળ ઘણાંબધાં રચનાત્મક કામો કરે છે. સંરક્ષણ એ અધિકારીઓ અને કર્મચારીઓના સહયોગનું અને મહેનતનું ફળ છે. પરંતુ મારા મત મુજબ ગિરના ખરા રખેવાળ તો આ ટ્રૅકર્સ જ છે!

=

# સિંહની જાળવણી

`શિકારીઓના એક સમૂહને એક મહિલાએ પકડ્યો', `માત્ર ૫૦ કિલો વજન ધરાવતી એક મહિલાએ ૧૫૦ કિલોના જાનવરની સારવાર કરી.' એક મહિલાની પ્રસંશનીય કામગીરીનાં કારણે ગામનું ઉશ્કેરાયેલું ટોળું શાંત થયું. `અભયારણ્યમાં જતા અસંખ્ય પ્રવાસીઓને એક મહિલા માર્ગદર્શન આપે છે.'

જ્યારે સ્ત્રીસશક્તિકરણની વાત કરીએ ત્યારે આવી સુંદર કલ્પનાઓ કરવી ગમે, પણ આ કાલ્પનિક વાતો નથી, આ વાસ્તવિકતા છે. ગિરની વાસ્તવિકતા.

અમે Cat–Women છીએ. અમે આ સાવજ-દીપડાનાં રક્ષણ કાજે છીએ. એક નાના ગામમાં ઉછરેલી, નાની વયે જેનાં લગ્ન થઈ ગયાં હોય અને જેનું જીવન ઘરની વ્યક્તિઓ અને પાલતુ પશુઓની દેખરેખમાં વ્યતીત થતું હોય, તેવી મહિલાઓને આવાં વ્યવસ્થાપનનાં કામ માટે કલ્પના કરવી પણ અઘરી છે. ભારતના ઘણા વિસ્તારોમાં આજે પણ મહિલાઓ ઘરની બહાર નીકળતાં ગભરાય છે. પણ ગિર એક એવી જગ્યા છે જ્યાં માતાપિતા પોતાના પરિવારમાં દીકરીનો જન્મ થતાં ગર્વ અનુભવે છે. ગિર એક એવું સ્થળ છે જ્યાં મહિલાઓને વિકાસ કરવાની પોતાના સ્વતંત્ર નિર્ણય લેવાની અને પોતાના સમાજમાં ખ્યાતિ મેળવવાની તક મળે છે.

અહીંયા એક ખાલી કૂવામાં દીપડો પડી ગયો છે તેવા સમાચાર નજીકના ગામમાંથી આવ્યા. રેસ્ક્યુ ટીમ ઘટના સ્થળે પહોંચી, પણ તેઓને ખબર ન હતી કે પરિસ્થિતિ આટલી ગંભીર હશે. કૂવો ખાલી હતો અને ૪૦ ફૂટ જેટલો ઊંડો હતો. આવા કોઈપણ બચાવકાર્યમાં સૌથી મોટી તકલીફ થાય છે, ઘટનાસ્થળે ભેગા થતા લોકોને નિયંત્રિત કરવાની. આવી પરિસ્થિતિમાં કોઈ અનિચ્છનીય બનાવનો ભય રહે છે. કૂવામાં દીપડો પડી જતાં સામાન્ય પદ્ધતિ મુજબ તેને બેભાન કરી, બહાર કાઢવામાં આવે છે. પરંતુ અહીં પરિસ્થિતિ ભિન્ન હતી. ૪૦ ફૂટ ઊંડા કૂવામાં દીપડાને ડાર્ટ કરીને બેભાન કરવો અઘરું હતું. બધા મૂંઝવણમાં મુકાયા. હવે શું કરવું? ત્યારે બહાદુર મહિલા ફૉરેસ્ટરે આગળ આવી કહ્યું : “હું જઈશ દીપડાને બેભાન કરવા.” બધા હાજર લોકો તેના નિર્ણયથી પ્રભાવિત થયા. તરત યોજના ઘડાઈ. આવી રીતે ખુલ્લા ઊંડા કૂવામાં તે મહિલા એક અર્ધગોળ પાંજરામાં બેસીને કૂવામાં ઊતરી. આ પાંજરું ચારેબાજુથી બંધ અને સુરક્ષિત હતું. લોકોએ દોરડાની મદદથી પાંજરું કૂવામાં ઉતાર્યું. અડધું પાંજરું કૂવામાં ઊતર્યા બાદ સલામત અંતરથી ઘેનના ઇન્જેકશન દ્વારા દીપડાને બેભાન કરવામાં આવ્યો. થોડીક ક્ષણોમાં દીપડો બેભાન થઈ ગયો. પાંજરામાં બેસી મહિલા કૂવાના તળિયે પહોંચી. પાંજરામાંથી બહાર આવી તેણે દીપડાને તપાસ્યો અને પછી દીપડાના શરીરને દોરડા સાથે બાંધી, ગર્વથી પાછી કૂવાની બહાર આવી. હાજર સૌ કોઈ ખૂબ આનંદિત થઈ ગયા. આ એ જ મહિલા છે જેના હાથમાં દીપડાએ ઈજા પહોંચાડી હતી. તેની માતાને તેના હાથમાં આવેલા ૧૫ ટાંકાથી દુઃખ નથી, તેને તો તેની દીકરીની કામગીરી ઉપર ગર્વ છે.

વનવિભાગની આવાં મહિલા કર્મચારીઓ માનવ-વન્યપ્રાણી સંઘર્ષ જેવા અત્યારના સળગતા પ્રશ્ન ઉકેલવામાં મદદરૂપ થશે. જંગલમાં વન્યપ્રાણીનો બચાવ કરવો અલગ બાબત છે અને ગ્રામ્ય વિસ્તારમાંથી વન્યપ્રાણીનો બચાવ કરવો એ અલગ બાબત છે. તમે ક્યારેય લોકોનાં વર્તનો સમજી નથી શકતા. ઘણી વખત આવી પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં પુરુષોનું વર્તન મદદરૂપ નથી થઈ શકતું, ત્યારે મહિલાઓની મૃદુભાષા વધુ અસરકારક બને છે. પહેલાંના સમયમાં નોકરી કરતી કન્યા લગ્ન માટે યોગ્ય નહોતી ગણાતી, પણ હવે સમય

બદલાયો છે. હવે આવી ખાખીધારી કન્યાઓને પુત્રવધૂ બનાવવા ઘણા બધા ઉત્સુક છે. વનવિભાગની આવી નીડર કન્યાઓમાંથી પ્રેરણા લઈને આજે સેંકડો મહિલાઓ આ નારી સેનાનો ભાગ બનવા ઉત્સાહી છે.

આ મહિલાઓને કોઈ પરિસ્થિતિ અટકાવી શકે તેમ નથી. તેઓ ન તો સાવજથી ડરે છે, ન તો દીપડાથી, ન તો સાપથી ડરે છે કે ન તો ખરાબ હવામાનથી. તેઓનું માત્ર એક જ લક્ષ્ય છે – ગિરના વન્યજીવનની રક્ષા કરવી. આ માટે તેઓ ગમે તેટલું જોખમ ખેડવા તૈયાર છે! વન્યજીવનને લગતી નાનામાં નાની બાબતનું પણ ધ્યાન રાખે છે. ત્રણ વર્ષ પહેલાં એક પચ્ચીસ વર્ષીય મહિલાએ ચીતલનો શિકાર કરવા આવેલ એક શિકારી ટુકડીના સભ્યોને શોધ્યા, પકડ્યા અને પછી તેમને જેલભેગા કર્યા. તેણે જ્યારે આ ગુનેગારોને પોતાની સ્ત્રીશક્તિનો અનુભવ કરાવ્યો, ત્યારે તે એકલી હતી. ભારતના એક અતિશય વ્યસ્ત એવા પ્રવાસનસ્થળ હોવાના કારણે ગિર હંમેશાં પ્રવાસીઓની અવરજવરથી ભરેલું હોય છે. આટલી મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓનાં ધસારાને પહોંચી વળવું એટલું સહેલું નથી. પણ અહીં એક યુવાન માતા સાથે પ્રવાસીઓના વ્યવસ્થાપન અંગેની પોતાની ભૂમિકા સહર્ષ નિભાવે છે.

`More then the lions, visitors are amazed at the sight of these gutsy girls, who fearlessly walk amid a pride of wild lions.'

આ વાક્ય આપણા વર્તમાન વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીજીએ જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે કહ્યું હતું. તમે કોઈ ખાખી યુનિફૉર્મ પહેરેલી મહિલાના હાથમાં વૉકીટૉકી હોય એવી એક મહિલાને એવો પ્રશ્ન કરો કે તમને જંગલમાં ડર લાગે છે? તે જવાબ આપશે : `તમે મને વરુના ટોળાંમાં નાખી દો, હું ત્યાંથી એ જ ટોળાંની આગેવાની કરતી પાછી વળીશ.'

ઘણાં વર્ષો પહેલાં બ્રિટિશ શાસન સમયમાં એક સાચી અને રોમાંચક ઘટના બની હતી. એક વખત જૂનાગઢના નવાબે ભારતના વાઇસરૉયને સાસણ-ગિર ખાતે શિકાર ખેલવા આમંત્રિત કર્યા. આ એક શાહી રમત હતી. આવા ગોરા અમલદારોને ખુશ કરવા ઘણી વખત આનંદપ્રમોદ માટે તેમને નિમંત્રિત કરવામાં આવતા. શિકાર એ સન્માનની વાત હતી. જો તમે કોઈ મોટા રાની પશુનો શિકાર કરો તો તમે રાજવી ગણાઓ. વાઇસરૉય ગિર પધાર્યા અને પછી જંગલમાં ગયા. તેઓ કોઈ સિંહનો શિકાર કરે તે પહેલાં ગિરમાં સૈકાઓથી વસતા એક માલધારીએ તેમને કહ્યું, “તમે મને શા માટે મારી નાખવા માંગો છો?” વાઇસરૉયે જવાબ આપ્યો, ”હું તને નહીં, સિંહને મારીશ.' માલધારીએ જવાબ આપ્યો, “જો તમે સાવજને મારશો, તો મને મરેલો ગણી લેજો.” માલધારીનો આ જવાબ તેમને સ્પર્શી ગયો. તેઓ શિકાર ખેલ્યા વગર પાછા આવ્યા. વિભિન્ન શહેરોના સમાચારપત્રોમાં આ પ્રસંગ છપાયો, પ્રસિદ્ધ થયો. એશિયાઈ સિંહનાં સંવર્ધનમાં આ એક મહત્ત્વપૂર્ણ વળાંક હતો. માનવ અને સિંહ વચ્ચેના, માન્યામાં ન આવે તેવા વિશ્વાસપૂર્ણ સંબંધો છાપાંઓમાં દર્શાવવામાં આવ્યા હતા.

પ્રચાર-પ્રસાર માધ્યમોની મહત્તા એ કંઈ આજકાલથી નથી. સમાચારના વહન માટે વર્ષોથી આ માધ્યમો ઘણાં ઉપયોગી રહ્યાં છે. કોઈપણ પ્રકારની માહિતી અત્યારે તકલીફ વગર સરળતાથી મળી જાય છે. આથી પ્રચાર–પ્રસાર માધ્યમોને ચોથી જાગીર માનવામાં આવે છે. પ્રચાર–પ્રસાર માધ્યમ બે પ્રકારનાં છે. (૧) જેમાં વર્તમાનપત્રો, સામયિકો અને બીજા લેખિત માહિતી આપતા લેખોનો સમાવેશ થાય છે અને (૨) ઇલેક્ટ્રોનિક્સ: જે અત્યારના સમયમાં શક્તિશાળી, ઝડપી અને પ્રખ્યાત પ્રચાર–પ્રસારનું માધ્યમ છે. કોઈપણ નાનામાં નાની ઘટનાની માહિતી થોડીક ક્ષણોમાં આ યાંત્રિક માધ્યમોની મદદથી વિશ્વના કોઈપણ ખૂણે પહોંચાડી શકાય છે. એથી જ વિશ્વ અત્યારે માહિતીથી સજ્જ અને જાગૃત રહે છે.

અત્યારના સમયમાં સ્થાનિક સંરક્ષણના પ્રશ્નો માત્ર સંશોધકો અને તજજ્ઞોની મદદથી જ નથી ઉકેલી શકાતાં. આવા પડકારરૂપ મુદ્દાઓને ઉકેલવા માટે સરકારી, બિનસરકારી સંસ્થાઓ, ઉદ્યોગગૃહો અને જાગૃત નાગરિકોની સક્રિય ભાગીદારી પણ મહત્ત્વની છે. પણ આ લોકો જાગૃતિ કેવી રીતે ફેલાવી શકશે? સંરક્ષણના સંદેશા કેવી રીતે મોકલી શકશે? આવા સમયે પ્રચાર–પ્રસાર માધ્યમોની ભૂમિકા મહત્ત્વની બને છે. પર્યાવરણ સંરક્ષણ અને વ્યવસ્થાપનમાં પ્રચાર–પ્રસાર માધ્યમમાં માત્ર પર્યાવરણલક્ષી પ્રશ્નો અંગે જાગૃતિ ફેલાવવા અને પર્યાવરણ સમતુલાના પડકારો રજૂ કરવાની જ ભૂમિકા નથી ભજવતા, પરંતુ લોકોની માનસિકતા બદલવામાં, પર્યાવરણીય સ્રોતોના ઉપયોગ વિશે માન્યતા અને વર્તણૂક બદલવામાં પણ અસરકારક સાબિત થાય છે. પ્રચાર–પ્રસાર માધ્યમો પર્યાવરણ માટે યોગ્ય સમુદાયો રચવામાં અને સંરક્ષણને લગતા સ્થાનિક પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ સાબિત થાય છે. છાપાં, ટીવી અને રેડિયો એ શહેરી લોકો અને ગામલોકો સુધી પહોંચવાનું સરળ માધ્યમ છે. એક સમયે દસ ઘરમાંથી એક ઘરમાં ટેલિવિઝન જોવા મળતું. અત્યારે ટેલિવિઝન ન હોય તેવું એકાદ ઘર શોધવું મુશ્કેલ છે. સરકાર માટે અત્યારે સિંહસંવર્ધન અને તેને લગતા પ્રશ્નો એ બહુ મોટો પડકાર છે. એક સમયે ગિરના સાવજ માત્ર મર્યાદિત વિસ્તારમાં ફરતા હતા. સ્થાનિક લોકો અને વનવિભાગના અથાગ પ્રયત્નોના કારણે સિંહની સંખ્યામાં વધારો થયો છે. બે આંકડાની સંખ્યા ત્રણ આંકડે પહોંચી છે. સિંહને પોતાનું સામ્રાજ્ય સ્થાપવા ઘણા મોટા વિસ્તારની જરૂર પડે છે. ૧,૪૦૦ ચો.કિ.મી. વિસ્તારમાં ફરતા સાવજ ૨૨,૦૦૦ ચો.કિ.મી.માં ફરવા લાગ્યા છે. પ્રાણીઓને સરહદની ખબર પડતી નથી. આટલા વિશાળ વિસ્તારમાં ઘણાં બધાં ગામડાંઓ અને નગરો આવેલાં છે. આ વિસ્તારમાં સિંહ પોતાની ઇચ્છા મુજબ ફરતા હોય છે, પણ છેવટે તો પ્રાણી એ પ્રાણી છે. આથી નાના મોટા બનાવ બનવા એ એક સામાન્ય બાબત છે.

પ્રચાર–પ્રસાર માધ્યમો ઉપર બનેલ ઘટનાને શબ્દોમાં કેવી રીતે અભિવ્યક્ત કરવી તેની પણ એક જવાબદારી છે. `એક ગુસ્સે ભરાયેલી સિંહણે માણસને ઈજા પહોંચાડી' અથવા `સતામણી બાદ સિંહણે માણસને ઈજા પહોંચાડી' એક જ સરખો પ્રસંગ પણ તેને રજૂ કરવાની રીત અલગ અલગ છે. સંરક્ષણના આ આખા વિષયમાં એક સમયે પ્રચાર-પ્રસાર માધ્યમ આટલું સક્રિય ન હતું, પણ છેલ્લા એક દાયકામાં સિંહ સંરક્ષણમાં પ્રચાર-પ્રસાર માધ્યમોનું યોગદાન નકારી શકાય તેમ નથી. અત્યારે દરરોજ સવારે હજારો લોકો છાપું વાંચે છે અને તેમાં સિંહને લગતા કોઈ સમાચાર છે કે નહીં તે તપાસે છે. પ્રચાર-પ્રસાર માધ્યમોએ સમાજમાં સિંહના મહત્ત્વને છતું કર્યું છે. હાલનાં વર્ષોમાં આવાં ઉમદા કામ અને વન્યપ્રાણી અંગેની જાગૃતિ વધી છે. પ્રચાર-પ્રસાર માધ્યમો અને બિન સરકારી સંસ્થાઓની મદદથી વનવિભાગ લોકસંસ્કૃતિમાં સિંહની હકારાત્મક છાપ રજૂ કરી શક્યાં છે. અત્યારે સંરક્ષણ અંગેનાં આવાં સફળ પગલાંઓએ સિંહને પહેલાં કરતાં વધુ સુરક્ષિત બનાવ્યા છે.



'વન્યપ્રાણી મિત્ર' યોજના અંતર્ગત તાલીમ

# ઘૂસણખોરી પછીના આંચકા

જીવનમરણ એ કુદરતી પ્રક્રિયા છે અને આ પ્રક્રિયા અન્ય કોઈ પરિસ્થિતિથી અસર પામતી નથી. પ્રાણીહત્યા એ કોઈ આજકાલની પ્રવૃત્તિ નથી. આપણા વડવાઓના સમયથી મનુષ્ય જુદાજુદા પ્રાણીનો વધ કરતો આવ્યો છે. આ કૃત્ય તે ખોરાક, સ્વરક્ષણ અને આનંદપ્રમોદ માટે કરે છે. ઐતિહાસિક રીતે શિકાર નેતૃત્વ, સમૂહરચના, ભાષાના વિકાસમાં અને બીજી ઘણી બધી બાબતોમાં અગત્યની ભૂમિકા ભજવે છે. એ સમયે કદાચ ખેતીનો વિકાસ નહીં થયો હોય, તેથી મનુષ્ય માંસ ઉપર આધારિત હશે. પહેલાંનાં સમયમાં પૃથ્વી પર માનવવસ્તી ઓછી હતી અને પ્રાણીવસ્તી વધુ હતી. તેથી તંત્ર પરિસ્થિતિવશ જળવાયેલું હતું, પણ કૃષિક્રાંતિ થયા બાદ જીવન ટકાવી રાખવા માટે કરવામાં આવતા શિકારની પ્રથા વિશ્વના મોટાભાગના વિસ્તારોમાંથી વિલુપ્ત થઈ ચૂકી છે.

માનવીય વસ્તીમાં ઝડપી વધારાનાં કારણે, સમાજમાં અસમાનતા આવી છે. પહેલાનાં સમયમાં લોકો જંગલમાં રહેતા હતા. સમય જતાં ખેતીની શરૂઆતના લીધે જંગલની જમીન સપાટ મેદાનમાં પરિવર્તિત થઈ અને પછી આ સપાટ મેદાનો ખેતર બન્યાં અને નાનાં ગામડાં બન્યાં. મનુષ્યએ જ્યારે ગગનચુંબી ઇમારતોમાં અને ભૂગર્ભમાં રહેવાનું શરૂ કર્યું, ત્યારથી તેની જીવન જીવવાની, ખોરાકની અને અન્ય પદ્ધતિઓમાં પરિવર્તન આવ્યું. સામૂહિક બદલાવના ભાગરૂપ આજે આપણે મનુષ્યના જીવનમાં ઘણા ફેરફાર જોઈ શકીએ છીએ. આના કારણે આધુનિક જીવનશૈલી, સ્વચ્છ અને સ્વાસ્થ્યવર્ધક આહાર મેળવીએ છીએ. અત્યારે અસામાન્ય એવાં યાંત્રિક સાધનો આપણા હાથમાં છે. પણ દુ:ખની વાત એ છે કે, જીવન બદલાવની સાથે સાથે મનુષ્ય વધુ સ્વાર્થી બન્યો છે અને કુદરત પ્રત્યેની પોતાની જવાબદારી ભૂલ્યો છે. આપણે વિકાસને ભૂલ્યા છીએ. જે યાંત્રિક સાધનો અને આધુનિક સુખસુવિધાઓનો લાભ આપણે ઉઠાવી રહ્યા છીએ તે પણ કુદરતની દેન છે. ખરેખર, આપણી જાતને આ પ્રશ્ન પૂછવો જરૂરી છે કે આપણે કેટલા સારા છીએ? આપણે આપણા જીવનના પુસ્તકમાંથી આ લીટી તો કાઢી જ નાખી છે કે, `આપણા માટે જરૂરી કેટલું છે?'



પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રમાં શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓ.

સંતોષની માનસિકતા વિકસાવવાના બદલે આપણે એક નવો જ સામાનાર્થી `અનંત ઇચ્છાઓ' જેવો શબ્દ શોધી કાઢ્યો છે. એ સત્ય છે કે, Men are from Mars & Women are from Venus, પણ ભગવાને વળી એવું કયું પુસ્તક લખ્યું છે કે જેમાં પુરુષને આકર્ષક અને મહિલાને ક્લિઓપેટ્રા તરીકે દર્શાવ્યાં છે. સુંદરતા અને માનવતાની જરૂરિયાતના નામે


આપણે ઘણી ભૂલો કરી છે અને હવે આપણે એવા નિર્દોષ પ્રાણીઓની પાછળ પડી ગયા છીએ કે જેઓ વિલુપ્તિને આરે આવીને ઊભાં છે. દીપડાનો શિકાર શા માટે કરવામાં આવે છે? કારણ કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ આકર્ષક વસ્ત્ર પરિધાન કરવા માંગે છે. વાઘને મારવામાં આવે છે, શા માટે? કારણ કે તે વિવિધ દવાઓ બનાવવા માટે ઉપયોગી છે. હાથી અને ગેંડાને ક્રૂરતાપૂર્વક મારી નાખવામાં આવે છે, કારણ કે શ્રીમંતની પત્ની હાથીદાંતમાંથી બનાવેલાં આભૂષણો પહેરવા માંગે છે. કાચબાનો સૂપ ઘણો સ્વાદિષ્ટ હોય છે, તો એમાં વળી કઈ મોટી વાત છે. થોડા કાચબા હમણાં તમારા ટેબલ પર પીરસવામાં આવશે. `માણસ એક માંદલા જીવન તરફ જઈ રહ્યો છે, સારા જીવન તરફ નહીં.' આ વાક્ય અહીં બંધબેસતું છે. આ પ્રાણીઓને તેમની ચામડી, પીછાં, શિંગડાં, દાંત અને આંતરિક અવયવો માટે રહેંસી નાખવામાં આવે છે. એક સમયે આ પ્રાણીઓ વિપુલ પ્રમાણમાં હતાં, પણ હવે નાશપ્રાય બની ગયાં છે. પરિસ્થિતિકીય તંત્રને થઈ રહેલું નુકસાન મનુષ્યને પણ હાનિ પહોંચાડશે. છતાં હજુ આપણે જ આ પ્રાણીઓને મારી નાખીએ છીએ. જે લોકો આવી ક્રૂરતાથી પશુ હત્યા કરે છે તેમને `શિકારીઓ' કહેવામાં આવે છે. શિકારીઓ માટે શિકારનો મુખ્ય હેતુ પ્રાણીના શરીરના માત્ર એકાદ અંગને મેળવવા માટેનો હોય છે અને તે જરૂરિયાતવાળું અંગ કાઢી બાકીનું શરીર કુદરતના સફાઈ કામદારો માટે છોડી દે છે. જરાક કલ્પના કરો કે, એક વિશાળ હાથી, કે જેનું વજન ૧૦ ટન જેટલું હશે. તેને માત્ર તેના દંતુશૂળ માટે મારી નાખવામાં આવે છે!

ભારતમાં ૪૫,૦૦૦ જેટલી વનસ્પતિઓ અને પ્રાણીઓની ૮૧,૦૦૦ જેટલી પ્રજાતિઓ છે. ભારતની આ જૈવવિવિધતાના લીધે તેને દુનિયામાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત છે. ભારતમાં વિશ્વની કુલ વસ્તીના ૭૦% વાઘની વસ્તી, ૬૦% એશિયાઈ હાથીની વસ્તી અને ૮૦% એક શિંગડાવાળા ગેંડાની વસ્તી છે. એશિયાઈ સિંહ માત્ર ગુજરાતના ગિરમાં જોવા મળે છે. ગુજરાતના લોકો હજારો વર્ષોથી સિંહ સાથે સુમેળથી જીવે છે. થોડાં વર્ષો પહેલાં બનેલા એક બનાવે મને આ પ્રકરણ લખવાની ફરજ પાડી છે.

જંગલમાં બધું એકદમ સામાન્ય હતું. એક ખેડૂત સવારે પોતાના ખેતર તરફ જઈ રહ્યો હતો. માર્ચ મહિનો હતો અને તેણે વરસાદ પહેલાંની ખેતીને લગતું પોતાનું કામ પૂર્ણ કરવાનું હતું. હજી વરસાદ આવવાને બે મહિનાની વાર હતી અને ઘણો સમય બાકી હતો. ગિરની આસપાસ ઘણાં બધાં ખેતરો આવેલાં છે. સિંહ આ ખેતરોની અવારનવાર મુલાકાત લેતા હોય છે, પણ માણસો પર ક્યારેય હુમલો નથી કરતા અને ખેડૂતો પણ સિંહની હાજરીથી ટેવાઈ ગયા હોવાથી તેને બહુ ગણકારતા નથી. ખેડૂતો અને અન્ય સ્થાનિક લોકો વનવિભાગને આડકતરી રીતે મદદરૂપ થતા હોય છે. પેલા ખેડૂતે એક સિંહણનો મૃતદેહ જોયો, તરત તેણે વનકર્મીને જાણ કરી. આવી રીતે તેઓ વનવિભાગને મદદ કરે છે. ઘણી વખત ઘવાયેલ અથવા વૃદ્ધ સિંહ પોતાને જંગલની ગીચ ઝાડીઓમાં છુપાવી રાખે છે. સ્થાનિક લોકોની મદદથી આવી સારવારની જરૂરિયાતવાળાં પ્રાણીઓનાં સ્થાનની જાણ થતાં તેને વનવિભાગ તરફથી સારવાર આપવામાં આવે છે. ઘણી વખત બીજા સિંહ સાથેની લડાઈમાં અથવા વૃદ્ધાવસ્થાના કારણે શિકાર ન કરી શકવાથી પ્રાણીઓ મૃત્યુ પામતાં હોય છે. પેલા ખેડૂત તરફથી જાણ થતાં સ્થાનિક વનવિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા. સિંહણનો મૃતદેહ જોઈ વનકર્મીઓમાં ખળભળાટ મચી ગયો. સિંહણના શરીરમાંથી કેટલાંક અગત્યનાં અંગો ગાયબ હતાં. આ સમાચાર ઉપલા અધિકારીઓને જણાવ્યાની સાથે વનકર્મીઓએ આ વિસ્તારની તપાસ શરૂ કરી. નજીકમાં બીજી એક સિંહણનો મૃતદેહ પણ આવી જ હાલતમાં મળી આવ્યો. થોડાક આગળ જતાં એક પાઠડીનો મૃતદેહ પણ મળી આવ્યો. તેનાં અવયવો પણ ગાયબ હતાં. બધા ચોંકી ગયા અને પુરાવો મેળવવા માટે શોધખોળ કરી રહ્યા હતા. આ કોઈ માનવશિકારીએ

કરેલા શિકારનો બનાવ હતો તેમાં કોઈ શંકા ન હતી. ઉપલા અધિકારીઓએ આખા વિસ્તારની ઘેરાબંધી કરાવીને તપાસ શરૂ કરી. શિકાર થયેલ પ્રાણીઓનાં શબ પોસ્ટમૉર્ટમ (શબની મરણોત્તર તપાસ) માટે મોકલાયાં. વિશ્વ સમક્ષ આ બનાવનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું ન હતું. તેવામાં અન્ય બે સ્થળોએથી સિંહનાં પણ શંકાસ્પદ મૃત્યુના સમાચાર આવ્યા. વનવિભાગે આઠ સિંહનાં મૃત્યુ થયાં છે એની ખાતરી કરી લીધી. જોકે, લોકો સુધી આ સમાચાર પહોંચી ચૂક્યા હતા.

ગુજરાતના લોકો માટે આ એક હૃદયદ્રાવક ઘટના હતી. સ્થાનિક લોકો, પત્રકારજગત, સ્થાનિક સંસ્થાઓ ઉદ્યોગપતિઓ, રાજ્યકક્ષાના મંત્રીઓ, ખુદ મુખ્યમંત્રી માટે પણ આટલી મોટી સંખ્યામાં સિંહનો શિકાર એ ધરતીકંપના આંચકા સમાન બાબત હતી. વનવિભાગે આ પરિસ્થિતિને પહોંચી વળવા કમર કસી હતી. નમૂના ફોરેન્સિક લૅબમાં તપાસ માટે મોકલાયા હતા. જુદા જુદા વિસ્તારોમાં તાલીમ પામેલા કૂતરાની મદદથી સઘન તપાસ કરવામાં આવી રહી હતી.



(ગીરની પ્રકૃતિને માણતા પ્રવાસીઓ)

વનવિભાગે રાજ્ય સરકારને ગુના તપાસ શાખાની મદદ આપવા જણાવી દીધું હતું. સમગ્ર સૌરાષ્ટ્ર ચિંતામાં ગરકાવ હતું. સ્થાનિક લોકો ખૂબ ઉશ્કેરાયા હતા. સ્થાનિકો પણ પોતાની રીતે પુરાવા શોધવાનો પ્રયત્ન કરવા માંડ્યા હતા.

મુખ્ય પ્રશ્ન એ હતો કે આવું બન્યું કેવી રીતે? અહીં સ્થાનિકો, ઘણા પ્રકૃતિપ્રેમીઓ અને

વનવિભાગ પણ ઘણું સક્રિય છે,. તો આવું બન્યું કેવી રીતે? લોકો અને વનવિભાગે ક્યારેય સપનામાં પણ ગિરમાં સિંહના શિકાર વિશે વિચાર્યું ન હતું. આવું કરવાનું કોઈ વિચાર કે હિંમત જ ન કરી શકે. એક વાત ખૂબ સ્પષ્ટ હતી કે શિકારી ગુજરાતના ન હતા. કારણ કે ગુજરાતી આવું નિર્દયી કામ ક્યારેય ન કરી શકે. ફોરેન્સિક તપાસટુકડી ગિરમાં પહોંચી ચૂકી હતી. તેઓ દરેક સંદિગ્ધ પુરાવા શોધી તેને તપાસ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. વનવિભાગ, પોલીસખાતું અને ફોરેન્સિક સાયન્સ લૅબ સાથે મળીને આ કોયડો ઉકેલવા મથી રહ્યા હતા, જેથી ગુનેગાર પકડાય અને તેને આકરી શિક્ષા કરી શકાય. તેઓની સહિયારી મહેનતે પરિણામ આપ્યું. ગુજરાતમાં થયેલ વન્યપ્રાણી ગુનાને લગતી આ તપાસ સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ બની રહી. તો શું આ અંત છે વાર્તાનો? ના, જરાય નહીં. વનવિભાગ માટે આ એક શીખ હતી કે આવી પરિસ્થિતિ ગમે ત્યારે સર્જાઈ શકે છે. જે તમે ક્યારેય સપનામાં પણ ન વિચારી હોય.

ગુજરાતના મુખ્યમંત્રી તાત્કાલિક ગિર આવ્યા અને ઉચ્ચ અધિકારીઓ સાથે એક મિટિંગ કરી અને એશિયાઈ સિંહના સંવર્ધન માટે ૪૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા.

વનવિભાગે સંરક્ષણના કામને જેમ બને તેમ વધુ મહેનત કરવા કમર કસી. તેમનો પ્રાથમિક હેતુ સિંહ સંરક્ષણ છે. આટલા વિશાળ વિસ્તારનું વ્યવસ્થાપન અને સંરક્ષણ કરવા માટે વનવિભાગના નવા તાલીમ પામેલા વનકર્મીઓની ભરતી કરવી પડે. પણ અહીં માત્ર મૌખિક ઇન્ટરવ્યૂથી ભરતી કરવામાં નથી આવતી. દરેક પરીક્ષાર્થીએ શારીરિક અને અભિયોગ્યતા કસોટીમાંથી પસાર થવું પડે છે. સ્થાનિક ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવે છે. કારણ કે તેઓ આ વિસ્તારથી પરિચિત છે અને સ્થાનિક સમુદાય સાથે માનવ વન્યપ્રાણી સંઘર્ષ જેવી સ્થિતિમાં આવી પડેલા સંકટને થાળે પાડવામાં મદદરૂપ થઈ શકે.

કર્મચારીઓ સારી એવી સંખ્યામાં હોય, પણ જરૂરિયાતની સગવડો વગર આટલા વિશાળ વિસ્તારમાં વ્યવસ્થાપન અઘરું છે. સંદેશાવ્યવહારની જરૂરિયાત પ્રાથમિક હોય છે. ઘણી વખત એક સંદેશો પહોંચાડવા કર્મચારીએ પાંચથી છ કલાકનો પ્રવાસ કરવો પડતો. આ પ્રશ્નને હલ કરવા વાયરલેસ કૉમ્યુનિકેશનની સગવડ શરૂ કરવામાં આવી અને દરેક ક્ષેત્રિય કર્મચારીને વાયરલેસ સેટ આપવામાં આવ્યા.

આટલું જ માત્ર પૂરતું નહોતું, જંગલની જાળવણી માટે સઘન વિસ્તાર નિરીક્ષણ જરૂરી હતું. શું એ માત્ર પગપાળા ચાલીને? એ તો કેવી રીતે બને? આટલા વિશાળ વિસ્તારના નિરીક્ષણ માટે વાહન જરૂરી છે. કર્મચારીઓની જરૂરિયાત મુજબ તેઓને વાહનની સુવિધા આપવામાં આવી. ઝડપી સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારની મદદથી વિસ્તાર – નિરીક્ષણ સરળ અને ઓછા સમયમાં વધુ વિસ્તારમાં કરી શકાય તેવું શક્ય બન્યું.

અન્ય એક મહત્ત્વનું પગલું આંતરવિભાગીય સંકલન માટે ભરવામાં આવ્યું. વનવિભાગ અને પોલીસખાતાએ સાથે મળીને સંરક્ષણનું કામ આગળ વધાર્યું છે. વનવિભાગ અને પોલીસ ખાતાની સંયુક્ત પ્રાદેશિક મિટિંગ નિયમિત રીતે થાય છે, તેવી જ રીતે વનવિભાગ અને પોલીસખાતાના અધિકારીઓ, મહેસૂલ વિભાગના અધિકારીઓ, તાલુકાકક્ષાના અને ગ્રામ્યકક્ષાના અધિકારીઓ સાથે જિલ્લાકક્ષાની મિટિંગ કરવામાં આવે છે. આ કામગીરીમાં સ્થાનિક આગેવાનો, સ્વયંસેવી સંસ્થાઓ અને સ્વયંસેવકોને પણ સાંકળવામાં આવે છે.

વનવિભાગ એ વાત સ્પષ્ટપણે જાણે છે કે સ્થાનિક લોકોના સહકાર વગર સંરક્ષણ શક્ય નથી. સ્થાનિક સમુદાયનું યોગદાન વધારવા અને સ્થાનિક સમુદાયને જાગૃતિ આપવા આ વિભાગ વિવિધ પગલાં પણ લે છે. લોકભાગીદારી દ્વારા સંરક્ષણની અને સંવર્ધનની કામગીરીનાં ઘણાં ઉત્તમ ઉદાહરણો જોવા મળ્યાં છે. જેમકે, ઇકોક્લબ અને વન્યપ્રાણીમિત્ર. ગિરની આસપાસનાં ૩૦૦ ગામોમાં સ્થાનિક યુવાવર્ગને સંરક્ષણ અને સંવર્ધનની કામગીરીમાં જોડતી

`વન્યપ્રાણીમિત્ર'ની યોજના અમલમાં છે. ૬૦ ગામો અને ૧૪ વસાહતી ગામો (સેટલમૅન્ટ વિલેજ) જે ઇકો ડેવલપમૅન્ટ ઝોનમાં આવેલાં છે. ત્યાંની વન્યપ્રાણી રક્ષણ અને સંવર્ધનને લગતી માહિતી વન્યપ્રાણી મિત્ર દ્વારા નિયમિત રીતે આપવામાં આવે છે. વન્યપ્રાણી મિત્રનું મુખ્ય કાર્ય વન્યપ્રાણી વિશેની માહિતી આપવાનું છે. જેમકે તેમના વિસ્તારમાં થયેલાં મારણ વિશેની માહિતી આપવી. વન્યપ્રાણીને થતી ઈજા કે સારવાર અંગે જાણ કરવી અને મદદરૂપ થવું, વગેરે એમાં સામેલ છે. વન્યપ્રાણીમિત્ર એ બીજા લોકોની જેમ નથી. તેમને તાલીમ આપવામાં આવેલી છે. પ્રાણીસંરક્ષણ એ તેમના માટે સૌથી મહત્ત્વનું છે. વ્યવસ્થાપન વિષયક વ્યૂહરચના ગોઠવવી, વગેરે જેવી બાબતોમાં ગિરનો રક્ષણાત્મક અભિગમ પ્રખ્યાત છે. વિશ્વસનીય સંદેશાવ્યવહાર, વ્યૂહાત્મક રીતે સ્થપાયેલાં થાણાં, તાલીમ પામેલા સ્ટાફ દ્વારા સઘન સ્થળનિરીક્ષણના પરિણામે જંગલમાં વન્યપ્રાણીની વસ્તી વધી છે અને ઘૂસણખોરી નિયંત્રણમાં આવી છે. વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધનમાં રક્ષણાત્મક બાબતો મહત્ત્વનો ભાગ ભજવે છે.

ક્ષેત્રિય કર્મચારીઓ અને મોબાઇલ સ્ક્વૉડ યુનિટનાં સઘન જંગલ નિરીક્ષણના કારણે ગુનાહિત પ્રવૃત્તિઓ નિયંત્રણમાં છે. સ્થાનિક કર્મચારીઓને શિકારી અને વિવિધ ગુનાહિત પ્રવૃત્તિઓને લગતી વિવિધ તાલીમો આપવામાં આવે છે. વન્યપ્રાણી રક્ષણ અધિનિયમ ૧૯૭૨માં શિકારી પ્રવૃત્તિને ગુનાહિત ગણવામાં આવી છે. ગિરરક્ષિત વિસ્તારમાં રક્ષણ અને સંરક્ષણ માટે નીચે દર્શાવેલ રક્ષણાત્મક પગલાં લેવામાં આવે છે.

સંરક્ષણને ઋતુ અને હવામાન અસર કરે છે. જંગલમાં ઘણી વખત ખૂબ અઘરી પરિસ્થિતિ સર્જાઈ જાય છે. ચોમાસા દરમ્યાન વિશિષ્ટ રક્ષણ પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. વાહન દ્વારા નિરીક્ષણ વધુ સઘન બનાવવામાં આવે છે. ચોમાસા દરમ્યાન આસપાસનાં ગામોમાંથી બિનઅધિકૃત પ્રવેશ થતો હોય છે. આ પરિસ્થિતિને સંભાળવા જંગલમાં વધારાનાં કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે છે. હંગામી થાણાં પણ અદ્યતન સંદેશાવ્યવહારની સુવિધાથી સજ્જ હોય છે. વર્ષાઋતુ દરમ્યાન જો તમે વાહન દ્વારા ન જઈ શકો તો ચાલીને પણ નિરીક્ષણ કરવામાં આવે છે. રક્ષિત વિસ્તારમાં જૈવિક દબાણ વધતાં આવું પગપાળા નિરીક્ષણ કરવું આવશ્યક છે. વનવિભાગના દરેક કર્મચારી માટે અમુક નક્કી કરાયેલ કિ.મી.નું પગપાળા વનજીવન નિરીક્ષણ ફરજિયાત છે. ક્ષેત્રિય કર્મચારીઓએ એક મહિનામાં ૧૦૦ કિ.મી. જેટલું પગપાળા વિસ્તાર નિરીક્ષણ કરવું ફરજિયાત છે અને ઉચ્ચ અધિકારીઓએ ૫૦થી ૭૦ કિ.મી. પગપાળા વિસ્તાર નિરીક્ષણ કરવાનું હોય છે. અમુક કાર્યનિષ્ઠ ઉચ્ચ અધિકારીઓ દર અઠવાડિયે ૫૦ કિ.મી. જેટલું ચાલીને વિસ્તારનિરીક્ષણ કરતાં હોય છે.

સિંહના શિકારની પ્રવૃત્તિને રોકવા માટે અમુક પગલાં લેવામાં આવ્યાં છે. અહીં મોટી સંખ્યામાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને સાહસિકો હાજર છે. નાણાકિય સહાય આપનારા સ્રોત પણ ઉપલબ્ધ છે. સિંહસંરક્ષણ માટે આવી રીતે સહાય લેવાના બદલે એક સોસાયટીની સ્થાપના કરવાની જરૂર હતી. આ સંસ્થાની મદદથી વિવિધ સાહસિકો એશિયાઇ સિંહ માટે નોંધપાત્ર યોગદાન આપી શકે તેમ છે.

આ વિચારને ધ્યાનમાં રાખીને `ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી' અંગેની દરખાસ્ત સરકારને સુપ્રત કરવામાં આવી. આ દરખાસ્તનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યા બાદ ગુજરાત સરકારે તેને મંજૂરી આપી. `ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી'નો મુખ્ય હેતુ એશિયાઇ સિંહના સંરક્ષણનો પ્રચાર, સહાય, મદદ અને સ્રોતની ઉપલબ્ધતા વધારવાનો છે. સંરક્ષણના ક્ષેત્રમાં આટલી મોટી છલાંગ મારવાની સાથે સાથે સરકારે અન્ય જાગૃતિવિષયક કાર્યો પણ કર્યાં છે. `વન્યપ્રાણીમિત્ર'ની ભરતી, સ્થાનિકો અને અન્ય વિભાગો સાથે સંકલન

કરી વિવિધ શિબિરો જેમકે રોગનિદાન શિબિર, પ્રકૃતિશિક્ષણ શિબિર વગેરેનું પણ વનવિભાગ દ્વારા વિનામૂલ્યે આયોજિત કરવામાં આવે છે. બાળકોને પર્યાવરણલક્ષી શિક્ષણ પણ અહીં ગમ્મત સાથે આપવામાં આવે છે. સિંહનો સામૂહિક થયેલા શિકારનો બનાવ એક રીતે તો શિક્ષણાત્મક હતો, જેણે સંરક્ષણ માટે વિવિધ નવી પ્રવૃત્તિઓની શરૂઆત કરાવડાવી. એશિયાઈ સિંહના ઇતિહાસમાં આ દુ:ખદ બનાવ હતો, પરંતુ વનવિભાગને તેના સકારાત્મક ફાયદા થયા, જેનાથી કાર્યક્ષેત્રની ખામીઓ પ્રકાશમાં આવી.

=

# પર્યાવરણલક્ષી પ્રવાસન : તક અને ફાયદા

વનવિભાગ જાગૃતિ કાર્યક્રમો અને સંરક્ષણની વિવિધ પ્રવૃતિઓ સિવાય અનેક અલભ્ય યુક્તિઓને અમલમાં મૂકે છે. આ બધામાં પર્યાવરણલક્ષી પ્રવાસન ચાવીરૂપ બાબત છે. એશિયાઈ સિંહનાં સંરક્ષણ અંગે શું સકારાત્મક પ્રચાર–પ્રસાર ન કરી શકાય? ગિરમાં દર વર્ષે લાખો પ્રવાસીઓ આવે છે. શું આપણે સ્થાનિક લોકો, વનવિભાગ અને પ્રવાસીઓના સમન્વયથી પર્યાવરણનું સંરક્ષણ ન કરી શકીએ?

જો દુનિયાને મારે બે ભાગમાં વહેંચવી હોય તો હું કહીશ કે અહીં બે પ્રકારના લોકો વસે છે. એક વર્ગ એવો છે જેમની પાસે જ્ઞાન, સત્તા, પૈસા બધું જ છે અને આની મદદથી જ જગતને તે મદદરૂપ થાય છે. બીજો વર્ગ એવો છે, જેમની પાસે ઉપર જણાવેલું બધું જ છે અને તેઓ તેમનો દુરુપયોગ કરે છે. પોતાની શક્તિના દુરુપયોગથી બીજાને ફાયદો થાય છે કે નુકસાન, તેની તેમને ચિંતા નથી. તમારી પાસે કોઈ અલભ્ય કે કિંમતી વસ્તુ હોય તો તમે શું કરશો? કાં તો તમે તેને એક અંધારા ઓરડામાં મૂકી દેશો કે જેથી કોઈ તેને જોઈ ન શકે અથવા તમે દુનિયાને તે બતાવશો, જેથી દુનિયા તેનાથી માહિતગાર થાય. સિંહ આનું ઉત્તમ ઉદાહરણ છે. સમગ્ર વિશ્વમાં સિંહની માત્ર બે જ પ્રજાતિ અસ્તિત્વમાં છે. આફ્રિકન સિંહ અને એશિયાઈ સિંહ.

અત્યારે આફ્રિકન સિંહની સંખ્યા શિકાર, વિવિધ શિકારી રમતો, ખેતીનાં દબાણ અને બીજાં કારણોસર ઘટી રહી છે. તમે વિશ્વમાં ક્યાંય પણ કોઈપણ વન્યજીવને તેની આસપાસ વસતા સ્થાનિક લોકોના સહકાર વગર બચાવી શકો નહીં. એશિયાઈ સિંહની સંખ્યા સ્થિર રીતે વધી રહી છે અને અત્યારે ખૂબ મોટા વિસ્તારમાં તેઓ ભ્રમણ કરી રહ્યા છે. પાંચ વર્ષમાં તેમણે લગભગ બમણા વિસ્તારમાં તેમનું સામ્રાજ્ય વિસ્તારી દીધું છે. જો સ્થાનિક સમુદાયોએ સિંહને માત્ર સામાન્ય પ્રાણી તરીકે ગણ્યા હોત, તો કદાચ આ પ્રભાવશાળી પ્રાણી વિલુપ્ત થઈ ગયું હોત. અત્યારે અતિ ભયજનક રીતે નાશ થવાના આરે આવીને ઊભેલા ગિરના સાવજ ફરી એકવાર વૃદ્ધિ પામી રહ્યા છે અને આ બધું શક્ય બન્યું છે. વનવિભાગના સંરક્ષણના અવિરત પ્રયત્નો, સંશોધકોના વિવિધ અભ્યાસો, સ્થાનિક સમુદાય અને પર્યાવરણપ્રેમી લોકોના સાથ-સહકારના કારણે. વળી, એ કારણે જ આ સફળ સંવર્ધન અને સંરક્ષણ થઈ શક્યું છે. દેશદુનિયાના ઘણા પ્રવાસીઓ દર વર્ષે ગિરની મુલાકાત લેતા હોય છે.

આ એક વિકાસલક્ષી તક છે અને તેનાથી એક પ્રયત્ન અમલમાં આવ્યો. એ છે : ઇકો ટૂરિઝમ `પર્યાવરણલક્ષી પ્રવાસન.' અહીં એવું વિચારવાની જરૂર નથી કે વનવિભાગને પ્રવાસનથી પુષ્કળ નાણાં મળે છે. આ આર્થિક ઉપાર્જનમાં મદદરૂપ થાય તેવું પ્રવાસન છે. પર્યાવરણલક્ષી પ્રવાસન એટલે પ્રવાસીઓ અને સ્થાનિક લોકોને લાભ થાય તેવું પ્રવાસન. ભારતનાં જૂના અભયારણ્યોમાંનું એક હોવાના કારણે ગિરનું પોતાનું આગવું મહત્ત્વ છે. ગિર એ અર્ધશુષ્ક પ્રકારનું જંગલ છે અને એશિયાઈ સિંહનું નિવાસસ્થાન છે. જૈવવિવિધતાથી ભરપૂર એવો આ પ્રદેશ ઘણાં નાશવંત પ્રાણીઓનું ઘર છે. લોકો ગિરમાં સિંહ જોવા અને અહીંની જૈવવિવિધતા નિહાળવા આવે છે, પર્યાવરણલક્ષી પ્રવાસનનું પ્રથમ પગથિયું છે, મોટી સંખ્યામાં લોકોને પર્યાવરણલક્ષી માહિતી આપવી. પર્યાવરણલક્ષી પ્રવાસન વન્યપ્રાણી અને જૈવવિવિધતાના સંરક્ષણના ક્ષેત્રમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

પર્યાવરણલક્ષી પ્રવાસન દ્વારા લોકો પર્યાવરણ અને તેનાં મહત્ત્વને સમજી શકે છે. આ એક રસપ્રદ પ્રવૃત્તિ છે, જેમાં લોકોને આનંદપ્રમોદ સાથે જ્ઞાન અને માહિતી મળે છે. સાસણ-

ગિર ખાતે લોકોને સરળતાથી ગિરવિષયક માહિતી મળી રહે તે માટે પરિચયખંડ બનાવવામાં આવ્યો છે. ગિરના જંગલની માહિતી સાહિત્યના સ્વરૂપમાં પણ ઉપલબ્ધ છે. `ગિર વેલ્ફેર ફંડ' દ્વારા આ સાહિત્ય ખૂબ ઓછી કિંમતે પ્રવાસીઓને માટે પ્રકાશિત કરવામાં આવેલું છે. સ્થાનિક લોકોની આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિઓ પણ પર્યાવરણલક્ષી પ્રવાસન સાથે જોડાયેલી છે. કોઈપણ રાષ્ટ્રીય ઉદ્યાન કે અભયારણ્ય, તેની આસપાસ રહેતા લોકો આનંદથી જીવતા હોય તો સુરક્ષિત રહી શકે છે. અહીં કહેવાનો ભાવાર્થ એ છે કે, જંગલની આસપાસ વસતા લોકોને જો આર્થિક ઉપાર્જન માટે યોગ્ય અને વિકાસશીલ પર્યાય મળે તો તેઓનો જંગલ ઉપરનો આધાર ઘટે છે. અહીં પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે.

અહીં લોકો ગાઇડ અને ડ્રાઇવર તરીકે પણ કામ કરે છે. ગાઇડને નિયમિત રીતે કૌશલ્યવર્ધક અને માહિતીપ્રદ તાલીમ આપવામાં આવે છે. જેથી તેઓ આવનાર પ્રવાસીઓને ગિર અને પર્યાવરણ વિષયક વધુ અને નવીન માહિતી આવી શકે. ગિરમાં વિદેશથી પણ પ્રવાસીઓ આવે છે. માત્ર અંગ્રેજી જાણનાર પ્રવાસીઓ માટે પણ અંગ્રેજી જાણતા ગાઇડ ભાઈઓ સેવા આપે છે અને અન્ય યુવાનો માટે અંગ્રેજી શીખવતા તાલીમવર્ગો પણ ચલાવવામાં આવે છે. અહીં આવતા પ્રવાસીઓને રહેવા અને જમવાની જરૂર પણ પડે. સ્થાનિક લોકો તંબુ લગાવીને અથવા પ્રવાસીઓને પેઈંગગેસ્ટ તરીકે રાખીને પણ આવક મેળવે છે. જૂનાગઢ એ ગિર તરફ આવવાનો માર્ગ છે. વાહન વ્યવહારની સુવિધાઓ પૂરી પાડીને પણ સ્થાનિકો ઘણી સારી આવક મેળવે છે. વનવિભાગ આ સહભાગીઓ સાથે નિયમિત રીતે ચર્ચાવિચારણા કરે છે.

પર્યાવરણ સંરક્ષણની જાગૃતિ ફેલાવવા માટે બાળકો એ નાનકડા પણ મહત્ત્વના સંદેશાવાહકો છે. જ્ઞાન સાથે વિવિધ ગમ્મત કરાવીને તેઓને પર્યાવરણલક્ષી શિક્ષણ આપવામાં આવે છે. પ્રકૃતિશિક્ષણની શરૂઆત ગિરમાંથી થઈ છે તેમ કહી શકાય. વન્યપ્રાણી સંરક્ષણ માટે લોકોને સંવેદનશીલ બનાવવા માટે પ્રકૃતિશિક્ષણની મદદથી પર્યાવરણ અને તેની ઉપયોગિતાની માહિતી આપી શકાય છે. ૧૦થી ૧૭ વર્ષનાં બાળકો અને તેમના શિક્ષકો પર્યાવરણ સંરક્ષણ જાગૃતિ માટે સારું અને અસરકારક માધ્યમ છે. શિબિરાર્થીના પ્રતિભાવો મુજબ દર વર્ષે પ્રકૃતિશિક્ષણ શિબિર કંઈક નવી રીતે આયોજિત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને ગિરના ટ્રૅકર્સ સાથે વનભ્રમણ માટે લઈ જવામાં આવે છે. જ્યાં તેમને પશુ, પક્ષીઓ અને જંગલનાં છોડ-ઝાડ વિશેની માહિતી આપવામાં આવે છે. આ સાથે નિવસનતંત્રમાં તેમની અગત્યતા પણ જણાવવામાં આવે છે. શાળાના શિક્ષકો માટે યોજાતી કાર્યશાળા અને તાલીમ કાર્યક્રમોમાં પણ પ્રાકૃતિક શિક્ષણને લગતી બાબતો આવરી લેવામાં આવે છે. હમણાંનાં વર્ષોમાં વનવિભાગ, પર્યાવરણલક્ષી પ્રવાસનને એશિયાઈ સિંહના સંવર્ધન સાથે સાંકળીને પ્રોત્સાહન આપી રહ્યું છે. વનવિભાગે અમુક મુદ્દા નક્કી કર્યા છે. જેમકે, આજીવિકાના ટકાઉ વિકલ્પો, આર્થિક વૃદ્ધિનું કેન્દ્ર, કુદરતી સંસાધનોનો યોગ્ય ઉપયોગ, લોકોને લાભદાયી થાય તેવી બાબતો વગેરે. ગિરની મુલાકાતે આવતા લોકો સોમનાથ અને દીવની પણ મુલાકાત લેવાનું ચૂકતા નથી. સોમનાથ મહાદેવ, દરિયો અને જંગલ બધું એક સાથે માણી શકાતું હોવાથી પ્રવાસીઓનું વધુ પ્રમાણ જળવાઈ રહે છે. એને માટે આ સમન્વય મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રવાસી અને સ્થાનિક લોકોના હકારાત્મક પ્રતિભાવ વનવિભાગને આગળ વધવા પ્રેરણા આપે છે.

છેવટે એ ઇચ્છિત દિવસ પણ આવ્યો, જેના માટે આપણને IUCN તરફથી સન્માનિત પણ કરવામાં આવ્યા છે. વિશ્વમાં એક સર્વસામાન્ય પ્રશ્નને માટે એક સંસ્થા ૧૯૪૮માં સ્થાપવામાં આવી. `ધ ઇન્ટરનૅશનલ યુનિયન ફોર ધ કન્ઝર્વેશન ઑફ નેચર ઍન્ડ નેચરલ

રિસોર્સ.' (IUCN) પર્યાવરણ માટે કાર્ય કરતી વિશ્વની આ સૌથી જૂની સંસ્થા છે. IUCN દ્વારા વિશ્વમાં પર્યાવરણલક્ષી સંશોધન અને સંરક્ષણના પ્રયત્નો કરવામાં આવે છે.



ગિરના જંગલનું રાત્રિદર્શન

વર્ષ ૨૦૦૦માં એશિયાઈ સિંહને નષ્ટપ્રાય થવાની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું હતું. એનો અર્થ એ કે એ થોડા સમયમાં વિલુપ્ત થઈ જઈ શકે. વૈશ્વિક સમાચારોમાં આનું વિવેચન

શરૂ થઈ ગયું હતું. આ અંગેની ચર્ચાઓ ભલે સ્વીકાર્ય ન હોય, પણ જરૂરી છે. આ જાણે શરીરમાં થતી પીડા જેવો અનુભવ કરાવે છે. આ વણજોઈતી બાબતો પ્રત્યે ધ્યાન ખેંચે છે. આવી ચર્ચાઓ કે ટીકા તમને બે જુદીજુદી દિશાઓમાં લઈ જાય છે. પહેલાં તેને હકારાત્મક રીતે વિચારો, તમારું ધ્યાન કેન્દ્રિત કરો અને પછી તે દિશામાં કાર્ય કરવાની શરૂઆત કરશો તો ટીકાટિપ્પણી તમારા માટે નક્કર પરિણામ લાવશે. બીજું, તેને નકારાત્મક રીતે જુઓ. તમે બધા પ્રકારનાં પ્રયત્નો કરવાનું અધવચ્ચે છોડી દો અને તમારું ધ્યેય ભૂલી જાઓ એવુંય બને. આ બધું તમારી ઉપર જ આધાર રાખે છે કે તમે શું કરવા માંગો છો. તમારા ધ્યેય લાંબાગાળાના પણ હોઈ શકે અને ટૂંકા ગાળાના પણ હોઈ શકે. લાંબાગાળાના ધ્યેય પ્રાપ્ત કરવામાં સમય લાગે, પરંતુ જો સાચી દિશામાં પ્રયત્ન કરવામાં આવે તો તેનાં પરિણામો ધાર્યા કરતાં પણ વધુ સારાં આવે છે.

નિરાશ થયા વગર અને સહેજ પણ આશા ગુમાવ્યા વગર સ્થાનિક સરકાર, વનવિભાગ અને સ્થાનિક સમુદાયોએ એશિયાઈ સિંહનાં સંવર્ધન માટે દરેક પ્રકારના પ્રયત્નો કર્યા અને પછી દરેક સિંહપ્રેમીઓ અને સિંહના રક્ષકો માટે એ ગૌરવપૂર્ણ ક્ષણ આવી! આજે ૧૫ વર્ષના અંતે એશિયાઈ સિંહ અતિ ભયજનક કક્ષામાંથી સામાન્ય ભયજનકના સ્તરમાં પાછા આવી ગયા છે.

IUCNના અધિકારીઓના જણાવ્યા મુજબ નામશેષ થઈ રહેલા એશિયાઈ સિંહની વસ્તી ભારતમાં માત્ર ગુજરાતમાં છે. પુખ્ત ઉંમરે પહોંચેલા સિંહની સંખ્યા વધી રહી છે અને આ બધું ગુજરાતના ગિર અને તેની આસપાસનાં વિસ્તારોમાં થઈ રહ્યું છે. હવે સિંહની વસ્તી અભયારણ્યની બહારની તરફ વધી રહી છે અને સંખ્યા પણ સ્થિર થઈ રહી છે. આ પ્રજાતિને ભયજનકમાં સ્થાન આપ્યું છે. એક વિચાર મુજબ વૈશ્વિક માપદંડ મુજબ પુખ્તસિંહની વસ્તી ૫૦%થી વધુ હોય તો બધી વસ્તીને તંદુરસ્ત ગણવી. ૨૦૧૫માં ૫૨૩ સિંહમાંથી ૩૧૦ સિંહ પુખ્ત ઉમરના હતા.

જેઓ ટીકાટિપ્પણી કરવામાં કુશળતા ધરાવે છે. તેમના માટે આપણા રાષ્ટ્રપિતાએ ઘણો સારો વિચાર આપ્યો છે. `પહેલાં એ તમને અવગણશે, પછી તે તમારી ઉપર હસશે, પછી એ તમારી સાથે લડશે અને પછી તમારો વિજય થશે.'

=

# જંગલમાં એક રાત

દિવસના સમયે સુંદર દેખાતા આ જંગલની રાતનું દૃશ્ય શું એટલું જ સુંદર હોય છે? જે વૃક્ષો, પ્રાણીઓ અને હરિયાળું ઘાસ દિવસે દેખાય છે, રાત્રે પણ એ જ હોય છે, તેમ છતાં રાતનું દૃશ્ય, દિવસના દૃશ્ય કરતાં ભિન્ન હોય છે એ અમે રાત્રિના સમયે અનુભવેલા ગિરની જૈવવિવિધતાના દૃશ્ય પરથી જાણી શક્યા.

શિયાળાની કડકડતી સાંજના લગભગ ૫-૩૦ વાગવા આવ્યા હતા. અમે જંગલમાં એક મહત્ત્વની તાલીમ માટે જઈ રહ્યા હતા. આજે અમારે કોઈ ચોક્કસ સ્થળે પહોંચવાનું ન હતું. અમારી સામે રસ્તો હતો અને અમારે તેની ઉપર ચાલ્યા જવાનું હતું. રાત્રિના અંધકારની સાથે અમારા દિવસની શરૂઆત થઈ. ઘણા બધા પ્રશ્નો સાથે ૬-૦૦ વાગે અમે ચેક પોસ્ટ આગળ પહોંચ્યા. દરવાજો ખૂલીને તાત્કાલિક પાછો બંધ થઈ ગયો. ધીમી ગતિએ અમે અમારો પ્રવાસ શરૂ કર્યો.

દિવસના સમયે ટેકરીઓ ઘણી અલગ લાગે છે, જાણે ધરતી પર રખાયેલાં ઓશીકાં ન હોય! રાત અંધારી થતી જતી હતી. જે રસ્તાઓ કલાક પહેલાં દેખાતા હતા તે રાત્રિના અંધકારમાં ખોવાઈ ગયા. ચંદ્રનો પ્રકાશ પણ મદદરૂપ થઈ શકતો ન હતો. વૃક્ષોની ડાળીઓ જાણે આકાશ તરફ સ્થિર થઈને તાકી રહી હતી. આજુબાજુ જીવન જેવો કોઈ અણસાર દેખાતો ન હતો. અંધારું ખૂબ ગાઢ થઈ રહ્યું હતું અને માંડમાંડ અમે જોઈ શકતા હતા. ઝાડીઓ ખખડવાનો અને પવન ફૂંકાવાનો અવાજ સંભળાતો હતો. અમને ખબર ન હતી કે અમને અંદર કોણ લઈ જઈ રહ્યું છે. પણ અમને એટલી ખાતરી હતી કે પ્રવાસ શાંતિમય નહીં હોય. જંતુઓનો ગણગણાટ શરૂ થઈ ગયો હતો. પવનના સૂસવાટાથી જંગલ ધીમેથી જીવંત થવા લાગ્યું હતું. તમે ગિરના જંગલની ભલે હજારો વખત મુલાકાત લીધી હોય, પરંતુ દર વખતે પ્રથમ મુલાકાત લેતા હો એવો જ આનંદ તમને થશે. દરરોજ કંઈક નવું જોવા, જાણવા અને સમજવા મળશે. તમે જ્યારે અંદર પ્રવેશો ત્યારે તમને લાગશે કે આ તો મેં જોઈ લીધું, પણ બીજી વખત તમે એ જ વસ્તુ કે પરિસ્થિતિને જોઈને કહેશો કે અરે! આવું તો મેં ક્યારેય જોયું નથી! આ જ બાબત અમે આજે અનુભવતા હતા.

ધાર્યા મુજબ જંગલમાં પ્રવેશતાં જ ઝાડ ઉપર બેઠેલાં વાંદરાંઓએ અમને આવકાર્યા. એ જ વૃક્ષ નીચે એક સાંભર ચરી રહ્યું હતું. તે નિર્ભય હતું. અમારું વાહન જોઈ રહ્યું હતું. અમે જેમ જેમ જંગલની અંદર જતા ગયા તેમ તેમ આછા પીળા રસ્તા જાણે અદૃશ્ય થવા લાગ્યા. સૂર્ય ક્ષિતિજમાં આથમી ચૂકયો હતો પણ તેના તેજના લિસોટા હજી પણ ક્યાંક દેખાતા હતા. આકાશમાંથી પરાવર્તિત થતાં કિરણોથી આકાશ આછા નારંગી રંગે શોભતું હતું. સાથેસાથે વાદળી અને લાલ રંગનું એક નયનરમ્ય દૃશ્ય રચાતું હતું.

શરૂઆતમાં ડાબી બાજુએ ખેતરની વાડ આવે છે. અને જમણી બાજુ જંગલ. ખેતરની વાડ પૂરી થતાં ગાઢ જંગલની શરૂઆત થાય છે. તમારી સામે એક દીપડો પસાર થાય એથી વધુ આનંદની ક્ષણ કઈ હોઈ શકે! અચાનક એક પુખ્ત દીપડો ઝાડીમાંથી બહાર આવ્યો અને અમારી આગળ રસ્તા ઉપર ચાલવા લાગ્યો. શું મસ્ત ચાલ હતી! આ એક પ્રભાવશાળી નર હતો. સુંદર, તંદુરસ્ત અને નિર્ભય. આ નર તેની આગવી છટાવાળી ચાલના કારણે વધુ આકર્ષક લાગતો હતો. તેના અંતઃસ્રાવ વધવાથી અજબ માદકતા અનુભવતો હોય એવું લાગતું હતું. આ નર જાણે વિચારતો હશે કે મારી સામે ગમે તે આવે, ગમે તે હોય, મને તેની ફિકર નથી. વાંદરા, જા મને તારામાં રસ નથી. પણ દીપડાને બીજા કશાકમાં રસ હતો. અચાનક તેણે ઊભા રહી

હવાને સૂંઘવાનું શરૂ કર્યું અને ફરી પાછું ચાલવા માંડ્યું. અમે આ બધું જોઈ રહ્યા હતા. તેની ચાલ બદલાઈ. અમે જોઈ રહ્યા હતા કે ચાલતાં ચાલતાં ખભા કેવી રીતે ઉછાળી શકાય! ૧૦૦ મીટર પછી તેણે લપાતાં-છુપાતાં છેતરામણી ચાલે ચાલવાનું શરૂ કર્યું. અમે વિચારતા'તા કે શું થઈ રહ્યું છે આ બધું? રાત્રિનો સમય થઈ ચૂકયો હતો. ફરી દીપડો ચાલતાં ચાલતાં અટક્યો. પછી હવામાં ગંધ લેતાં લેતાં તેણે નીચા નમીને ચાલવાનું શરૂ કર્યું. ૫૦-૬૦ મીટર આમ જ ચાલ્યે રાખ્યું. અચાનક રસ્તા પરથી તે ઊતરી, એક ખડકની પાછળ છુપાઈને બેસી ગયો. અમે દીપડાને ધ્યાનથી જોઈ રહ્યા હતા. ખડક ઉપરથી માત્ર તેની બે આંખો અંધારામાં દેખાઈ રહી હતી.

ગાડી બંધ કરી અમે આગળની પરિસ્થિતિ જોવા રોકાયા. જેમ વિચાર્યું હતું એમ સિનેમાના પડદા ઉપર જાણે ચિત્રો શરૂ થયાં! આ ફિલ્મના નાયકના આગમનનો અમને અણસાર હતો, પણ અહીં તો નાયક, નાયિકા અને ચાર બાળકલાકારોનું આગમન થયું! સિંહનો એક સમૂહ ક્યાંથી આવી ચડ્યો! બિચારો દીપડો! રાજા હોવાનું તેનું સપનું વાસ્તવિક રાજા આવી ચડતાં તૂટી ગયું. વાસ્તવનો રાજા પરિવાર રોકાયો અને કંઈક શોધી રહ્યા હોય તેમ તેઓ વર્તન કરવા લાગ્યાં. દીપડાને સિંહના આગમનની જાણ હતી અને સિંહને પણ હવામાંથી દીપડાની હાજરીની ગંધ આવી ગઈ હતી. શિકારીઓના શરીરમાંથી એક અલગ પ્રકારની ગંધ આવતી હોય છે. તેઓ અમારી અને દીપડાની તરફ આવી રહ્યાં હતાં. દીપડો જ્યાં છુપાયો હતો ત્યાં જ બધાં રોકાયાં. બંને સિંહણ અલગ અલગ વહેંચાઈને, દીપડાની બંને તરફ પહોંચી ગઈ. કેટલી ચતુર યુક્તિ છે! એક વખત સિંહને ખાતરી થઈ ગઈ કે સિંહણ વ્યવસ્થિત જગ્યા પર છે, ત્યારે આપણા દીપડાભાઈ જે ખડક પાછળ સંતાઈને બેઠા હતા ત્યાં સિંહ પહોંચ્યા. અમને થયું આજે દીપડાનું આવી બન્યું. પણ આશ્ચર્યની વાત તો એ છે કે આ બધી ગોઠવણ દરમિયાન દીપડો ત્યાંથી છટકીને ચૂપચાપ ભાગી ચૂક્યો હતો. સિંહે ખડક ઉપર છલાંગ લગાવી અને મોટી ગર્જના કરીને જાણે કહેવા માંગતો હોય, "અમે તને જોયો હતો. તું નસીબદાર છે કે આજે બચી ગયો, પણ ભવિષ્યમાં ફરી આવું નહીં બને.' સિંહસમૂહ આગળ ચાલી ગયો. અમે આ સમગ્ર પ્રકરણના મૂક સાક્ષી બની રહ્યા. આ જંગલ એ સિંહનુ ન્યાયાલય છે. અહીં દલીલબાજી કરવા કોઈ વકીલ નથી. તે માત્ર નિર્ણય સંભળાવે છે. તેના નિર્ણયને ઉથાપવાની કોઈ શક્યતા જ નથી. પાણી પીને અમે થોડા આગળ નીકળ્યા.

સંપૂર્ણ અંધકાર થઈ ચૂકયો હતો. અમારું વાહન ધીમી ગતિએ આગળ વધી રહ્યું હતું. અમે અમારાં નાનપણનાં સંભારણાં યાદ કર્યાં. અમે જ્યારે નાના હતા ત્યારે વડીલો કહેતા `જંગલમાં ભૂત હોય છે. જો રાત્રે જંગલમાં કોઈ જાય તો તે પાછું આવતું નથી.' તાપમાન ધીમી ગતિએ ઘટી રહ્યું હતું. અમે ગરમ કપડાં પહેર્યાં હતાં. બારીના કાચ બંધ હતા, છતાં તિરાડોમાંથી આવતી ઠંડી હવા અમને બહારની ઠંડકનો અહેસાસ કરાવવાનું ચૂકતી ન હતી. સાતમની રાત હતી. ચંદ્રનો આકાર ક્રિકેટના અડધા કાપેલા દડા જેવો હતો. ચંદ્રના આછા પ્રકાશમાં તારા જાણે વધુ ટમટમી રહ્યા હતા. આ અગણિત રત્નો આકાશમાં વિવિધ આકાર રચી રહ્યા હતાં. સૃષ્ટિની આ અલભ્ય સુંદરતાને માણવી, એ ઘણું રોમાંચક હતું. અને વધુ આનંદની વાત તો એ હતી કે, આપણે આટલા વિશાળ બ્રહ્માંડના નાનકડા ભાગ તો છીએ!

ડાબી બાજુ વળાંક લેતાં અમને કોઈકની આંખો ચમકતી દેખાઈ એટલે અમે ઊભા રહ્યા. એ ચીતલ હતાં. બધાં ચીતલ અમારી તરફ જોઈ રહ્યાં હતાં, પણ બે ચીતલ વિરુદ્ધ દિશામાં જોઈ રહ્યાં હતાં. અમને આશ્ચર્ય ન થયું, કારણ કે આ તેમની બચાવયુક્તિનો ભાગ હતો. અમે આગળ વધ્યા. રાતના ૧૦-૦૦ થવા આવ્યા હતા. ભૂખ પણ લાગી હતી. કંઈક ખાવા માટે ગાડી થોભાવી. અમારી સાથે અમે નાસ્તો અને પાણી તો રાખ્યું હતું, પણ વધારે આનંદ તો

ત્યારે થયો જ્યારે અમે જોયું કે ગરમ કૉફી પણ સાથે છે! આ સમયે તેની ખૂબ જરૂર હતી. જંગલના ઠંડા સૂસવાટા અમે સાંભળી રહ્યા હતા.

ચારેબાજુ તમરાં અવાજ કરતાં હતાં. તમરાં એ તીતીઘોડાની નજીકનું જંતુ છે. તે પોતાની પાંખો ઘસીને આવો કર્કશ અવાજ ઉત્પન્ન કરે છે. જો ઘરમાં આ અવાજ થાય તો ન ગમે, પણ જંગલમાં તેનો અવાજ એક સંગીતની ધૂન જેટલો આનંદ આપે છે. ઠંડી હવાનો એક સૂસવાટો આવ્યો અને ગાડીના કાચ બંધ થયા.

વળી પાછી ગાડી વાંકાચૂંકા રસ્તા ઉપર ચાલવા લાગી. "થોભો, થોભો. મેં ઝાડની ડાળી ઉપર ચમકારા મારતી બે આંખો જોઈ છે અને પક્ષીનો અવાજ પણ સાંભળ્યો છે. શું થઈ રહ્યું છે!" મારાથી આમ એકદમ હર્ષાવેગ બોલાઈ જવાયું! અમે ધીમેથી ગાડી પાછળ લીધી અને અવાજની દિશામાં ગાડીની આગળની લાઇટના પ્રકાશમાં જોવાનો પ્રયત્ન કર્યો. "અરે, આ તો ટપકાંવાળી બિલાડી છે! જો આજે આપણો દિવસ છે." બિલાડીના મોઢામાં નાનકડું પક્ષી હતું. ઘરની બિલાડી કરતાં કદમાં નાની આ બિલાડીના શરીર પર તાંબાના રંગ જેવાં ટપકાં હોય છે અને પેટનો ભાગ સફેદ હોય છે. કાન નાના અને ગોળાકાર હોય છે. બિલાડીકુળની આ સૌથી નાની બિલાડી છે. થોડીવાર માટે એ ત્યાં ઊભી રહી અને પછી વૃક્ષની ડાળીઓ પાછળ અદૃશ્ય થઈ ગઈ.

અહીં અમારે લાંબું રોકાવાની જરૂર નહીં હોવાથી અમે આગળ વધ્યા. ચકવો (યુરોપ અને એશિયામાં જોવા મળતું પક્ષી) અમારા વાહનની આગળ ઊડી રહ્યું હતું. ભારતીય સસલું પણ લાઇટના અજવાળામાં આમ તેમ દોડી રહ્યું હતું.

બીજો અડધો કલાક પસાર થયો. અમે એક જગ્યાએ રોકાયા. અહીંથી એક રસ્તો સીધો જતો હતો અને એક રસ્તો ડાબી તરફ જતો હતો. ડાબી બાજુ નક્કી કંઈક છે. અમને કેવી રીતે લાગ્યું કે ડાબી તરફ કંઈક છે? અમે ગાડીમાં બેઠા હતા. અમારી ગાડીના કાચ અડધા ખુલ્લા હતા. લાઇટ બંધ હતી. `અરે હાં ભાઈ, જા રહે હૈ ક્યું દિમાગ ખા રહી હૈ.' ( YELLOW WATTLED LAPWING ) સતત ચેતવણી આપી રહી હતી. ઘુવડ અને બીજાં આવાં પક્ષીઓ નિશાચર હોય છે. કોઈક ભય અથવા ખતરારૂપ બાબત જણાય તો સતત અવાજ કરીને સાવચેતી આપ્યા કરે છે. આ અવાજ ડાબી તરફથી આવી રહ્યો હતો, આથી અમે ડાબી બાજુ વળ્યા.

રસ્તો સરસ, સપાટ અને ચોખ્ખો હતો. એકાદ કિ.મી. બાદ તીવ્ર ઢોળાવનો રસ્તો નદી તરફ જતો હતો. ખડકાળ રસ્તા ઉપર ગાડી ચલાવવી પડે એમ હતું. અમે અંધકારમય જગ્યાએ પ્રવેશ્યા હતા. ખાડાટેકરાવાળા આ રસ્તે ચોમાસામાં પથ્થરો ધોવાઈને વધુ લિસ્સા બની ગયા હતા.

આવી જગ્યાએ કાચ ખોલીને જોવું પડે છે કે ગાડી બરાબર આગળ વધી શકે તેમ છે કે નહીં. ગાડીની લાઇટનું અજવાળું સામે ઝાડીઓમાં પડતું હતું. ગાડી જેમજેમ આગળ વધી રહી હતી તેમતેમ ઝાડીઓ પણ વધી રહી હતી. અચાનક જાંબુના ઝાડમાંથી પંખીની પાંખોના અવાજે, જાણે કોઈ અમારી ગાડી ઉપર કૂદ્યું હોય તેવો અહેસાસ કરાવ્યો. ગાડીની લાઇટના અજવાળામાં અમે માત્ર પક્ષીનો પડછાયો જોઈ શક્યા.

બનતાં સુધી એ ભૂખરું ઘુવડ હતું, અંગ્રેજીમાં તેને BROWN FISH OWL પણ કહેવાય છે, કારણ કે એ નિશાચર પક્ષી છે. તેની આંખો ઘણી તીક્ષ્ણ હોય છે. અંધારામાં પણ તે પાણીમાંથી માછલી સહેલાઈથી પકડી શકે છે. તેમની પાસે અદ્ભુત શક્તિ છે. અમે હવે અડધો રસ્તો પસાર કરી ચૂકયા હતા. નદીના પટમાં હતા અને હજી ઉપરની તરફ જવાનું બાકી હતું. પ્રાણીઓને આરામ કરવા લાયક ૧૦થી ૧૨ ફૂટની આ જગ્યામાં પાણી પણ પૂરતા પ્રમાણમાં

હતું. અત્યારે રાતનો સમય હતો. અમારામાંના એકે કહ્યું, "આપણે એક વખત અહીં ફસાઈ ગયા હતા, જો તમને યાદ હોય તો." ત્યારે બીજાએ હૈયાધારણ આપી, "વાંધો નહીં, આપણે નીકળી જઈશું." અમારી આસપાસ અનેક વૃક્ષો હતાં. જેમ કે જાંબુ, ખેર, વાંસ, આમળાં અને વડનાં બે ઝાડ. આગળ વધતાં પહેલાં અમે અમારી ટોર્ચની મદદથી નદીના પટમાં જોયું. જોકે અમારા માન્યામાં નહોતું આવતું. નદીના કિનારે દસ ફૂટ લાંબો અજગર આરામ કરી રહ્યો હતો. તેને જોતાં જણાતું હતું કે કોઈ પ્રાણી હમણાં થોડાક સમય પહેલાં જ તેનો આહાર બન્યું હશે.



અમને લાગ્યું કે આ જલદીથી જશે નહીં, પણ વાંધો નહીં. તે જમણી બાજુ છે અને અમે ડાબી બાજુ. અમે નદી પાર કરીને આગળ નીકળી ગયા. જો કોઈ ફિલ્મના દિગ્દર્શકને ભૂત વિશેની ફિલ્મ બનાવવી હોય અને એને આ જગ્યાએ લાવવામાં આવે તો આ સૌથી સારી જગ્યા છે. ત્યાં વડનું એક મોટું ઝાડ હતું. આ વૃક્ષ લગભગ ૧૦૦ વર્ષથી વધુ ઉંમરનું હતું. ઘણી

બધી વડવાઈઓ તેના ઉપર ફેલાયેલી હતી. અમુક તો એટલી લાંબી થઈ ગઈ હતી કે, તેના છેડા જમીન પર પથરાયેલા હતા. અંધારી રાતમાં આ જંગલમાં બધે ભૂત જેવું જ લાગતું. પહેલાંના વખતમાં કોઈ સંત મહાત્માએ અહીં પોતાની ધૂણી ધખાવી હશે. એક મંદિર જેવી જગ્યા હતી. પડતર પડી રહેવાના કારણે હવે અહીં પ્રાણીઓ આરામ કરતાં હતાં. અમે ટોર્ચનું અજવાળું કરીને જોયું. મંદિરમાં એક નોળિયો અમારી તરફ જોઈ રહ્યો હતો. `જા, સૂઈ જા મિત્ર.' એમ બબડીને અમે એ જ રસ્તે પાછા વળ્યા. આ વખતે અમને ખાતરી થઈ કે અમારી ગાડી ઉપરથી ઊડીને જનાર પક્ષી બ્રાઉનફિશ ઘૂવડ જ હતું. અમે પાછા નદીકિનારે પહોચ્યાં, ત્યારે અજગર તે જ જગ્યાએ આરામ કરી રહ્યો હતો. અમે ખૂબ સાવધાનીપૂર્વક ગીચ ઝાડીઓમાંથી નીકળી જંગલના રસ્તા ઉપર આવ્યા. માનવી અને પ્રાણીમાં અંતર છે. પ્રાણી જીવિત રહેવા માટે શિકાર કરે છે. તેનો જન્મ જ શિકાર બનવા અને શિકાર કરવા થયો છે. આપણે મનુષ્યોએ મરણની કે હત્યાની વ્યાખ્યાની બધી સીમાઓ વટાવી દીધી છે. ઘણી વખત આપણે કહીએ છીએ, કે તું તો જાનવર જેવો છે. હકીકત એ છે કે આપણે જાનવર જેવા નથી. આપણે તો તેમના કરતાં વધુ નિર્દય છીએ. તેમની પાસે મારણ કરવાનું કારણ છે. આપણે પહેલાં મારીએ છીએ અને પછી કારણ શોધીએ છીએ. જંગલ એ જીવનનું ગૂંચવાડાવાળું જાળું છીએ. કીડી ને દેડકાં ખાય, દેડકાં ને સાપ ખાય, સાપને નોળિયો ખાય. નોળિયાને મોટાં શિકારી પ્રાણી ખાય. અને પછી અડધો ખાધેલો નોળિયો વધે તેને પાછી કીડી ખાય.

એક આંચકા સાથે અચાનક બ્રેક વાગી. “શું થયું? દીપડો ક્યાં?” “ત્યાં બાવળના વૃક્ષ પાછળ સંતાયો છે, કદાચ શિકાર કરવા.” “પણ તેનો શિકાર ક્યાં છે?” “ભગવાન જાણે. ચાલો, આપણે થોડી રાહ જોઈએ.” અમે પરસ્પર વાતો કરવા લાગ્યા. દીપડો એક ટેકરી ઉપર બેઠો બેઠો જોઈ રહ્યો હતો. અમે ત્યાં નજીકમાં એક ખુલ્લી જગ્યાએ ગાડી ઊભી રાખી. ઘાસનો આ એક નાનકડો વિસ્તાર હતો. અમારી જમણી બાજુ બાવળનું ઝાડ જાણે ખેતરમાં ચાડિયો ઊભો રાખ્યો હોય તેમ એકલું ઊભું હતું! દીપડો જે જગ્યાએ હતો ત્યાંથી થોડાં ઝાડવાં પછી છેક ઉપરની તરફ જતો ઢોળાવ હતો.

ટેકરી ઉપર કેટલાંક ચીતલ કુણાંકુણાં ઘાસની મજા માણી રહ્યાં હતાં. લાગ જોઈને દીપડાએ નિશાન સાધ્યું. જો તો ખરા, ભાઈ એકલા નથી! બીજા પણ તેમની સાથે છે! ખરેખર ત્યાં બે દીપડા હતા. બે દીપડા એકસાથે શિકાર કરતા ભાગ્યે જ જોવા મળે છે. ચોક્કસ આ નર અને માદાની સંવનન કરતી જોડી હશે. ચાલો, આપણે બીજી ફિલ્મ જોઈએ! અમે અંધારામાં પડછાયાનાં હલનચલન જોઈ શકતા હતા. હજારો જીવજંતુઓ જાતજાતના અવાજ કરી રહ્યાં હતાં. અમે આ અવાજની મજા માણી રહ્યા હતા. તેનાથી વધારે આશ્ચર્યની વાત બીજી કઈ હોઈ શકે? ચંદ્રના આછા પ્રકાશમાં અમે પેલા પડછાયાના હલનચલનથી પરિસ્થિતિ સમજવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. ઘાસમાં થયેલા થોડા હલનચલન બાદ, બંને દીપડા છૂટા પડ્યા. અમે ગાડીમાં ધ્રૂજતા-ધ્રૂજતા આ ફિલ્મને નિહાળી રહ્યા હતા.

ચીતલનું દૃશ્ય ખૂબ સરસ હતું. ચીતલનું ટોળું ટેકરીની ટોચ ઉપર ચરી રહ્યું હતું. આકાશમાંથી આવતું અજવાળું જાણે તેમની હાજરી નોંધાવી રહ્યું હોય તેવું લાગતું હતું. આ નયનરમ્ય દૃશ્ય અમને તો જોવું ગમતું જ હતું, દીપડાઓને પણ એ દૃશ્ય મનપસંદ હોય એમ લાગતું હતું. ત્યાં અચાનક ભયસૂચક સંકેત આવ્યો. અચાનક થયેલો અવાજ અમારા માટે જાણે મોટેથી કાનમાં કોઈએ બૂમ પાડી હોય તેવો હતો. અમે અચંબામાં પડી ગયા કે આ છઠ્ઠી ઇન્દ્રિય ભગવાનની કેવી અદ્ભુત ભેટ છે! કદાચ ચીતલને શિકારીની ખબર પડી ગઈ હશે! તે દીપડો છે તેમ પણ સમજાઈ ગયું હશે. અનુભવ પરથી અમે શીખ્યા છીએ કે ચીતલ જ્યારે દીપડાને જુએ છે, ત્યારે સતત ભયસૂચક સંકેતો આપે છે. જ્યારે સિંહને જુએ છે ત્યારે અટકી

અટકીને ભયજનક સંકેતો આપે છે. હવામાં દીપડાની ગંધ આવવાથી ચીતલને ખબર પડી હશે કે માફ કરો, આજે તમારો દિવસ નથી. થોડી ક્ષણોમાં બધું ફરી શાંત થઈ જશે!

સ્તબ્ધ થઈને અમે હજી ત્યાં જ ઊભા હતા. અમે અમારો પ્રવાસ આગળ વધારીએ ત્યાં જંગલમાં ક્યાંક એક શિયાળે ખૂબ લાંબો તીણો અવાજ કરી મૂક્યો. ચાલો એ તરફ જઈએ, એમ વિચારી અમે આગળ વધ્યા. અમે કોઈ નિર્ધારિત સ્થાન તરફ નહોતા જઈ રહ્યા. અમારી કોઈ વાટ પણ નહોતું જોઈ રહ્યું. રાતનું અંધારું જેટલું ગાઢ બનતું જતું હતું તેમ તેમ આકાશમાં તારા એટલા વધુ ચમકી રહ્યા હતા. `રાત પડી ગઈ' એવું આપણે શા માટે કહીએ છીએ? જો દિવસ ઊગે તો રાત પણ ઊગવી જ જોઈએ! પણ આપણે એવું નથી કહેતા! પશ્ચિમ દિશામાં જ્યારે સૂર્ય આથમતો હોય ત્યારે રાત્રિનો ઉદય થતો જ હોય છે! આકાશમાં અંધકાર છવાઈ રહ્યો હોય છે. ક્ષિતિજમાં જાણે સૂર્ય વાદળ પાછળ છુપાઈ જતો હોય છે. અમારો આગળનો પ્રવાસ ૨૦ મિનિટ સુધી ચાલ્યો.

આ વિસ્તારમાં રાત્રે જીવનની શરૂઆત થાય છે! અહીં એવાં ઘણાં પ્રાણીઓ જોવા મળશે, જે બીજા દિવસે કદાચ જોવા ન પણ મળે. ઘણાં પ્રાણીઓ એવાં પણ હશે, કે જેઓ પહેલીવાર બીજા દિવસની સવાર જોઈ શકશે! જંગલનાં વર્ષોના અનુભવ પરથી અમે ઘણું શીખ્યા છીએ. “જો સામે શું ચાલ્યું આવે છે? અરે, આ તો ઝરખ છે!” ખરેખર મને સમજાતું ન હતું કે અમે આજે સવારે કોનું મોઢું જોયું'તું કે આજનું અમારું ભ્રમણ આટલું ઉપયોગી સાબિત થયું છે! તમે જો નિયમિત વનભ્રમણ કરતા હો તો પણ આ પ્રાણીને જોવાનું સૌભાગ્ય ભાગ્યે જ મળે છે!

ઝરખની જોવાની શક્તિ, સાંભળવાની અને સૂંઘવાની શક્તિ ગજબની હોય છે. ઝરખ આમ શાંત પ્રાણી છે. પણ ઉત્તેજીત થઈને અથવા ગભરાઈને ખૂબ મોટો અવાજ કરે છે. તેઓ જ્યારે ગભરાય છે ત્યારે તે પોતાનાં શરીર પરની રુવાંટી અને દાઢીને ફેલાવીને પોતાની જાતને મોટી દેખાડે છે. ભૂખરા બદામી રંગના આ પ્રાણીની નાનકડી કેશવાળી અને ભરાવદાર પૂંછડી ખરેખર સુંદર લાગે છે! ઝરખ અમારી ગાડીની દિશામાં જ આગળ વધી રહ્યું હતું. તેને લાગ્યું કે તેના રસ્તામાં અડચણ છે, તેથી તે રસ્તા ઉપરથી ઊતરી ઝાડીઓમાં અદૃશ્ય થઈ ગયું. અહીં ખૂબ અંધારું હતું. ચંદ્ર અને તારા પણ દેખાતા ન હતા. અહીં જાણે કોઈ ફ્રીઝ ખોલીને બંધ કરવાનું ભૂલી ગયું હોય તેવું ઠંડું વાતાવરણ લાગતું હતું. બહાર કદાચ ૮ ડિગ્રી જેટલું તાપમાન હતું અને પ્રાણીઓ અહીંથી તહીં ફરી રહ્યાં હતાં. આ કંઈ મારું કે તમારું રહેઠાણ નથી. આ આપણું રહેઠાણ છે. આહારશૃંખલામાં દરેક પ્રાણીનું ચોક્કસ સ્થાન છે. આમાંથી કોઈને બાકાત ગણવામાં આવતા નથી. દરેકને સુખદ અંત મળે તેવું જરૂરી નથી. જીવન કેવી રીતે અંત પામે છે તે મહત્ત્વનું છે. જીવન તે જીવાયેલી ક્ષણો છે. નાનીનાની વાતો બહુ જ મહત્ત્વની હોય છે. ક્યારેક નાની વસ્તુ પણ મોટી સફળતા અપાવે છે.

૨૦ મિનિટ પછી અમે ક્યાંકથી આવતો કોઈક અવાજ સાંભળ્યો. અમારી નજીક કંઈક આવી રહ્યું હતું પણ અમે તે જાણી શકતા ન હતા કે અમારી નજીક શું આવી રહ્યું છે? ફરી વખત કર્કશ અવાજ સંભળાયો. થોડી થોડી વારે અવાજ આવ્યા જ કરતો હતો. આ કોઈ કાળોતરો સાપ નહોતો, પણ એ શાહુડી હતી! અમારા માટે આ વેળાએ વધુ એક આશ્ચર્યકારક ક્ષણ હતી. એ શાહુડીની પાછળ સાત સિંહનો એક સમૂહ આવી રહ્યો હતો. આ સમૂહમાં પાઠડા અને બે સિંહણ હતી. અમે ફરી સાવધ બની ગયા. આંખમાં કોઈ ઊંઘ નહોતી. અમારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

શાહુડી લથડાતી ચાલે ચાલી રહી હતી. સિંહનું જૂથ તેના પર હુમલો કરવાનો પ્રયત્ન કરી રહ્યું હતું. જો પાછળથી કોઈ હુમલો કરતું તો શાહુડી પાછળની તરફ જતી હતી. શાહુડીએ

અચાનક પાછળની તરફ જવા માંડ્યું. એવું માનવામાં આવે છે કે, શાહુડી શિકારીના પંજા કે મોઢા પર પોતાના કાંટા ફેંકીને ભરાવે છે. અમને લાગ્યું કે આજે શાહુડીના જીવનનો અંતિમ દિવસ છે. સાતે સાત સાવજ શાહુડીને પછાડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. મોટી સિંહણને શાહુડી તરફના ભયની ખબર હતી. પણ પાઠડા જરા વધુ જિજ્ઞાસુ હતા. કાંટાનો કર્કશ અવાજ ગૂંજતો હતો. દરેક ક્ષણે અમે વિચારી રહ્યા હતા કે હવે શું થશે? તેઓ અમારી નજીક ને નજીક આવી રહ્યાં હતાં અને અમે અમારું વાહન પાછળ લઈ રહ્યા હતા. શાહુડીના શરીર ઉપર કાંટા છે અને સિંહને જો એમાંનો કોઈ એક કાંટો વાગી જાય તો ગુમાવવા જેવું બધું સિંહને હતું. શાહુડીને તો કશું જ ગુમાવવાનું નહોતું! આ રમત ૧૫થી ૨૦ મિનિટ સુધી ચાલી. પહેલાં સિંહણ સમજીને ત્યાંથી દૂર જતી રહી અને પછી થોડી વારમાં બચ્ચાં પણ નિરાશ થઈ ત્યાંથી ચાલ્યાં ગયાં. હવે શાહુડી એકલી રહી ગઈ. અમને માર્ક ટ્વેઇનનું વિધાન અહીં યાદ આવ્યું. “It is not the size of the dog in the fight. It is the size of the fight in the dog.” મતલબ કે લડાઈમાં સામેની વ્યક્તિનું કદ જોવામાં નથી આવતું, પણ એનામાં લડાઈ કરવાનું બળ કેટલું છે એ જોવાનું હોય છે!

પાંચ મિનિટમાં તો બધું શાંત થઈ ગયું. પડછાયા હવે અંધકારમાં ઓગળી રહ્યા હતા. તારા ચમકી રહ્યા હતા. ચંદ્ર જરાક વધુ પ્રકાશિત લાગી રહ્યો હતો. હવા ખૂબ ઠંડી હતી. વાદળોએ આકાશ ઘેરી લીધું હતું. સવાર થવામાં હજી થોડા કલાકોની વાર હતી. અમારી શક્તિ હવે ઓછી થઈ ગઈ હતી, પણ હજુ અમને આ દૃશ્યને માણવાની ઇચ્છા હતી. અમે જંગલની ખૂબ અંદરની તરફ હતા, તેથી અહીંથી પાછા વળી અમે અમારો રોમાંચક પ્રવાસ પૂર્ણ કરવાની શરૂઆત કરી. ઘણું જાણવાનું બાકી હતું પણ ઊંઘ આવી રહી હતી, તેથી અમે પાછા વળવાનું નક્કી કર્યું.

અમે જંગલોને ચાર તબક્કામાં માણ્યું છે. પ્રથમ જાગૃત થઈ રહેલું, બીજું, જાગી ગયેલું, ત્રીજું હલનચલન કરતું કે પરિવર્તન પામતું અને ચોથા તબક્કામાં શાંત જંગલ!

અત્યારે કોઈ પ્રાણી, પક્ષી કે નાનાં પ્રાણી જોવા મળ્યાં નહોતાં. ચીતલનાં કેટલાંક ટોળાં આરામ કરતાં દેખાઈ રહ્યાં હતાં. આ એ માહિતી છે જે અમે જોઈ અને અનુભવી છે.

અમે અનુભવેલી જંગલની દરેક ક્ષણ દ્વારા જે શીખવા મળ્યું, એ અમને ઉપયોગી સાબિત થશે. અંતમાં, અનુભવ જ કામ લાગે છે. બહાર નીકળવાના રસ્તા સુધી પહોંચતાં અમને એક કલાક જેટલો સમય લાગ્યો. ભર ઊંઘમાંથી ઊઠીને ગાર્ડે દરવાજો ખોલ્યો. `શુભ રાત્રિ' બોલવું કે `શુભ સવાર' તેની દ્વિધામાં એ હતો. અમે દરવાજામાંથી બહાર નીકળી, સવારના પહેલા પહોરની ઝાકળભીની ક્ષણોમાં ઘર તરફ ઊપડી ગયા.


=

# સિંહની અંગત ક્ષણો

જે વિકરાળ નર વધુ વજન ધરાવતો હોય તે અંદરથી પણ એટલો જ બળવાન હોય તેવું જરૂરી નથી. આ સનાતન સત્ય છે. શક્તિ અને કદ વચ્ચે કોઈ સંબંધ નથી. લોકો મોટાભાગે શક્તિને ખોટાં મૂલ્યોથી મૂલવે છે.

શક્તિ પોતાની અંદર જ રહેલી છે. તમે એક સાથે પાંચ વ્યક્તિ સાથે લડાઈ કરો એ શક્તિ નથી, પણ શારીરિક ક્ષમતા છે. પાંચ હજાર માણસની સમક્ષ તમે તમારી વાત રજૂ કરો તે તમારી અંદરની તાકાત છે. જો કદની વાત કરીએ તો શું સિંહ જ જંગલનો રાજા હોવો જોઈએ? સિંહ હાથી કરતાં કદ અને વજનમાં ૨૫ ગણો નાનો હોય છે, તો પણ તે જંગલનો રાજા છે!

આ શક્તિશાળી પ્રાણીએ પોતે રાજા હોવાનું ઘણીબધી બાબતો દ્વારા પુરવાર કર્યું છે. એ જે કહે છે તે બીજાં પ્રાણીઓ કહી શકતાં નથી. એ જે કરે છે તે બીજાં પ્રાણીઓ કરી શકતાં નથી. એ એવું પ્રાણી છે કે એના જેવું બીજું કોઈ પ્રાણી ક્યારેય બની શકશે નહીં. તે અમર્યાદિત, અનહદ, અસીમ અને અમાપ છે. સિંહ એ જીવંત દંતકથા છે. સિંહ એ અનન્ય છે. તેની આંતરિક શક્તિઓ ઘણી છે. આ અનન્ય પ્રાણી તેના સમાગમ કાળ દરમિયાન આશ્ચર્યજનક વર્તન કરે છે.




પ્રકૃતિશિક્ષણ કેન્દ્રની મુલાકાત લેતો સિંહસમૂહ

સિંહણ જ્યારે સમાગમ કરવા ઇચ્છતી હોય છે, ત્યારે સિંહને તે વિવિધ સંકેતો દ્વારા જણાવવાનો પ્રયત્ન કરે છે. સમૂહમાં રહેલા સિંહ, સિંહણની ગંધ દ્વારા પરિસ્થિતિનો તાગ મેળવી લે છે. સિંહણ સંવનન માટેના સંકેતો પોતાની પૂંછડીના આકર્ષક મરોડો દ્વારા આપે છે. સમૂહમાં જો એક જ સિંહ હોય તો સિંહ સમૂહથી અલગ થઈ કલાકો સુધી સિંહણ સાથે સમય

વિતાવે છે. સમાગમ કાળ દરમિયાન સિંહ અને સિંહણ બંને એકબીજાંને કામલોલુપ કરવા પ્રયત્ન કરે છે. સમાગમ તાત્કાલિક શરૂ થતો નથી. આ માટે કલાક અથવા એક દિવસ જેટલો સમય લે છે અને પાંચથી સાત દિવસ સુધી ચાલે છે.

સંવનન ધીમેધીમે શરૂ થાય છે. આ દરમિયાન સમાગમ ઓછામાં ઓછા ૧૫થી ૨૦ સેકન્ડ અને વધુમાં વધુ ૩૦ સેકન્ડ સુધી ચાલે છે. પહેલા દિવસે બે સમાગમ વચ્ચે એક કલાકનું અંતર હોય છે. બીજા દિવસે આ અંતર ઘટીને ૩૦ મિનિટનું થઈ જાય છે. જ્યારે તેઓ એકદમ તેમની પરાકાષ્ઠાએ હોય, ત્યારે ૫થી ૧૫ મિનિટના વિરામ બાદ સમાગમ કરે છે. ઋતુ અને હવામાન પણ તેમના સમાગમના વર્તન અને મિજાજ ઉપર અસર કરે છે. આપણે જાણીએ છીએ કે સમાગમની પ્રક્રિયાને મહત્તમ શારીરિક ઊર્જાની જરૂર પડે છે. સિંહ એ ગરમ લોહીનું પ્રાણી છે. આફ્રિકાના પિતરાઈ ભાઈઓની જેમ એશિયાઈ સિંહ કોઈ ચોક્કસ ઋતુમાં સમાગમ નથી કરતા પણ આખા વર્ષ દરમિયાન તેઓ ગમે ત્યારે સમાગમ કરે છે. ઉનાળાની ઋતુ દરમિયાન તેઓ સૂર્યોદય પહેલાં અને સૂર્યોદય થયાના બે કલાક સુધી સમાગમ કરવાનું પસંદ કરે છે. આ જ ઋતુમાં સૂર્યાસ્તથી મધ્યરાત્રિ સુધીનો સમય સમાગમ માટે યોગ્ય ગણે છે. શિયાળાની ઋતુ દરમિયાન સિંહ સવારથી બપોર સુધીના સમયમાં સમાગમ કરે છે. ઠંડી રાત્રિઓમાં તે ભાગ્યે જ સમાગમ કરવાનું પસંદ કરે છે. સમાગમનો સમય પાંચથી સાત દિવસનો હોય છે. આ સમય દરમિયાન તેઓ ભાગ્યે જ ખોરાક લે છે. તેઓ પાણી પીવાનું વધારે પસંદ કરે છે. તેઓ આરામ કરીને પોતાની શક્તિ બચાવે છે. આ માટે તેઓ શિકાર કરવાનું અને ચાલવાનું ટાળે છે.


રેલવે ટ્રેક પર સંવનન કરતું દંપતી

સિંહ અને સિંહણ ખૂબ અવાજ કરતા પ્રેમીઓ છે. તેમનાં વિચિત્ર વર્તનના ભાગરૂપે સિંહ અને સિંહણ એકબીજાંની સામે ઘુરકિયાં કરે છે અને એકબીજાંને બટકાં ભરે છે. સિંહના સંવનનમાં આક્રમકતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. સમાગમ દરમિયાન સિંહ હળવેથી સિંહણના ગળાના ભાગમાં બટકું ભરે છે. સમાગમ બાદ યુગલ એકબીજાં સાથે વિચિત્ર રીતે

વર્તે છે. સિંહણ ગર્જના સાથે પાછી વળે છે, જાણે સિંહને પંજો મારવા ઇચ્છતી હોય!

સિંહણ શા માટે સિંહ પર આક્રમક બનીને હુમલો કરે છે? જવાબ છે – સમાગમ દરમિયાન થતા ઘર્ષણના કારણે સિંહણને તકલીફ પડે છે, તેથી સિંહણ આવું વર્તન કરે છે. સિંહ અને સિંહણનું આ યુગલ જાગે છે, સૂઈ જાય છે, ફરી સમાગમ કરે છે. આ પ્રક્રિયા ચાલ્યા કરે છે. જો સિંહણ ગર્ભધારણ નથી કરી શકતી, તો બે અઠવાડિયાના અંતરાય પછી તે ફરીથી સંવનન માટે તૈયાર થઈ જાય છે. સમાગમકાળ દરમિયાન સિંહ-સિંહણ સોથી વધુ વખત સમાગમ કરે છે. અવલોકન દ્વારા જાણવામાં આવ્યું છે કે, સિંહ ચાર કલાકમાં ૫૦થી ૬૦ વખત સમાગમ કરવાની પ્રજનન ક્ષમતા ધરાવે છે.

પણ જો એક કરતાં વધુ સિંહ હોય તો શું કરવું? શું તે સિંહણ માટે થઈને એકબીજા સાથે લડાઈ કરે છે? ના, સામ્રાજ્યના ભાગીદાર એવા સિંહ સમાગમ માટે ભાગ્યે જ લડાઈ કરતા હોય છે. તેમને ખબર છે કે ભાગીદાર તરીકે બંને સમાન છે. લડાઈ તેમના સામ્રાજ્યના આધિપત્યને નુકસાનકર્તા છે. વધુ શક્તિશાળી હોય અને સિંહણ પાસે સૌ પ્રથમ પહોંચનાર સિંહ તેનો પ્રથમ સાથી હોય છે. બીજો સિંહ સ્થળ છોડી ચાલ્યો જાય છે. સમાગમ શરૂ થયાના ત્રણ દિવસ બાદ વિસ્તારનિરીક્ષણ કરી રહેલો સિંહ મોટા અવાજે ગર્જના કરે છે, જાણે સમાગમ કરી રહેલા સિંહને પોતાને પણ તક આપવાની જાણ ન કરતો હોય! જ્યારે બીજો સિંહ આવે છે, ત્યારે થાકેલો અને કંટાળેલો પહેલો સિંહ સિંહણને છોડી પોતાના વિસ્તારનિરીક્ષણ માટે ચાલ્યો જાય છે.

માણસોમાં કદી આવું વર્તન થતું નથી. એક પુરુષ અને એક સ્ત્રીના સંવનનને આપણે સામાન્ય ગણીશું. પણ એક સિંહણ બે સિંહ સાથે સમાગમ કરે તે અસામાન્ય લાગે છે. તેનાથી આશ્ચર્યજનક પરિસ્થિતિ ત્યારે બને છે, જ્યારે સમૂહમાં ત્રણ સિંહણ એક સાથે સંવનનની ઇચ્છા દર્શાવે ત્યારે શું થાય? ત્રણ સિંહણ અને બે સિંહ! કલ્પના જ મૂંઝવી નાખે તેવી છે, પણ આ વાસ્તવિકતા છે!

આવી પરિસ્થિતિમાં બંને સિંહ બબ્બે સિંહણ સાથે સમાગમ કરે છે. ત્રીજી સિંહણ સાથે બંને સિંહ વારાફરતી સમાગમ કરે છે. બે સિંહ ત્રણ સિંહણ સાથે સમાગમ કરે છે. સમાગમ પ્રક્રિયા દરમિયાન પાંચેય પ્રાણીઓ જાતીય રીતે એક સાથે સક્રિય હોય છે. સમાગમના અંતના દિવસે બધાં જુદાં પડી જાય છે અને સિંહણ પોતાના સમૂહમાં પાછી આવી જાય છે.

આશરે ૧૧૦ દિવસના ગર્ભકાળ બાદ સિંહણ ૨થી ૫ બચ્ચાંને જન્મ આપે છે. મને ખાતરી છે કે ઉપરનું વાક્ય વાંચીને તમે હિંદી ફિલ્મનો પેલો ડાયલૉગ યાદ કરવા પ્રયત્ન કરશો. જેમાં નાયક પોતાની માતાને પૂછે છે કે, `મા આજ બતા દે, મેરા બાપ કૌન હૈ?' નાયકની માતા રડવાનું શરૂ કરી દે છે. ચિંતા ન કરો, અહીં આવું કશું થવાની કોઈ જ શક્યતા નથી. જો બચ્ચું માતાને આવું પૂછીને હેરાન કરશે તો માતા તેના ચાર ઈંચ લાંબા રાક્ષસી દાંત બતાવીને બચ્ચાંને સમજાવી દેશે. બચ્ચું પણ તેના પિતા વિષયક જ્ઞાન મેળવવાનું મોકૂફ રાખશે!

આપણે ત્યાં બાળકને તેના પિતા વિશે જણાવવામાં આવે છે. હજારો લોકો વચ્ચે પણ બાળક તેના પિતાને ઓળખી જાય છે. પણ સિંહપરિવારમાં શું થતું હશે? જો એક સિંહ અને એક સિંહણ હોય તો બરાબર, પરંતુ બે સિંહ અને એક સિંહણ હોય તો બચ્ચાંના પિતા કેવી રીતે નક્કી કરવા? એક સિંહણે પોતાના સંવનન કાળ દરમિયાન બે સિંહ સાથે સમાગમ કર્યું અને ત્રણ બચ્ચાંને જન્મ આપ્યો. બચ્ચાં જ્યારે છથી આઠ અઠવાડિયાનાં થાય છે ત્યારે સિંહણ તેમને સમૂહના બીજા સભ્યો સાથે મેળાપ કરાવે છે.

બચ્ચાં સમૂહના સભ્યોને મળે છે. બે સિંહને પણ મળે છે. ત્રણ બચ્ચાંમાંથી એક બચ્ચા પ્રત્યે એક સિંહ કુમળું વર્તન કરે છે અને બીજાં બે બચ્ચાં પ્રત્યે કઠોર વર્તન કરે છે. તેવી જ રીતે

બીજો સિંહ બે બચ્ચાં પ્રત્યે પ્રેમાળ વર્તન કરે છે. એક બચ્ચા પ્રત્યે કઠોર વર્તન કરે છે! બચ્ચાં, સિંહ અને સિંહણ, પોતાના અધિકારને કેવી રીતે સમજે છે તે તો તેઓ જ જાણે! આપણે તો ફક્ત અવલોકન કરીને માત્ર કલ્પના જ કરી શકીએ. આનો સાચો જવાબ ભગવાન જ આપી શકે તેમ છે કે બચ્ચાંનો પિતા કોણ છે!

=

# જંગલના મહારાજાની સાસણ મુલાકાત

સાસણ રેલવે સ્ટેશન દુનિયાના અમુક વિશિષ્ટ રેલવે સ્ટેશનોમાંનું એક છે. આ ખૂબ મોટું નથી અને મુસાફરોની અહીં બહુ ભીડ પણ નથી હોતી. અદ્યતન સુવિધાઓ અને ટૅક્નૉલૉજી પણ અહીં નથી. આખા દિવસમાં માત્ર અમુક ટ્રેન અહીં રોકાય છે. રાત્રે અહીં ટ્રેન આવતી નથી. મોટાભાગે ગામના લોકો શહેરમાં જવા રેલવેનો ઉપયોગ કરે છે. પ્રવાસીઓ વાહન દ્વારા સાસણ આવે છે. મોટા જંક્શનની સરખામણીમાં આ રેલવે સ્ટેશન ખૂબ નાનું છે, પણ આની વિશિષ્ટતા કંઈક અલગ જ છે.



ઘવાયેલા સિંહની સારવાર કરી રહેલ વન વિભાગની વન્યપ્રાણી બચાવ ટુકડી

ડિસેમ્બર મહિનાની ઠંડી સાંજનો સમય હતો. છેલ્લી ટ્રેને સાસણને ક્યારનું `આવજો' કહી દીધું હતું. રોજિંદા મુસાફરો પોતાનું કામકાજ પૂર્ણ કરી, સાસણ પાછા આવી ગયા હતા. સ્ટેશનમાં આવવા જવા માટે એક નાનકડો દરવાજો છે. અહીં ન તો કુલી છે, ન તો પુસ્તક ભંડાર છે, ન તો લારીગલ્લા છે, જ્યાંથી તમે ચા-નાસ્તો ખરીદી શકો. તમે જો પ્લૅટફૉર્મની

મધ્યમાં ઊભા રહો તો તમને કિલોમીટર લાંબો પટ દેખાશે. પ્લૅટફૉર્મની બીજી બાજુ કશું નથી. મધ્યમવર્ગીય પરિવારના ઉપયોગમાં આવતું આ રેલવે સ્ટેશન પ્લૅટફૉર્મ પછી માત્ર બે મીટર લાંબો પટ છે અને પછી દેખાય છે વિશાળ ગિર જંગલ. આ રેલવે સ્ટેશનની ખાસિયત એ છે કે રેલવે સ્ટેશન જંગલ અને ગામની મધ્યમાં આવેલું છે. ઘણી વખત મુસાફરોને ચીતલ, નીલગાય વગેરે પ્રાણીઓ જંગલમાં હરતાફરતા દેખાય છે અને ટ્રેનને જોતાં જ એ જંગલમાં અદૃશ્ય થઈ જાય છે. રેલવે સ્ટેશન અને જંગલ વચ્ચે વાડ કરવામાં આવી છે. આ વાડ મનુષ્યો માટે છે. જોકે પ્રાણીઓને આ વાડ હંમેશાં આડખીલીરૂપ લાગે છે. એ સાંજે ટ્રેનના ગયા બાદ સ્ટેશન માસ્તર, ગાર્ડ અને ત્રણ બીજા કર્મચારીઓ આરામથી બેઠા બેઠા ચાની મજા માણી રહ્યા હતા. સ્ટેશનના નાનકડા મકાનમાં અંદરની બાજુએ સૌ બેઠા હતા. બહાર સૂર્યાસ્ત પછી રાતની શરૂઆત થઈ ગઈ હતી. ઠંડક પણ પોતાનો રંગ બતાવી રહી હતી. અચાનક એક કર્મચારીએ એક આકૃતિને જંગલ તરફથી પ્લૅટફૉર્મ પર થઈ સ્ટેશન તરફ આવતી જોઈ. તેણે બહુ ઉત્સુકતા દાખવી નહીં. કારણ કે ઘણી વખત અહીં ચીતલ, જંગલીભૂંડ, નીલગાય વગેરે આવતાં હોય છે. આ આકૃતિ કંઈક અલગ હતી.

જ્યારે તેણે નાનકડી કૅબિનમાંથી બહાર જોયું તો પાછળ બીજી ઘણી આકૃતિ આવતી દેખાઈ. પેલા ભાઈ તરત કૅબિનની અંદર પાછા આવી ગયા અને બારણું બંધ કરી દીધું. બીજી વ્યક્તિઓને કહ્યું કે બારીની બહાર જુઓ, શું છે બહાર? રેલવે માસ્તરે બૂમ પાડી. બધા બારીની બહાર જોવા લાગ્યા એક, બે, ત્રણ, ચાર, પાંચ અને છ. છ સિંહ એક સાથે! તેઓ ચર્ચા કરી રહ્યા હતા, ત્યાં તો એ બધા સિંહ પ્લૅટફૉર્મ પર આવી ગયા. રેલવે સ્ટેશન પર છ નવા મુસાફરો આવ્યા છે, જેમને મોટા દાંત અને તીક્ષ્ણ નખ વાળા પંજા છે!

સ્ટેશન માસ્તરની હિંમત નહોતી કે આ મોંઘેરા મુસાફરોને કંઈ કહી શકે કે આ સમયે કોઈ રેલગાડી નથી! રેલવે સ્ટેશન પર જાણે કે અચાનક તપાસ આવી હતી, જાણે કે ઉચ્ચ અધિકારીઓ સ્ટેશનની મુલાકાતે ન આવ્યા હોય! પણ રેલવેના સ્ટાફમાં હિંમત નથી કે તેમનું સ્વાગત કરી શકે! લગભગ વીસ મિનિટ સુધી આ મોંઘેરા મુસાફરો રેલવે પ્લૅટફૉર્મની મજા લેતા રહ્યા. આમ પણ આ જમીનના ખરા માલિક તો તેઓ જ છે ને! અહીંથી કોઈ તેમને કાઢી મૂકી શકે તેમ નથી. એક સિંહે રેલવેના પાટા ઓળંગી રહેલા વાછરડાને જોયું. તેનો શિકાર કરવામાં આવ્યો. સાંજનું વાળું લેવાની વ્યવસ્થા થઈ ગઈ. સિંહે લીધેલી રેલવે સ્ટેશનની મુલાકાત અને વાછરડાના મારણના સમાચાર ગામમાં પ્રસરી ગયા. લોકો સિંહને જોવા સ્ટેશનમાં ભેગા થવા લાગ્યા. રેલવેના કર્મચારીઓ માટે આ ટોળાંને નિયંત્રિત કરવું અઘરું હતું. તેમણે વનવિભાગને જાણ કરી અને ટીમ ઘટનાસ્થળે આવી. તેમણે જેમ તેમ ફરી ગામલોકોને ત્યાંથી ખસેડ્યા અને પ્રાણીઓને શાંતિથી પોતાના રાત્રિ ભોજનનો આનંદ માણવાની મોકળાશ કરી આપી. આવી પરિસ્થિતિમાં રેલવેના કર્મચારીઓ કશું ન કરી શકે. તેઓ તો માત્ર લાલ ઝંડી બતાવીને ફરી અહીં ન પધારતા એવું જણાવી શકે.


“ભાઈઓ બહેનો, આજે આપણો મોજમજા કરવાનો દિવસ છે! આપણે સૌએ રેલવે સ્ટેશનની મુલાકાત લીધી. મૅકડોનાલ્ડનું બીફ બર્ગર ખાધું, પણ મારે હજી રખડવું છે. હજી રાતના નવ જ વાગ્યા છે. આખી રાત બાકી છે.” એક યુવાસિંહે જાણે ઊંચા અવાજે કહ્યું : “પ્રકૃતિશિક્ષણ કેન્દ્ર કેવું રહેશે? આપણે પણ જોઈએ કે મનુષ્યલોકો અને બાળકો અહીં કેવું પ્રકૃતિશિક્ષણ લે છે? વાછરડાનું મારણ ખતમ કરી સિંહપરિવાર તો ઊપડ્યો સાસણ ગામ તરફ!

તમે જ્યારે ગામમાંથી રેલવે સ્ટેશન તરફ આવો, ત્યારે એક સિમેન્ટ રોડ ઉપર થઈને તમે રેલવે સ્ટેશન પહોંચો છો, જ્યાંથી ગામની શરૂઆત થાય છે. સ્ટેશનની બહાર નીકળતાં ઘાસનો

એક નાનકડો પટ છે. ત્યાંથી થોડા આગળ, ડાબી તરફ નાયબ વનસંરક્ષક, વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગિરનું નિવાસસ્થાન અને તેની બરાબર સામે જમણી તરફ પ્રકૃતિ-શિક્ષણ કેન્દ્ર આવેલું છે. ત્યાંથી સહેજ આગળ વળો, તો ડાબી તરફ તાલાલા તરફ જતો રસ્તો અને જમણી તરફનો નાનો રસ્તો નાયબ વનસંરક્ષક, વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગિરની કચેરી અને રેસ્ક્યુ સેન્ટર તરફ જઈ જંગલનો કિનારો પૂરો થાય છે. સાસણ ગામ રાત્રે શાંત થઈ જાય છે. અભયારણ્યના સમય સિવાય માત્ર હોટલમાં રહીને તમે આનંદપ્રમોદ કરી શકો. સ્ટેશનથી ચાલતા થયેલા સિંહપરિવારના સભ્યોએ પણ આ રસ્તો પકડ્યો.

નાયબ વનસંરક્ષકનો રસોઇયો અને વિશ્વાસપાત્ર વ્યક્તિ એવો યુનુસ તેના સાહેબના ઘરની બહાર દરવાજા પાસે બેઠો હતો. ઘરની બહાર, સમાંતર અંતરે બે લાઇટ ચાલુ હતી. ઘરનો મોટો દરવાજો ખુલ્લો હતો અને યુનુસભાઈ પોતાના મોબાઇલમાં ગેમ રમવામાં મગ્ન હતા. અચાનક તેમણે અમુક પડછાયા જોયા. યુનુસભાઈને લાગ્યું કે કૂતરાં આવી રહ્યાં છે. તે બબડ્યો. “બધાં કૂતરાં મરવાનાં થયાં છે”, તેમને ખબર છે કે ઘણી વખત દીપડા કૂતરાંનો શિકાર કરે છે. નજીક આવતા પડછાયા મોટા થવા લાગ્યા. યુનુસભાઈને હવે પોતાની ભૂલ સમજાઈ. તેમણે બૂમ પાડી, “અરે, આ કૂતરાં નથી, સાવજ છે!” હવે યુનુસભાઈ અંદર અને સિંહ બહાર! યુનુસભાઈની હાજરીની દરકાર કર્યા વગર સિંહપરિવારના સભ્યો એક પછી એક પ્રકૃતિશિક્ષણ કેન્દ્રમાં પ્રવેશ્યા.

યુનુસે તરત નાયબ વનસંરક્ષકશ્રી અને ટ્રૅકર્સને જાણ કરી. હવે બે વિકલ્પ હતા. કાં તો ટ્રૅકર્સ ત્યાં આવે અથવા સિંહ પરિવારને ત્યાં આનંદ કરવા દેવો પડે, કારણ કે તે સમયે પ્રકૃતિશિક્ષણ કેન્દ્રમાં કોઈ હાજર નહોતું. નાયબ વન સંરક્ષકશ્રીએ હુકમ કર્યો કે બધા દરવાજા ખોલી નાખો અને સિંહ પરિવારને નક્કી કરવા દો કે તેમને ક્યાં જવું છે. બનતાં સુધી રાત્રે તેઓ ચાલ્યા જશે અને એવું જ થયું. રાત્રે સિંહપરિવાર ચાલ્યો ગયો. સવારે ટ્રૅકર્સે પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રમાં તપાસ કરી તો કેન્દ્રમાંથી તેઓ ચાલ્યા ગયા હતા. સવારના નવ વાગ્યા હશે ત્યાં તો એક માણસે પ્રકૃતિશિક્ષણ કેન્દ્રમાંથી દોડતા દોડતા બહાર આવીને જણાવ્યું કે, અહીં હજી એક સિંહ છે! આશ્ચર્યજનક રીતે તે પરિવારનો એક સભ્ય પાછો આવ્યો હતો અને તેને સાંજ સુધી રસ્તો નહીં મળતાં તે ત્યાં જ રોકાઈ ગયો હતો. એક ઝાડવા નીચે સિંહ બેઠો હતો. ગામ લોકોને જ્યારે ખબર પડી કે પ્રકૃતિશિક્ષણ કેન્દ્રમાં સિંહ છે ત્યારે લોકો તેને જોવા ઉત્સુક થયા. જિજ્ઞાસાવૃત્તિ ક્યારેક માર ખવડાવે નાયબ વનસંરક્ષકશ્રીને આ સમગ્ર ઘટનાક્રમની માહિતી હતી કે પ્રકૃતિશિક્ષણ કેન્દ્રમાં સિંહ છે. તે વાતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેમણે તે વિસ્તારમાં પ્રવેશ પ્રતિબંધ કરાવી દીધો. આપણે જાણીએ છીએ કે વિશ્વમાં મૂર્ખ જિજ્ઞાસુ વ્યક્તિઓ ઢગલાબંધ છે. એશિયાઈ સિંહ માનવીય સંપર્કથી જલદી વિચલિત થતો નથી, પરંતુ ગમે તેમ તોય તે એક જંગલી પ્રાણી છે. તેનો મિજાજ ક્યારે બદલાય તે નક્કી નથી.



એક તો પહેલેથી જ પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રમાં પુરાઈ જવાના કારણે સિંહ ખૂબ વ્યાકુળ હતો. લોકોની બિનજરૂરી અવરજવર તેને વધુ ગુસ્સો અપાવી રહી હતી. ચાર-પાંચ માણસોનું એક ટોળું આ સિંહને જોઈ રહ્યું હતું. સિંહે અચાનક હુમલો કર્યો. ચારમાંથી ત્રણ મહાનુભાવો સ્થળ ઉપરથી ભાગવામાં સફળ રહ્યા, પણ એક ભાઈ ઝડપાઈ ગયા. વિચારો શું થયું હશે? આટલું

વાંચતાં જ તમે વિચારી લીધું હશે, કે સિંહે એ માણસને મારી નાખ્યો હશે. ના, સહેજ પણ નહીં.

સિંહ ક્યારેય માણસને બિનજરૂરી નુકસાન પહોંચાડતો નથી, તે માત્ર ચેતવણી આપે છે. સિંહે તે માણસને પગેથી પકડ્યો અને પોતાના તીક્ષ્ણ દાંત વડે માત્ર જખમ જ પાડ્યો હતો અને પછી તરત તેને છોડી દઈને જંગલ તરફ દોટ મૂકી. જો સિંહ તે માણસને મારવા જ ઇચ્છતો હોત તો તેને ગળાના ભાગેથી પકડ્યો હોત, પણ તેનો ઇરાદો તેવો નહોતો. તેને તો માત્ર તેનો ગુસ્સો પ્રદર્શિત કરવો હતો. ઘવાયેલા માણસે જ્યારે હૉસ્પિટલમાં આંખો ખોલી ત્યારે તેને સમજાયું કે જો તેણે પરમિટ લઈ સિંહદર્શન કર્યું હોત તો સિંહદર્શન ઘણું સસ્તામાં પત્યું હોત! હવે આ યાદગાર પ્રસંગને યાદ કરી ઈજાગ્રસ્ત વ્યક્તિ હંમેશાં કિશોરકુમારનું એક ગીત ગણગણશે : `જાતે થે જાપાન, પહોંચ ગયે ચીન!'

એક ટ્રેનના એંજિન ડ્રાઇવરને પણ સિંહનો અલગ અનુભવ થયો. સવારના સમયે ટ્રેન સાસણ રેલવે સ્ટેશન છોડી, પોતાના આગલા સ્ટેશન તરફ આગળ વધી રહી હતી. મુસાફરો રોજની મોજમસ્તી સાથે પોતાનો પ્રવાસ કરી રહ્યા હતા. સવારના સમયે કદાચ વન્યપ્રાણી જોવા મળી શકે તેવી શક્યતાઓ હતી. ડ્રાઇવરે એંજિન ચાલુ કર્યું અને ટ્રેન આગળ વધી. સહેજ આગળ વધ્યા પછી અચાનક એક જોરદાર બ્રેક વાગી. મુસાફરો આશ્ચર્ય સાથે વાતો કરવા લાગ્યા. એક મુસાફર બોલ્યો : `કદાચ કોઈકે ચેન ખેંચી હશે.' બીજાએ કહ્યું, `ના ના સિગ્નલ નહીં મળતું હોય.' પણ ખરું કારણ માત્ર ટ્રેનનો ડ્રાઇવર જ જાણતો હતો. ટ્રેનની સામે એક અડચણ હતી, જે કોઈક કારણોસર ટ્રેનનો માર્ગ રોકી રહી હતી. ડ્રાઇવરમાં હિંમત ન હતી કે તે આ અડચણને હટાવી શકે. મુસાફરો પરિસ્થિતિનો તાગ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. બહાર શું ચાલી રહ્યું છે? ડ્રાઇવર કેમ ગભરાયેલો છે? શું પાટા ઉપર બૉમ્બ છે? ડ્રાઇવરનું મન કોઈ કળી શકતું ન હતું. હા, પાટા પર બૉમ્બ હતો! જીવતો બૉમ્બ! ટ્રેનના છેડેથી ગાર્ડે ટ્રેનના ડ્રાઇવરને પૂછ્યું : "શું થયું? કેમ ટ્રેન રોકી દીધી? શું થયું?" ડ્રાઇવરે જવાબ આપ્યો : "ભાઈ, પાટા પર પ્રેમ થઈ રહ્યો છે. વાતાવરણ પ્રણયમય બની ગયું છે." ગાર્ડ ગુસ્સે થઈ ગયો. પછી ડ્રાઇવરે હસતાં હસતાં કહ્યું : "સાવજ છે પાટા ઉપર, સમાગમમાં છે." આપણે થોડીવાર રોકાવું પડશે. શક્તિશાળી સિંહે પોતાની આગવી છટાથી ટ્રેન સામે જોયું અને ફરી પાછો પોતાના સમાગમમાં મગ્ન થઈ ગયો. પ્રેમ, આદર કે પછી ડર જે હોય તે, પણ અમુક સમય સુધી ડ્રાઇવરે હોર્ન ન વગાડ્યું. સદ્ભાગ્યે આ સિંહયુગલ પાટા પરથી ઊતરી થોડુંક આગળ જતું રહ્યું. ડ્રાઇવરે ટ્રેન ફરી ચાલુ કરી અને ઊંચા સાદે કહ્યું : `મોજ કરો મારા સાવજો, મોજ કરો!"

=

# “ મારી સાથે સભ્યતાથી વર્તો”

`એ દિવસ આવશે જ્યારે મારા શરીરનું અસ્તિત્વ નહીં હોય, પરંતુ મારું જંગલ એકલું નહીં હોય. મારી ગર્જનાઓથી દિશાઓ ધ્રૂજતી નહીં હોય, પણ મારો ભય હંમેશાં રહેશે. હું ભલે જંગલમાં ક્યાંય ન દેખાઉ, પણ મારો વારસો કદી મરશે નહીં. અમે એક દંતકથા માફક જીવીએ છીએ અને મૃત્યુ પામીએ છીએ.' ક્યારેક કોઈ સાવજે આવું વિચાર્યું હશે. મનુષ્યો સિવાય સિંહના કોઈ શત્રુ નથી. જંગલમાં તેનાથી શક્તિશાળી બીજું કોઈ નથી. જો કોઈ જાનવર જાણ્યે-અજાણ્યે તેનાં બચ્ચાંને મારી નાંખે તો તરત જ તે જાનવર કાં તો ત્યાંથી ભાગી જશે અથવા જંગલના કોઈક ખૂણામાં જઈ છુપાઈ જશે. કારણ કે તેમને ખાતરી છે કે જો સાવજે પકડી લીધા, તો તેના રામ રમી જશે.

સિંહ જ નહીં, સિંહણ પણ એટલી જ શક્તિશાળી અને ખતરનાક હોય છે. એક રાણીની માફક જીવન પસાર કરે છે. જંગલના બીજાં પ્રાણીઓ જેવાં કે ઝરખ, શિયાળ વગેરે તેનાં બચ્ચાંની પાસે આવવાની હિંમત પણ નથી કરતાં. સનાતન સત્ય તો એ છે કે આજે નહીં તો કાલે, સુખશૈયા પર નિદ્રા માણનારને મૃત્યુશૈયાની પછેડી ઓઢવી જ પડે છે. સિંહના જીવનના અલગઅલગ તબક્કા હોય છે. ૧૦-૧૨ વર્ષના થયા બાદ સિંહનો સુવર્ણકાળ જાણે સમાપ્ત થઈ જાય છે અને તેઓ એકલવાયું જીવન જીવે છે. તેમની પાસે સામ્રાજ્ય મેળવવાની શક્તિ નથી હોતી. સિંહ અલગઅલગ સામ્રાજ્યની સરહદોમાં રહે છે. સિંહણ ઉંમરલાયક થવા છતાં સમૂહ છોડીને જતી નથી. તે સમૂહમાં જ રહે છે. હા, બચ્ચાંને તે જન્મ આપી શકતી નથી.

જંગલમાં બહારથી બધું દેખાય છે તેવું હોતું નથી. અંદરખાને બધાં એકબીજાંને જુએ છે. ઓળખવાનો પ્રયત્ન પણ કરે છે. વૃદ્ધ થવાના આરે આવેલા સાવજોને ઘણી તકલીફો જોવા મળે છે. એકબીજા સાથેની લડાઈ, આક્રમણો કે પછી શિકારી હુમલાના કારણે તેઓનાં શરીર પર ઉઝરડા અને ઘા પડી ગયા હોય છે. તેમના તીક્ષ્ણ દાંત ક્ષીણ થઈ જાય છે, તેમના પગ અશક્ત બનવા લાગે છે. નખને નુકસાન પહોંચતું હોય છે. આ બધી પરિસ્થિતિ બતાવે છે કે તેઓ હવે ઉંમરલાયક થઈ ગયા છે. પોતાની વૃદ્ધાવસ્થાએ પહોંચેલા સિંહ પોતાનો પરિવાર અને સમૂહને છોડી, કોઈક ઝાડીઝાંખરાંવાળી જગ્યાએ એકલવાયું જીવન જીવવાનું પસંદ કરે છે. દિવસે દિવસે તેઓ અશક્ત થતા જાય છે અને એક દિવસ મૃત્યુ પામે છે. આવા એકલવાયા સિંહના કોઈ શત્રુ નથી હોતા, પણ ક્યારેક રખડતા સિંહ અને જે તે સામ્રાજ્યનો વડો સિંહ તેની ઉપર હુમલો કરી નાખે છે. ક્યારેક આ હુમલાઓમાં આ વૃદ્ધ સિંહ મૃત્યુ પણ પામતા હોય છે. તો આવા જોખમોમાં આવ્યા કરતાં, શાંતિથી એકલવાયુ જીવન જીવવું સારું એમ સમજીને એ એકલવાયું જીવન જીવે છે. ઉંમરના કારણે સિંહને ઘણી બધી શારીરિક તકલીફો થાય છે. કૃમિ અને ન્યુમોનિયા જેવા રોગો થાય છે. ન્યુમોનિયાથી ઘણી વખત સિંહનું મૃત્યુ થાય છે. સર્પદંશ પણ ઘણી વખત સિંહનાં મૃત્યુનું કારણ બને છે. સામ્રાજ્યના ઝઘડા, હુમલા, સિંહબાળ પર હુમલો વગેરે પણ કુદરતી મૃત્યુનાં કારણો હોય છે.

સિંહના મૃત્યુને જાણવું ઘણી વખત અઘરું થઈ જાય છે. સિંહે પોતાની જાતને ક્યારેક ઝાડીઝાંખરાંમાં છુપાવી રાખી હોય. બીજું એ કે આકસ્મિક મળેલા મૃતદેહને, કાં તો જોઈને અથવા ગંધથી પણ શોધી શકાય. જંગલમાં જીવનમરણની રમત ચાલ્યા જ કરે છે. મૃતદેહની ગંધ આવે, પણ એ સિંહના જ મૃતદેહની ગંધ છે તે કહેવું મુશ્કેલ છે. આવા સંજોગોમાં તેમના નજીકના સગા મદદરૂપ થાય છે. ભેંસો જંગલનાં અમુક વિસ્તારોમાં ચરતી હોય છે અને ભેંસ આસાનીથી સિંહની ગંધ પારખતી હોય છે. ભેંસોના ધણમાં અનુભવી અને ઉમરલાયક ભેંસો

હોય છે. આવી અનુભવી ભેંસો ધણની પાછળ અથવા બાજુમાં ચાલતી હોય છે. તેમનું કામ છે આજુબાજુની ગતિવિધિ ઉપર નજર રાખવાનું. સિંહના અનુભવના કારણે આ અનુભવી વડીલોને તરત જ સિંહની હાજરીની ખબર પડી જાય છે. તે તરત જ એ તરફ પ્રતિક્રિયા આપે છે, જેથી ખાતરી કરી શકાય કે ત્યાં માંસભક્ષી પ્રાણી છે કે નહીં.

એક વખત ભેંસને ખાતરી થઈ જાય કે ત્યાં મૃત સિંહ છે તો તરત જ તે માથું હલાવી હલાવીને સાંકેતિક રીતે માલધારીને જાણ કરે છે. આવું તે ત્યાં સુધી કરે છે જ્યાં સુધી માલધારી સ્થળ પર આવીને સિંહને જોઈ ન લે. માલધારીને જો અચાનક સિંહનો મૃતદેહ મળે તો તે તરત જ વનવિભાગને જાણ કરે છે. માલધારી અને સિંહના સુંદર સંબંધોનું આ ઉત્તમ ઉદાહરણ છે. સિંહ માલધારીના પશુઓનો શિકાર કરે છે, તેમ છતાં માલધારીઓ આવી દુઃખદ પળોમાં સિંહને તરછોડતા નથી.

ગિરનો દરેક સાવજ રત્ન સમાન છે. મૃત્યુ મનુષ્યના હાથમાં નથી, પણ વનવિભાગ સિંહના રક્ષણ અને સંવર્ધન માટે સતત કાર્યરત છે. સામ્રાજ્ય માટે સિંહ વચ્ચે થતી લડાઈઓ, સિંહને થતી ઈજાનાં મુખ્ય કારણ છે. દીપડા જેવાં પ્રાણીઓનો અભ્યાસ કરતાં જણાયું છે કે ખોરાક અને સિંહણ પર આધિપત્ય મેળવવા માટે તેમનામાં લડાઈ થતી હોય છે. સિંહ સામ્રાજ્યનો ઘણો મોટો વિસ્તાર ધરાવે છે. આથી દીપડા ગ્રામ્યવિસ્તારો તરફ જતા હોઈ માનવસંઘર્ષમાં વધુ આવે છે. માલધારીઓના ઢોર ઉપર હુમલા કરે છે. માનવોને પણ ઈજા પહોંચાડે છે અને ઘણી વખત તો એ દીપડા માનવમૃત્યુનું કારણ પણ બને છે.

વર્ષોના સઘન પ્રયત્નો બાદ અત્યારે એશિયાઈ સિંહની વસ્તી વધવા પામી છે. ગુજરાતના ગિર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉધાન અને તેની આસપાસના વિસ્તારોમાં ૫૦૦થી વધુ સિંહ વસી રહ્યા છે. એક દાયકા અગાઉ સિંહ માત્ર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉધાનમાં જ જોવા મળતા, જે હવે જંગલની આસપાસ આવેલા હજારો ગામોમાં ફરી રહ્યા છે. એશિયાઈ સિંહ આફ્રિકન સિંહના પિતરાઈ માનવામાં આવે છે. બંનેમાં બહુ મોટો તફાવત નથી, પણ અગત્યનો ફરક જોવા મળે છે.

આહારશૃંખલામાં સિંહ સૌથી ઉપર છે. સિંહના સમૂહથી ૧૫ ફૂટ દૂર એક બિનહથિયારધારી વ્યક્તિને આરામથી ઊભેલો જોવો એ એક ચમત્કાર છે. આ ગિરનું ઘણું સામાન્ય દૃશ્ય છે. માણસો સાથે સુમેળભર્યું જીવન જીવવું એ સિંહના જાણે લોહીમાં જ છે. તેઓએ વનવિભાગના લોકો અને સ્થાનિક લોકો સાથે સહજવૃત્તિ કેળવી લીધી છે. તેઓ જાણે છે કે, વનવિભાગના કર્મચારીઓ, ડૉક્ટર, ટ્રૅકર્સ બધા આપણા જ છે અને તેઓ ક્યારેય હાનિ નહીં પહોંચાડે.

એક ફૉરેસ્ટર પોતાના નિયમ મુજબ જંગલમાં નિરીક્ષણ માટે નીકળ્યા. તેમણે દૂરથી એક સિંહણને જોઈ. થોડી ક્ષણો બાદ સિંહણ તેમની થોડીક નજીક આવી અને ફૉરેસ્ટરની સામે બેસી ગઈ. ફૉરેસ્ટર સિંહણને અને સિંહણ ફૉરેસ્ટરને જોતાં હતાં. આ કોઈ અસામાન્ય વર્તન નથી. આવામાં એક ટ્રૅકર આવીને ફૉરેસ્ટર સાથે વાત કરવા લાગ્યો. થોડા સમયબાદ સિંહણ વધુ થોડી નજીક આવીને પડખું ફેરવીને બેઠી. હવે ફૉરેસ્ટરને તે પોતાના પડખાનો ભાગ બતાવી રહી હતી. સિંહણે માથું ફેરવીને ડાબો પગ ઊંચો કરીને બતાવ્યો. આવું વર્તન તેણે બીજીવાર કર્યું. તેણે પોતાના પગને ચાટવા માંડ્યું. નિરીક્ષણ કરતાં, ટ્રૅકર અને ફૉરેસ્ટરને સમજાયું કે સિંહણ ઈજાગ્રસ્ત છે અને તે પોતાને થયેલી ઈજા તેમને બતાવી રહી છે. ફૉરેસ્ટરે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર વાયરલેસથી તેની કચેરીમાં જાણ કરી અને તે જ દિવસે સિંહણની સારવાર કરવામાં આવી. સિંહ શિકારી છે અને લાગ જોઈ હુમલો કરે છે. સિંહના કોઈ શત્રુ નથી હોતા. તેમ છતાં પણ ઘણા કારણોસર ઘણી વખત તેઓ ઈજાગ્રસ્ત થાય છે. બીજા સિંહ

સાથે લડાઈને લીધે તો ક્યારેક શિકાર દરમ્યાન ઈજા થાય છે. ઘણી વખત નાનકડા ઘા સિંહ માટે મોટું દુઃખ બની જાય છે. સિંહ, સિંહણ અને બચ્ચાંની સારવાર અલગ અલગ રીતે કરવામાં આવે છે. પહેલાં ઈજાની વિગત જાણવામાં આવે છે. જો બહુ ગંભીર ઈજા ન હોય તો તેમને જંગલમાં જ સારવાર આપવામાં આવે છે. પરંતુ જો ઈજા ગંભીર હોય તો તેમને હૉસ્પિટલમાં લાવીને સારવાર આપવામાં આવે છે. નામશેષ થઈ રહેલ પ્રજાતિ હોવાના કારણે દરેક સિંહની જાળવણી બહુ જ અગત્યની છે. મોટી સંખ્યામાં અધિકારીઓ રાત-દિવસ સિંહ સંવર્ધનનું કામ કરે છે. સિંહને ખબર છે કે તેમની સારવાર શક્ય છે અને ટ્રૅકર્સને અનુભવ છે કે સાવજ તેમની ઈજા બતાવશે. જંગલના વિવિધ વિસ્તારોમાં ટ્રૅકર્સ અને ફૉરેસ્ટર્સ સિંહનું અવલોકન કરતા હોય છે. ખાખી અને આછા લીલા વસ્ત્રોમાં સજ્જ થયેલા માણસો સિંહને ભારરૂપ નથી હોતા. સિંહ જૂથમાં રહે છે. સિંહણ, પાઠડા અને બચ્ચાં બધાં એક સાથે રહે છે. આથી જો તેમના સમૂહમાંથી કોઈને પણ ઈજા થાય તો સારવાર મુશ્કેલ બને છે.

છ માસનું એક સિંહબાળ ઈજાગ્રસ્ત હતું. બીજાં બચ્ચાં દ્વારા રમત રમતમાં ઈજા પહોંચી હોય, અન્ય સિંહ દ્વારા કે પછી તેની બાળસહજ વૃત્તિ ઈજાનું કારણ હોય, પણ કારણ કોઈ પણ હોઈ શકે છે. જંગલમાં નિરીક્ષણ કરી રહેલા એક કર્મચારીએ આ જોયું અને તેને સારવારની જરૂરિયાત જણાઈ. ઈજા બહુ ગંભીર ન હતી, આથી સ્થળ ઉપર જ સારવાર કરવાનું નક્કી કરાયું. સારવાર કરનાર ટુકડી સિંહના જૂથ પાસે પહોંચી. તેમણે ઈજાગ્રસ્ત બચ્ચાને જોયું. પણ પ્રશ્ન એ હતો કે તેને સમૂહથી અલગ કેમ કરવું! બચ્ચાંને ખબર હતી કે આ લોકો તેની સારવાર કરવા આવ્યા છે, પરંતુ ભયના કારણે તે પોતાના સમૂહથી દૂર નહોતું જઈ રહ્યું. જ્યારે પણ ટુકડીના સભ્યો તેને અલગ કરવાનો પ્રયત્ન કરતા કે તરત તે તેની માતા પાછળ સંતાઈ જતું. બીજાં બચ્ચાં તેને ટેકો કરી રહ્યાં હતાં. માણસ અને સિંહ વચ્ચે એક પારદર્શક અને વણલખાયેલ આંતરસમજ છે. ગમે તેવી ગંભીર પરિસ્થિતિમાં પણ વનવિભાગના કર્મચારીઓ તેમની હદ નથી ઓળંગતા. બે કલાકના અથાગ પરિશ્રમ પછી પણ સફળતા ન મળી. સારવાર કરવા આવેલી મહિલા કર્મચારીએ જણાવ્યું કે `અમે કંઈ નિષ્ણાત નથી. બચ્ચાને બેભાન કરવા જતાં ડાર્ટ (બેભાન કરવા માટે વાપરવામાં આવતી સોય) બીજા કોઈ પ્રાણીને વાગી જાય તો મુશ્કેલી ઊભી થાય.' ડૉક્ટર, ફૉરેસ્ટર, ટ્રૅકર સૌ કોઈ મૂંઝવણમાં હતા કે શું કરવું? જો તમે એવું વિચારતા હો કે ભગવાને માત્ર મનુષ્યને જ લાગણી અને સમજશક્તિની ભેટ આપેલી છે તો જણાવી દઉં કે આપ ગેરસમજ કરો છો. તેનું પ્રમાણ કુદરત પણ આપે છે. ઈજાગ્રસ્ત બચ્ચાની માતા આ બધો ખેલ જોઈ રહી હતી. તેની સમજવૃત્તિ તેને કહી રહી હતી કે તેના બચ્ચાને સારવારની જરૂર છે અને તેણે સ્ટાફને સહકાર આપવો જોઈએ. તેનો અંતરાત્મા તેને કહી રહ્યો હતો કે સામે જે લોકો છે તે તેના બચ્ચાને હાનિ નહીં પહોંચાડે. અચાનક સિંહણે બચ્ચા પર ગુસ્સો કર્યો. માતાના આવાં અણધાર્યાં વર્તન પરિવર્તનનાં કારણે બચ્ચું હેબતાઈ ગયું અને સમૂહમાંથી બહાર દોડી આવ્યું. આ સમયે મહિલા ફૉરેસ્ટર બચ્ચાને નિશાન તાકી બેભાન કરવા તૈયાર ન હતાં. બચ્ચું પાછું સમૂહ તરફ આવ્યું. સિંહણે ફરી બચ્ચાને સમૂહથી દૂર રાખવાનો પ્રયત્ન કર્યો. એ જ ક્ષણે સ્ટાફને સમજાઈ ગયું કે બચ્ચાની સારવારમાં સિંહણ તેમને મદદ કરી રહી છે. આ વખતે ફૉરેસ્ટર તક ચૂક્યા નહીં. બચ્ચું જેવું સમૂહમાંથી બહાર આવ્યું કે તરત તેને ડાર્ટ મારી બેભાન કરવામાં આવ્યું. બચ્ચું બેભાન થયું, સુરક્ષા માટે મહિલાએ તેને વારંવાર લાકડી વડે ચકાસ્યું, સિંહબાળના મુખ ઉપર કપડું ઢાંકવામાં આવ્યું અને ડૉક્ટરે સારવાર શરૂ કરી. સિંહનો સમૂહ નજીકમાં જ હતો. આમ તો બચ્ચાંવાળી માતા ખૂબ આક્રોશમાં હોય છે, પણ અહીં તે શાંતિથી આ બધું જોઈ રહી હતી. તેણે કોઈ ક્રોધપૂર્ણ પ્રતિભાવ આપ્યા નહોતા. સિંહણને ખબર હતી કે સ્ટાફ શું કરી રહ્યો છે.

સમગ્ર સારવાર દરમ્યાન આખો સમૂહ દૂરથી બધું નિહાળી રહ્યો હતો. સારવારમાં સફળતા મળી. સિંહબાળથી દૂર જઈને સ્ટાફ બચ્ચાના ભાનમાં આવવાની રાહ જોવા લાગ્યો. અડધા કલાક બાદ સિંહબાળ ભાનમાં આવ્યું. અહીં નોંધવાલાયક બાબત એ હતી કે બચ્ચાના ભાનમાં આવતાં સુધી સિંહણે રાહ જોઈ. જેવું બચ્ચું ભાનમાં આવ્યું કે તરત સિંહણ તેની પાસે પહોંચી ગઈ અને તેને ચાટવા લાગી. બચ્ચાને પોતાની પાસે લીધા બાદ આભારપૂર્ણ હાવભાવ સાથે સિંહણ અને સિંહબાળ પાછાં પોતાના સમૂહમાં ભળી ગયાં.

ઘરની બિલાડી અને આ મોટી બિલાડીની સારવારમાં આભજમીનનો ફેર છે. એક નાનકડી ભૂલ તમને ચાર ઈંચના તીક્ષ્ણ દાંત વડે ઘણા સારા જખમની ભેટ આપી શકે છે. અહીં ભૂલને કોઈ અવકાશ નથી, પણ અહીં ઘણા બધા કર્મચારીઓ સિંહના રક્ષણ માટે ગમે તે જોખમ ઉઠાવવા તૈયાર છે. ગિરની આવી અમૂલ્ય ગાથાઓ લોકો સુધી ભાગ્યે જ પહોંચે છે, પણ ગિરમાં સિંહરક્ષણ અને સંવર્ધન કરી રહેલા લોકોની યાદોમાં હંમેશ માટે છવાઈ જાય છે.

જો કોઈ ઈજાગ્રસ્ત સિંહ મળે તો તેને બેભાન કરી, સારવાર કરવી એ અઘરી પ્રક્રિયા છે. આ માટે સ્થળ, સમય અને હવામાનની પ્રાથમિક માહિતી લેવી જરૂરી છે. આ સાથે તેની સારવારનો પ્રકાર, સ્થળ અને તેના અવલોકનની જરૂરિયાત પણ નક્કી કરવી આવશ્યક છે. તમારે સારવાર અને પ્રાણીને રાખવામાં આવતા પાંજરા જોવાની જરૂર છે. જરૂરિયાત અને સુરક્ષાના હેતુથી પાંજરાંને પ્રાણી અનુસાર બનાવવામાં આવે છે. આ પાંજરાંની બનાવટ દરમિયાન તેની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ વગેરે ધ્યાનમાં રાખવામાં આવે છે. જેથી સારવાર હેઠળના પ્રાણીને તકલીફ ન પડે. આવાં પાંજરા કુદરતી દેખાવવાળાં અને આસાનીથી સાફસફાઈ કરી શકાય તેવાં હોવાં જોઈએ. પાંજરા વજનમાં હળવાં, સમાંતર અને તેમાં થોડા થોડા અંતરે સળિયા ગોઠવાયેલા અને તાળું મારી શકાય તેવાં હોય છે. દરેક પાંજરાં સુરક્ષિત અને ઉપયોગમાં લઈ શકાય તેવાં હોવાં જોઈએ.

તમે અમુક લોકોને મૂર્ખ બનાવી શકો છો, પણ બધાને મૂર્ખ બનાવી શકતા નથી. સિંહ એ ચપળ પ્રાણી છે. એક વખત પાંજરે પુરાયેલા સિંહને ફરી વખત પાંજરે પૂરવો અઘરો છે. તે ક્યારેય પાંજરાને કે તેને પકડવા માટે આવેલી ગાડીને ભૂલતો નથી. જો ક્યારેક તે જોઈ જાય તો તરત જ ત્યાંથી ભાગી જાય છે. જો કોઈ બચ્ચાની સારવાર કરવાની હોય તો તે વધુ મહેનત માંગી લે તેવું કામ છે.

સારવાર માટે સ્થળ પણ ઘણું મહત્ત્વ ધરાવે છે. માનવીય વસ્તીવાળા વિસ્તારમાંથી સિંહને પકડવા કે તેને સારવાર આપવી એ બચાવટુકડી માટે મુશ્કેલ બની જાય છે. ઘણી વખત બચાવ અને સારવારની પ્રક્રિયા બે-ત્રણ દિવસ સુધી ચાલતી હોય છે. વળી પ્રાણીને બેભાન કરવાના પણ અમુક નિયમો હોય છે. સૂર્યોદય બાદ અને સૂર્યાસ્તના બે કલાક પહેલાં જ બેભાન કરી શકાય છે. જો અંધારું થયા બાદ તેને ડાર્ટ મારી બેભાન કરવામાં આવે તો પછી તે ડાર્ટ માર્યા બાદ પ્રાણી ગમે તે તરફ ભાગે છે. અંધકારમાં તેને શોધવામાં મુશ્કેલી પડે અને કદાચ આ તેના મૃત્યુનું કારણ પણ બની શકે. તેવી જ રીતે ચોમાસા દરમ્યાન વન્યપ્રાણીનો નદીનાળામાં પડી જવાનો ભય પણ હોય છે. ઘણી વખત ઝડપથી ભાગવાના કારણે શ્વાસ ચઢી જતાં, ફેફસાં નિષ્ક્રિય બનવાના કારણે મૃત્યુની સંભાવના વધી જાય છે. બીજી અગત્યની બાબત એ પણ છે કે તેને બેભાન કરવા માટે વપરાયેલાં ઘેનનાં ઇન્જેક્શનની અસર થઈ છે કે નહીં, તેને ચકાસવા તમે શું કરશો? તમે તેની પાસે જશો અને તે તમને હસીને આવકારશે? ના, જરાપણ નહીં. તે તમારી સારવાર કરી નાખશે!

ઇન્જેક્શનની અસર થઈ છે કે નહીં તે જાણવા તેનું પ્રથમ લક્ષણ એ છે કે તે પ્રાણી ઊલટી કરવા માંડે છે અને પછી થોડીવારમાં બેભાન થઈ જાય છે. ત્યારબાદ બચાવટુકડી

લાકડી વડે તેને ચકાસે છે. જો પ્રાણી કોઈ પ્રત્યુત્તર કે પ્રતિભાવ નથી આપતું એવી ખાતરી કર્યા પછી તેની સારવાર શરૂ થાય છે. તેના ચહેરા પર રૂમાલ ઢાંકવામાં આવે છે. તેના શરીરમાં એક માઇક્રોચિપ્સ બેસાડવામાં આવે છે. સ્ટાફ GPSની નોંધ લે છે અને જરૂરિયાત મુજબના લોહીના નમૂના પણ લે છે.

મોટાભાગના સિંહને કૃમિની તકલીફ જોવા મળે છે. માંસભક્ષી પ્રાણીઓ અને મનુષ્યોને પણ કૃમિ થતા હોય છે. મનુષ્યના શરીરમાં લાખોની સંખ્યામાં સૂક્ષ્મ જીવાણુઓ કૃમિ, ફુગ વગેરે હોય છે અને જો આ જીવાણુઓની સંખ્યા વધે તો ઘણી બધી શારીરિક તકલીફો થાય છે. માણસોમાં આ પ્રકારનો રોગ આવા ચેપ, ગંદકી, નબળી જીવનશૈલી, અસ્વચ્છતા, અનિયમિત આહારશૈલી વગેરેના કારણે થાય છે.

સિંહ માંસ ખાય છે અને તેમના શરીરમાં પણ કૃમિ હોય છે. કોઈપણ પ્રાણી ભલે આખું જીવન તંદુરસ્તીથી જીવ્યું હોય, પરંતુ જ્યારે કૃમિનો અનિયંત્રિત વિકાસ થાય છે ત્યારે તકલીફ ઊભી થાય છે. મોટાભાગે બે પરિસ્થિતિઓમાં કૃમિની સંખ્યા વધે છે. (૧) ઉંમર થવાના કારણે રોગપ્રતીકારક શક્તિ ઘટતાં અને (૨) પાલતુ જનાવરો જ્યાં પાણી પીતાં હોય તેવાં પાણીના કૂંડાનો ઉપયોગ કરવાથી પાલતું પશુઓમાં મોટી સંખ્યામાં અને વિવિધ પ્રકારનાં કૃમિ જોવા મળે છે. એવું જોવામાં આવ્યુ છે કે, સિંહના આંતરડાં કૃમિના લીધે જકડાઈ જવાથી તેનું મૃત્યુ થાય છે. વિભિન્ન જંગલ વિસ્તારોમાં મળપરીક્ષણ અને અન્ય પદ્ધતિઓ દ્વારા કૃમિની તીવ્રતા ચકાસવામાં આવે છે.

ઘણી વખત સિંહ આનો અકુદરતી રીતે શિકાર બને છે. સિંહના અકુદરતી મૃત્યુના ઘણાં કારણો હોઈ શકે. ઝેરી ખોરાકના લીધે સિંહનું મૃત્યુ થતું હોય છે. ખેત વિસ્તારો જે જંગલની ફરતે આવેલા છે ત્યાં નીલગાય અને જંગલીભૂંડનો ખૂબ ત્રાસ હોય છે. તેઓ ઊભા પાકને નુકસાન પહોંચાડે છે. ખેડૂતો પોતાના પાકને બચાવવા ઘણાં ખતરનાક કામ કરતા હોય છે. તેઓ ઝેરી દવા અથવા યુરિયાનો છંટકાવ પણ કરતા હોય છે.

ઘણી વખત લોકો સિંહે કરેલા મારણમાં, સિંહની ગેરહાજરીમાં ઝેર ભેળવે છે. સિંહ જ્યારે પાછો આવી મારણ ખાય છે ત્યારે ઝેરની અસરના કારણે મૃત્યુ પામે છે. ચાર વર્ષ અગાઉ અમરેલી જિલ્લાના રાજસ્થલી ગામે સિંહના મરણનો એક બનાવ નોંધાયો હતો.

ડૉક્ટર અને ટ્રૅકરની ટીમ સાથે અમે ત્યાં પહોંચ્યા. તે એક યુવાસિંહનો મૃતદેહ હતો. પ્રથમ નજરે આ કુદરતી મૃત્યુ જેવું લાગ્યું. અમે તેના મૃત્યુના કારણની ચર્ચા કરી રહ્યા હતા. ચારપાંચ દિવસ જૂના આ મૃતદેહમાંથી અતિ તીવ્ર ગંધ આવી રહી હતી. કામ એ કામ છે અને તે કર્યા વગર છૂટકો નથી. જગ્યા પર જ તેનું પોસ્ટમૉર્ટમ શરૂ કર્યું. જે દૃશ્ય અમે જોયું એ ચોંકાવનારું હતું.

તેના શરીરનો એક ભાગ જીવડાંઓએ સંપૂર્ણ રીતે ખાઈ નાખ્યો હતો. મૃતદેહનું એક પડખું એકદમ બરાબર અને બીજું પડખું જીવડાંથી ભરેલું. અમે મૂંઝવણમાં મુકાઈ ગયા. ચર્ચા દરમ્યાન, જીવડાં દ્વારા ખવાયેલા ભાગમાં અમે તૂટેલી ચાર પાંસળીઓ જોઈ. તેના ફોટા પાડીને જોતાં જણાયું કે કોઈ તીક્ષ્ણ પદાર્થનો ઘા કરવાથી અથવા ઊંચાઈએથી પડી જવાના કારણે આમ થયું હશે. આ કુદરતી મૃત્યુ નહોતું. આસપાસના વિસ્તારમાં તપાસ કરવામાં આવી, નજીકના પાણીના કુંડ પાસે લોહીનાં થોડાં નિશાન મળ્યાં, જેણે આખું પ્રકરણ ઉકેલી નાખ્યું. સિંહે કદાચ માલધારીના પશુ પર હુમલો કર્યો હશે અને તેને બચાવવા માલધારીએ કુહાડીથી હુમલો કર્યો હશે, જેના ઘાથી સિંહની પાંસળી તૂટી ગઈ. ઘણી તકલીફ અને પીડાના અંતે સાવજ મૃત્યુ પામ્યો હશે.

=

# વૃદ્ધ સૈનિક

માલધારી અને સિંહ વચ્ચેની મિત્રતા ઘણી જૂની છે. એવું માનવામાં આવે છે કે સાવજ માલધારીનાં માલઢોરને મારી નાંખે છે. આ પ્રસંગ તો તેનાથી પણ કંઈક વધુ કહે છે.

ગિરના સાવજ ઘણી વખત માલધારીના ઢોરને મારી નાંખે છે, પણ માલધારી ક્યારેય તેની ફરિયાદ કરતા નથી. માલધારી જંગલમાં નેસમાં રહે છે. શિકારી પ્રાણીઓથી રક્ષણ મેળવવા માટે નેસની ફરતે કાંટાળી વાડ લગાડવામાં આવે છે. નેસનો વિસ્તાર અને કદ નેસમાં રહેતા કુટુંબોની અને પશુધનની સંખ્યા પર આધારિત હોય છે.

દરરોજ સવારે પશુઓને વાડામાંથી બહાર કાઢી ચરાવવા માટે લઈ જવામાં આવે છે. સવારે જંગલમાં ચરવા જતા પશુઓ સાંજે પાછાં આવી જાય છે. સિંહ માત્ર માલધારી સાથે સંબંધ ધરાવે છે તેવું નથી, નેસ પણ એક મહત્ત્વનું પરિબળ છે. જે સમૂહનું કદ અને તંદુરસ્તી નક્કી કરે છે. ગિરના જંગલમાં નીલગાય, ચીતલ, સાંભર, જંગલીભૂંડ વગેરે સિંહનો આહાર છે. ઉપરનાં બધાં તૃણાહારી પ્રાણીઓમાં ચીતલની સંખ્યા વધુ છે. ચીતલનું વજન ૪૦થી ૬૦ કિલો જેટલું હોય છે. ભૂખ્યો સિંહ ૩૦થી ૪૦ કિલો જેટલું માંસ એકવારમાં જમી શકે છે.

જો સિંહના સમૂહમાં ૪થી ૬ સિંહ હોય તો આટલું ભોજન પર્યાપ્ત છે, પરંતુ કુટુંબના સભ્યો વધી જાય તો ચીતલનો શિકાર બધા સભ્યોની ભૂખ સંતોષી શકતો નથી. આટલા મોટા સમૂહને પર્યાપ્ત ભોજન મળી રહે તે માટે સિંહ પાસે તેનો પોતાનો ઉપાય છે. ૫૦૦ કિલોની ભેંસ. એ બધા સભ્યોનું પેટ ભરવા પૂરતી છે. સિંહ જાણે છે કે માલઢોર જંગલમાં રહે છે. તેમને નેસની બનાવટ અને માલધારીઓની વિચારસરણીની પણ ખબર છે.

માલધારીઓનું જીવન દૂધ અને દૂધની બનાવટો ઉપર આધારિત હોય છે. જો કોઈ પશુ ઉમરલાયક, ઈજાગ્રસ્ત કે પાકડુ (બચ્ચાને જન્મ ન આપી શકે તેવું) થઈ જાય તો નેસ માટે તે ભારરૂપ બની જાય છે. માલધારીનાં માલઢોર હંમેશાં સંકટના ઓથાર નીચે જીવતા હોય છે. આ માટે તેઓએ એક નવી પદ્ધતિ અપનાવી છે. માલધારી આવા બિનઉપયોગી પશુઓને ધણથી જુદા પાડી રાતના સમયે નેસની બહાર રાખે છે. સિંહ હંમેશાં આવાં પશુઓની શોધમાં હોય છે અને જો મળી જાય તો તેનું મારણ કરે છે. પોતાનાં આવાં પશુઓનું બલિદાન આપી માલધારી પોતાના ઉપયોગી અને દુઝણાં પશુધનનું રક્ષણ કરે છે. સિંહસમૂહ આવા પશુઓનું મારણ મળવાથી વૃદ્ધિ પામે છે. આવા સમૂહોનાં બચ્ચાંઓની જીવન જીવવાની શક્યતાઓ વધી જાય છે. નવા શાસકો આવા સમૂહો પર શાસન કરવાનું પસંદ કરે છે, જ્યાં મોટા પ્રમાણમાં સિંહણો અને યોગ્ય આહાર ઉપલબ્ધ હોય છે. પણ આટલા બધા ફાયદા માત્ર સમૂહો સુધી મર્યાદિત નથી હોતા. રખડતા સિંહ પણ આવી સરળ ઉપલબ્ધિઓનો આનંદ માણતા હોય છે.

રખડતા સિંહને પોતાના શાસિત વિસ્તાર નથી હોતા. તેઓ જંગલમાં રખડતા હોય છે. આવા સિંહ જાણીજોઈએ નેસની આસપાસ રખડતા હોય છે અને માલધારીની ગેરહાજરીમાં કોઈપણ મારણની તક લેવાનું ચૂકતા નથી. સિંહ જ્યારે ઘરડો થાય છે ત્યારે તેની ખોરાક મેળવવાની ક્ષમતાઓ ઘટી જાય છે. તેઓ સમૂહને પણ રક્ષણ આપી શકતા નહીં હોવાથી, પરિવાર માટે બિનઉપયોગી બની જાય છે. આ બાબત યુવા સિંહને તેની સાથે લડાઈ કરી સમૂહમાંથી કાઢી મૂકવા માટે જવાબદાર બને છે. આવા કાઢી મુકાયેલા સિંહ બીજા સિંહના સામ્રાજયની હદમાં પોતાનું જીવન પસાર કરતા હોય છે. જ્યારે સિંહ ઉંમરલાયક થવા લાગે છે ત્યારે તેનો ખોરાક અને શિકાર કરવાની શક્તિ ક્ષીણ થઈ જાય છે અને તે તેના પરિવારની

સુરક્ષા કરવામાં સક્ષમ ન રહેતાં નકામો બની જાય છે. આ કારણથી યુવા સિંહ ઘરડા સિંહ સાથે લડાઈ કરી તેને સમૂહમાંથી હાંકી કાઢે છે અને તેના પરિવારમાં સ્થાન મેળવે છે. આવા હાંકી કઢાયેલા સિંહ બીજા સિંહના વિસ્તારોમાં રખડતા હોય છે. જંગલ એક યુદ્ધક્ષેત્ર છે. અહીં રાતદિવસ જીવનમરણની રમત ચાલ્યા કરે છે. અહીં રઝળતા અને રખડતા નિવાસી સિંહની છેલ્લા હયાતી `સિંહ' બની જાય છે. જ્યારે સિંહ પોતાની ઉંમરની ચરમસીમા પર હોય છે ત્યારે તે આક્રમક હોય છે. બાર વર્ષ પછી આવા સિંહ કુદરતની દયા ઉપર જીવતા હોય છે.

સૂર્ય બરાબર મધ્યાહને હતો, શિયાળો પૂર્ણ થતાં થતાં ગરમીની શરૂઆત કરાવી ગયો હતો. જંગલ અર્ધશુષ્ક બનવા લાગ્યું હતું. જંગલના અંતરિયાળ વિસ્તારમાં ક્યાંક ક્યાંક હરિયાળી જોવા મળતી હતી. જંગલ પીળા, કથ્થઈ અને લીલા રંગના સમન્વયથી શોભતું હતું. આ સમન્વય ત્રણ ઋતુઓની અસરોનો આભાસ કરાવતો હતો. ૧૪ કે તેથી વધુ વર્ષની ઉંમરનો એક સિંહ વૃક્ષના છાંયડા હેઠળ આરામ કરી રહ્યો હતો. તેના શ્વાસોચ્છ્વાસ ખૂબ ઝડપી હતા. નવા રાજા દ્વારા હાંકી કઢાયેલો આ સિંહ તેના જીવનના છેલ્લા મહિના, કદાચ છેલ્લા દિવસો જીવી રહ્યો હતો. તેની પાસે કશું નહોતું. કોઈ સિંહણ તેની આસપાસ નહોતી જે તેને ભોજન લાવી આપે. તેના દેખાવ ઉપરથી લાગતું હતું કે છેલ્લા ઘણા દિવસથી તેણે કશું ખાધું નહીં હોય.

એક માલધારી પોતાના થોડા માલઢોરના ધણ સાથે પસાર થઈ રહ્યો હતો. કેટલીક ભેંસો સાથે તે તેના નેસ તરફ જઈ રહ્યો હતો. દાયકાઓથી ગિરના અમુક નિશ્ચિત વિસ્તારમાં માલધારીઓને તેમના માલઢોર ચરાવવાની પરવાનગી મળેલી છે. તેઓ સૈકાઓથી ગિરના જંગલમાં વસે છે. નિદ્રાધીન ઘરડો સિંહ તેનો કર્ણપ્રિય એવો, માલધારીઓનો અવાજ સાંભળી જાગી ગયો. અવાજ પરથી તે જાણી ગયો કે માલઢોર નજીકમાં જ છે. ઘણા દિવસથી ભૂખ્યા એવા આ ઘરડા સિંહે ઢોરનું મારણ કરવાનું નક્કી કર્યું. તેણે પોતાની જાતને ઝાડીમાં છુપાવી, જેથી કરીને તે માલઢોર ઉપર સરળતાથી આક્રમણ કરી શકે અને તેમનાથી છુપાઈ પણ શકે. સિંહની હાજરીથી અજાણ એવો આ માલધારી ધણની આગળ ચાલતો હતો. ભેંસો તેને અનુસરી રહી હતી. યુવાસિંહ શક્તિશાળી હોય છે તે સીધો હુમલો કરીને શિકાર કરે છે, પણ આ ઘરડા રાજા ઉંમરના કારણે પોતાની શક્તિ ગુમાવી ચૂક્યા હતા. સિંહે શિકાર પ્રયુક્તિ બદલીને તેણે અણધાર્યો હુમલો કરવાનું વિચાર્યું. ભેંસોને સિંહની હાજરીની ખબર પડી ગઈ હતી. થોડીક ક્ષણો તે ઊભી રહી, પણ તેમને સિંહ દેખાયો નહીં. ધણે શિકારીની હાજરી દર્શાવવા ભાંભરવાનું શરૂ કર્યું. પણ માલધારીએ ધ્યાન ન આપ્યું અને આગળ ચાલતો થયો. ધણ થોડા વધુ ગીચ વિસ્તારમાં પ્રવેશે તેવું આ ઘરડો યોદ્ધો વિચારતો હતો, કારણ કે ત્યાં તેને શિકાર માટે થોડી ઓછી મહેનત કરવી પડે.

હવે રમત શરૂ થઈ. સિંહે ધણનો પીછો કરવાનું શરૂ કર્યું. હંમેશાં ધણ હવામાં સૂંઘીને આમતેમ જોઈને સિંહની હાજરી જાણવાનો પ્રયત્ન કરતું હોય છે. તેણે પોતાની જાતને ઝાંખરાના સૂકા ઘાસ પાછળ ખૂબ સિફતથી છુપાવી દીધી હતી. સિંહ ભલે ઘરડો થઈ ગયો હતો પણ તેના શિકારી કૌશલ્યો અને કરામતો હજી તેને યાદ હતાં. સિંહ અને ભેંસો વચ્ચેનું અંતર ઘટી રહ્યું હતું. ઘરડા વનરાજે છેલ્લે ચાલી રહેલી ભેંસ ઉપર અચાનક હુમલો કર્યો. અનુભવી વનરાજને ખબર હતી કે છેલ્લે ચાલી રહેલી ભેંસ કાં તો બીમાર હશે અથવા ઉંમરલાયક હશે. સિંહે ભેંસના પાછલા પડખે તરાપ મારી. તેણે તેના પડખાને પકડવાનો પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળતા મળી. સિંહને ખબર હતી કે ભેંસના ગળા સુધી સરળતાથી નહીં પહોંચી શકાય. ભેંસે તો સિંહને પીઠ પરથી સરળતાથી ઊથલાવી નાખ્યો. ફરી વખત પ્રયત્ન કરી સિંહે ભેંસને જમીન પર પછાડી દીધી. બાકીની ભેંસો ગભરાઈને માલિક તરફ દોડવા લાગી. માલધારીને આ

બનેલી દુઃખદ ઘટનાનો ખ્યાલ આવી ગયો અને દૂરથી નિ:સહાય બનીને તે ભેંસના ગળામાં ખૂંપી ગયેલા સિંહના તીક્ષ્ણ દાંત જોઈ રહ્યો. આ એક કરુણાસભર પ્રવાસ હતો. માલધારી માટે આજીવિકાનું સાધન એવા આ પશુઓની તે કુટુંબના સભ્યની જેમ કાળજી રાખે છે. સાથેસાથે સિંહ માટે પણ તેમનો આદર ક્યારેય ઘટ્યો નથી. તમારું મગજ હંમેશાં થોડું જાણે છે, પણ તમારું હૃદય ઘણુંબધું જાણતું હોય છે, તમારો અંતરનો અવાજ હંમેશાં તમને સાચા માર્ગે લઈ જાય, જો તમે તેને અનુસરો તો! કોઈપણ અચંબા વગર ભેંસોનું ધણ મૃત ભેંસ તરફ ચાલવા લાગ્યું. અટકતાં, અને થોડા ખચકાટ સાથે તેમના ધણના સભ્યની જીવિત હોવાની આશાથી ધણ ધીમે ધીમે આગળ વધી રહ્યું હતું. સિંહ હાજર છે છતાં ભેંસો ભાગી નથી રહી! આવા આશ્ચર્ય સાથે માલધારી ભેંસોનાં ટોળાંને જોઈ રહ્યો. ભેંસો એ મૃત ભેંસ અને સિંહની ફરતે કુંડાળું બનાવી ઊભી રહી. ભેંસો વારાફરતી માથું ઊંચુંનીચું કરી માલધારીને જાણે કંઈક કહેવા માંગતી હોય તેવું વર્તન કરી રહી હતી.

માલધારી તેના માલઢોરની સાંકેતિક ભાષા સમજતા હોય છે અને માલઢોર પણ માલધારીના અવાજને ઓળખતા હોય છે. આ પરસ્પરનો એક નિ:શબ્દ સંદેશાવ્યવહાર હોય છે. ભેંસોના ધણ તરફ માલધારી ચાલવા માંડ્યો. સ્થળ પર પહોંચીને માલધારીએ એક અવિશ્વસનીય દૃશ્ય જોયું. મૃત્યુ પામેલી ભેંસની સામે સિંહનો પણ મૃતદેહ પડ્યો હતો. માલધારીને પોતાની ભેંસ જોઈને જેટલો આઘાત નહોતો લાગ્યો, તેટલું દુઃખ વનરાજના નશ્વર દેહને જોઈને થયું. હતાશભાવે માલધારી બોલ્યો, “સાવજ, તમે કીધું હોત તો એક જનાવર ઈમ જ આપી દીધું હોત.” ભેંસો માલધારીને મૃત સિંહ બતાવવા માંગતી હતી. આ ઘરડો યોદ્ધો ખોરાક મેળવવાની લડાઈમાં મૃત્યુને ન જીતી શક્યો. પોતાના છેલ્લા શિકારની સાથે વનરાજે છેલ્લા શ્વાસ લીધા. ઊંડા નિસાસા સાથે માલધારીએ સિંહના નિશ્ચેત દેહ સામે જોયું. આ વૃદ્ધ વનરાજે માલધારીના ઘણાં પશુઓનો શિકાર કર્યો હશે, તો પણ માલધારીને તેના પ્રત્યે માન હતું. એક મોટી હાંક પાડી ધણને લઈ માલધારી પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો.

==

**Girno Sinh**

An untold story of the Asiatic Lions

Written by Dr. Sandeep Kumar & Moin Pathan
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai Ahmedabad
ePub version 2.0.1
ISBN : 978-93-5122-414-3



ટાઇટલ ડિઝાઇન : એસ. એમ. ફરિદ

## લેખકનાં અન્ય પુસ્તકો

THE MAJESTIC LIONS OF GIR

# સંપર્ક સૂત્ર




**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

પેઢીઓથી ઉત્તમ પુસ્તકો માટે

મુંબઈ ઓફિસ

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,

અર્થબાગ,

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨) ૨૨૦૧૩૪૪૧

અમદાવાદ ઓફિસ

`દ્વારકેશ'

રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર,

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com

Email : sales@rrsheth.com